# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 39 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ઈમ્પોર્ટેડ વાહનોથી ગાંધીનગર આરટીઓને બે વર્ષમાં ૨૭.૭૭ કરોડની આવક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતીઓને વિદેશી વાહનોનો ચસકો લાગ્યો છે, જોકે આ ઈમ્પોર્ટેડ વાહનો આરટીઓ તંત્ર અને સરકાર માટે કમાઉ દીકરો બની રહ્યાં છે. ઈમ્પોર્ટેડ વાહનોના કારણે ગાંધીનગર આરટીઓની આવક દર વર્ષે સતત વધી રહી છે. વિદેશથી ઇમ્પોર્ટ કરીને ગાંધીનગર રજિસ્ટ્રેશન કરાવવામાં આવતાં વાહનોના માલિકો પાસેથી આરટીઓ તંત્ર ૧૨ ટકા જેટલો ટૅક્સ-ડ્યુટી વસૂલે છે. જેના પગલે ગાંધીનગર આરટીઓને ફક્ત બે જ વર્ષમાં કુલ ૨૭.૭૭ કરોડ રૂપિયાની આવક થઈ છે. અગાઉ ચેકપોસ્ટ, રજિસ્ટ્રેશન, નંબરપ્લેટ સહિતની આવક આરટીઓ તંત્ર કરતું હતું ત્યારે હવે ટૅક્સની વસૂલાત અને લાયસન્સ કાઢી આપવા જેવી મહત્ત્વની જવાબદારી જ આરટીઓ પાસે રહી છે તેવી સ્થિતિ વચ્ચે પણ ગાંધીનગર આરટીઓની આવક સતત વધી રહી છે એટલું જ નહીં, સરકાર દ્વારા આપવામાં આવતા ટાર્ગેટ કરતાં પણ આવકમાં વધારો થયો છે. આ આવકમાં મહત્ત્વનો હિસ્સો ઇમ્પોર્ટ કરેલાં એટલે કે, વિદેશમાંથી ગાંધીનગર રજિસ્ટ્રેશન માટે આવતાં વાહનોનો છે.સામાન્ય રીતે વિદેશમાં જે તે વાહનોની મૂળ કિંમત હોય તેના ૧૨ ટકા જેટલો ટૅક્સ આ વાહનના માલિક પાસેથી વસૂલવામાં આવે છે અને તે ટૅક્સ ભરાયા બાદ જ જે તે માલિકને તેનું વાહન રજિસ્ટર્ડ કરી આપવામાં આવશે. ગાંધીનગર આરટીઓ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં આવાં કુલ ૧૨૫ વિદેશી વાહનોનું રજિસ્ટ્રેશન કરીને તેમાંથી ૧૨ ટકા ટૅક્સની કુલ ૧૩.૨૮ કરોડની આવક કરી હતી. આવી જ રીતે વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધી ૧૧૪ વાહનોના માલિકો પાસેથી ૧૪.૪૬ કરોડ મળીને બે વર્ષ દરમ્યાન કુલ ૨૩૯ વિદેશી વાહનોનાં રજિસ્ટ્રેશનમાંથી આરટીઓને કુલ ૨૭.૭૭ કરોડની આવક થઈ છે.

# કૉંગ્રેસના પૂર્વ નેતા અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે કૉંગ્રેસ સાથે છેડો ફાડ્યોઃ કૉંગ્રેસનો રાજીનામાનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કૉંગ્રેસના પૂર્વ દિગ્ગજ નેતા અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે કૉંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. તેમણે કૉંગ્રેસમાંથી રાજીનામું આપવાના નિર્ણયની જાહેરાત સોશિયલ મીડિયા દ્વારા કરી હતી. ફૈઝલ પટેલે એક ભાવુક પોસ્ટ કરી હતી, જેમાં તેમણે પોતાને સપોર્ટ કરનારા નેતાઓ અને કાર્યકરોનો પણ આભાર માન્યો હતો. છેલ્લા કેટલાય સમયથી ફૈઝલ પટેલ કૉંગ્રેસ પાર્ટીથી નારાજ હતા. ફૈઝલે ભરૂચ લોકસભા બેઠક અંગે પણ પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પર ચેતવણી આપી હતી કે જો ભરૂચ બેઠક તેમને ન ફાળવવામાં આવે તો તેઓ અને કૉંગ્રેસના સમર્થકો પાર્ટીના ઉમેદવારને સમર્થન નહીં આપે. અંતે તેમણે રાજીનામું આપી દેતાં અટકળોનો અંત આવ્યો હતો.

પોતાની પોસ્ટમાં તેમણે લખ્યું હતું કે, મારા પિતાએ આખું જીવન દેશ, પક્ષ અને ગાંધી પરિવારને સમર્પિત કર્યું હતું. જોકે, ખૂબ પીડા અને વેદના સાથે કૉંગ્રેસ માટે કામ કરવાનું બંધ કરવાનો મેં નિર્ણય લીધો છે. આ ઉપરાંત તેમણે એવું પણ કહ્યું કે ઘણાં વર્ષોથી આ એક મુશ્કેલ સફર રહી છે. જોકે તેમણે વધુમાં એવું પણ કહ્યું કે હું લોકો માટે કામ કરવાનું યથાવત્ રાખીશ અને કૉંગ્રેસ પાર્ટી હંમેશા મારો પરિવાર રહેશે. સોશિયલ મીડિયા પર ફૈઝલ પટેલ દ્વારા કરવામાં આવેલી પોસ્ટ રાજકીય વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી.

જોકે આ મુદ્દે કૉંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે, ફૈઝલ પટેલે સોશિયલ મીડિયા પર પોતાની વેદના વ્યક્ત કરી છે તેમણે પક્ષમાંથી રાજીનામું આપ્યું હોય તેવા કોઈ સમાચાર નથી. તેમણે લેખિતમાં કોઈ રાજીનામું મોકલાવ્યું નથી. એમની વ્યથા-વેદનાને અમે નિવારવાનો પ્રયત્ન કરીશું.

કૉંગ્રેસ પક્ષ માટે તેમના પિતા અહેમદ પટેલે આખો જીવ રેડી દીધો હતો. કૉંગ્રેસ માટે અહેમદ પટેલનો પરિવાર હોય કે સામાન્ય કાર્યકર હોય તેમની વેદનાને નિવારવાનો પ્રયત્ન કરીશું. ભારતીય જનતા પાર્ટીમાં જેમ આંતરિક લડાઈઓ છે તે રીતે અમારા પક્ષમાં વેદના વ્યક્ત નથી થતી. અમે આનો સુખદ અંત લાવીશું.

અત્રે ઉલ્લેખનીય છે કે ફૈઝલ પટેલના પિતા અહેમદ પટેલ લાંબા સમય સુધી કૉંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને પાર્ટીના સંકટમોચક રહ્યા હતા. અહમદ પટેલનું ૨૫ નવેમ્બર, ૨૦૨૦ના રોજ ૭૧ વર્ષની વયે કોવિડ સંક્રમણ પછી આરોગ્ય સંબંધિત સમસ્યાઓના કારણે નિધન થયું હતું. પટેલ ૧૯૯૩થી સતત પાંચ વખત ગુજરાતમાંથી રાજ્યસભાના સભ્ય રહ્યા હતા. તે પહેલાં તેઓ ૧૯૭૭, ૧૯૮૦ અને ૧૯૮૪માં સતત ત્રણ વખત ગુજરાતની ભરૂચ લોકસભા બેઠક પરથી સાંસદ બન્યા હતા.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે પ્રચાર પડઘમ શાંતઃ ૧૬ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ૬૬ નગરપાલિકાની ચૂંટણી ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકા અને ખેડા, કપડવંજ અને ગાંધીનગર તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી યોજાવાની છે. જે માટે ૧૬ ફેબ્રુઆરીએ મતદાન થશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પ્રચાર પડઘમ શુક્રવારે સાંજે પાંચ વાગે શાંત થયાં હતાં. સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ૭૦૩૬ ઉમેદવારીપત્ર રજૂ થયાં હતાં. આ પૈકી ૧૨૬૧ અમાન્ય તેમ જ ૫૭૭૫ ઉમેદવારીપત્ર માન્ય રહ્યા હતા. ૪૭૮ ઉમેદવારોએ ઉમેદવારીપત્ર પરત ખેંચ્યાં હતાં. કુલ ૨૧૩ બેઠકો બિનહરીફ થઈ હતી. જેના પગલે હરીફાઈ હેઠળની બેઠકો માટે કુલ ૫૦૮૪ ઉમેદવારો હરીફાઈમાં છે. જૂનાગઢ મહાનગરપાલિકાના ૧૫ વોર્ડની કુલ ૬૦ બેઠક પૈકી કુલ આઠ બેઠક સંપૂર્ણ બિનહરીફ થઈ છે. અન્ય બેઠકો માટે કુલ ૧૫૭ ઉમેદવારો મેદાનમાં છે.

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ૬૬ નગરપાલિકાની ચૂંટણી પણ યોજાવાની છે. કુલ ૬૬ નગરપાલિકાની ચૂંટણીમાં ૪૬૧ બોર્ડની ૧૮૪૪ બેઠકોની ચૂંટણી યોજાવાની છે. જેમાં ૬૬ નગરપાલિકાની ૧૮૪૪ બેઠકો માટે ૫૯૬ ઉમેદવારો મેદાનમાં છે. જોકે ૬૬ નગરપાલિકામાંથી ૧૬૭ બેઠકો બિનહરીફ થઈ છે. તેમાં કૉંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપ ચૂંટણી પૂર્વે જ ત્રણ નગરપાલિકાઓમાં બહુમતી હાંસલ કરી ચૂક્યું છે. ભચાઉ નગરપાલિકાની ૨૮ બેઠકોમાંથી ૨૨ બેઠકો, હાલોલ નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી ૧૯ બેઠકો અને જાફરાબાદ નગરપાલિકાની ૨૮ બેઠકોમાંથી ૧૬ બેઠકો, બાટવા નગરપાલિકાની ૨૪ બેઠકોમાંથી ૧૫ બેઠકો પર ભાજપે બિનહરીફ જીત મેળવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડ નંબર-સાત, ભાવનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-ત્રણ, સુરત મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૧૮ની પેટા ચૂંટણી હેઠળની ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે અને તેના માટે ૧૭ ઉમેદવારો મેદાનમાં છે. આ ઉપરાંત ગાંધીનગર, કપડવંજ અને કઠલાલ એમ ત્રણ નગરપાલિકાની કુલ ૭૮ બેઠકોની ચૂંટણી યોજાવાની છે. જેમાંથી ૨૪૦ ઉમેદવારોએ ફૉર્મ ભર્યાં હતાં અને ૫૪ ઉમેદવારોનાં ફૉર્મ રદ થયાં હતાં, હવે ૧૭૮ ઉમેદવારો મેદાનમાં છે.

રાજ્યની ૯૧ તાલુકા પંચાયતોની પેટાચૂંટણી પણ યોજાવાની છે. જેમાંથી ૩૪૯ જેટલા ઉમેદવારોએ ફૉર્મ ભર્યાં હતાં. તે પૈકીના ૧૩૪ ઉમેદવારોનાં ફૉર્મ રદ થયાં હતાં, જ્યારે ૧૩ ઉમેદવારોએ ફૉર્મ પરત ખેંચતાં ૧૧ ઉમેદવારો બિનહરીફ થયા હતા. તાલુકા પંચાયતની ૯૧ બેઠકોની પેટાચૂંટણી અંતર્ગત ૧૯૧ ઉમેદવારો મેદાનમાં છે. રાજ્યની ૯ જિલ્લા પંચાયતોમાં પણ પેટાચૂંટણી યોજાવાની છે. આ નવ બેઠકો જિલ્લા પંચાયતની પેટાચૂંટણી માટે ૪૦ ઉમેદવારોએ ફૉર્મ ભર્યાં હતાં. તેમાં ૧૫ ઉમેદવારોનાં ફૉર્મ રદ થયાં છે. તેમાંથી બે ઉમેદવારોએ પરત ખેંચ્યાં અને એક બેઠક બિનહરીફ થતાં હવે ૨૨ ઉમેદવારો જિલ્લા પંચાયતની નવ બેઠકો માટે મેદાનમાં છે. આ ચૂંટણી માટે કૉંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટી એમ ત્રણેય પક્ષના ઉમેદવારોમાંથી જનતા કોને વિજયી બનાવે છે, તે તો ૧૮ તારીખના પરિણામ બાદ જ જાણવા મળશે.

# ગુજરાતમાં નેશનલ હાઈવે પર વાહનચાલકોએ એક વર્ષમાં ₹ ૪૮૫૧.૦૪ કરોડનો ટોલ ટૅક્સ ચૂકવ્યોઃ પાંચ વર્ષમાં ૫૦ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નેશનલ હાઇવે પર વાહનચાલકોએ એક વર્ષમાં રૂપિયા ૪૮૫૧.૦૪ કરોડનો ટોલ ટૅક્સ ચૂકવ્યો છે. નેશનલ હાઇવેમાં એક વર્ષમાં વાહનચાલકોએ સૌથી વધુ ટોલ ટૅક્સ ચૂકવ્યો હોય તેવા રાજ્યમાં ઉત્તર પ્રદેશ ૬૬૯૫ કરોડ સાથે મોખરે છે.

આ અંદાજ પ્રમાણે ગુજરાતમાં વાહનચાલકોએ પ્રતિ કલાકે સરેરાશ રૂપિયા ૫૫ લાખનો ટોલ ટૅક્સ ચૂકવ્યો છે.

ગુજરાતમાં વિવિધ નેશનલ હાઇવે આવેલા છે. જેમાં નેશનલ હાઇવે ૮ અમદાવાદ-લિંબડી-મોરબી-કંડલા, નેશનલ હાઇવે, ૮બી રાજકોટ-ગોંડલ-જેતપુર-પોરબંદર, નેશનલ હાઇવે, ૮સી ચિલોડા-ગાંધીનગર-સરખેજ, નેશનલ હાઇવે ૫૬ રાજસ્થાનના ચિત્તોડગઢથી વાપીને, નેશનલ હાઇવે ૫૧ ઓખા-દ્વારકા-ભોગાત-ગણદેવી-પોરબંદર-માંગરોળ-વેરાવળ-સોમનાથને મુખ્યત્વે જોડે છે. આ સિવાય નેશનલ હાઇવે ૨૭, ૪૭, ૫૮, ૪, ૧૪૭, ૧૪૭ડી, ૧૪૮એમ, ૧૫૧ પણ ગુજરાત સાથે જોડાય છે.

નેશનલ હાઈવેથી સૌથી વધુ કમાણી કરાવી આપતા રાજ્યમાં ઉત્તર પ્રદેશ ૬૬૯૫.૪૦ કરોડ સાથે મોખરે, રાજસ્થાન ૫૫૪૯.૪૮ કરોડ સાથે બીજા જ્યારે મહારાષ્ટ્ર ૫૦૦૨ કરોડ સાથે ત્રીજા સ્થાને છે. આ સ્થિતિએ ઉત્તર પ્રદેશના નેશનલ હાઇવેથી પ્રતિ દિવસે વાહનાચાલકો સરેરાશ ૧૮ કરોડનો ટોલ ટૅક્સ ચૂકવે છે. ગુજરાતના નેશનલ હાઇવેમાં ટોલ ટૅક્સથી થતી આવકમાં પાંચ વર્ષમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે.

વર્ષ ૨૦૧૯-૨૦માં ટોલ ટૅક્સથી રૂપિયા ૨૯૮૩.૯૧ કરોડની આવક થઈ હતી જ્યારે ૨૦૨૩-૨૪માં વધીને રૂપિયા ૪૮૫૧ કરોડ થઈ ગઈ હતી. જોકે, આટઆટલો ટોલ ટૅક્સ ચૂકવવા છતાં ચોમાસા દરમિયાન વાહનચાલકોને ખખડધજ રસ્તાથી ભારે પરેશાનીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન ગુજરાતના અનેક નેશનલ હાઇવે ખૂબ જ બિસમાર હાલતમાં હતા.

# આજથી સીબીએસઈ બોર્ડની પરીક્ષા શરૂઃ અમદાવાદનાં ૨૧ કેન્દ્રો પર ૧૪,૨૮૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં સીબીએસઈ બોર્ડની ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થશે. અમદાવાદમાં પણ ધો. ૧૦ અને ૧૨ના ૧૪,૨૮૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. આ વખતે સીસીટીવી પૉલિસીમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ૨૪૦ વિદ્યાર્થીઓ દીઠ એક સીસીટીવી મોનિટરિંગ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે.

સીબીએસઈ બોર્ડની પરીક્ષામાં ગુજરાતના ૪૦ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. જેમાં અમદાવાદના ધો. ૧૦ના ૭,૯૦૯ અને ધો. ૧૨ના ૬,૩૭૨ વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. અમદાવાદનાં ૨૧ કેન્દ્રો પર પરીક્ષા યોજાશે. દરેક ૨૪૦ વિદ્યાર્થીઓ દીઠ ૧ સીસીટીવી મોનિટરિંગ અધિકારીની નિમણૂક કરવામાં આવી છે.

સવારે ૧૦:૩૦ વાગ્યાથી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી પરીક્ષા યોજાશે. ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષાનો સમય સાથે જ રહેશે. સવારે ૯થી ૧૦ વાગ્યાથી પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે. ૧૦ વાગ્યા બાદ કોઈ પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહીં. વિદ્યાર્થીને પારદર્શક પાણીની બોટલ, પાઉચ, રાઇટિંગ પેડ લઈ જવા સૂચના આપવામાં આવી છે.

અમદાવાદ રીજનના કોઓર્ડિનેટરે જણાવ્યું હતું કે, આ વર્ષે સીસીટીવી પૉલિસીમાં બદલાવ કરવામાં આવ્યો છે. ૨૪૦ વિદ્યાર્થીઓ દીઠ ૧ સીસીટીવી મોનિટરિંગ અધિકારી રહેશે. વિદ્યાર્થીઓને એડમિટ કાર્ડમાં લખેલી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. કોઈ ઇલેક્ટ્રિક ડિવાઈસ સાથે પ્રવેશ આપવામાં આવશે નહીં.

# ગાંધીનગરમાં ૧૫૦ કરોડના ખર્ચે ૨૨ એકરમાં સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશિપનું કેમ્પસ નિર્માણ પામશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશીપના આ અભિગમને વાસ્તવિક સ્વરૂપ આપતાં અદ્યતન કેમ્પસનું ભૂમિપૂજન કર્યું હતું. આ કેમ્પસ ગાંધીનગરમાં ગિફ્ટ સિટી રોડ પર ગુજરાત બાયોટેકનોલૉજી યુનિવર્સિટી સમીપે ૨૨ એકર વિસ્તારમાં અંદાજિત ૧૫૦ કરોડના ખર્ચે આગામી બે વર્ષમાં નિર્માણ પામશે.

વડા પ્રધાન મોદીએ કોઈ પણ રાજકીય બેકગ્રાઉન્ડ ધરાવતા ન હોય તેવા ૧ લાખ યુવાનોને રાજનીતિમાં જોડાવા માટે આહ્વાન કર્યું છે. રાજકારણમાં પ્રવેશવાની ઇચ્છા ધરાવતા યુવાનોને તાલીમ આપવા તથા ભારતમાં શાસનના પ્રણાલીગત પડકારોનો સામનો કરીને નવી તકોના સર્જન માટે તેમને સશક્ત બનાવવાના હેતુથી રચાયેલી આ સંસ્થા રાજકીય, સામાજિક અને જાહેર નીતિ એમ મુખ્ય ત્રણ ક્ષેત્રોમાં નેતૃત્વ વિકાસ માટે સમર્પિત છે. વડા પ્રધાન મોદી આગામી ૨૧ ફેબ્રુઆરીએ નવી દિલ્હીમાં સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશીપનો ઔપચારિક પ્રારંભ કરાવશે.

પ્રારંભિક તબક્કે સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશીપ દ્વારા જાહેર સેવા વ્યવસાયીઓ માટે અનુરૂપ કાર્યક્રમ ઑફર કરવામાં આવશે. ગાંધીનગરમાં સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશીપના કેમ્પસનું બાંધકામ પૂર્ણ થયા પછી માર્ચ-૨૦૨૭થી અહીં ઔપચારિક કાર્યક્રમો શરૂ કરવામાં આવશે. તેમાં ૧ થી ૩ મહિનાના મધ્યમ ગાળા તેમ જ ૯ થી ૧૨ મહિનાના લાંબા ગાળાના અભ્યાસ કાર્યક્રમો કાર્યરત થશે.

સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશિપમાં પ્રવેશ માટે જાહેર સેવા પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા ધરાવતી વ્યક્તિઓને લેટર ઑફ ઈન્ટેન્ટ અને પેનલ ઈન્ટરવ્યૂ દ્વારા યોગ્યતાના ધોરણે પસંદ કરવામાં આવશે. ઉદ્યોગ, સરકાર અને વૈશ્વિક નેતાઓ સહિત વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશિપમાં ફેકલ્ટી તરીકે સેવાઓ આપશે. સહભાગીઓની પ્રતિબદ્ધતાને સુનિશ્ચિત કરવાના હેતુથી યુવા ઉમેદવારો પાસેથી ટોકન ફી લેવામાં આવશે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને જાહેર સેવા અધિકારીઓ માટે તાલીમ નિઃશુલ્ક રાખવામાં આવશે.

# ગુજરાતમાં નિક્ષય પોષણ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૭.૬૮ લાખ ટીબીના દર્દીઓને ૨૬૪ કરોડની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે ૧૦૦ દિવસ ટીબી નિર્મૂલન ઝૂંબેશના ભાગરૂપે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ટીબીના સાજા થયેલ દર્દીઓ, ટી.બી. સંક્રમિત દર્દીઓ અને ટીબી ચેમ્પિયન્સ માટે સેમિનારનું આયોજન થયું હતું. રાજ્યમાં નિક્ષય પોષણ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૭.૬૮ લાખ ટીબીના દર્દીઓને ૨૬૪ કરોડ સહાય ચૂકવાઈ હોવાની વિગતો પણ અહીં આપવામાં આવી હતી. આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં ટીબી રોગને રાજરોગ ગણવામાં આવતો હતો તેનું નિદાન અને સારવાર પણ ખુબ મુશ્કેલ હતી. પરંતુ રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન જેવા કાર્યક્રમના પરિણામે ટીબીને હરાવવો શક્ય બન્યો છે. રાજ્યનાં તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે ટીબીનું નિદાન અને સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ છે. ટી.બી. એ રાજરોગ કે મહારોગ નહીં, પરંતુ મટી શકે તેવો રોગ છે.

ટીબીના દર્દીઓને સારવાર ઉપરાંત પોષણયુકત આહાર મળી રહે તે હેતુથી નિક્ષય પોષણ યોજના અંતર્ગત ટીબીના તમામ દર્દીઓને એક હજાર રૂપિયા પ્રતિ માસની આર્થિક સહાય સારવાર ચાલુ રહે ત્યાં સુધી અપાય છે. અત્યાર સુધી આ યોજના અંતર્ગત ગુજરાતમાં ટીબીના ૭ લાખ ૬૮ હજારથી પણ વધુ દર્દીઓને રૂા. ૨૪૬ કરોડથી વધુની આર્થિક સહાય ડીબીટી માધ્યમથી અપાઈ છે. દર વર્ષે આવતા ટીબીના ૧ લાખ ૪૦ હજાર કેસોમાંથી ૯૦ ટકા દર્દીઓને સાજા કરી શકાયા છે.

# અમદાવાદમાં તૈયાર થયેલા સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સનું નામ વીર સાવરકર હશોઃ માર્ચમાં ઉદ્‌ઘાટન થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર અને અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૩૬ સુધીમાં અમદાવાદને ઑલમ્પિક સિટી તૈયાર કરવા માટે આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેરના નારણપુરા વિસ્તારમાં રાજ્યનું સૌથી મોટું સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ બનીને તૈયાર થઈ ગયું છે. આ સ્પોર્ટ કોમ્પ્લેક્સનું નામ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાખવા અંગેનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટીમાં લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ૨૧ એકર જમીનમાં ૭૬૧ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ તૈયાર થયું છે. જ્યાં કેન્દ્ર અને રાજ્ય સરકારના રમતગમત વિભાગ તેમ જ સ્પોર્ટસ ઑથોરિટી ઑફ ઇન્ડિયા દ્વારા કરવામાં આવેલાં સૂચનો મુજબ ફેરફાર કરવામાં આવ્યા છે. મહાનગરપાલિકા દ્વારા ૭૨૫૦૦ ચોરસ મીટર જગ્યામાં નવું સ્પોર્ટ કૉમ્પ્લેક્સ બનાવવા માટે ત્રણ વર્ષ પહેલાં પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં પ્લોટમાં વધારો કરીને ૮૨,૫૦૭ ચોરસ મીટર જગ્યામાં સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ બનાવવામાં આવ્યું છે.

સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાની મળેલી સૂચના મુજબ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં ઇન્ડોર સ્પોર્ટસ એરેનામાં ઑલિમ્પિક યોજવા માટે બ્લોક-બી અને બ્લોક-સી વચ્ચે સેનીટાઈઝ્ડ પેસેજ ઉમેરવા જણાવવામાં આવ્યું હતું. જે સૂચવેલા સુધારા મુજબ રીવાઇઝ્ડ ટેન્ડર કરવામાં આવ્યું હતું. ૬૫૦ કરોડથી વધુના ખર્ચે આ સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ બનીને તૈયાર થઈ ગયું છે. ૯૫ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આગામી માર્ચ મહિનામાં સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવે તેવી શક્યતા છે.

# બનાસકાંઠાની ધરા ધ્રૂજીઃ ૩.૮ની તીવ્રતાના ભૂકંપનો આંચકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં સાંજે ૫:૨૮ કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ નોંધાઈ હતી. ભૂકંપનું કેન્દ્ર બિંદુ દાંતીવાડા તાલુકાના ડેરી ગામે નોંધાયું છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ પાલનપુરથી ૩૪ કિલોમીટર ઉત્તર પશ્ચિમમાં અને ૩.૩ કિલોમીટરની ઊંડાઈ પર આવ્યું છે. આ ભૂકંપના આંચકાને કારણે દાંતીવાડા તાલુકામાં લોકોમાં થોડીક પળ માટે ભયનો માહોલ જોવા મળ્યો હતો. ભયના કારણે કેટલાક લોકો પોતાનાં ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. સદ્‌નસીબે, આ ભૂકંપને લઈને હજુ સુધી કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ મળ્યા ન હોવાનું ડિઝાસ્ટર વિભાગે જણાવ્યું હતું. જોકે ભૂકંપના આંચકાઓ હોવા છતાં, લોકો શાંત રહે અને સાવચેતી રાખે તે જરૂરી છે. આ પ્રકારની કુદરતી આપત્તિ વખતે સચેત રહેવું અને તંત્ર દ્વારા આપવામાં આવતી માર્ગદર્શિકાઓ પ્રમાણે અનુસરવા જણાવ્યું હતું.

# ગુજરાતના તમામ નેશનલ હાઈવે પ્રોજેક્ટ પીએમ ગતિ શક્તિ માસ્ટર પ્લાન સાથે જોડાયેલા છેઃ નીતિન ગડકરી

અમદાવાદઃ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના પ્રધાન નીતિન ગડકરીએ લોકસભામાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં તમામ નેશનલ હાઈવે ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ પીએમ ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાન સાથે જોડાયેલા છે. કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ ગુજરાતના સાંસદ રાજેશ ચૂડાસમાના સવાલનો લેખિતમાં જવાબ આપ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે, પીએમ ગતિ શક્તિ પોર્ટલ દ્વારા રાજ્યમાં વિવિધ પ્રોજેક્ટો શરૂ કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, સરકારે ગુજરાત સહિત સમગ્ર દેશમાં નેશનલ હાઈવે પરિયોજનાઓ માટે પીએમ ગતિ શક્તિ પોર્ટલનો ઉપયોગ કરવાની મહત્ત્વપૂર્ણ પહેલ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, ભૌગોલિક ઈન્ફોર્મેશન સિસ્ટમ પર આધારિત નેશનલ હાઈવેનું નેટવર્ક અને અન્ય બુનિયાદી ઢાંચાનાં ઘટકોને પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યાં છે. નેશનલ પ્રોજેક્ટના કદને ધ્યાનમાં લીધાં વિના એનએમપી પોર્ટલનો ઉપયોગ કરીને વિસ્તૃત પરિયોજનાનો રિપોર્ટ તૈયાર કરવો અનિવાર્ય છે. નીતિન ગડકરીએ ઉમેર્યું હતું કે, નેશનલ હાઈવે ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ માટે ડીપીઆર તૈયાર કરવા પ્રમાણભૂત ઓપરેટિંગ પ્રક્રિયાઓ વિકસાવાઈ છે.

# ગુજરાતે જી-સફલ જાહેર કરીઃ ૫૦ હજાર અંત્યોદય અન્ન યોજના કાર્ડધારક પરિવારોને લાભ પહોંચાડશે

અમદાવાદઃ રાજ્ય સરકારે અંત્યોદય પરિવારની આજીવિકામાં વધારો કરીને તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમ જ મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી જી-સફલ આ વર્ષે જાહેર કરી હતી. જે આગામી પાંચ વર્ષના સમયગાળામાં રાજ્યના ૧૦ જિલ્લા અંતર્ગત ૨૫ તાલુકાના ૫૦ હજાર અંત્યોદય અન્ન યોજના કાર્ડધારક પરિવારોને લાભ પહોંચાડશે. આ યોજનાના અમલીકરણમાં અંત્યોદય પરિવારોને આજીવિકા, નાણાકીય સમાવેશ અને સામાજિક વિકાસ માટે સહયોગ પૂરો પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં આર્થિક સહાયની સાથે કૌશલ્ય તાલીમ અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે. આ યોજના દ્વારા અંત્યોદય પરિવારને ટકાઉ આજીવિકા મળે તે હેતુસર તેમના માટે વધારાના આવકના સ્રોત ઊભા કરવામાં આવશે. આજીવિકાના નવા સ્રોત બનાવવા માટે તેમને ૮૦ હજારનું અનુદાન આપવામાં આવશે. આ યોજનાના અમલીકરણ માટે પાત્રતા ધરાવતા કાર્ડધારકોમાં સૌથી ગરીબ પરિવારોની ઓળખ કરવામાં આવશે. આ પ્રકારના પરિવારોમાં કોઈ ચોક્કસ આવકનો સ્રોત ન હોવાથી તેમના માટે વધારાની આવક ઊભી કરવા માટે નવા સ્રોતનું નિર્માણ કરવામાં આવશે. તેના માટે તેમને અનુદાન આપવામાં આવશે.

# અમદાવાદ મહાનગરપાલિકાનું ૧૫૦૧ કરોડના વધારા સાથે ૧૫,૫૦૨ કરોડનું બજેટ રજૂ કરાયું

અમદાવાદઃ અમદાવાદ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૫-૨૬નું ૧૪૦૦૧ કરોડનું બજેટ તત્કાલીન કમિશનર એમ. થેન્નારેસન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં લોકોનાં સૂચનોના આધારે ભાજપના સત્તાધીશો દ્વારા ૧૫૦૧ કરોડના વધારા સાથે ૧૫૫૦૨ કરોડનું બજેટ રજૂ કરાયું હતું. આ બજેટમાં શહેરના સ્પોર્ટ્સ કૉમ્પલેક્સને ડેવલોપ કરવા જોગવાઈ કરાઈ હતી. જ્યારે ઍડવાન્સ ટૅક્સ ચૂકવનારને ૧૦ના બદલે ૧૨ ટકા રિબેટ આપવાની જાહેરાત કરાઈ હતી. અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચૅરમૅન દેવાંગ દાણીએ મહાનગરપાલિકાના નવનિયુક્ત કમિશનર બંછાનિધિ પાની સમક્ષ સુધારા સાથેનું ૧૫૫૦૨ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. જેમાં શહેરની ખારીકટ કેનાલ ફેઝ- બેનું નવીનીકરણ કરાશે. ટીપી રોડ પરનાં દબાણમાં આવતાં મકાનની ફાળવણી માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરનાર ઝોનને ૧ કરોડની રકમ વધુ ચૂકવવાનો નિર્ણય કરાયો હતો. જે વોર્ડમાં સફાઈ કામગીરી યોગ્ય કરશે તે વોર્ડને વધારાના ૧ કરોડ ચૂકવવામાં આવશે. બજેટમાં રમતગમત, સ્વચ્છતા, પર્યાવરણ, પ્લાસ્ટિક મુક્ત, ટ્રાફિક મુક્ત, આરોગ્ય, સ્લમમુક્ત, રીન્યુએબલ એનર્જી, પ્રદૂષણમુક્ત, ડિજિટલાઈઝેશન, આત્મનિર્ભર ભારત, તળાવોનો વિકાસ અને શહેરના સાર્વત્રિક વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે.

૮૮૨૮ કરોડ રૂપિયા વિકાસકાર્યો પાછળ ખર્ચવામાં આવશે. યુવાનોને પોતાની સ્કિલ દર્શાવી શકે તેના માટે સ્ટાર્ટ અપ ફેસ્ટિવલનું આયોજન કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 39 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માઘ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 February 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u







**મોદી - ટ્રમ્પની મુલાકાતમાં ટેરિફ મુદ્દે ટ્રમ્પ ‘ટસના મસ’ ન થયા**

# અમેરિકા ભારતને અત્યાધુનિક એફ-૩૫ યુદ્ધ વિમાન આપશે






વૉશિંગ્ટન (અમેરિકા) : વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાતચીત કર્યા બાદ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ભારત અમેરિકા પાસેથી વધુ તેલ, ગૅસ અને એફ-૩૫ ફાઈટર જેટ સહિત લશ્કરી હાર્ડવેર ખરીદશે જેથી વેપારી ખાધ નીચી જાય, પરંતુ વૉશિંગ્ટન નવી દિલ્હીને પર રેસિપ્રોકલ ( જેવા સાથે તેવા) ટ્રેરિફ લગાડવામાં માફી નહીં આપે, ગુરવારે પોતાની ઓવલ ઓફિસમાં ટ્રમ્પે મોદી સાથે હસ્તધૂનન કરીને અને તેમને ભેટીને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ટ્રમ્પે મોદીને તેમના લાંબા સમયના મહાન મિત્ર અને અફલાતૂન માણસ કહ્યા હતા.

દ્વિપક્ષીય મંત્રણા બાદ ભારતના વડા પ્રધાન મોદી સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું હતું કે બન્ને દેશો ટૂંક સમયમાં મોટો વેપાર કરાર કરશે. જોકે આ સાથે ટ્રમ્પે કહ્યું હતું કે ભારતે અમેરિકાનાં ઉત્પાદનો પર લગાડેલો ટેરિફ ‘અતિશય અન્યાયી’ અને ‘પ્રચંડ’ છે.

ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અમારા પર જે ટેરિફ લાદે છે અમે એટલા જ ટેરિફ તેના પર લાદીશું. અમે ભારત સાથે પારસ્પરિક રહીશું.

મોદી અને ટ્રમ્પની મુલાકાત પહેલાં ટ્રમ્પે તેના વેપાર ભાગીદારો પર રેસિપ્રોકલ ટેરિફ (પારસ્પરિક ટેરિફ) લાદવાની નીતિની જાહેરાત કરી હતી.

ટ્રમ્પે તેની ટકોરમાં કહ્યું હતું કે મેં અને વડા પ્રધાન મોદીએ એવો કરાર કર્યો છે જેથી અમેરિકા ભારતને ખનીજ તેલ અને ગૅસ આપનારો મોખરાનો દેશ બની જશે. ભારત સાથે રહેલા ૪૫ અબજ ડૉલરની વેપારી ખાધ ઓછી કરવા લેવાયેલા પગલાના ભાગરૂપે ભારત અમેરિકા પાસે તેલ અને વાયુ ખરીદશે એવું ટ્રમ્પે સૂચવ્યું હતું.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે અમે ભારતને થતા લશ્કરી હથિયારોના વેચાણમાં અબજો ડૉલરનો વધારો કરીશું. અમે ભારતને એફ-૩૫ સ્ટીલ્થ ફાઈટરના વેચાણનો માર્ગ મોકળો કરીશું. એફ૩૫ જેટ વિશ્વના સૌથી અમોઘ, ટકનારા અને સંપર્કમાં રહેનારા ફાઈટર વિમાનો ગણાય છે.

ટ્રમ્પે કહ્યું હતું કે ભારત અને અમેરિકા ઈસ્લામિક ઉદ્દામવાદી તત્ત્વો સામે પહેલાં કરતાં પણ વધારે અસરકારક રીતે કામ કરશે.

ટ્રમ્પે કહ્યું હતું કે મને એ કહેતા આનંદ થાય છે કે મારું વહીવટીતંત્ર વિશ્વના (જુઓ પાનું ૨) ▸▸



**બે બળિયાઃ**
વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વાઈટ હાઉસમાં મળ્યા હતા ત્યારે બંનેએ હસ્તધૂનન કરી એકબીજાને શુભેચ્છા આપી હતી. (એજન્સી)

## ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર થશે બમણો, ૫૦૦ અબજ ડૉલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય

વૉશિંગ્ટનઃ ભારત અને અમેરિકા આ વર્ષ સુધીમાં પારસ્પરિક રીતે ફાયદાકારક વેપાર કરારનો પ્રથમ તબક્કો પૂર્ણ કરવા સહમત થયા છે. આ સાથે બંને દેશોએ ૨૦૩૦ સુધીમાં વાર્ષિક દ્વિપક્ષીય વેપાર ૫૦૦ અબજ અમેરિકન ડૉલર સુધી વધારવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે. જોકે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ ચેતવણી આપી હતી કે અમેરિકા ભારત પર બદલો લેવા માટે ટેરિફ લાદવામાં અચકાશે નહીં.

ટ્રમ્પે ગુરુવારે વ્હાઇટ હાઉસ ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન બંને નેતાઓએ ટેરિફ સંબંધિત મુદ્દાઓ પર વ્યાપક રીતે ચર્ચા કરી હતી. આ બેઠક (જુઓ પાનું ૨) ▸▸

## ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટિવ બૅન્ક પર બંધીઓ પછી ખાતાધારકોમાં ફફડાટ

મુંબઈઃ મહાનગર મુંબઈસ્થિત ન્યુ ઇન્ડિયા કો-ઓપરેટિવ બૅન્ક પર કેટલાક નિયંત્રણો લાદ્યાના એક દિવસ પછી રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા (આરબીઆઇ)એ ગઇ કાલે વહીવટના કંગાળ ધોરણોનુ કારણ આપી તેના બૉર્ડને સુપરસીડ કર્યું હતું.

આરબીઆઇએ બૅન્ક પર નવી લોન આપવા પર કે તેમાંથી ગ્રાહકોને કોઇ પણ પ્રકારની ડિપોઝિટના ઉપાડ પર છ મહિના માટે પ્રતિબંધ મૂકતા કુલ ૨૮ શાખા ધરાવતી બૅન્કના ગ્રાહકોમાં ચિંતા વ્યાપી હતી. મોટા ભાગે આ શાખાઓ મુંબઈમાં છે.

ભારતમાં બેન્કિંગ ક્ષેત્રમાં ઘણીવાર એવા સમાચાર આવે છે કે જે સામાન્ય લોકો માટે ચિંતાનો વિષય બની જતા હોય છે. અચાનક જ કોઈ બેંક પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે છે અને ગ્રાહકો ગભરાઈ જાય છે કે તેમના પૈસાનું શું થશે. રિઝર્વ બેંકે બચત ખાતા, ચાલુ ખાતા અને કોઈ પણ ડિપોઝીટ ખાતામાંથી ઉપાડ પર પ્રતિબંધ મૂક્યો છે. રિઝર્વ (જુઓ પાનું ૨) ▸▸




**હાલાકીની શરૂઆતઃ**
રિઝર્વ બેન્કે મુંબઈ સ્થિત બેન્ક પર અનેક પ્રતિબંધ લાદ્યા હોવાથી ચિંતામાં મુકાયેલા બેન્કના ખાતેદારો મુંબઈમાં બેન્કની અંધેરી શાખા બહાર ઓચિંતા જ જમા થયા હતા. (અમય ખરાડે)

**મણિપુરમાં રાષ્ટ્રપતિશાસન બાદ**

## ભાજપના કેન્દ્રીય નેતૃત્વના આગામી નિર્ણય પર રહેશે તમામની નજર

ઇમ્ફાલઃ પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયા અને વિધાનસભા સ્થગિત કર્યાના એક દિવસ બાદ તમામની નજર હવે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના કેન્દ્રીય નેતૃત્વ પર છે. ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ આ અંગે આગામી નિર્ણય શું લેશે તેના પર તમામની નજર રહેશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી રાષ્ટ્રપતિ શાસન લાગુ કર્યા પછી રાજ્યભરમાં સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.

મણિપુરમાં ગુરૂવારે સાંજે રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું અને વિધાનસભા સ્થગિત કરવામાં આવી હતી. થોડા દિવસ પહેલા જ પૂર્વ મુખ્ય પ્રધાન એન. બિરેન સિંહે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું હતું, ત્યારબાદ અહીં રાજકીય અનિશ્ચિતતાની સ્થિતિ ઊભી થઈ હતી. ભાજપ તેના પૂર્વોત્તર પ્રભારી સંબિત પાત્રા અને ધારાસભ્યો વચ્ચે અનેક રાઉન્ડની ચર્ચા છતાં મુખ્ય પ્રધાન પદના ઉમેદવાર પર સર્વસંમતિ (જુઓ પાનું ૨) ▸▸

## વડોદરામાં લવજેહાદઃ મુસ્લિમ યુવકે ઓળખ છુપાવી હિન્દુ યુવતી સાથે લગ્ન કરતાં ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના બાપોદ વિસ્તારમાં લવ જેહાદનો કિસ્સો પ્રકાશમાં આવતાં ચકચાર મચી ગઈ હતી. શહેરના તાંદલજા વિસ્તારમાં રહેતા મુસ્લિમ યુવકે પોતાની ઓળખ છુપાવીને હિન્દુ હોવાનું કહીને બે સંતાનની હિન્દુ માતાને પ્રેમજાળમાં ફસાવી હતી અને તેની સાથે હિન્દુ વિધિ મુજબ લગ્ન પણ કર્યા હતાં. લગ્ન બાદ મોહસીનના કાંડનો પર્દાફાશ થતાં તેણે મહિલા તથા તેનાં સંતાનોને મુસ્લિમ ધર્મ અપનાવવા માટે દબાણ કર્યું હતું. જો આ વાતની કોઈને જાણ કરીશ તો તને તથા તારાં સંતાનોને જાનથી મારી નાખીશ તેવી ધમકી પણ આપી હતી. જોકે, મહિલાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

વડોદરા શહેરના તાંદલજા વિસ્તારમાં સનફાર્મા કંપનીની બાજુમાં આવેલા નુરજહા પાર્ક સોસાયટીમાં રહેતા મોહસીન ઐયુબ ખાન પઠાણ પોતે પરીણિત હોવા છતાં તેણે પોતાની મુસ્લિમ તરીકેની ઓળખ છુપાવી હતી. ત્યાર બાદ મનોજ સોની તરીકેની ઓળખ આપીને બાપોદ વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષીય પરીણિતા અને બે સંતાનની માતાને પ્રેમજાળમાં ફસાવી હતી. વર્ષ ૨૦૨૨ સુધીમાં (જુઓ પાનું ૨) ▸▸

## બલુચિસ્તાનમાં શ્રમિકોને લઈ જતાં વાહન પર બૉમ્બહુમલોઃ ૧૧નાં મોત

ઈસ્લામાબાદ : પાકિસ્તાનના અશાંત બલુચિસ્તાન પ્રાંતમાં કોલસાના ખાણિયાને લઈ જતાં વાહન પર બૉમ્બ ફોડતાં ઓછામાં ઓછા ૧૧ જણ મરણ પામ્યાં હતાં, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. પ્રાંતના હરના જિલ્લાના શહરાગ વિસ્તારમાં રોડ પર મુકાયેલી વિસ્ફોટક સામગ્રી વડે શ્રમિકોને લઈ જતી મિની ટ્રક પર સ્ફોટ કરવામાં આવ્યો હતો.

હારનાઈના ડેપ્યુટી કમિશનર વાલી કાકરે કહ્યું હતું કે અમે ઓછામાં ઓછા ૧૧ મૃતદેહો હૉસ્પિટલમાં ખસેડ્યા હતા. ઘાયલ સાત શ્રમિકોને પણ તબીબી સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

તેમણે માહિતી આપી હતી કે સ્ફોટના ભોગ બનેલાઓ કોલસાની ખાણમાં કામ કરતા હતા. તેમને નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસે કહ્યું હતું કે શરૂઆતનો અહેવાલ સૂચવે છે કે રોડના કિનારામાં ગોઠવવામાં આવેલા ઈમ્પ્રુવાઈઝડ એક્સપ્લોસિવ (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાતના આઠ સહિત ૧૧૯ ગેરકાયદે વસાહતી લઈને યુએસ પ્લેન આજે અમૃતસર આવશે

ચંદીગઢઃ ગુજરાતના આઠ સહિત ૧૧૯ ગેરકાયદેસર વસાહતીઓને લઈને આવનાર અમેરિકાનું વિમાન ૧૫ ફેબ્રુઆરીના રોજ અમૃતસર એરપોર્ટ પર ઉતરાણ કરે તેવી શક્યતા છે.

ટ્રમ્પ સરકાર દ્વારા ગયા મહિને શપથ લીધા પછી લીધેલા નિર્ણયના ભાગ રૂપે દેશનિકાલ કરાયેલા ભારતીયોની બીજી બેચ છે.

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, વિમાન શનિવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ એરપોર્ટ પર ઊતરશે તેવી સંભાવના છે.

૧૧૯ ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સમાં ૬૭ પંજાબના, ૩૩ હરિયાણાના, આઠ ગુજરાતના, ત્રણ ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્રના અને રાજસ્થાનના બે-બે અને હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના એક-એકનો સમાવેશ થાય છે.

દેશનિકાલ થયેલાઓને લઈ આવતું અન્ય યુએસ વિમાન ૧૬ ફેબ્રુઆરીએ આવવાની અપેક્ષા છે. ગયા અઠવાડિયે અમૃતસર એરપોર્ટ પર ૧૦૪ ગેરકાયદેસર ભારતીય ઇમિગ્રન્ટ્સને લઇને યુએસ લશ્કરી વિમાન ઉતર્યાના (જુઓ પાનું ૨) ▸▸







## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદીની ટ્રમ્પ સાથેની મુલાકાત ભારતના નહીં અમેરિકાના ફાયદામાં

**ભારતના** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા સમાપ્ત થઈ ગઈ અને ધારણા પ્રમાણે જ આ યાત્રામાંથી ભારત માટે ફાયદાકારક કશું નક્કર નિપજ્યું નથી. ભારત માટે સૌથી મહત્ત્વનો મુદ્દો ભારતના માલસામાન પર અમેરિકા કેટલો ટેરિફ લાદે છે તેનો હતો અને નરેન્દ્ર મોદી સાથે ડોનલ્ડ ટ્રમ્પની બેઠક દરમિયાન આ મુદ્દે ચર્ચા કરીને કશુંક નક્કર કરાશે એવો આશાવાદ હતો પણ ટ્રમ્પે મોદી સાથેની બેઠકના બે કલાક પહેલાં જ અમેરિકાના માલસામાન પર ટેરિફ લાદનારા દેશોના માલસામાન પર એટલા જ પ્રમાણમાં ટેરિફ લાદવાનું એલાન કરીને સ્પષ્ટ કરી દીધું કે, આ મુદ્દે કોઈ વાતચીત તે સમાધાનને અવકાશ જ નથી.

ટ્રમ્પે પહેલાં જ રેસિપ્રોકલ ટેરિફ એટલે કે અમેરિકાના માલસામાન પર ટેરિફ લાદનારા દેશોના માલસામાન પર એટલા જ પ્રમાણમાં ટેરિફ લાદવાની નીતિની જાહેરાત કરી જ છે. હવે મોદી આવે કે જિનપિંગ આવે કે બીજું કોઈ આવે, આ નીતિ બદલાવાની નથી. ટ્રમ્પની આ જાહેરાત પછી ખરેખર તો મોદી અને ટ્રમ્પ મળે કે ના મળે, કોઈ ફરક જ નહોતો પડવાનો કેમ કે ભારતનાં હિતો સચવાવાનો મુદ્દો જ પતી ગયો હતો. એ પછી બેઠકમાં જે વાત થવાની હતી એ અમેરિકાને કઈ રીતે વધારે ફાયદો થઈ શકે તેના પર થવાની હતી ને એવું જ થયું.

ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચેની વ્યાપાર ખાધ ઘટાડવા માટે અમેરિકા પાસેથી ભારત વધારે પ્રમાણમાં ક્રૂડ અને ઓઈલ ખરીદે એ માટે મોદીને તૈયાર કરી દીધા. સાથે સાથે અમેરિકા ભારતને એફ-૩૫ જેટ ફાઈટર સહિતનાં ડીફેન્સ ઈક્વિપમેન્ટ આપશે એવી જાહેરાત પણ કરી દીધી. આ બંને મોટી જાહેરાતો છે ને તેના કારણે અમેરિકાને ફાયદો થવાનો છે. ભારતને નહીં.

અમેરિકાના પ્રમુખપદે શપથ લીધા પછી ટ્રમ્પે કેનેડા, મેક્સિકો, કોલંબિયા અને ચીન પર ટેરિફ લાદી દીધા હતા. ભારત અત્યાર સુધી ટ્રમ્પના ટેરિફ પગલાંથી બચી ગયું હતું પણ ટ્રમ્પે મોદીની યાત્રા વખતે એ કસર પણ પૂરી કરી દીધી. ટ્રમ્પના ટેરિફથી બચવા માટે ભારતે ઘણી અમેરિકન વસ્તુઓ પર ટેરિફ ઘટાડવાનું શરૂ કરી દીધું છે. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ કરાયેલા બજેટમાં ભારતે અમેરિકાથી આયાત થતી વસ્તુઓ જેમ કે ૧૬૦૦ સીસીથી ઓછા એન્જિનવાળી મોટરસાયકલ, ઉપગ્રહો માટે ગ્રાઉન્ડ ઇન્સ્ટોલેશન અને સિન્થેટિક ફ્લેવરિંગ એસેન્સ પરના કર ઘટાડ્યા છે. આ સિવાય મહત્તમ ટેરિફનો રેટ પણ ૧૫૦ ટકાથી ઘટાડીને ૭૦ ટકા કરીને આપણે અમેરિકાના પગમાં આળોટી ગયેલા છતાં ટ્રમ્પે તેની દરકાર કર્યા વિના રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરી નાખી.

ટ્રમ્પે રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરીને ભારતની નિકાસને તો ફટકો માર્યો જ હતો ને તેમાં આ બે નવા ફટકા છે. ભારતમાં મોદીભક્તિમાં લીન એક વર્ગ એવો છે કે જે એક જ રેકર્ડ વગાડ્યા કરે છે કે, અમેરિકાએ ચીની ઉત્પાદનો પર ટેરિફ લાદી તેનાથી અમેરિકન બજારમાં ભારતીય વસ્તુઓનું વેચાણ વધશે. એ લોકોની દલીલ છે કે, ટ્રમ્પના પહેલા કાર્યકાળ દરમિયાન જ્યારે ચીન સાથે ટેરિફ યુદ્ધ શરૂ થયું ત્યારે ભારત અમેરિકા સાથેના વ્યાપારમાં વિશ્વમાં ચોથા ક્રમનો સૌથી મોટો લાભાર્થી દેશ હતો.

ફેડરેશન ઓફ ઇન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઇઝેશન સહિતનાં સંગઠનોની દલીલ છે કે, યુએસ દ્વારા લદાનારા ટેરિફથી અમેરિકાના હરીફ એવા ચીન અને તેના દક્ષિણ કોરિયા અને જાપાન જેવા વેપારી ભાગીદારોને સૌથી વધારે અસર કરશે પણ ભારતને ફાયદો થશે કારણ કે તેને યુએસ બજારમાં ચીન જેવા દેશોની કંપનીઓ તરફથી ઓછી સ્પર્ધાનો સામનો કરવો પડશે. આ ઉપરાંત જે કંપનીઓની ફેક્ટરીઓ ચીન અને ભારત બંનેમાં છે તેમને ભારતમાં વધુ ઓર્ડર મળવાનું શરૂ થશે.

આ વાતો ગધેડાને તાવ આવે એવી છે. સૌથી પહેલી વાત તો એ કે, ભારત અમેરિકાના બજારમાં માલ વેચવામાં ચીન, જાપાન કે દક્ષિણ કોરિયા જેવા દેશો સાથે સ્પર્ધામાં જ નથી. ચીન અમેરિકામાં દર વરસે ૪૫૦ અબજ ડૉલરની નિકાસ કરે છે ને ભારતની નિકાસ માંડ ૭૫ અબજ ડૉલરની છે. જાપાનની નિકાસ ૧૪૧ અબજ ડૉલરની હતી ને સાઉથ કોરિયાની નિકાસ ૧૧૬ અબજ ડૉલરની હતી. જાપાન અને સાઉથ કોરિયા પર તો અમેરિકાએ કોઈ ટેરિફ લાદ્યા નથી તેથી તેમને તો કોઈ અસર થવાની નથી પણ ચીનના ભોગે આપણને ફાયદો થવાની વાત જ બકવાસ છે.

ચીન સાથે આપણે ક્વોલિટી કે ક્વોન્ટિટી કોઈ રીતે સ્પર્ધામાં નથી. ચીન જે સસ્તા ભાવે અમેરિકાને માલ ધાબડે છે એ ભાલે માલ ધબાડવાની આપણામાં તાકાત જ નથી. આપણે ચીનથી કાચો માલ લાવીને વસ્તુઓ બનાવીએ છીએ ને અમેરિકા સહિતના દેશોમાં એક્સપોર્ટ કરીએ છીએ પછી ચીનથી સસ્તો માલ કઈ રીતે આપી શકીએ ? બીજું એ કે, આપણી પાસે ટેકનોલોજીની તાકાત નથી ને અમેરિકાને જે વધારે પ્રમાણમાં જોઈએ છે એ માલ બનાવવાની પણ તાકાત નથી. આ સંજોગોમાં અમેરિકાનાં ટેરિફ નિયંત્રણોથી ચીનને નુકસાન ને ભારતને ફાયદો થશે એવી વાતો ભક્તિ કરવા માટે બરાબર છે પણ વાસ્તવવાદી નથી.

ભારતે ખરેખર તો દુનિયાના બીજા દેશોના જેવા સ્પર્ધાત્મક બનવાની જરૂર છે. કમનસીબે એવું થયું નથી. ભારતને આત્મનિર્ભર બનાવવાની અને મેઈક ઈન ઈન્ડિયાની વાતો બહુ થાય છે પણ ખરેખર એ દિશામાં કશું નક્કર થતું નથી. ભારતીય લશ્કરે હમણાં ભારતની કંપનીઓને અપાયેલો ૪૦૦ ડ્રોનનો ઓર્ડર કેન્સલ કર્યો. આ ડ્રોન સરહદે તૈનાત કરાયેલાં ત્યારે એક ડ્રોન તો ઉડ્યું જ નહીં કેમ કે ચીને હેક કરી લીધેલું. બીજું ડ્રોન ભારતમાં ઊડીને દુશ્મન દેશો પર નજર રાખવાના બદલે પાકિસ્તાનની સરહદમાં ઘૂસી ગયું કેમ કે ડ્રોન ચીનના પાર્ટ્સથી બનાવેલાં હતાં. હવે ડ્રોન જેવી સાવ સામાન્ય પ્રોડક્ટ બનાવવા માટે પણ આપણે ચીન જેવા દેશો પર નિર્ભર હોઈએ તો પછી મેઈક ઈન ઈન્ડિયાની વાતનો કોઈ અર્થ નથી.

આ સ્થિતિ બધાં ક્ષેત્રોમાં છે. ભારત વિશ્વગુરૂ બની રહ્યું હોવાના ફાંકા બહુ મરાય છે પણ આપણે હજુ વિકસિત દેશોના શિષ્ય બનવાની લાયકાત પણ કેળવી શક્યા નથી. ખાલી વાતો કરવાના બદલે ભારતે સાયન્સ, ટેકનોલોજી, ઈનોવેશન વગેરેમાં બહુ મહેનત કરવાની જરૂર છે. ચીનથી તૈયાર માલ લાવીને એસેમ્બલ કરીને ફાંકા મારવાના બદલે જાતે બધું બનાવી શકીએ તો અમેરિકા સહિતના દેશોને નમાવી શકીએ, બાકી આપણી કોઈ કિંમત નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિર ઋતુ, શનિવાર, તા. ૧૫–૨–૨૦૨૫,
મોઢેશ્વરી માતા પ્રાગટ્ય (મોઢેરા)

- ભારતીય દિનાંક ૨૬, માહે માઘ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માઘ વદ– ૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માઘ, તિથિ વદ–૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨જો બહેમન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૭મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૬
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૫–૩૮ (તા. ૧૬)મી પછી હસ્ત.
- ચંદ્ર કન્યામાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૩, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૪, સ્ટા. ટા.

- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ● ભરતીઃ બપોરે ક. ૧૩–૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૦૧ (તા. ૧૬) ● ઓટઃ સવારે ક. ૦૭–૫૦, રાત્રે ક. ૧૯–૪૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માઘ કૃષ્ણ – તૃતીયા. મોઢેશ્વરી માતા પ્રાગટ્ય (મોઢેરા), ભદ્રા સવારે ક. ૧૦–૪૮થી ૨૩–૫૨.
- શુભાશુભ દિનશુદ્ધિ : શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, વાસ્તુકળશ. શ્રી ગણેશ સૂર્ય પૂજા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજન, અર્યમા પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, શનિ–સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, જૂના–નવા ઘરમાં પ્રવેશ કરવો. સ્થિર કાર્યો, શાંતિનું કામ, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહીં. નવાં વસ્રો, આભૂષણ, દુકાન વેપાર, મિત્રતા કરવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, મંદિરમાં પાટ–અભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, ગાય–બળદની લેવડદેવડ કરવી.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચ્યુન ચતુષ્કોણ અવ્યવહારુ, ચંદ્ર–રાહુ પ્રતિયુતિ મતલબી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ પ્રતિયુતિ. બુધ શતભિષા નક્ષત્ર પ્રવેશ. વક્રી મંગળ પુનર્વસુ પ્રવેશ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય–ધનુ, વક્રી મંગળ–મિથુન, બુધ–કુંભ, માર્ગી ગુરુ–વૃષભ, શુક્ર–મીન, શનિ–કુંભ, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–મેષ. માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## પ્રજામત

### કૉંગ્રેસની માનસિકતા

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસને અણધારી સફળતા મળી અને રાહુલ ગાંધી લીડર ઓફ ઓપોઝિસન અને ખડગે રાજ્યસભામાં એ જ દરજ્જામાં આવ્યા. નવેમ્બરના છેલ્લા અઠવાડિયાથી બન્ને સંસદ ચાલે છે. જો કે રાહુલે સત્ર શરૂ થવા પહેલાં જ સંસદ નહીં ચાલવા દઈએ એવું જાહેર કરી નાખેલું. હંમેશાં હાથમાં બંધારણની ચોપડી(?) લઈ ફરતાં એ ઓક્સફર્ડના ગ્રેજ્યુએટને જાણે આખું બંધારણ મોઢે હોય એવી વાતો કરે છે અને કહે છે કે મોદી અને ભાજપ બંધારણ બદલી નાખશે અને હું નહીં થવા દઉં. લગભગ બધા જ જાણે છે કે પોતાની સત્તા બચાવવા એમના દાદી શ્રીમતી ગાંધી એ જ સૌપ્રથમ બંધારણમાં "સેક્યુલર" શબ્દ ઉમેરી અદ્વિતીય ફેરફાર કરેલો જેના પરિણામ હવે બધા જ જાણે છે. સોનિયા ગાંધીએ ખડગેને કૉંગ્રેસના અધ્યક્ષ બનાવ્યા છે એટલે એમને તો સોનિયાની ચાપલુસી કરવી જ પડે, એટલે હંમેશાં કહેતા ફરે છે સોનિયાએ વડા પ્રધાનપદ છોડી દુનિયામાં સૌથી મોટી કુરબાની આપી છે. સંસદ ચલાવવા પ્રામાણિક કરદાતાના પૈસાનો વેડફાટ ન થવો જોઈએ. સંસદના એજેન્ડાની નકલ પહેલેથી જ બધાને આપવામાં આવે છે. તો એ સિવાયની કાર્યવાહી સત્રના રાબેતા મુજબના સમયમાં પહેલાં થવી જોઈએ પછી જ બીજી કોઈ વિરોધની કાર્યવાહી માટે સમય ફાળવવો જોઈએ જેથી અગત્યના ખરડા પાસ થઈ જાય અને વારંવાર સંસદ મુલતવી ન રાખવી પડે. રાહુલને કોઈ કારણસર અદાણી અને અંબાણી પ્રત્યે ભારોભાર અદેખાઈ અને નફરત છે. તો એ માટે એ અદાલતમાં જઈ શકે છે. સંસદમાં ફક્ત દેશહિત અને વિકાસના મુદ્દે જ ચર્ચા થવી જોઈએ. પ્રજાએ પણ પોતે ચૂંટેલા સાંસદોને આ માટે આગ્રહ કરવો જોઈએ.

**– જિતેન્દ્ર શાહ,**
હૈદરાબાદ

### પ્રજાના પ્રતિનિધિને પાછા બોલાવવાનો અધિકાર આપો

સંસદસભ્ય કે ધારાસભ્ય તરીકે ચૂંટાયા પછી કેટલાંક પ્રજાના પ્રતિનિધિઓ પોતાના મત વિસ્તારની સમસ્યાઓ, પ્રશ્નો અને વિકાસની બાબતે ઉદાસીનતા સેવતા હોય છે. સંસદ કે વિધાનસભામાં પોતાના મતવિસ્તારના પ્રશ્નો કે સમસ્યાઓની કે વિકાસની બાબતે કોઈ રજૂઆત પણ કરતા હોતા નથી. અરે કેટલાંક પ્રજાના પ્રતિનિધિ તો પોતાના મત વિસ્તારમાં આવતા જ નથી! પાંચ વર્ષ પછી ફરી મત માંગવા આવે છે!! પ્રજાના પ્રતિનિધિ ગુમ થયા છે, તેવા પોસ્ટર પણ લાગતા હોવાના સમાચાર અખબારોમાં કેટલીક વાર વાંચવા મળતા હોય છે. આવા પોતાની જવાબદારીમાં નિષ્ફળ નિવડનાર સંસદસભ્ય કે ધારાસભ્યને પાછા બોલાવવાનો અધિકાર મતદારોને હોવો જ જોઈએ. પપછ્શાલર્વિ ઞ્જિં છ્ય ઈફહહથથ નો અધિકાર મતદારોને આપવોજ જોઈએ.

**– મહેશ વી. વ્યાસ.**
૮૪, દેવર્ષિ બંગ્લોઝ, આકેસણ ફાટકની પાસે, મું.પો.પાલનપુર-૩૮૫૦૦૧.

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# દિલ્હીમાં ભાજપ સરકારની તાજપોશી ૧૯–૨૦મીએ થાય એવી સંભાવના

નવી દિલ્હીઃ દિલ્હીમાં ભાજપ સરકારનો સોગંદવિધિ સમારોહ ૧૯ કે ૨૦ ફેબ્રુઆરીએ યોજાય એવી સંભાવના છે અને નવું વહીવટીતંત્ર પીવાના પાણીના પુરવઠા, નાગરિક માળખાકીય સુવિધા સુધારવા જેવી બાબતોને અગ્રતાક્રમ આપશે, એમ પક્ષના નેતાઓએ કહ્યું હતું. ભાજપના વિધાનસભ્ય અને પક્ષના રાષ્ટ્રીય મહામંત્રી માનજિન્દર સિંહ સિરસાએ કહ્યું હતું કે વડા પ્રધાન તેમની વિદેશ યાત્રાથી પાછા આવવાના છે અને એ પછી તરત જ પક્ષના નિરીક્ષકોની નિમણૂક કરાશે.

નવી સરકાર ૧૯-૨૦ ફેબ્રુઆરીથી કામ શરૂ કરશે, એવી માહિતી મુખ્ય પ્રધાનપદના દાવેદાર વિધાનસભ્ય રાજૌરી ગાર્ડને આપી હતી.

સિરસાએ કહ્યું હતું કે મારી અપેક્ષા છે કે ભાજપ વિધાનસભા પક્ષની બેઠક ૧૮ કે ૧૯ ફેબ્રુઆરીએ ભરાશે

તેમણે વધુમાં કહ્યું હતું કે મારું માનવું છે કે સોગંદવિધિ સમારોહ બાદ ૨૦ ફેબ્રુઆરી સુધી નવી સરકારની સ્થાપના થઈ જશે. (એજન્સી) ■

# મુંબઈ આતંકી હુમલાના દોષી તહવ્વૂર રાણાના પ્રત્યર્પણને ટ્રમ્પે પીએમ મોદીની હાજરીમાં આપી મંજૂરી

વોશિંગ્ટન ડીસીઃ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મુંબઈના ૨૬/૧૧ના આતંકી હુમલાના દોષી તહવ્વુર રાણાના ભારત પ્રત્યર્પણને મંજૂરી આપી છે. તેમણે કહ્યું, ન્યાયનો સામનો કરવો પડશે. ગત મહિને અમેરિકાની સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાના ભારત પ્રત્યર્પણને મંજૂરી આપી હતી. ભારતે અમેરિકાની એજન્સી સાથે વિગતો શેર કરી હતી. જે લોઅર કોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં રાખવામાં આવી હતી. ભારતના આ પુરાવાનો કોર્ટે સ્વીકાર કર્યો હતો. ભારત દ્વારા આપવામાં આવેલા પુરાવામાં ૨૬/૧૧ હુમલામાં તહવ્વુરના રોલનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

મુંબઈ પોલીસે ૨૬/૧૧ના આતંકી હુમલા સંબંધે ચાર્જશીટમાં તહવ્વુર રાણાનું નામ સામેલ કર્યું હતું. તેના પર પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈ તથા આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાના સક્રિય સભ્ય તરીકે કામ કરવાનો આરોપ હતો. ભારત તહવ્વુર રાણાના પ્રત્યર્પણની માંગ કરતું હતું. તે ૨૦૦૮માં મુંબઈ આતંકી હુમલામાં વોન્ટેડ હતો. તહવ્વુર રાણા અને ડેવિડ કોલમેન હેડલી ઉર્ફે દાઉદ સઈદ ગિલાની બાળપણના મિત્ર છે. હેડલી એક અમેરિકન નાગરિક છે. તેની માતા અમેરિકન અને પિતા પાકિસ્તાની હતા. અમેરિકન અધિકારીઓ દ્વારા ઓક્ટોબર ૨૦૦૯માં તેની શિકાગોથી ધરપકડ કરવામાં આવી હતી. હેડલીને અમેરિકન કોર્ટે ૨૪ જાન્યુઆરી, ૨૦૧૩ના મુંબઈ હુમલામાં સામેલ હોવા માટે દોષી માનીને ૩૫ વર્ષ જેલની સજા સંભળાવી હતી. તહવ્વુર રાણાએ પાકિસ્તાનની હસન અબ્દાલ કૈડેટ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો. હેડલીએ અમેરિકા શિફ્ટ થયો તે પહેલાં ત્યાં જ ૫ વર્ષ અભ્યાસ કર્યો હતો. પાકિસ્તાની સેનામાં એક ડૉક્ટર તરીકે તેમના કાર્યકાળ બાદ તહવ્વુર રાણા કેનેડા શિફ્ટ થઈ ગયો હતો અને થોડા વર્ષોમાં ત્યાંનો જ નાગરિક બની ગયો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકાએ

એક ઈસમના પ્રત્યાર્પણ માટે તૈયાર થયું છે. ટ્રમ્પ ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના કાવતરાબાજ તહવ્વુર રાણાની વાત કરી રહ્યા હતા.

રાણાને હાલમાં લોસ એન્જલસના ડિટેન્શન સેન્ટરમાં અટક કરીને રાખવામાં આવ્યો છે. તે આતંક્વલાદી હુમલાના મુખ્ય કાવતરાબાજ પાકિસ્તાની -અમેરિકન આતંકવાદી ડેવિડ કોલમેન હેડલી સાથે સંકળાયેલો હતો.

ટ્રમ્પે કહ્યું હતું કે તે કાયદાનો સામનો કરવા તત્કાળ ભારત જશે. નવી દિલ્હીએ અમને પ્રત્યાર્પણની થોડી વધુ વિનંતી કરી હોવાથી આવા બીજા પણ પ્રત્યાર્પણ થશે.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ભારત-અમેરિકા સિવિલ ન્યુક્લીયર એનર્જીના સહકારમાં મળેલા વેગની નોંધ લીધી હતી.

ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાના અણુ ઉદ્યોગ માટે સારી હિલચાલમાં ભારત અમેરિકાની અણુ ટેક્નોલોજીને આવકારવા કાયદામાં સુધારો કરી રહ્યું છે.

વડા પ્રધાન મોદીએ તેમની ટિપ્પણીમાં કહ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેનો સહકાર બહેતર વિશ્વને આકાર આપશે. આગામી દાયકા માટે સંરક્ષણ સહકારનું માળખું તૈયાર કરાશે.

મોદીએ કહ્યું હતું કે હું એક વસ્તુની સરાહના કરું છું અને પ્રમુખ ટ્રમ્પ પાસે શીખ્યો છું કે તેમને માટે તેમના રાષ્ટ્રીય હિત સર્વોપરી છે. હું પણ બીજી બાબતોને બાજુમાં રાખીને રાષ્ટ્રીય હિતને ટોચમાં રાખું છું. (એજન્સી) ■

### ભારત અને અમેરિકા

અમેરિકાના રાષ્ટ્રપતિ દ્વારા અમેરિકાના તમામ વેપાર ભાગીદારો પર જવાબી ટેરિફ લાદવાની નીતિની જાહેરાત કર્યાના થોડા કલાકો પછી થઈ હતી.

ટ્રમ્પ અને મોદીએ મુખ્ય ક્ષેત્રોમાં સંબંધોને વિસ્તૃત કરવા માટે '૨૧મી સદી માટે યુએસ-ભારત કોમ્પેક્ટ' (લશ્કરી ભાગીદારી, ઝડપી વાણિજ્ય અને ટેકનોલોજી માટે તકોનું સર્જન) નામની એક નવી પહેલ શરૂ કરી હતી. આ પહેલનો ઉદ્દેશ્ય સહકારના મુખ્ય સ્તંભોમાં પરિવર્તનશીલ ફેરફાર લાવવાનો છે.

ગયા વર્ષે ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર લગભગ ૧૩૦ બિલિયન ડૉલર હતો અને ભારતની વેપાર ખાધ હાલમાં ૪૫ બિલિયન ડૉલરની આસપાસ છે.

મોદીએ કહ્યું હતું કે, આજે અમે ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને બમણાથી વધુ વધારીને ૫૦૦ બિલિયન ડૉલર કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

અમારી ટીમો ટૂંક સમયમાં પરસ્પર ફાયદાકારક વેપાર કરાર પૂર્ણ કરવા માટે કામ કરશે. તેમણે કહ્યું હતું કે, અમે ભારતની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેલ અને ગેસ વેપારને મજબૂત બનાવીશું. ઊર્જા માળખાગત સુવિધાઓમાં પણ રોકાણ વધારવામાં આવશે. ■

### ભાજપના

બનાવવામાં નિષ્ફળ રહ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મણિપુરમાં ભાજપ સરકારનું નેતૃત્વ કરી રહેલા સિંહે લગભગ ૨૧ મહિનાની વંશીય હિંસા બાદ મુખ્ય પ્રધાનપદેથી રાજીનામું આપ્યું હતું. હિંસાની ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. મણિપુર વિધાનસભાનો કાર્યકાળ ૨૦૨૭ સુધીનો હતો. ભાજપના મણિપુર એકમના પ્રમુખ એ.શારદાએ પત્રકારોને જણાવ્યું હતું કે બંધારણીય પ્રક્રિયા મુજબ વિધાનસભાને સ્થગિત કરવામાં આવી છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ગૃહને હજુ સુધી ભંગ કરવામાં આવ્યું નથી.

આ ઘટના પર પ્રતિક્રિયા આપતા લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાદવું એ ભાજપ દ્વારા શાસન કરવામાં અસમર્થતાનો સ્વીકાર હતો. હવે વડા પ્રધાન મોદી મણિપુર માટે પોતાની સીધી જવાબદારીનો ઇનકાર કરી શકતા નથી.

દરમિયાન કૉંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે 'એક્સ' પરની પોતાની પોસ્ટમાં કહ્યું હતું.

આખરે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસ છેલ્લા ૨૦ મહિનાથી જે માગણી કરી રહી હતી તે જ થયું છે. મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું છે. જ્યારે ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી)ના મણિપુર એકમે કહ્યું કે રાષ્ટ્રપતિ શાસન તાત્કાલિક હટાવવું જોઈએ અને શક્ય તેટલી વહેલી તકે નવી ચૂંટણીઓ યોજવી જોઈએ. ■

### બલુચિસ્તાનમાં

ડિવાઈસ વડે સ્ફોટ કરવામાં આવ્યો હતો.

સુરક્ષા એજન્સીના જવાનો ઘટનાસ્થળે તત્કાળ પહોંચી ગયા હતા અને તેમણે ગુનેગારને પકડવા શોધ અભિયાન શરૂ કર્યું હતું. બલુચિસ્તાન સરકારના પ્રવક્તા શાહિદ રિન્દે આ બનાવ અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે તપાસ શરૂ કરવામાં આવી છે.

અત્યાર સુધી કોઈ જૂથે હુમલાની જવાબદારી લીધી નથી. જોકે આવા હુમલા માટે ભૂતકાળમાં પ્રતિબંધિત બલુચી લિબરેશન આર્મીને જવાબદાર ઠરાવવામાં આવ્યું હતું. (એજન્સી) ■

### ન્યુ ઈન્ડિયા કો–ઓપરેટિવ બેન્ક

બેંકના આ નિર્ણય બાદ બેંકની મુંબઈના અંધેરી પૂર્વમાં વિજય નગર મુલુંડની અને કાંદિવલી ખાતે આવેલી શાખાઓની બહાર ખાતાધારકોની મોટી ભીડ જોવા મળી રહી છે.

રિઝર્વ બેંકે જણાવ્યું છે કે આ પ્રતિબંધો ૧૩મી ફેબ્રુઆરી ૨૦૨૫થી શરૂ થઈને આગામી ૬ મહિના માટે અમલમાં રહેશે. મળતી માહિતી અનુસાર બેંક છેલ્લા બે વર્ષથી સતત ખોટ કરી રહી હતી. માર્ચ ૨૦૨૪ માં બેંકને ૨૨.૭૮ કરોડ રૂપિયાનું નુકસાન થયું હતું. માર્ચ ૨૦૨૩માં આ નુકસાન ૩૦.૭૫ કરોડ રૂપિયા હતું.

ગ્રાહકોના પૈસા સુરક્ષિત રહે અને બેંક પર વધુ નાણાકીય દબાણ ના આવે તે માટે રિઝર્વ બેન્કે આ પગલું ભર્યું છે અને સ્પષ્ટતા કરી છે કે બેંકનું લાઇસન્સ હજી સુધી રદ કરવામાં આવ્યું નથી. બેંકની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે, તેથી જે લોકોએ ન્યુ ઈન્ડિયા કો ઓપરેટિવ બેન્કમાં પૈસા જમા કરાવ્યા છે તેમને ગભરાવાની જરૂર નથી.

તેમને પાંચ લાખ રૂપિયા સુધીનું વીમા કવચ મળશે. આનો અર્થ એ થાય છે કે જો બેંક બંધ કરવી પડે એવો સમય આવે તો દરેક ગ્રાહકને વધુમાં વધુ પાંચ લાખ રૂપિયા પાછા મળશે, પરંતુ જો તમારા બેંક ખાતામાં આનાથી વધારે પૈસા હોય તો તમારે બેંકની નાણાકીય પરિસ્થિતિ સુધરવાની રાહ જોવી પડશે. બેંક હવે નવી લોન આપી શકશે નહીં અને જૂની લોન રિન્યુ પણ કરી શકશે નહીં. બેંક નવી એફડી ખોલી શકશે નહીં. બેંક કોઈ નવું રોકાણ કરી શકશે નહીં અને કોઈને પણ ઉધાર પૈસા આપી શકશે નહીં. બેંક પોતાની સંપત્તિ વેચીને નાણાં એકત્ર કરવાનો નિર્ણય નહીં લઇ શકે.હાલમાં રિઝર્વ બેન્કે આ પ્રતિબંધો છ મહિના માટે મૂક્યા છે, પરંતુ જો બેંકની પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો આ પ્રતિબંધો છ મહિનાથી વધુ પણ લંબાવવામાં આવી શકે છે. ■

### વડોદરામાં

મુસ્લિમ યુવકે મહિલા સાથે વારંવાર શરીર સંબંધ બાંધ્યા હતા. ત્યાર બાદ યુવક મુસ્લિમ હોવા છતાં મહિલા સાથે હિન્દુ વિધિ મુજબ લગ્ન કર્યાં હતાં. દરમિયાન ગત ૧૪ જાન્યુઆરીના રોજ મહિલાને મનોજ સોની હિન્દુ નહી, પણ મુસ્લિમ હોવાની જાણ થઈ હતી. ત્યારે યુવતીએ તેના મોહસીન પઠાણને કહેવા જતાં તેણે મહિલા સાથે ઝઘડો કર્યો હતો અને તેને તથા તેના પુત્રોને મુસ્લિમ ધર્મ અપનાવવા માટે દબાણ કરવા લાગ્યો હતો. જો તું આ વાતની કોઈને જાણી કરીશ તો તને તથા તારા પુત્રોને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. લગ્નજીવન દરમિયાન મોહસીન પઠાણે ખાનગી ફાઇનાન્સ કંપનીમાં મહિલા પાસે રૂા. ૯૦ હજારની લોન લેવડાવી હતી. આ ઉપરાંત તેના મિત્રને નામે મોપેડ લીધું હતું. જેના હપ્તા પણ યુવતી ભરી રહી છે. મોહસીન પઠાણે મહિલા પાસેથી રોકડ રૂપિયા એક લાખ લઈને પરત નહી આપી છેતરપિંડી આચરી છે. જેથી બે મહિલાએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસ દ્વારા આરોપીને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. ■

### ગુજરાતના

દિવસો બાદ આ ફેરફાર થયો છે. તેમાંથી ૩૩ હરિયાણા અને ગુજરાતના અને ૩૦ પંજાબના હતા.

પંજાબથી આવેલા મોટાભાગના પાછા આવેલા લોકોએ કહ્યું હતું કે તેઓ તેમના પરિવારો માટે વધુ સારા જીવન માટે યુ.એસ. સ્થળાંતર કરવા માગે છે. જો કે, તેઓના સપના ચકનાચૂર થઈ ગયા જ્યારે તેઓ યુએસ બોર્ડર પર પકડાયા અને બેડીઓમાં પાછા લાવવામાં આવ્યા.

અમેરિકી પ્રમુખ તરીકે ડોનલ્ડ ટ્રમ્પે સત્તા સંભાળ્યા બાદ દેશની કાયદા અમલીકરણ એજન્સીઓએ ગેરકાયદેસર ઇમિગ્રન્ટ્સ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે.

લાખો રૂપિયા ખર્ચીને અમેરિકામાં જોખમી અથવા અન્ય ગેરકાયદેસર માર્ગો દ્વારા અમેરિકામાં પ્રવેશેલા લોકો હવે દેશનિકાલનો સામનો કરી રહ્યા છે. ■

# કસાબને રાખેલો, હવે તહવ્વૂર રાણેને પણ આપણી જેલમાં રાખીશું: ફડણવીસ

મુંબઈ: મુંબઈ આતંકી હુમલાના માસ્ટર માઇન્ડ તહવ્વૂર રાણાના અમેરિકાથી પ્રત્યર્પણ અંગે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પીએમ નરેન્દ્ર મોદીનો આભાર માન્યો અને કહ્યું હતું કે, અજમલ કસાબને રાખ્યો હતો તેમ જ તહવ્વૂર રાણાને પણ જેલમાં રાખીને તેની સામે કામ ચલાવવા માટે રાજ્ય સરકારની પૂરી તૈયારી છે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ''આ ખૂબ જ સારા સમાચાર છે કે ૨૬/૧૧ ના આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને રાજ્યની મંજૂરી પછી યુનાઇટેડ સ્ટેટ્સમાંથી પ્રત્યર્પણ કરવામાં આવી રહ્યું છે. હું માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો આભાર માનું છું કે તેમણે અમેરિકન સરકારને આ મોટું પગલું ભરવા માટે પ્રયાસો કર્યા. અગાઉ, અમે તેનું કન્ફેશન ઓનલાઈન મેળવવાનો પ્રયાસ કર્યો હતો જેના કારણે હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના પુરાવા મળ્યા હતા. પરંતુ, તે સમયે, અમેરિકાએ સ્પષ્ટતા કરી હતી કે તેઓ તેને પ્રત્યાર્પણ કરશે નહીં કારણ કે તે તેમના રક્ષણ હેઠળ છે.''

''જોકે, તે ભારતનો ગુનેગાર છે અને તેને સજા મળવી જોઈએ. પીએમ મોદીના પ્રયાસોથી તે પરિપૂર્ણ થયું છે. હવે ૨૬/૧૧ ના જઘન્ય હુમલાને ન્યાય મળશે,'' ફડણવીસે કહ્યું. ■

# ચેક બાઉન્સ કેસ: રામ ગોપાલ વર્માને ત્રણ મહિનાની જેલ

મુંબઈ: ફિલ્મ નિર્માતા રામ ગોપાલ વર્માને લેણી નીકળતી રકમની ચુકવણી કરવાની ''પૂરતી તક'' આપવામાં આવી હતી અને પાસ ન થાય એમ હોવા છતાં ચેક આપવાની વૃત્તિ રોકવા માટે સજા કરવી જરૂરી હતી એમ ચેક બાઉન્સિંગ કેસમાં મુંબઈની એક અદાલતે તેમને ત્રણ મહિનાની જેલની સજા ફટકારતા જણાવ્યું હતું.

અંધેરી જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટક્લાસ) વાય.પી. પૂજારીએ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ હેઠળ રામગોપાલ વર્માને ૨૧ જાન્યુઆરીએ દોષી ઠેરવ્યા હતા. આદેશ શુક્રવારે ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો.

અદાલતે ફરિયાદીને ત્રણ મહિનામાં ૩ લાખ ૭૨ હજાર ૨૧૯ રૂપિયા ચૂકવવાનો આદેશ પણ આપ્યો હતો. વર્માએ સજાને સ્થગિત કરવા માટે સેશન્સ કોર્ટમાં અરજી કરી છે.

૨૧ જાન્યુઆરીએ આદેશ આપવામાં આવ્યો ત્યારે વર્મા હાજર ન હતા. મેજિસ્ટ્રેટે કહ્યું હતું કે 'આરોપીની ગેરહાજરીમાં દોષિત ઠેરવવાનો ચુકાદો પસાર કરવો ગેરકાયદે નહીં કહેવાય કારણ કે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી)ની જોગ-વાઈઓ એની મંજૂરી આપે છે.'

સોગંદનામા મુજબ આરોપીએ ૨૦૧૮માં પહેલી જૂને ફરિયાદીને આપેલો ચેક પૂરતા બેલેન્સના અભાવે રિટર્ન થયો હતો. ત્યારબાદ આપવામાં આવેલો ચેક ખાતેદાર દ્વારા પેમેન્ટ અટકાવવાના કારણસર પાછો ફર્યો હતો. ફરિયાદી પાસે કાનૂની માર્ગ અપનાવ્યા સિવાય કોઈ વિકલ્પ બચ્યો ન હતો અને ૨૦૧૮માં વર્માની કંપની સામે ચેક બાઉન્સની ફરિયાદ નોંધવામાં આવી હતી એમ સોગંદનામામાં જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ટૂંક સમયમાં વંદે ભારત ટ્રેનો બાંદ્રા ટર્મિનસથી ઉપડશે

મુંબઈ : પશ્ચિમ રેલવે મુંબઈ સેન્ટ્રલ પરનો ભાર ઓછો કરવા અને બાંદ્રા ટર્મિનસની ક્ષમતા વધારવા બાંદ્રા ટર્મિનસને અપગ્રેડ કરી રહ્યું છે. અન્ય લાંબા-અંતરની ટ્રેનના કોચ ઉપરાંત, તેઓ વંદે ભારત રેક્સને હેન્ડલ કરી શકે તેવી નવી ટ્રેન મેઇટેનન્સ સુવિધા બનાવી રહ્યા છે. જૂન પહેલાં, બાંદ્રા ટર્મિનસ ખાતેની આગામી ત્રણ પિટ લાઇન્સ- રૂ. ૪૫ કરોડ રૂપિયાના ખર્ચે બાંધવામાં આવશે અને તબક્કાવાર સેવામાં મૂકવામાં આવશે. આના કારણે વંદે ભારત ટ્રેનો બાંદ્રા ટર્મિનસથી દોડશે.

હાલ વંદે ભારત ટ્રેનોનું સંચાલન ફક્ત મુંબઈ સેન્ટ્રલની થાય છે. હાલમાં બાંદ્રા ટર્મિનસ પર ૨૩ ટ્રેનો કાર્યરત છે, જેમાં ૧૮ ટ્રેનોની મુખ્ય જાળવણીનું કામ સ્થળ પર જ કરવામાં આવે છે. ત્રણ નવી પીટ લાઇન સેવામાં મુકાયા બાદ વધુ નવ ટ્રેનો ટર્મિનસનો ઉપયોગ કરી શકશે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે,જો ભવિષ્યમાં જરૂર જણાશે તો આ પીટ લાઈનોનો ઉપયોગ વંદે ભારત ટ્રેનના જાળવણી માટે પણ થઈ શકે છે . હાલમાં, મુંબઈ સેન્ટ્રલ પર જ અદ્યતન વંદે ભારત ટ્રેનોની જાળવણી માટેની સુવિધા છે. વેસ્ટર્ન રેલવે એ વેઇટલિસ્ટ ઓછું કરવા ૫૦ થી વધુ લાંબા-અંતરની ટ્રેનો શરૂ કરવાની યોજના ઘડી છે. જોગેશ્વરીમાં નવું ટર્મિનલ, બાંદ્રા ટર્મિનસ અને મુંબઈ સેન્ટ્રલ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નવીનીકરણ અને વસઈ ખાતે નવું નિર્માણ કરીને આ યોજના શક્ય બનશે. આગામી ત્રણથી ચાર વર્ષમાં, ભારતીય રેલ્વે કન્ફર્મ ટિકિટ માટે વેઇટલિસ્ટ ન હોવાના તેના મહત્વાકાંક્ષી ઉદ્દેશ્યને હાંસલ કરવા ઈચ્છે છે. મુંબઈ સેન્ટ્રલ ખાતે, એક નોંધપાત્ર યાર્ડ રિનોવેશન પણ શરૂ કરી રહ્યું છે જેથી હાલની ૧૮- અને ૨૦-કોચની ટ્રેનોને બદલે ૨૪-કોચની ટ્રેનોને ઉભી કરવા વિસ્તૃત પ્લેટફોર્મ બનશે. ટ્રેનદીઠ મુસાફરોની સંખ્યામાં વધારો કરીને, વધારાના કોચ ઉમેરીને વેઇટિંગ લિસ્ટ ઘટાડવામાં મદદરૂપ થશે.

જોગેશ્વરી ટર્મિનલ આ વર્ષના અંત સુધીમાં કાર્યરત થવાની ધારણા છે. નવા ટર્મિનલ પરથી ઓછામાં ઓછી ૧૨ વધારાની લાંબા-અંતરની ટ્રેનો શરૂ કરવા ઉપરાંત, બાંદ્રા ટર્મિનસ અને મુંબઈ સેન્ટ્રલની કેટલીક ટ્રેનો જોગેશ્વરી પર ખસેડવા માંગે છે. વસઈમાં એક નવું ટર્મિનલ વિકસાવવામાં આવી રહ્યું છે, જ્યાં બે પ્લેટફોર્મ પરથી ૧૨ લાંબા-અંતરની ટ્રેનો ચલાવી શકાશે. ■

### ટાટા ઈન્સ્ટિટ્યૂટમાં સર્જાયો ઈતિહાસ

# સૌપ્રથમવાર જૈનાચાર્યનું 'વૈશ્વિક ભેદભાવના મૂળ કારણો' વિષયક પ્રવચન યોજાયું





૧૩ ફેબ્રુઆરીના રોજ ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સ, મુંબઈમાં પહેલ વહેલીવાર એક જૈનાચાર્યનું પ્રવચન યોજાયું. ભગવાન મહાવીરના ૭૯માં વારસદાર, જૈનાચાર્ય શ્રીયુગભૂષણસુરીશ્વરજી મહારાજ (પંડિત મ.સા.)નું 'વર્તમાન વર્લ્ડ ઓર્ડરમાં ભેદભાવના મૂળ કારણો' વિષયક માર્મિક પ્રવચન થયું હતું જેમાં અનેક બુદ્ધિજીવી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જૈનાચાર્યશ્રીએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, વર્તમાનમાં દરેક ક્ષેત્રોમાં જે ભેદભાવપૂર્ણ નીતિઓનું પ્રદૂષણ ફેલાઈ ચૂક્યું છે, તેના મૂળિયા બીજા વિશ્વયુદ્ધ પછી પશ્ચિમી દેશો દ્વારા સ્થાપિત કરાયેલી વિશ્વ વ્યવસ્થામાં છે. તેમણે વ્હાઈટ સુપ્રીમેસી (ગોરાઓની સર્વોપરિતા) સ્થાપિત કરવા માટે પ્લાનિંગપૂર્વક કૃત્રિમ ગરીબી અને પછાતપણું અશ્વેત પ્રજામાં ફેલાવ્યું છે. જેને કારણે ગરીબ અને પછાત દેશો સાથે વધુમાં વધુ ભેદભાવ કરી શકાય અને તે પ્રજાનું અમાપ શોષણ થઈ શકે.

તેમણે વધુમાં ઉમેરતા જણાવ્યું હતું કે ૧લી માર્ચને યુનોએ 'ઝીરો ડિસ્ક્રિમિનેશન ડે' તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. પરંતુ યુનો - યુનેસ્કો વગેરે જેટલી પણ મલ્ટિલેટરલ સંસ્થાઓ છે, તેમાં ભેદભાવ અને પક્ષપાતનો કોઈ પાર જ નથી. ઊલટું, તે બધા ભેદભાવોને ઢાંકી દેવા માટે તુચ્છ ભેદભાવોને આગળ કરવામાં આવે છે. જેથી મૂળ ભેદભાવો સુધી લોકોની નજર ન પહોંચે. જૈનાચાર્યશ્રીએ આ વિષયમાં ઘણા દાખલા દલીલો સાથે લગભગ પોણા બે કલાક સુધી વિશદ્ છણાવટ કરી હતી. તેમણે આ સમસ્યાના સમાધાન તરફ દિશાનિર્દેશ કરતા જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી આવા કાતિલ ભેદભાવો અંગેની જાગૃતિ ફેલાવે, તો ભવિષ્યમાં ઘણા સુંદર પરિણામો આવી શકે છે.

આ પ્રસંગે નિરંજન હિરાનંદાની (MD, હિરાનંદાની ગ્રૂપ), દિલીપ દેરાઈ (એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, રિલાયન્સ ગ્રૂપ), ડૉ. ભાસ્કર શાહ (પ્રસિદ્ધ કાર્ડિયોલોજિસ્ટ), ધવલ શાહ અને હાર્દિક દેઢિયા (કો-ફાઉન્ડર, ફાર્મઈઝી) વગેરે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા તથા ગચ્છાધિપતિ જૈનાચાર્યશ્રીની ઊંડી દૃષ્ટિની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

આયોજક સંસ્થા ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સે પણ ખૂબ સુંદર સહકાર આપ્યો હતો.

ટાટા ઈન્સ્ટિટ્યૂટ ખાતે જૈનાચાર્યશ્રીનું લાંબું વિઝન દર્શાવતું એક exhibition યોજાયું હતું. જેમાં વૈશ્વિક સમસ્યાઓના નિરાકરણ માટે માર્મિક માર્ગદર્શન અપાયું હતું.

જૈનાચાર્યશ્રીના માર્ગદર્શનથી ચાલી રહેલ જ્યોત સંસ્થા દ્વારા 'વસુધૈવ કુટુંબકમ્ કી ઓર સંવાદ'નું આયોજન થાય છે. તેની અંતર્ગત આ સેમિનારનું આયોજન ટાટા ઈન્સ્ટિટ્યૂટમાં થયું હતું. મુંબઈ, અમદાવાદ અને મણીલક્ષ્મી જૈન તીર્થ ખાતે ઉપરોક્ત સંવાદોનું આયોજન થઈ ચૂક્યું છે. દેશના કાયદાકીય નિષ્ણાતો, કોર્પોરેટ આગેવાનો, પૉલિસીના ઘડવૈયાઓ વગેરે બુદ્ધિજીવીઓને જૈનાચાર્યશ્રી સાથે સંવાદ કરવાનું પ્લેટફોર્મ 'વસુધૈવ કુટુંબકમ્ કી ઓર સંવાદ'માં પૂરું પડાય છે. ન્યાયી વિશ્વ વ્યવસ્થા પ્રસ્થાપિત કરવાના ઉપાયોની વિચારણા કરવાના લક્ષ્યથી આ સંવાદોનું આયોજન થાય છે.

# કૃષિ પ્રધાન કોકાટેનો બફાટ, ખેડૂતોને ભિખારી કહ્યા

મુંબઈ:એક રૂપિયો એવી વસ્તુ છે જેને ભિખારીઓ પણ સ્વીકારતા નથી, પરંતુ સરકાર એ રકમ માટે પાક વીમો આપી રહી છે, જેનો કેટલાક લોકો દુરુપયોગ કરી રહ્યા છે, એવું મહારાષ્ટ્રના કૃષિપ્રધાન માણિકરાવર કોકાટેએ શુક્રવારે જણાવ્યું હતું. કોકાટેએ ખેડૂત-ભિખારી જેવા જોડાણ માટે તેમની ટીકા કરી હતી.

સરકારે ૧ રૂપિયાના પાક વીમા યોજના બંધ કરીને ૧૦૦ રૂપિયા કરી છે કે કેમ એવું પૂછવામાં આવતાં કોકાટેએ કહ્યું હતું કે તેને બંધ કરવાની કોઇ યોજના નથી, પણ તેમણે એવું પણ ઉમેર્યું હતું કે સરકારી અનિયમિતતાઓને રોકવા માટે કોઇ નિર્ણય લેવો પડશે.

ખેડૂતો કરતાં આ યોજના વીમા કંપનીઓ માટે વધુ ફાયદાકારક છે કે કેમ એવું પૂછવામાં આવતાં કોકાટેએ કહ્યું હતું કે ભિખારી પણ ૧ રૂપિયાની ભિક્ષા લેતા નથી, પરંતુ અમે અહીં ૧ રૂપિયાનો પાક વીમો આપી રહ્યા છીએ. તેમ છતાં એવા લોકો પણ છે કે તેનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ખેડૂતોનું અપમાન કરવા બદલ કોંગ્રેસના પ્રવક્તા અતુલ લોંધેએ કહ્યું હતું કે કોકાટેએ રાજીનામું આપી દેવું જોઇએ. દરમિયાન કોકાટેએ એવો દાવો કર્યો હતો કે મારા નિવેદનનું ખોટી રીતે અર્થઘટન કરાયું છે. ■

### મહાકુંભ વિશે બોલતા સંજય રાઉતના વિધાનસભ્ય ભાઈ સુનિલની જીભ લપસી

# બીજાના પાપ મને ચોંટી જશે એ ડરથી મેં ડૂબકી ન લગાવી

મુંબઈ: પ્રયાગરાજમાં ચાલી રહેલા ઐતિહાસિક મહાકુંભ ઉત્સવની વિશ્વભરમાં સરાહના થઇ રહી છે. પણ આ પ્રસંગે પણ વિપક્ષો સત્તાધારી ભાજપને ઘેરવાના પ્રયાસો સતત કર્યા કરે છે. આમ કરવામાં વિપક્ષી નેતાઓ સનાતન વિરોધી બફાટ કરવામાં પણ ક્ષોભ અનુભવતા નથી. તેનું તાજું ઉદાહરણ મહારાષ્ટ્રમાં ઉદ્ધવ જૂથના વિધાનસભ્ય અને બહુ બોલકા સંજય રાઉતના ભાઈ સુનિલ રાઉત છે.

સુનિલ રાઉતે મુંબઈના તેમના મતવિસ્તાર વિક્રોલીમાં ગઈકાલે મિસળ પાવ ફૂડ ફેસ્ટિવલમાં વિવાદાસ્પદ નિવેદન કર્યું હતું. તેમણે કહ્યું, કે તેઓ સવારે જ પ્રયાગરાજથી મુંબઈ પરત આવ્યા છે. તેઓ આગળ બોલ્યા કે પ્રયાગરાજમાં બે દિવસ કુંભની મજા માણી હતી. જોતા હતા કે કોણ આટલા બધા પાપો ધોઈ રહ્યું છે. લોકોને તેમના પાપો ધોતા જોઈને, તેમના પાપો મારા શરીર પર ચોંટી ન જાય એ વિચારીને મેં ડૂબકી ન લીધી.

તેમનું વિધાન આવતા જ વિવાદના મંડાણ થઇ ગયા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, પીએમ મોદી, મુકેશ અંબાણી સહિત દેશની અનેક નામી રાજનૈતિક, ફિલ્મી, અને સામાજિક હસ્તીઓએ મહાકુંભમાં ભાગ લીધો છે. વિપક્ષ ઇન્ડી ગઠબંધનના કેટલાય નેતાઓએ પણ ડુબકી લગાવી છે. તેમના આ વિધાન પછી રાજકારણ ગરમાયુ છે. સૌથી પહેલી પ્રતિક્રિયામાં, એકનાથ શિંદેની શિવસેનાએ ઉદ્ધવ જૂથના ધારાસભ્ય સુનીલ રાઉતના નિવેદન પર પ્રહારો કર્યા છે. પાર્ટીના પ્રવક્તા અને ધારાસભ્ય મનીષા કાયંદેએ કહ્યું, અમે ઉદ્ધવ ઠાકરે પાસેથી શું અપેક્ષા રાખી શકીએ જેમની શિવસેના કોંગ્રેસી થઈ ગઈ છે. જો બાળાસાહેબ ઠાકરે હોત તો સુનીલ રાઉતને જૂતાથી માર્યા હોત. ■

# ૧૦૦ રૂપિયાના સિક્કા પર જોવા મળશે મોહમ્મદ રફીની તસવીર

મુંબઈ: હિન્દી ફિલ્મોના મહાન ગાયક સ્વર્ગસ્થ મોહમ્મદ રફીની જન્મ શતાબ્દી ચાલી રહી છે. તેમનું સન્માન કરવા ભારત સરકારે ૧૦૦ રૂપિયાના મૂલ્યનો સ્મારક સિક્કો બહાર પાડવાનો નિર્ણય લીધો છે. ભારત સરકારની જાહેરાત મુજબ, સિક્કાનો આકાર આકાર ગોળાકાર હશે અને તેનો વ્યાસ ૪૪ મિલિમીટર હશે. તેમાં ૨૦૦ દાંતા હશે.

આ સિક્કો મિશ્રધાતુનો બનેલો હશે, જેમાં ચાંદી (૫૦ ટકા), તાંબુ (૪૦ ટકા), નિકલ (૦૫ ટકા) અને ઝિંક (૦૫ ટકા)નો સમાવેશ થશે. સ્મારક સિક્કા લિગલ ટેન્ડર ગણાય છે, પરંતુ આ સિક્કા જનરલ સર્ક્યુલેશન માટે બહાર પાડવામાં આવતા નથી. તેને ચોક્કસ એજન્સીઓ પાસેથી જ મેળવી શકાય છે.

સિક્કાના આગળના ભાગમાં મધ્યમાં અશોક સ્તંભના સિંહની મુદ્રા હશે, નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે, ડાબી બાજુ દેવનાગરી લિપિમાં ભારત' શબ્દ અને જમણી બાજુ અંગ્રેજીમાં 'INDIA' શબ્દ લખેલો હશે. સિંહના પ્રતીક નીચે '₹' અને મૂલ્ય '૧૦૦' લખેલું હશે.

સિક્કાના પાછળના ભાગ પર મધ્યમાં મોહમ્મદ રફીનું ચિત્ર હશે. ઉપરના પરિઘ પર દેવનાગરી લિપિમાં ''મોહમ્મદ રફી કી જન્મ શતાબ્દી'' લખેલું હશે અને સિક્કાના નીચેના પરિઘ પર અંગ્રેજીમાં ''બર્થ સેન્ટેનરી ઓફ મોહમ્મદ રફી'' લખેલું હશે. મોહમ્મદ રફીની છબી નીચે આંતરરાષ્ટ્રીય અંકમાં વર્ષ ''૧૯૨૪-૨૦૨૪'' લખેલું હશે. ■

# ગાય છીનવી જવાનો પ્રયાસ નિષ્ફળ બનાવનારા ખેડૂત પર ટોળાનો હુમલો

*થાણે:* થાણે જિલ્લામાં ગાય છીનવી જવાનો પ્રયાસ નિષ્ફળ બનાવનારા ખેડૂત પર ટોળાએ હુમલો કરીને રોકડ લૂંટી લીધી હોવાનું પોલીસે જણાવ્યું હતું. ભિવંડી વિસ્તારમાં બુધવારે રાતે આ ઘટના બની હતી. ચાર શખસ બુધવારે રાતે ફરિયાદીના ડેરી ફાર્મ ખાતે આવ્યા હતા અને તેમણે ગાય છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. ફરિયાદીએ બૂમાબૂમ કરીને તેમનો સામનો કરતાં બે જણ ત્યાંથી ફરાર થઇ ગયા હતા. જોકે બાકીના બે જણ અનિસ અબુબકર મોમીન ઉર્ફે અનિસ કાટોરા અને આમિર અબુબકર મોમીને ફરિયાદી પર હુમલો કર્યો હતો અને તેની રોકડ તથા ઘડિયાળ લૂંટી લીધી હતી. ■

# મહાયુતિનું રિક્ષા અને મીટર ટેક્સીચાલકોને બોનસ

મુંબઈ: મહારાષ્ટ્રના રિક્ષા અને મીટર ટેક્સીચાલકો માટે સરકાર આનંદના સમાચાર લાવી છે. ગુરુવારે રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકની અધ્યક્ષતામાં ધર્મવીર આનંદ દીઘે મહારાષ્ટ્ર ઓટો રિક્ષા અને મીટર ટેક્સી ડ્રાઈવર કલ્યાણ બોર્ડની બેઠક યોજાઈ હતી, જેમાં ૬૫ વર્ષથી વધુ વય ધરાવતા ડ્રાઈવરોને ૧૦ હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવશે. અહેવાલ અનુસાર રાજ્યના ૧૪૩૮૭ ડ્રાઈવરોને આનો લાભ મળશે. જોકે એક તરફ નાણા ખાતું ભંડોળ ઓછું કરવાની વાત કરી રહ્યું છે, જ્યારે સરકાર છુટ્ટા હાથે લ્હાણી કરી રહી છે. આ સબસિડીનો લાભ એવા ડ્રાઈવરોને મળશે જેઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ કલ્યાણ બોર્ડના સભ્ય છે. મહારાષ્ટ્રમાં અંદાજે ૯થી ૧૦ લાખ ઓટો અને મીટર ટેક્સીચાલકો છે. આમાંના ઘણા ડ્રાઈવરો અસંગઠિત છે અને કોઇ પણ ઔપચારિક સામાજિક સુરક્ષા લાભોથી વંચિત છે. રાજ્ય સરકારે ડ્રાઈવરોને મદદ કરવા માટે કલ્યાણ બોર્ડને ૫૦ કરોડ રૂપિયાની ઓફર પણ કરી છે. રિક્ષા અને ટેક્સીના મીટર રિકેલિબ્રેશનનો મુદ્દો ઉકેલાયો નથી ત્યારે પરિવહન પ્રધાને નિવૃત્તિ સન્માન યોજના હેઠળ ૬૫થી વધુ વય ધરાવતા સભ્ય ડ્રાઈવરોને ૧૦૦૦૦ની સબસિડી મળશે, એવી જાહેરાત કરી છે. આ ઉપરાંત સારું કામ કરનારા રિક્ષા અને ટેક્સી ડ્રાઈવરો અને ટેક્સી ડ્રાઈવર એસોસિયેશન તેમ જ રિક્ષા સ્ટેન્ડને વાર્ષિક પુરસ્કારથી પણ સન્માનિત કરવાની યોજના હોવાનું સરનાઈકે જણાવ્યું હતું. ■

# બારીમાંથી બાથરૂમમાં ડોકિયાં કરનારો પકડાયો

મુંબઈ: જાહેર શૌચાલયમાં નાહવા ગયેલી મહિલાને બારીમાંથી જોનારા યુવકને પોલીસે પકડી પાડ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના કલ્યાણમાં બની હતી. પકડાયેલા આરોપીની ઓળખ કરીબુલ સાબીદ શેખ (૨૭) તરીકે થઈ હતી. બુધવારે મહિલા નાહવા ગઈ ત્યારે આરોપી બારીમાંથી ડોકિયાં કરતો હતો. શેખ પર નજર પડતાં મહિલાએ બૂમાબૂમ કરી મૂકી હતી. આ પ્રકરણે પોલીસનો સંપર્ક સાધવામાં આવતાં શેખ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૭૭ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# જન્મદિનની ઉજવણી રસ્તા પર કરવા બદલ વિવાદ: ગોળીબારમાં એકનું મોત

પુણે: જન્મદિનની ઉજવણી રસ્તા પર કરવાને મામલે થયેલા વિવાદમાં ગોળીબાર કરવામાં આવ્યો હોવાની પુણેમાં બનેલી ઘટનામાં એકનું મોત નીપજ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની રાતે પુણે પાસેના પિંપરી ચિંચવડમાં દેહુ રોડ ખાતે બની હતી. ફરિયાદી નંદકિશોર યાદવના ભત્રીજાનો જન્મદિન રસ્તાને કિનારે ઊજવવામાં આવી રહ્યો હતો. કહેવાય છે કે બે બાઈક પર ત્રણથી ચાર યુવાન ગલીમાંથી આવ્યા હતા. જાહેર સ્થળે જન્મદિનની ઉજવણી કરવા બદલ આરોપીઓએ વાંધો ઉઠાવ્યો હતો.

દેહુ રોડ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદી યાદવે આરોપીઓને ત્યાંથી રવાના થવાનું કહ્યું હતું, જેને પગલે વિવાદ થયો હતો. વાત ઝપાઝપી સુધી પહોંચતાં એક આરોપીએ યાદવના ચહેરા પર ખુરશી મારી હતી. યાદવનો મિત્ર વિક્રમ ગુરુસ્વામી રેડ્ડીએ મારામારીમાં મધ્યસ્થી કરતાં એક આરોપીએ ગોળીબાર કર્યો હતો, જેમાં રેડ્ડી ગંભીર રીતે ઘવાયો હતો. જખમી રેડ્ડીને નજીકની હૉસ્પિટલમાં લઈ જવામાં આવતાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. સીસીટીવી ફૂટેજને આધારે આરોપીઓની ઓળખ થઈ હતી. પોલીસ આરોપીઓની શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ) ■




મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## ધીરગુરુદેવના સાંનિધ્યે દીક્ષાર્થીનું અભિવાદનઃ ૫૪૪ આયંબિલ આરાધના




ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી ધીરગુરુદેવની ૪૪મી દીક્ષા જયંતી પ્રસંગે આયંબિલ આરાધકોએ ૫૪૪ આયંબિલ કરી તપધર્મની મહત્તા વધારી હતી. આ પ્રસંગે ગુરુદેવે જણાવેલ કે- ગોલ્ડન ટચ, ગોલ્ડન ટ્રીપ અને ગોલ્ડન ટુલના સૂત્રને અપનાવી સંયમ સૌરભથી જીવન સજાવતા રહો. સુશ્રી મીનળબેન શાહે કહેલ કે- વેલેન્ટાઈન્સ દિવસે પ્રેમને પરિવાર, પૈસા, પદ વગેરેમાં વહેંચતા વધે તેટલો નહિ પણ સૌથી વધુ પ્રેમ પ્રભુ સાથે કરતા રહેશો તો જીવન પ્રેમમય બની જશે. પાળિયાદમાં દીક્ષા અંગીકાર કરનાર વૈરાગી દર્શનકુમાર માલવણીયાનું અભિવાદન દેશ-વિદેશના સંઘ પ્રતિનિધિઓએ કરેલ. બે માર્ચના દીક્ષા પ્રસંગે પધારવા દીક્ષાર્થીએ સહુને અનુરોધ કરેલ. તા. ૧૫ ને શનિવારે સવારે ૯-૩૦ કલાકે હેમુ ગઢવી હોલમાં સંયમ અભિવંદના સમારોહ યોજાશે. સામાયિક-પ્રતિક્રમણ સૂત્ર (અંગ્રેજી) અને આચારોગ સૂત્ર (મૂળ પાઠ) પુસ્તકની અર્પણવિધિ રાખેલ છે. તા. ૧૬ ને રવિવારે જૈન બોર્ડિંગ અને મહાવીર ભવનનો ઉદ્‌ઘાટન ઉત્સવ યોજાશે.

### મફત નેત્ર ચિકિત્સા શિબિર

સાવન કૃપાલ રૂહાની મિશન ગોરેગાંવ સેન્ટર દ્વારા નિઃશુલ્ક નેત્ર ચિકિત્સા, મફત ચશ્માં અને મફત મોતિયોબિંદુના ઓપરેશનનું આયોજન ૧૬મી ફેબ્રુઆરીએ કરવામાં આવ્યું છે. રાઇટ સાઇટ આઇ ક્લિનિકના ડૉક્ટર બીજલ મહેતાના સહયોગથી સવારે દસ કલાકથી બપોરે અઢી કલાક સુધી લોકો એનો લાભ લઈ શકશે. આ શિબિરમાં ભાગ લેવા માટેનું સ્થળઃ સંત રાજેન્દ્રસિંહજી સત્સંગ અને મેડિટેશન સેન્ટર, ત્રીજે માળે, વૉશિંગ્ટન પ્લાઝા, ટોપીવાલા લેન, ગોરેગાંવ રેલવે સ્ટેશનની નજીક, ગોરેગાંવ (૫).

# સકપાળની મહારાષ્ટ્ર કૉંગ્રેસના વડાપદે નિયુક્તિ છતાં કાર્યકરોમાં ન ખુશી, ન ગમનો માહોલ

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસના નવનિયુક્ત પ્રમુખ હર્ષવર્ધન સકપાળ એ વિદર્ભના હોય તો પણ તેઓ નાંદેડના જમાઈ છે. આથી તેમની નિમણૂકથી જિલ્લા કોંગ્રેસમાં ન આનંદ કે ન દુઃખ એવું ચિત્ર ઊપસ્યું છે. જોકે ભૂતપૂર્વ રાજ્યપ્રધાન ડી.પી. સાવંતે સકપાલના સક્રિય કાર્યકર બદલ પ્રશંસા કરી હતી. ૨૦૧૪થી ૨૦૧૯માં બુલઢાણામાં કોંગ્રેસના વિધાનસભ્ય રહેલા સકપાલને ઉપરોક્ત પદ માટે નિયુકત કરવામાં આવ્યા પછી તેમની પ્રવૃત્તિઓ અંગેની માહિતી મીડિયામાં પ્રકાશમાં આવવા લાગી હતી. જોકે બાદમાં એવી જાણ થઇ હતી કે તેમનું સાસરિયું નાંદેડમાં છે. તેમણે પણ સ્પષ્ટતા કરી હતી કે તેમનાં પત્નીનું ગામ દેગલુર તાલુકામાં હતુ.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અશોક ચવાણના કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા પછી નાંદેડમાં ઘણા કાર્યકરો કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ નાના પટોલેની નજીક આવી ગયા હતા. આમાં મુખ્યત્વે રાજેશ પાવાડે, કેદાર પાટીલ અને બાલાજી ચવાણનો સમાવેશ થતો હતો. કહેવાય છે કે સકપાળની નિયુક્તિથી નારાજગી પ્રસરી છે, પણ વિવિધ સંગઠનાત્મક જવાબદારી સંભાળતા શ્યામ દરેકરે સકપાળને અભિનંદન આપ્યાં હતાં.

# જેએનયુ કરતા વધુ ડાબેરીઓ સાવિત્રીબાઇ ફૂલે પુણે યુનિવર્સિટીમાં

પુણેઃ સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી, નવી દિલ્હી સ્થિત જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) કરતાં વધુ ''ડાબેરી'' છે, જોકે તે હંમેશા દેખાતી નથી, એમ જેએનયુના વાઇસ-ચાન્સેલર ડો. શાંતિશ્રી પંડિતે અભિપ્રાય આપ્યો.

અગાઉ સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી (એસપીપીયુ) માં ભણાવતા પંડિતે, કહ્યું કે જેએનયુમાં કામ કરવું સરળ નહોતું, તેના માટે હિંમતની જરૂર હતી અને પુણે યુનિવર્સિટીમાં તેમના કાર્યકાળથી તેમને વર્તમાન ભૂમિકામાં તેમની ફરજો અસરકારક રીતે નિભાવવામાં મદદ મળી, જ્યાં તેમને કેન્દ્ર દ્વારા ત્રણ વર્ષ કરતાં વધુ સમય પહેલા નિયુક્ત કરવામાં આવ્યા હતા.

જ્યારે લોકોએ તેમને પૂછ્યું કે ડાબેરીઓનો ગઢ ગણાતી જેએનયુ જેવી શૈક્ષણિક સંસ્થાને આટલી કુશળતાથી કેવી રીતે ચલાવે છે, ત્યારે તેમણે એસપીપીયુ ખાતેના તેમના કાર્યકાળ અને ''તાલીમ'' તરફ ઈશારો કર્યો હતો. ૨૦૨૨ માં જેએનયુના વાઇસ-ચાન્સેલર તરીકેની ભૂમિકા સંભાળતા પહેલા, પંડિત સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટીમાં રાજકારણ અને જાહેર વહીવટ વિભાગમાં પોલિટિકલ સાયન્સના પ્રોફેસર હતા. તેઓ જેએનયુના વાઇસ-ચાન્સેલર તરીકે સેવા આપનારા પ્રથમ મહિલા છે.

# એનસીપીના ભૂતપૂર્વ વિધાનસભ્ય તુકારામ બિડકરનું અકસ્માતમાં મોત

મહારાષ્ટ્રના અકોલા શહેરમાં એક પિકઅપ વાહને ટૂ-વ્હીલરને ટક્કર મારતા મોટર સાયકલ પર સવાર એનસીપીના પૂર્વ ધારાસભ્ય પ્રો. તુકારામ બિડકર અને બાઇક ચાલક રાજદત્ત માનકરનું મૃત્યુ થયું છે.અકસ્માત બાદ પૂર્વ ધારાસભ્યને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત ઘોષિત કર્યા હતા.

ગુરુવારે બપોરે બંને શિવની એરપોર્ટ પર મહારાષ્ટ્ર બીજેપી પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેને મળ્યા બાદ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે અકોલાના શિવની વિસ્તારમાં આ અકસ્માત થયો હતો. પોલીસે પિકઅપ વાહનના ચાલક મોહમ્મદ સાહિલ અબ્દુલ શાહિદ (૨૫)ની ધરપકડ કરી છે અને આગળની કાર્યવાહી કરી રહી છે.

તુકારામ બિડકર ૨૦૦૪ થી ૨૦૦૯ સુધી અવિભાજિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (ગઈઙ) ના ધારાસભ્ય હતા. તેમણે અકોલા જિલ્લાના મૂર્તિજાપુર વિધાનસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું હતું. બિડકરે વિદર્ભ વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી છે. બિડકર સંત ગાડગે મહારાજના જીવન પર આધારિત 'દેબુ' નામની મરાઠી ફિલ્મના નિર્માતા પણ હતા. એનસીપીના વડા અજિત પવારે એક્સ પર પોસ્ટ દ્વારા તુકારામ બિડકરના નિધન પર શોક વ્યક્ત કરતા લખ્યું કે, વિદર્ભ લેજિસ્લેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશનના ભૂતપૂર્વ પ્રમુખ અને મૂર્તિજાપુર વિધાનસભા ક્ષેત્રના ભૂતપૂર્વ ધારાસભ્ય તુકારામ બિડકરના આકસ્મિક અવસાનના સમાચાર સાંભળીને મને આઘાત લાગ્યો છે.

# મહારાષ્ટ્રમાં જીબીએસના વધુ બે કેસ નોંધાયા

પુણેઃ મહારાષ્ટ્રમાં ગીઆન-બેરે સિન્ડ્રોમ (જીબીએસ) ના શંકાસ્પદ અને પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૨૦૫ પર પહોંચી ગઈ છે, એમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. પુષ્ટિ થયેલા કેસોની સંખ્યા ૧૭૭ છે, જેમાંથી ૨૦ દર્દીઓ વેન્ટિલેટર સપોર્ટ પર છે અને મૃત્યુઆંક આઠ પર યથાવત રહ્યો છે. રાજ્યમાં મોટાભાગના કેસ પુણેથી નોંધાયા છે. મુંબઈની એક હોસ્પિટલમાં ૫૩ વર્ષીય વ્યક્તિનું જીબીએસથી મૃત્યુ થયું હતું, જે શહેરમાં ચેતા વિકારને કારણે થયેલું પ્રથમ મૃત્યુ છે, એમ અધિકારીઓએ અગાઉ જણાવ્યું હતું.

# થાણેનો કચરામાંથી ખાતર પ્રોજેક્ટ મહારાષ્ટ્રનો સૌથી મોટો પ્રોજેક્ટ બનશેઃ સરનાઇક

થાણેઃ થાણેનો કચરામાંથી ખાતર પ્રોજેક્ટ રાજ્યમાં આ પ્રકારનો સૌથી મોટો પ્રોજેક્ટ બનશે, એવો દાવો મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે કર્યો હતો. થાણેના ઓવલા-માજીવાડા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા સરનાઈકે જણાવ્યું હતું કે ગાયમુખ વિસ્તારમાં ત્રણ એકરથી વધુ જગ્યામાં આવેલો આ પ્લાન્ટ દરરોજ ૩૦૦ થી ૪૦૦ ટન ભીના કચરાનું વૈજ્ઞાનિક રીતે પ્રક્રિયા કરશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ૧૫૦ કરોડ રૂપિયાના આ પ્લાન્ટને વન વિભાગ તરફથી પરવાનગી મળી ગઈ છે કારણ કે આ સ્થળ સંજય ગાંધી નેશનલ પાર્ક અને તુંગારેશ્વર વનની નજીક છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### વિચારપૂર્વક કાર્યવાહી

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આરબીઆઈના નિર્ણયનું સમર્થન કર્યું છે.

એક પત્રકારના સવાલના જવાબમાં ફડણવીસે કહ્યું હતું કે 'કોઈ બેંકની સંપત્તિ ઘટે છે ત્યારે આરબીઆઈ પણ આવી જ કાર્યવાહી કરતી હોય છે. નિયંત્રણો મૂકી ઘટતી સંપત્તિ રોકવાનો પ્રયાસ કરે છે. મારી પાસે જે પ્રાથમિક માહિતી છે એના આધારે હું એટલું જરૂર કહી શકું કે વિચારપૂર્વક જ કાર્યવાહી કરવામાં આવી હશે.'

### મૃતકની મિલકત પર

કોર્ટે જણાવ્યું હતું કે નોમિની બેંક ખાતાધારકના મૃત્યુ બાદ ખાતામાંથી રકમ ઉપાડી શકે છે, પણ તે રકમનો માલિક ના બની શકે. આ રકમ પર કાનૂની રીતે વારસદારોનો જ હક ગણાય. આ રકમની વારસા મુજબ જ વહેંચણી કરવામાં આવે.

હકીકતમાં શૈલના મૃત્યુ બાદ શ્રીરામ અને સંતોષે ઉચ્ચ સિવિલ કોર્ટમાં અરજી કરી હતી અને શૈલના બેંક ખાતામાં રહેલા પૈસા શ્રીરામ, સંતોષ અને લક્ષ્મીકાંતને વહેંચવાની માગણી કરવામાં આવી હતી. જોકે, કોર્ટે આ ત્રણેને વારસામાંથી માત્ર ૬૦,૯૯૩ રૂપિયાનો જ હિસ્સો આપ્યો હતો. આની સામે શ્રીરામ અને સંતોષે જિલ્લા કોર્ટમાં અપીલ કરી હતી. જિલ્લા કોર્ટે સંપત્તિની રકમ ત્રણે ભાઇબહેનને સરખે ભાગે વહેચવાનો આદેશ આપ્યો હતો, જે મુજબ દરેક જણને ૧૫,૧૨,૧૫૬ રૂપિયા મળ્યા હતા.

### ખાતાધારકોની વ્યથા

ડિપોઝિટ (એફડી) રિટર્ન કરવા માટે કહ્યું હતું. છ મહિના અગાઉ પણ મેં આ અંગે પૂછ્યું હતું, પણ 'કાંઇ નહીં થશે,' એવું તે સમયે કહેવામાં આવ્યું હતું. અમે આટલી મહેનત કોની માટે કરી છે? બૅંક માટે થોડી કરી છે, એ તો સરકાર માટે કહી છે. સરકાર પાસે મારી માગણી છે કે મારા જેટલા પણ પૈસા અહીં છે તે મને પાછા જોઇએ.

### બેંકમાં હું એફડી કરાવવાની હતી

મહિલા ખાતાધારકે નામ ન આપવાની શરતે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે આ બેન્કમાં મારું ૩૫ વર્ષથી એકાઉન્ટ છે. આજે બેન્ક અંગે અમને જાણ થઇ એટલે અમે અહીં દોડી આવ્યા. જોકે બેન્ક તરફથી કોઇ હજી સુધી સ્પષ્ટતા કરવામાં આવી રહી ન હોવાથી અમે હવે કોની પાસે જઇએ. આ બેન્ક પર અમને ભરોસો હતો અને હું એફડી કરાવવાની હતી, પણ તે હવે ફડચામાં ગઇ હોવાથી હવે કોના પર ભરોસો રાખવો? ગરીબ માણસ બિચારો હવે ક્યાં જશે.

### બ્લેક ફ્રાઈડે

મતે ગ્રાહકો આ કૂપનનો ઉપયોગ તેમના લોકર્સને એક્સેસ કરવા માટે કરી શકે છે. ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક, મુંબઈને આરબીઆઈના નિર્દેશો અનુસાર ગુરુવારે તેનાં અંતિમ કામકાજ હાથ ધરવાનું કહેવામાં આવ્યું હતું. છ મહિનાના સમયગાળા માટે આ અમલમાં રહેશે અને સમીક્ષા હાથ ધરવામાં આવશે.

બેંકની હાલની તરલતા (લિક્વિડિટી)ની સ્થિતિને ધ્યાનમાં રાખીને બેંકને નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે સેવિંગ, કરન્ટ કે પછી અન્ય કોઇ પણ ખાતામાંથી પૈસા કાઢવાની મંજૂરી ન આપે. જોકે ધિરાણકર્તાને ઉપરોક્ત આરબીઆઈના નિર્દેશ અનુસાર દર્શાવવામાં આવેલી શરતોને આધીન થાપણો સામે લોન સેટ-ઓફ કરવાની મંજૂરી છે.

બેંક કર્મચારીઓના પગાર, ભાડું અને વીજળી બિલ જેવી કેટલીક આવશ્યક ચીજવસ્તુઓના સંદર્ભમાં ખર્ચ કરી શકે છે. આ નિર્દેશો બેંકમાં તાજેતરના મહત્ત્વપૂર્વકના વિકાસથી ઉદ્‌ભવતી દેખરેખની ચિંતાઓને કારણે બેંકના ડિપોઝિટરોનું હિતનું રક્ષણ કરવા માટે જરૂરી છે, એવું કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું. વધુમાં વેલિડ ડિપોઝિટરો ડિપોઝિટ ઈન્સ્યોનરન્સ અને ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન (ડીઆઈસીજીસી) તરફથી ડિપોઝિટ પર પાંચ લાખ રૂપિયા સુધીની ડિપોઝિટ વીમા દાવાની રકમ મેળવવા માટે હકદાર રહેશે.

### પોલીસ અલાહાબાદિયાના

અલાહાબાદિયાની ટિપ્પણીને કારણે થયેલા વિવાદની તપાસ કરી રહેલી ખાર પોલીસની ટીમ આસામ પોલીસ સાથે શુક્રવારે અલાહાબાદિયાના વર્સોવા ખાતેના ફ્લૅટ પર ગઈ હતી, પરંતુ ફ્લૅટ લૉક હોવાનું જાણવા મળ્યું હતું.

અલાહાબાદિયાને નિવેદન નોંધાવવા માટે ખાર પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ મીડિયાનો ડર હોવાનું કારણ બતાવી ગુરુવારે તે પૂછપરછ માટે આવ્યો નહોતો. પોલીસે તેને બીજી વાર સમન્સ આપી શુક્રવારે પોલીસ સમક્ષ હાજર થવાનું કહ્યું હતું. યુટ્યૂબરે ખાર પોલીસને તેના ઘરે નિવેદન નોંધવાની વિનંતી કરી હતી, પરંતુ પોલીસે તેની વિનંતી નકારી કાઢી હતી.

દરમિયાન આસામ પોલીસ પણ ગુવાહાટીમાં નોંધાયેલા કેસ સંબંધી અલાહાબાદિયાની પૂછપરછ કરવા માગે છે.

અલાહાબાદિયા વર્સોવાના ફ્લૅટમાં ન મળતાં આસામ પોલીસની ટીમ પણ પાછી ખાર પોલીસ સ્ટેશનમાં આવી હતી. આ કેસમાં ખાર પોલીસે અત્યાર સુધીમાં સાત જણનાં નિવેદન નોંધ્યાં છે, જેમાં અલાહાબાદિયાના મૅનેજર અને ઈન્ફ્લુએન્સર અપૂર્વા મખિજાનો સમાવેશ થાય છે.બીજી તરફ, આ પ્રકરણે એફઆઈઆર નોંધનારી મહારાષ્ટ્ર સાયબર પોલીસે ૫૦ જણને સમન્સ મોકલાવીને પૂછપરછ માટે હાજર રહેવાનું કહ્યું છે. (પીટીઆઈ)

# હિન્દુ મરણ

**નવાગામ ભાવસાર**

ઇન્દિરાબહેન (ઉં વ. ૮૮) તે સ્વ. ઘનશ્યામ પી. ગોંડલિયા (મુંબઇ)ના ધર્મપત્ની. વિક્રમ, યોગેશ, ચેતનાના માતુશ્રી. નીપા, સ્વાતિ, ચંદ્રેશના સાસુ. સ્વ. વિનુભાઇ પી. ગોંડલિયા તથા ચંદ્રકાન્ત પી. ગોંડલિયાના ભાભી. વસંતભાઇ, વિનુભાઇ, ભરતભાઇ, અશોકભાઇ કાસંદરિયાના બહેન તા. ૧૩-૨-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. તેમની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૭-૨-૨૫ના ૪થી ૬. ઠે. ગોપુરમ હોલ, (મીની ભાગીરથી) આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કૂલ પાસે, મુલુંડ (વેસ્ટ).

**મોડાસા એકડા વિશા ખડાયતા સાઠંબા સમુદાય**

મોડાસા નિવાસી હાલ ભાંડુપ સ્વ. કાંતીલાલ દામોદરદાસ શાહના સુપુત્ર અને ગીતાબેનના પતિ ધનેશભાઇ (ઉં. વ. ૬૭) બુધવાર, તા. ૧૨-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૬-૨-૨૫. ઠે. ૧લે માળે, ગીતા હોલ, સ્ટેશન રોડ, ભાંડુપ (વેસ્ટ), સાંજે ૫થી ૭. તા. ક. પિયર પક્ષઃ સ્વ. હીરાલાલ લલ્લુદાસ શાહ, ડેમઇવાળાનું બેસણું પણ તે જ સ્થળે રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. રાધાબાઇ શામજી મોરારજી (ધ્રફીવાળા)ના સુપુત્ર રમેશભાઇ શામજી (ઉં. વ. ૮૪) તા. ૧૨-૨-૨૫ના નાશિક મધ્યે રામશરણ પામ્યા છે. તે સ્વ. રશ્મિબેન (હંસાબેન)ના પતિ. દર્શના, ગુરુદાસના પિતાજી. સ્વ. મનિષ ઠક્કર, રાખીના સસરાજી. તે સ્વ. લાલજીભાઇ, કિશોરભાઇ, સ્વ. સુભાષભાઇ, સ્વ. સાવિત્રીબેન (બબીબેન) સ્વ. દેવીબેન, સ્વ. ભગવતીબેન, સ્વ. વિજયાબેન, સીતાબેન, સ્વ. ચંદ્રિકાબેનના ભાઇ. સ્વ. શિવજી કુંવરજી મેવાવાલા (જલારામ મંદિર) ભુલેશ્વરવાળા જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

નીતિન ચંદ્રકાત ત્રિવેદી (ઉં. વ. ૬૨) હાલ વિરાર તે સ્વ. ચંદ્રકાંત પુરુષોતમદાસ ત્રિવેદી અને ગં. સ્વ. જયોત્સનાબેન (બકુબેન)ના પુત્ર. ધ્વનિ કાર્તિક ઐય્યરના પિતા. મૂકેશ અને મનિષના ભાઇ. કુશલ, પ્રિયાશીના કાકા. તા. ૧૩-૨-૨૫ના કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

પ્રભાસ પાટણવાળા હાલ કાંદિવલી સ્વ.મણીબેન દામોદર શાહના પુત્રવધૂ. સ્વ.ભુપેન્દ્ર શાહના ધર્મપત્ની ઉષાબેન શાહ (ઉં. વ. ૭૫) તા.૧૧/૨/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે વિરલ,અલ્પા, ડોલીના માતુશ્રી. સેજલ, રાકેશ, કૌશિકના સાસુ. યવતમાલવાળા હંસરાજ જાદવજી શાહના દિકરી. સુશીલાબેન,ભીખાલાલ ભાઈના મોટાબેન. ચક્ષુદાન કરેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ ભાટીયા**

કુ.પારૂ આશર (ઉં. વ. ૫૨) તે હંસા હરેન્દ્ર આશરની પુત્રી. લીલાબેન લક્ષ્મીદાસની પૌત્રી. રાધાબેન લક્ષ્મીદાસ સંપટની દોહીત્રી. તુષાર આશરની બહેન. અ.સૌ. કીર્તિની નણંદ. અ.સૌ. નિયંતા મીલન કાપડિયા અને દેવાંશના ફોઈ. તા. ૧૩.૦૨.૨૫ના શ્રીજીનાચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૬.૦૨. ૨૫ને રવિવારે ૫ થી ૭. શ્રી લોહાણા મહાજન વાડી, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ), લૌકીક વ્યવહાર બંધ છે.

**કપોળ**

દેલવાડાવાળા હાલ વિલેપાર્લે ગં. સ્વ.જ્યોતિબેન વિનયકાંત સંઘવીના પુત્રવધૂ વર્ષાબેન (ઉં. વ. ૬૨) ૧૩.૦૨.૨૫ના શ્રીજીચરણ પામેલા છે. તે કમલેશ સંઘવીના ધર્મપત્ની. સ્વ.ઉર્મિલાબેન, વિઠ્ઠલદાસ ભટુરદાસ ગાંધીના દીકરી. નૈનેશ, રાજેશના ભાભી. પ્રિયંકા બ્રિજેશ બદીયાની અને હીરાલીના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ બોરીવલીના સ્વ. જશવંતીબેન તથા સ્વ.છગનલાલ નરોત્તમદાસ શેઠના પુત્ર અશોકભાઈ શેઠ (ઉં. વ. ૭૧) ૧૨/૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે અલ્કાબેનના પતિ. દર્શન, અમીના પિતા. ભક્તિ, કરણકુમાર નગીનભાઈ પટેલના સસરા. મૃદુલાબેન જયંતિલાલ, સ્વ.હરેશભાઇના ભાઈ. સાસરાપક્ષે રાજુલાવાળા સ્વ.જયાલક્ષ્મીબેન, સ્વ.અમૃતલાલ ભાઈચંદ મહેતાના જમાઈ. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા.૧૫/૨/૨૫ના ૪ થી ૬. પાવનધામ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**વિસા સોરઠીયા વણિક**

લોએજવાળા હાલ કાંદિવલી બાબાભાઈ માધવજી શાહ (ઉં. વ. ૮૧) તા.૧૨/૨/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.મંજુલાબેનના પતિ. સ્વ.નાથુભાઈ વી શાહ, મહેન્દ્ર વિઠ્ઠલદાસ શાહ હાલ બહેરીનના બનેવી. સમીર, રાકેશ અને સંદીપના પિતા. રેખા સંદીપના સસરા. શૈલેષ કપૂરચંદ શાહ, પ્રતાપ રતનશી શાહ, સ્વ.ભરત કપૂરચંદ શાહના પિતરાઈભાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**શ્રીમાળી સોની**

ભક્તિ શરદ કદમ બોરીવલી (ઉં. વ. ૪૧) તે શ્રીમતી પ્રમીલા શરદ કદમની મોટીપુત્રી. તૃપ્તિ ચીરાગ પટેલ, શીતલ હિરેન સાવલા, રુચિ શ્રેયસ જાધવની મોટી બહેન. ઉષા પ્રદીપ હરિલાલ, બીના હિતેન્દ્ર હરિલાલ સોનીની ભાણેજ. તા.૧૦-૦૨-૨૦૨૫ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૧૬-૦૨-૨૦૨૫ રવિવારના ૪.૩૦ થી ૬. સાંઈકૃપા, ભાટિયા ચાલ, વેલકમ હોટેલની બાજુમાં, દત્તપાડા રોડ, બોરીવલી (ઈસ્ટ).

**મેઘવાળ**

ગામ મોટા સમઢિયાળા સ્વ.સોનાબેન મારૂ (ઉં. વ. ૭૮) સોમવાર તા.૧૦-૨-૨૫ના રામચરણ પામ્યા છે. તે સ્વ.નાનજીભાઈ મારૂના ધર્મપત્ની. સ્વ.રમીલા, જીતેન્દ્ર, રાજેશ, અશોક, ગીતા, નવીનના માતા. સ્વ.દિનેશ લવજી સોલંકી. સવિતાબાઈ, દક્ષાબાઈ લતાબાઈના સાસુ. નીલમ, રશ્મિ, સ્વ.અમિત, મિતાલી, સાગર, કરણ, જહાનવી, સ્નેહલ, હિતનાં દાદી. એમનું બારમું રવિવાર તા.૧૬-૨-૨૫નાં ૫:૦૦ કલાકે. એ-૨/૩૦૪. મહાલક્ષ્મી ડૉ.આંબેડકર નગર, મુંબઈ-૩.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મહુવાવાળા જગદીશભાઈ પડીયા (ઉં. વ. ૭૬) તા.૧૦-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.હરીલાલ મુળજીભાઈ પડીયાના પુત્ર. નયનાબેનના પતિ. હિતિક્ષા અતુલ છાટબાર, વિવેકના પિતાશ્રી. રજનીકાંત, ભાનુમતી ચંપકલાલ, વિદ્યાગૌરી ચિમનલાલ, કોકિલાબેન હર્ષદરાયના ભાઈ. દહાણુ નિવાસી સ્વ.આશારામ કેવલદાસનાં ભેડાના જમાઈ. ઘડા ભરવાની ક્રિયા તા.૨૨-૨-૨૦૨૫ શનિવારના ફ્લેટ નં. ૧૦૨, એચ વિંગ, શાંકુતલ એપાર્ટમેન્ટ, ગિરીવર બંગલા પાસે, રામવાડી ટેકરો, ઈસનપુર અમદાવાદ.

**કડવા પાટીદાર**

ગામ કંથરાવી, હાલ મુંબઈ સ્વ. સંદીપ નટવરલાલ પટેલ, (ઉં. વ. ૪૪) સોમવાર, તા ૧૦-૦૨-૨૫ ના રોજ દેવલોક પામ્યા છે. તેમનું બેસણું સરદાર પટેલ બાગ, વિલેપાર્લે (ઇસ્ટ)માં તા ૧૬-૨-૨૫ ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ લી. અમિતાબેન પટેલ (માતા), આશા પટેલ (ધર્મપત્ની), વેદ પટેલ, (પુત્ર), પરમ પટેલ (પુત્ર).

**કચ્છી લોહાણા**

સ્વ. લીલાવંતી વાલજીભાઇ ગણાત્રા કચ્છ ગામ ગઢશીશા હાલ થાણાવાળાના નાના પુત્ર રાજેશ (ઉં. વ. ૬૫) તા. ૧૪-૨-૨૫ના શુક્રવારના રામશરણ પામેલ છે. ડોસાભાઇ વેલજી રૂપારેલ કચ્છ ગામ નરેડા હાલ મુલુંડના દોહિત્ર. પ્રતાપ, ભૂપેન્દ્ર, સ્વ. મીતાબેન નવીન ખીયાના ભાઇ. અ. સૌ. વિજયાબેન, સ્વ. અરુણાબેનના દિયર. રાકેશ, કપીલ, સંગીતા શિશીર શુકલ, ભારતી હિરેન પલણ, રાખી હેમંત તેવારીના કાકા. વૈશાલી અને જાસ્મીનના કાકાજી. પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૨૫ના રવિવાર સાંજે ૫થી ૭. ઠે.ગોપુરમ હોલ, પુરુષોતમ ખેરાજ એસ્ટેટ,જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (પશ્ચિમ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર સમાજ**

નાલાસોપારા વિરાર-વસઇ ગામ ગુદીયાલી હાલ નાલાસોપારા સ્વ. ગંગાબેન ગૌરીશંકર મહેતાના પુત્રવધૂ. તે હિરાલાલ ગૌરીશંકર મહેતાના ધર્મપત્ની કમળાબેન (ઉં. વ. ૬૨) તે નરેશ, વિમલના માતુશ્રી. સ્વ. ચંદ્રકાન્ત મહેતાના નાના ભાઇના ધર્મપત્ની. તથા રમેશભાઇના ભાભી. તે મસ્કાનાં સ્વ. કસ્તુરબેન મણિશંકર સુખાણીના સુપુત્રી. સ્વ પુરુષોતમ, સ્વ. ત્રિભોવન, સ્વ. નવીન તથા લીલાવતી બેન પ્રવીણચંદ્ર ભટ્ટના બેન. તા. ૧૪-૨-૨૫ના શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. હીરાલાલ ગૌરીશંકર મહેતા, શાંતિનગર, એફ વિંગ, ફ્લેટ નં.૬, તુલીંજ રોડ, સાંઇનાથ નગરની સામે, નાલાસોપારા (પૂર્વ).

**હાલાઈ લોહાણા**

હાલ બોરીવલી મૂળગામ જામ ખંભળિયા (હરિપર) ગં.સ્વ. મંજુલાબેન તથા સ્વ. જમનાદાસ (કાકુભાઈ) પાબરીના સુપુત્ર શશિકાંતભાઈ (ઉં. વ. ૭૨) તા. ૧૩-૨-૨૫ ગુરૂવારના શ્રીજીચરણ પામેલ છે. તે જ્યોતિબેનના પતિ, રાજીવ, નીરવના પિતાશ્રી, મીનલ, ભૂમિકાના સસરા, મંગલોર નિવાસી સ્વ. ગોકુલદાસ ધીરજલાલ વસાણીના જમાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, ભરતભાઈ, હરેષભાઈ, દિપકભાઈ, પરેશભાઈના ભાઈ, પ્રાર્થનાસભા તા. ૧૫-૨-૨૫ શનિવારે ૫થી ૭. ઠે. મહાવીર બેંકવેટ હોલ, પીઝા હટની સામે, પોયસર જીમખાના રોડ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ, બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે જ રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**બ્રાહ્મણ**

સ્વ.મનુભાઈ રતનલાલ રાવલ અને સ્વ.શ્રીમતીબેન મનુભાઈ રાવલના પુત્ર નયન રાવલ (ઉં. વ. ૭૧) તા.૮-૨-૨૫ના દેવલોક પામેલ છે. તે હીનાબેનના પતિ. ચિત્રા, અમોલના પિતા. મનન અને હર્ષિતાના સસરા. જીમીના નાના, ભરત, તિલોતમા, સ્મીતા, સ્વ.કલ્પનાબેનના ભાઈ, સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

હાલ ઘાટકોપર સ્વ. હેમલતા મનસુખલાલ પારેખના પુત્ર સુભાષભાઈ પારેખ (ઉં. વ. ૭૪) તા.૧૪-૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ચારૂબેનના પતિ. મેહુલ, કિંજલના પિતાશ્રી, નિતી, ધર્મેશભાઈના સસરા. સ્વ. નવનીતભાઈ, ભરતભાઈ, ભાસ્કરભાઈના ભાઈ, સાસરાપક્ષે સ્વ. વૃંદાવનદાસ મોદીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૬-૨-૨૫ના રવિવારના સાંજે ૪ થી ૬, સ્થળ- લવંડર બાગ, સ્વામિનારાયણ મંદિરની બાજુમાં, ૯૦ ફૂટ રોડ, ગારોડિયાનગર, ઘાટકોપર ઈસ્ટ.

# જૈન મરણ

**કચ્છી દશા ઓસવાળ જૈન**

કચ્છ સુથરી વીરચંદ ધરમશી (ઉં. વ. ૮૮) ૧૦/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુંવરબાઈ લક્ષ્મીચંદ મણસીના પુત્ર. વિજયારાણીના પતિ. અજય, રાજવીરના પિતા. સીમા, હેમાના સસરા. સ્વ.પ્રેમાબાઈ ભવાનજી કુંવરજી મોમાયા નલિયાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરબંદર દશા શ્રીમાળી સ્થા જૈન**

પોરબંદર નિવાસી હાલ દહિસર વસંતબેન જયસુખલાલ મગનલાલ વોરા (ઉં. વ. ૮૫) તે રોહિત તથા જતીનના માતુશ્રી. પ્રિતી તથા જીજ્ઞાના સાસુ. સ્વ.દમયંતીબેન, ધીરેનભાઈ, સ્વ.રશ્મિકાન્ત, હેમાંગીનીબેનના ભાભી. સ્વ.મધુબેન, સ્વ.તારાબેન, સ્વ.ચંદનબેન, સ્વ. સુરેશભાઈ, સ્વ.જીતેન્દ્રભાઈ મનમોહનદાસ શાહના બહેન. રાધિકા, નીરજ, આયુષીના દાદી. ૧૩/૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૫/૨/૨૫ના ૪ થી ૬. વર્ધમાન સ્થા જૈન સંઘ, એલ.ટી રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના વિક્રમ (બંટી) પ્રફુલ્લ નિસર (ઉં. વ. ૩૨) તા. ૧૩-૨-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મણીબેન જેઠાલાલ તેજપારના પૌત્ર. રક્ષા પ્રફુલ્લના પુત્ર. ધુણઇના માનસીના ભાઇ. રાજબાઇ પ્રેમજી ભાણજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. જીતેન્દ્ર જેઠાલાલ નિસર, ૨૬૦૩, ત્રિદેવ એપાર્ટમેન્ટ નં. ૧, ભક્તિ માર્ગ, મુલુંડ (વે.), મુંબઇ-૮૦.

લુણીના વર્ષા (ઇન્દિરા) શશીકાંત ઘરોડ (ઉં. વ. ૬૮) તા. ૧૩-૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. માતુશ્રી મણીબાઈ રામજી ભીમશી નરપત ઘરોડના પુત્રવધૂ. શશીકાંતના પત્ની. કિરણ, પૂર્વીના માતુશ્રી. કપાયાના નાનબાઈ હીરજી જેવતના સુપુત્રી. વિનોદ, ચુનીલાલ, ભારતી, ભાનુ (ભાવના)ના બેન. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં સં કરસન લધુ નિસર હોલ, દાદર (વે) ટા. ૨ થી ૩.૩૦.

હમલા મંજલના લક્ષ્મીચંદ તલકશી હરિયા (ઉં. વ.૭૪) તા. ૧૩-૦૨-૨૫ ના અવસાન પામેલ છે. માતુશ્રી ખેતબાઈ તલકશીના પુત્ર. પ્રભાબેનના પતિ. કોટડા રોહા નીલમ મનોજ, ગઢશીશા નૂતન જતીન, દેવપુર નિશા વિશાલ, રાહુલના પિતાશ્રી. અમૃતલાલ, લતાબેન, સ્વ. જયાબેન, વીરચંદ, અરવિંદ, નેમચંદના ભાઈ. રાયધણજારના દેવાંબાઈ ખેતશી રવજીના જમાઈ. પ્રાર્થનાઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, રજે માળે, રાજાજી રોડ, ડોમ્બિવલી (ઇ.) ટા. ૩ થી ૪.૩૦.

મોથારાના પ્રેમજી કાનજી પાસડ બટુકભાઈ (ઉં. વ. ૭૩) ૧૩-૨-૨૫ના અવસાન પામ્યા છે. રતનબેન કાનજી ઠાકરશીના સુપુત્ર. હેમલતાબેનના પતિ. વૈશાલી, ધીરલના પિતાશ્રી. રવજી, વસનજી, વીરજી, ખીમજી, લક્ષ્મીચંદ, દિનેશ, નરેડી હીરબાઈ જાદવજી તલકશી, દેવપુર ગંગાબેન દામજી તેજશી, કોટડી (મ.) મંજુલા હરખચંદ વાલજી, કોકલીયાના દમયંતી આણંદજી લાલજીના ભાઈ. સમાઘોઘા કેસરબેન રતનશી નાનજીના જમાઈ. પ્રા : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લઘુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ખારોઈના વિજેશ ચાંપશી દેઢિયા (ઉં.વ.૫૩) બુધવાર તા. ૧૨.૨.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વિંઝઈબેન રવજીના પૌત્ર. ગં.સ્વ. જવેરબેન ચાંપશીના સુપુત્ર. રાજેશ, વનિતા, સ્વ. હેતલના ભાઈ. નિતાના દેર. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ઈ-૨, ભારત નગર, ગ્રાન્ટરોડ- ઈસ્ટ, મું.૭.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સુવઈના આશાધીરભાઈ દેવશી માડણ શાહ (ઉં.વ. ૮૪) તા. ૧૩.૦૨.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મુરઈબેન દેવશી માડણના સુપુત્ર. ધનીબેનના પતિ. મનોજના પિતા. જીનલના સસરા. (સ્વ. પોપટ, દેવરાજ, સોના, ભમી), ગં.સ્વ. હીરૂ, સંસારપક્ષે પુનિતાબાઈ મહાસતીજીના ભાઈ. ભરૂડિયાના સ્વ. વિસાબેન કરશન ડાઘાના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૫.૨.૨૦૨૫ના સમય બપોરે ૩.૩૦ થી ૫ સ્થળ. પરમ કેશવ બાગ, ૧લે માળે, નવરોજી લેન, ઘાટકોપર-વેસ્ટ, ઠે. ૫૦૩, મણી ભુવન, જુના માણેક લાલ, ઘાટકોપર વેસ્ટ.

**ઝા. શ્વે મૂ. વિશા શ્રીમાળી જૈન**

બોટાદ નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. શારદાબેન હિંમતલાલ શિવલાલ શાહના સુપુત્ર પ્રકાશભાઇ (ઉં. વ. ૬૬) તે ગીતાબેનના પતિ. નિધી ઇશાનકુમાર તથા મીલી અભિરુપકુમારના પિતાશ્રી. તા. ૧૩-૨-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. જિતેન્દ્ર-નીતાબેન, લલિત-રૂપાબેન, પંકજ-છાયાબેન, રમેશ-સ્વ. કવિતાબેન, જયેશ-વૈશાલીબેન તથા ગીતાબેન દિવ્યાકાંતભાઇ સલોતના ભાઇ.સ્વ. લલિતાબેન અમૃતલાલ મનજીભાઇ દોશીના જમાઇ. સ્વ. ભરતભાઇ-મીનાક્ષીબેન, શૈલેષભાઇ-સંગીતાબેન, જયેશભાઇ-દિપીકાબેન, કિરણ ધર્મેન્દ્રભાઇ તથા નિકિતાબેન પંકજભાઇના બનેવી. ભાવયાત્રા તા. ૧૫-૨-૨૫ના શનિવાર ૧૦થી ૧૨.ઠે. જલારામ હોલ, જેવીપીડી સ્કીમ, એનએસરોડ નં.૬, વિલેપાર્લે (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચોરવાડ નિવાસી સ્વ. જશવંતીબેન જમનાદાસભાઇ ત્રિભોવનદાસ ગાંધીના સુપુત્ર ચિ. મુકેશકુમાર (ઉં. વ. ૫૪) રાજકોટ રવિવાર, તા. ૯-૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હરેશકુમાર, સ્વ. ઇલાબેન, દિનેશચંદ્ર શેઠ, અ. સૌ. બિંદુબેન (બાળાબેન) હર્ષદકુમાર મહેતા, અ. સૌ. આરતીબેન (મીનાબેન) નિલેશકુમાર શેઠના ભાઇ. મયુરકુમાર, ચિરાગકુમાર, ભવ્ય, ધર્મ, પ્રિન્સકુમાર, લીનાબેન, આરતીબેન, ભાવિષાબેનના મામા. કાંદિવલી નિવાસી સ્વ. પ્રફુલચંદ્ર હરખચંદ સંઘવી, ભરતકુમાર, સ્વ. સુલોચનાબેન, અરુણાબેન, સ્વ. હંસાબેન, સ્વ. રશ્મીલાબેન, નિરૂપાબેનના ભાણેજ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી હાલ મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા) હેમાંગકુમાર જિતેન્દ્રકુમાર ભોગીલાલ શાહના ધર્મપત્ની અ. સૌ. વૈશાલીબેન (ઉં. વ. ૪૭) ગુરુવાર તા. ૧૩-૨-૨૫ના મેલબોર્ન ખાતે અરિહંતશરણ થયેલ છે. તે જૈનમ અને જૈનીલના માતુશ્રી. તે અ. સૌ. અમીબેન કેતનકુમાર શાહ, ડો. નાગેન્દ્ર અને મેહુલના બેન. પિયર પક્ષે જસાપર નિવાસી હાલ કાંદિવલી સ્મિતાબેન ભોગીલાલ અમૃતલાલ શાહના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**વેરાવળ વિસા ઓસવાળ જૈન**

હાલ મુંબઈ સ્વ. હરકિશનદાસ મોતીલાલ શાહના ધર્મપત્ની વિમલાબેન શાહ (ઉં. વ. ૯૪), તે સ્વ. દેવીદાસ હંસરાજ શાહ (ગરીબશેઠ)ના સુપુત્રી. સુનીલભાઈ, કલ્પેશભાઈ, નિરંજનાબેન, હંસાબેનના માતુશ્રી. સ્વ. મીનાબેન, નીનાબેન, સ્વ. ભુપેન્દ્રભાઈ, મુકેશભાઈના સાસુ. પરિતા કુણાલ મોદી, આશના દીપ શાહ, બીજલ હર્ષીલ, ઉર્વી હીતેનના દાદી, દેવીકા જતીન, કૃપાલી ઉપાંગ જવેરી, ચૈતાલી નીકુંજભાઈ પટેલના નાની તા. ૧૪-૨-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

અજીત કાંતિલાલ મહેતા (ઉં. વ. ૭૫) મોરબી નિવાસી સ્વ.કાંતિલાલ રાજપાલ મહેતા સ્વ.કાંતાબેનના સુપુત્ર, તે રેણુકાબેનના પતિ. ભૂમિકા પ્રદીપ પરેલકર, મેઘના ધવલ દોશીના પિતા. ચિ.મોનિષા, મહેશભાઈ, સ્વ.સુરેન્દ્રભાઈ, સ્વ. અશ્વિનભાઈ ભારતીબેન ભુપેનભાઈ મહેતાના ભાઈ, પાટણવાવ નિવાસી સ્વ.જયંતભાઇ વિઠ્ઠલજી વસા, સુશીલાબેનના જમાઈ,શ્રદ્ધા સુમનરવિવાર તા.૧૬/ ૨ /૨૫, ૪થી ૦૫:૩૦. કુશાલ ટાવર (કોમ્યુનિટી હોલ) એમ જી રોડ, સોપરસ્ટોપની બાજુમાં, અમર મહાલ , ચેમ્બુર/ ઘાટકોપર.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ મુલુંડ સ્વ.ફત્તેચંદ જીવરાજ વોરાના સુપુત્ર હેમંત વોરાના ધર્મપત્ની સ્મિતા વોરા (ઉં. વ. ૬૫) તે સેજલ અને ગૌરવના માતુશ્રી. જીનલ અને ચિરાગ અરવિંદભાઈ સંઘવીના સાસુ, શરદભાઈ, મહેશભાઈ, જયેશભાઈ, મૃદુલાબેન વિનોદભાઈ શાહના ભાઈના પત્ની, પિયરપક્ષે હિંમતલાલ હીરાચંદ ધામી (મહુવાવાળા)ના દીકરી તા.૧૩-૦૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લોકીક વ્યવહાર બંધ છે. ૧૯, શ્રી ભવાની, આર. એચ. બી રોડ, ગૌતમ બિલ્ડીંગના સામે, નજીક બાબાજીની ઝોપડી, મુલુંડ વેસ્ટ.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. સેવંતીલાલ રતિલાલ મહેતાના પૌત્ર અને ઈલાબેન જગદીશભાઈ મહેતાના પુત્ર હેમલ (ઉં. વ. ૪૪) તે ભાવિની ભૈરવકુમાર, દીપાલી જીગરકુમાર , ભાવિક, જીતેન, રૂષભના ભાઈ, રાજેશભાઈ, યોગીનીબેન સુરેશભાઈ, હર્ષદભાઈના ભત્રીજા, મિતાંશના મામા, તરુણકાન્ત પ્રેમચંદ દોમડિયાના દોહિત્ર. ગુરુવારે તા.૧૩/૦૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, - ૯૪-૧૪, વૈષ્ણવી, ગારોડિયાનગર, લાયન્સ કમ્યુનિટી હોલ પાસે, ઘાટકોપર ઈસ્ટ.

# પારસી મરણ

માનેક નરીમાન પટેલ તે બખતાવરના ધણી. તે મરહુમો તેહમીના માનેક પટેલના દીકરા. તે નેહઝાદના પપા. તે આબાન ધનજીશાહ કરમાના સાસુ. તે પરવેઝ, રોશન, મરહુમ બાનુ, જેરૂ, ગુલુ, ખોરશેદ ને મનીના ભાઇ. તે ફિરોઝ, મેહર, તનાઝ, નેવીલ, કેશમીરા, શીરાઝ ને મરહુમ હોમીયાર સોલી બલસારાના મામા. (ઉં. વ. ૭૩) રે. ઠે. ૬૦૧, બીજે માળે, બાઇ માનેકબાઇ બિલ્ડિંગ, પી.બી. જીજીભોઇ મેમોરીયલ બિલ્ડિંગ, મોટા પારસીવાડા, વલસાડ, ગુજરાત-૩૯૬૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૨-૨૫ના બપોરે ૩.૪૦ વાગે, તારદેવ કપાવાલા અગિયારીમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઓશિવરામાં ખાનગી કંપનીના જનરલ મૅનેજરના ફ્લૅટ પર મળસકે ગોળીબાર

## સામેની ઈમારતના ફ્લૅટમાંથી ગોળીબાર કરાયાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોલકતાની ખાનગી કંપનીના જનરલ મૅનેજરના અંધેરીના ઓશિવરા ખાતેના ફ્લૅટ પર મળસકે ગોળીબાર કરવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. સામેની ઈમારતના ફ્લૅટમાંથી અજાણ્યા શખસોએ પિસ્તોલમાંથી બે રાઉન્ડ ફાયર કર્યા હોવાની શક્યતાને પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી. અંધેરી પશ્ચિમમાં ઓશિવરાની ઈન્દ્રદર્શન બિલ્ડિંગના ફ્લૅટ નંબર-૯૦૫માં રહેતા અને ખાનગી કંપનીના જનરલ મૅનેજર કરણ સહગલે (૪૦) આ પ્રકરણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદને આધારે ઓશિવરા પોલીસે શુક્રવારે ચારથી પાંચ અજાણ્યા શખસ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ઓશિવરાના ફ્લૅટમાં પત્ની રિતિકા સિંહા (૩૮) અને પાંચ વર્ષની દીકરી સોયા સાથે ફરિયાદી દોઢેક વર્ષથી રહે છે. પત્ની રિતિકા અંધેરી પૂર્વમાં હિન્દુસ્તાન યુનિલીવર લિમિટેડમાં મૅનેજર તરીકે ફરજ બજાવે છે. ફરિયાદમાં જણાવાયું હતું કે કંપનીના કામ નિમિત્તે સહગલ ૯ ફેબ્રુઆરીએ દિલ્હી ગયો હતો. દિલ્હીથી ફ્લાઈટમાં ગુરુવારની મધરાત બાદ તે મુંબઈ ઍરપોર્ટ પહોંચ્યો હતો. ઘરે પહોંચ્યો ત્યારે દીકરી એક બેડરૂમમાં, જ્યારે પત્ની બીજા બેડરૂમમાં સૂતી હતી. સહગલ પત્ની સાથે બેડરૂમમાં સૂતો હતો ત્યારે મળસકે ત્રણ વાગ્યાની આસપાસ અચાનક અવાજ સાથે ફ્લૅટની બારીનો કાચ તૂટ્યો હતો. બીજી જ મિનિટે ફરી અવાજ આવતાં સહગલે મોબાઈલની ટોર્ચથી જોતાં બારીમાં કાણું પડ્યું હોવાનું નજરે પડ્યું હતું. સદ્નસીબે આ ગોળીબારમાં કોઈને ઇજા થઈ નહોતી.

ગોળીબાર કરાયાની જાણ થતાં સહગલે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. સામેની ઈમારતના ૧૦મા અથવા ૧૧મા માળેથી ગોળીબાર કરાયો હોવાની શંકા ફરિયાદમાં વ્યક્ત કરાઈ હતી. એ ફ્લૅટમાં ચારથી પાંચ શખસ ઉતાવળે દોડધામ કરતાં નજરે પડ્યા હતા. વળી બાળકીનો પડદો અડધો ખુલ્લો હોવાનું જણાયું હતું, એવું ફરિયાદમાં જણાવાયું હતું. ■

# ૧૫ વર્ષથી ઓછી વયનાઓના મોબાઈલ વપરાશ પર પ્રતિબંધ: દાઉદી વોહરા સમાજનો નિર્ણય

માલેગાંવ: નાના બાળકોને મોબાઈલના વ્યસનથી બચાવવા અને તેની આડઅસરોથી વાકેફ કરવા તથા તેમના સ્વાસ્થ્યને સુધારવા નાસિકના માલેગાંવ ખાતેના દાઉદી વોહરા સમુદાયે એક અસરકારક ઉપાય શોધી કાઢ્યો છે. તેમણે ૧૫ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને મોબાઈલ ન આપવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય સમુદાયના ધાર્મિક નેતા ડો. સૈયદ નામ મુફત્તલ સૈફુદ્દીને લીધો છે.

સૈયદના સાહેબે સમાજના બાળકો સાથે ચર્ચા કરી હતી અને તેમને મોબાઈલથી થતી સમસ્યાઓ વિશે જાગૃત કર્યા હતા. મોબાઈલના વધુ પડતા ઉપયોગથી બાળકો પર ઘણી નકારાત્મક અસરો પડે છે. લાંબો સમય સુધી સ્ક્રીન સામે જોયા કરવાથી આંખની સમસ્યા થાય છે અને દૃષ્ટિ પણ નબળી પડે છે. આ ઉપરાંત ગરદન અને પીઠનો દુખાવો પણ થાય છે. એક જ જગ્યાએ સતત બેસી રહેવાથી સ્થૂળતા આવે છે અને શારીરિક રીતે નબળાઈ અનુભવાય છે. સતત મોબાઇલમાં રાચ્યાપચ્યા રહેવાથી માનસિક રીતે પણ ઊંધી અસર પડે છે. બાળકોમાં ઊંઘનો અભાવ, હતાશા, ચીડિયાપણું, ચિંતા જોવા મળે છે. નાના બાળકોમાં સ્ક્રીન સમય વધવાને કારણે ઓટિઝમના કેસોમાં પણ વધારો નોંધાયો છે.

દાઉદી બોહરા સમુદાયે માતાપિતાને અપીલ કરી છે કે તેઓ તેમના બાળકોને મોબાઇલ ફોનથી થતા નુકસાન વિશે સમજાવે અને બાળકોને મોબાઇલ વ્યસનથી બચાવવાના અભિયાનનો ભાગ બને. દાઉદી બોહરા સમુદાયનું આ પગલું બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને સુધારવા માટે એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. જો આવા પ્રયાસોનો વ્યાપકપણે અમલ કરવામાં આવે તો બાળકોની જીવનશૈલી અને ભવિષ્ય બંને સુધારવામાં મદદ મળી શકે છે. ■

# પોલીસે ચાલતી ટ્રેનમાંથી ચોરોને કરોડોના મુદ્દામાલ સાથે ઝડપ્યા

નાગપુર: મહારાષ્ટ્રના નાગપુરમાં રેલવે પોલીસે ફિલ્મી સ્ટાઈલમાં ચાલતી ટ્રેનમાંથી એક મોટી ગેંગને પકડી પાડી છે. હૈદરાબાદથી ચોરી કરીને ભાગી રહેલા ત્રણ આરોપીઓની તેલંગાણા એક્સપ્રેસમાંથી ધરપકડ કરવામાં આવી છે. હૈદરાબાદ પોલીસની સૂચના પર આરપીએફએ આ કાર્યવાહી કરી છે.

હૈદરાબાદ પોલીસે નાગપુર રેલ્વે પોલીસને જાણ કરી હતી કે એક આરોપી મોટી ચોરી કરીને તેલંગાણા એક્સપ્રેસમાં બેઠો છે અને તે દિલ્હી તરફ જવાની શક્યતા છે. ટ્રેન નાગપુર પહોંચી કે તરત જ રેલવે પોલીસના જવાનોએ ટ્રેનમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. એક પછી એક બોગીની તલાશી લેતા ત્રણ શકમંદો ઝડપાયા હતા. તેમાં એક મહિલા પણ હતી.

સુરક્ષાકર્મીઓ એક આરોપીને શોધી રહ્યા હતા, પરંતુ અહીં ત્રણ શંકાસ્પદ મળ્યા હતા. ત્રણેને નાગપુરથી ૪૦ કિ.મી. દૂર કાટોલ રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી ઉતારવામાં આવ્યા હતા, તેમની પાસે સામાનમાં ચાર બેગ હતી. ત્રણ બેગમાં તેમનો અંગત સામાન હતો, પરંતુ ચોથી બેગ ખોલતા જ સુરક્ષાકર્મીઓ ચોંકી ઉઠ્યા હતા. નાગપુર ડિવિઝનના આરપીએફના કમાન્ડન્ટ મનોજ કુમારે જણાવ્યું કે બેગમાં દાગીના ભરેલા હતા. ભારતની સાથે અન્ય ૨૪ દેશોની કરન્સી પણ હતી.જેમાં અમેરિકન ડોલર, યુરો, બ્રિટિશ પાઉન્ડ, સાઉદી રિયાલ, પાકિસ્તાની રૂપિયો, વિયેતનામી ડોંગ વગેરેનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી ૧૯ લાખથી વધુની રોકડ પણ મળી આવી હતી. હીરા, સોના અને ચાંદીના દાગીના મળ્યા હતા, જેની અંદાજિત કિંમત ૧,૩૫,૫૫૦૦૦ રૂપિયા છે.

આરોપીઓમાં સુશીલ સુરત બિહારનો, મલાહ સોનાય બિહારનો જ્યારે બસંતી મખાન આર્ય પશ્ચિમ બંગાળની રહેવાસી હોવાનું કહેવાય છે. આ પૈકીનો એક આરોપી જે ઘરમાં ચોરીની ઘટના બની હતી ત્યાં કામ કરતો હતો. ઘરના માલિક વિદેશ પ્રવાસે હોવાનો લાભ લઈને આ લોકોએ ત્યાં ચોરી કરી હતી. ■

# કુલગાંવ-બદલાપુરને પાલિકા આપવા માગણી

થાણે: થાણે જિલ્લાના કુલગાંવ-બદલાપુર નાગરિક પરિષદને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અપગ્રેડ કરવા વિનંતી ભાજપના એક નેતાએ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને કરી છે.

કુલગાંવ-બદલાપુર મ્યુનિસિપલ કાઉન્સિલના ભૂતપૂર્વ પ્રમુખ રામ પાટકરે જણાવ્યું હતું કે તેઓ આ અઠવાડિયાની શરૂઆતમાં ફડણવીસને મળ્યા હતા અને પ્રદેશના માળખાગત સુવિધાઓમાં સુધારો કરવા માટે માગણીઓનું એક મેમોરેન્ડમ રજૂ કર્યું હતું.

પાટકરે જણાવ્યું હતું કે મ્યુનિસિપલ કાઉન્સિલને નાગરિક નિગમ બનાવવાની માગ ઉપરાંત, તેમણે મુખ્યપ્રધાનને બદલાપુર મેટ્રો પ્રોજેક્ટ અને મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ ૩ હેઠળ મેગા ટર્મિનલના નિર્માણને પ્રાથમિકતા આપવા પણ વિનંતી કરી હતી. ■



# આર્બિટ્રેજ ફંડ્સ બજારના અંતરને સંભવિત તકમાં ફેરવી શકે છે

**કાર્તિક કુમાર, ફંડ મેનેજર, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ**

રોકાણના સતત બદલાઇ રહેલા ક્ષેત્રે તમે ધાર્યું ન હોય તેવા સમયે વારંવાર તકો આવતી રહેતી હોય છે, ખાસ કરીને બજાર કિંમતના તફાવતના સમયગાળામાં. કિંમતમાં આ ક્ષણિક અંતરને ઝડપી લેતી આવી એક વ્યૂહરચના છે આર્બિટ્રેજ. આર્બિટ્રેજ ફંડ્સ મ્યુચ્યુઅલ ફંડ્સનો એક વિશિષ્ટ પ્રકાર છે જેનો હેતુ વળતર મેળવવા માટે બજારની આ તકોનો લાભ લેવાનો છે. પરંતુ રોકાણકારો માટે તેનું શું મહત્ત્વ છે અને આ ફંડ્સ શા માટે લોકપ્રિય થઈ રહ્યા છે, ખાસ કરીને ભારતમાં વર્તમાન બજારના માહોલમાં? આવો, આર્બિટ્રેજ ફંડ્સના ખ્યાલ, તેની પદ્ધતિ અને સંભાવનાઓ પર નજર કરીએ.

★ **આર્બિટ્રેજ ફંડ્સને સમજો:** ધારી લઈએ કે કંપની એના ઇક્વિટી શેર્સ રૂ. 100ના ભાવે કેશ માર્કેટમાં અને ફ્યુચર માર્કેટમાં રૂ. 102ના ભાવે (પ્રાઇઝ પ્રીમિયમના લીધે) ટ્રેડ થાય છે. ફંડ મેનેજર્સ કંપની એના શેર્સ રૂ. 100માં કેશ માર્કેટમાંથી ખરીદે છે અને ફ્યુચર્સમાં રૂ. 102માં આ શેર્સ વેચવાની યોજના ધરાવે છે. મહિનાના અંતે જ્યારે ફ્યુચર કોન્ટ્રાક્ટ એક્સપાયર થાય છે ત્યારે કેશ માર્કેટ અને ફ્યુચર માર્કેટ બંનેની કિંમતો યોગાનુયોગે એક સરખી થાય છે અને ફંડ મેનેજર ટ્રેડને ઉલટાવે છે જેના લીધે તેને રૂ. 2નો તફાવત મળે છે. ટૂંકમાં, આર્બિટ્રેજ ફંડ્સ એવા મ્યુચ્યુઅલ ફંડ્સ છે જે સ્ટોક અને ડેરિવેટિવ્સ માર્કેટમાં આવી જ વ્યૂહરચના અમલમાં મૂકે છે. સરળ શબ્દોમાં કહીએ તો આ ફંડ્સ સ્પોટ પ્રાઇઝ (સ્ટોક માર્કેટમાં) અને તેના ફ્યુચર પ્રાઇઝ (ડેરિવેટિવ્સ કે ફ્યુચર માર્કેટમાં) વચ્ચે એસેટની કિંમતમાં રહેલા તફાવતનો લાભ લે છે. આ ફંડ્સ અલ્ગોરિધમ્સ અને કુશળ ફંડ મેનેજર્સને રોકીને સ્પોટ અને ફ્યુચર માર્કેટ્સ વચ્ચે રહેલા કિંમતના તફાવતનું સતત નિરીક્ષણ કરે છે. આ જેટલું સરળ લાગે છે તેટલું છે નહીં કારણ કે તકો જૂજ સેકન્ડ્સમાં જઈ શકે છે. થોડાક ટકામાં જ રહેલો કિંમતનો આ તફાવત ઝડપથી અદ્રશ્ય થઈ શકે છે કારણ કે વધુને વધુ બજારના સહભાગીઓ આવી તકો જોતા હોય છે. સ્પોટ અને ફ્યુચર માર્કેટ્સ વચ્ચે રહેલા કિંમતના નજીવા તફાવતમાંથી લાભ મળતો હોય છે.

★ **તારણ:** આર્બિટ્રેજ ફંડ એ એક અત્યાધુનિક વ્યૂહરચના છે જે બજારની ક્ષણિક વધઘટને તકમાં ફેરવે છે. વર્તમાન ભારતીય બજારના વાતાવરણમાં, અસ્થિરતા, તરલતા અને નિયમનકારી સ્થિરતા દ્વારા વર્ગીકૃત થયેલ, આ ફંડ રોકાણકારો માટે એક સક્ષમ વિકલ્પ રજૂ કરી શકે છે જેઓ મૂડીને જાળવી રાખવા અને સ્થિર વૃદ્ધિને પ્રાથમિકતા આપે છે. હંમેશની જેમ રોકાણકારોએ નિર્ણય લેતા પહેલા તેમની જોખમની ભૂખ અને રોકાણના લક્ષ્યોનું મૂલ્યાંકન કરવું જોઈએ, પરંતુ જેઓ બજારની વધઘટ સામે હેજ શોધે છે તેમના માટે આર્બિટ્રેજ ફંડ્સ ચોક્કસપણે ધ્યાનમાં લેવા યોગ્ય છે.

# ડેપ્યુટી સીએમ શિંદેની નાશિક મુલાકાત દરમિયાન ડ્રોન ઊડાડ્યું: બે પકડાયા

મુંબઈ: મહારાષ્ટ્રના નાશિક જિલ્લામાં શુક્રવારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની મુલાકાત દરમિયાન પરવાનગી વિના ડ્રોન ઉડાવનાર આરોપસર બે વ્યક્તિની અટકાયત કરવામાં આવી હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

શિંદે બપોરે હિવાલીની એક જિલ્લા પરિષદની શાળાની મુલાકાત લઈ રહ્યા હતા ત્યારે આકાશમાં ડ્રોન જોવા મળતા તરત તેને નીચે ઉતારવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ડ્રોન ઊડાવવા માટે પોલીસની પરવાનગી લેવાનું ફરજિયાત છે પણ વિના પરવાનગીએ જ ડ્રોન ઊડાડવામાં આવ્યું હતું. આની સામે પોલીસે તરત જ પગલાં લઈને આમ કરનારા બે જણની અટક કરી હતી.

નાશિક ગ્રામીણ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે 'અમે ડ્રોન ઉડાવી રહેલી વ્યક્તિની તેમજ ફોટો સ્ટુડિયોના માલિકની પણ સંડોવણી લાગતા તેની પણ અટક કરી હતી. પ્રથમ દૃષ્ટિએ આ ઘટના શંકાસ્પદ લાગતી નથી અને અમારું માનવું છે કે બંનેએ શિંદેની સારી તસવીરો મેળવવા માટે આ પ્રમાણે કર્યું હશે. અલબત્ત, તમામ દૃષ્ટિકોણથી તપાસ ચાલી રહી છે.' (પીટીઆઇ)■

# મહારાષ્ટ્રની આર્થિક સ્થિતિ કંગાળ, વિવિધ કલ્યાણ યોજનાઓ બંધ કરાઈ: દાનવે

છત્રપતિ સંભાજીનગર: મહારાષ્ટ્રમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર લોકોના લાભ માટે શરૂ કરવામાં આવેલી વિવિધ યોજનાઓને બંધ કરવાનો પ્રયાસ કરી રહી છે કારણ કે રાજ્યની નાણાકીય સ્થિતિ સારી નથી, એવો આરોપ શિવસેના (યુબીટી) ના નેતા અંબાદાસ દાનવેએ લગાવ્યો હતો.

દાનવેએ વધુમાં કહ્યું કે, ''મહારાષ્ટ્રની નાણાકીય સ્થિતિ સારી નથી. વિધાનસભા ચૂંટણી પહેલા મહાયુતિ સરકારે લાડકી બહિણ અને લાડકા ભાઉ જેવી ઘણી યોજનાઓની શરૂ કરી હતી. તે સમયે, અમે ચેતવણી આપી હતી કે આ યોજનાઓ રાજ્યના અર્થતંત્રને બરબાદ કરશે અને આજે એવું જ થઈ રહ્યું છે. રાજ્ય પર આઠ લાખ કરોડ રૂપિયાનું દેવું છે. સરકાર હવે યોજનાઓ રદ કરવા અને લાભાર્થીઓની સંખ્યા ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે,'' તેમણે કહ્યું.

''લાડકા ભાઉ યોજનાના લાભાર્થીઓને ચૂકવવા માટે કોઈ ભંડોળ નથી. ખેડૂતોને ચૂકવવા માટે પણ કોઈ પૈસા નથી. પાક વીમા યોજના, જે ખેડૂતોને ફક્ત એક રૂપિયાનું પ્રીમિયમ ચૂકવીને તેમના પાકનો વીમો લેવાની મંજૂરી આપતી હતી, તે બંધ થવાના આરે છે. આનું કારણ એ છે કે રાજ્યની નાણાકીય સ્થિતિ સારી નથી'' દાનવેએ ઉમેર્યું.

લાડકી બહેન યોજનાના ભાગરૂપે મહારાષ્ટ્ર સરકાર દ્વારા મોટા પાયે ભંડોળની લહાણી કરવામાં આવી છે અને તેને કારણે રાજ્યની તિજોરી ખાલી થઈ ગઈ છે. ■

# ધનંજય મુંડેને એનસીપીના કોર ગ્રૂપમાં સ્થાન મળ્યું

મુંબઈ: પોતાના મતવિસ્તાર બીડ જિલ્લામાં ખંડણી કેસમાં નિકટના સાથીની કથિત સંડોવણીને કારણે રાજકીય વિવાદમાં ઘેરાયેલા મહારાષ્ટ્રના કેબિનેટ પ્રધાન ધનંજય મુંડેને તેમની પાર્ટી એનસીપીના નવા રચાયેલા 'કોર ગ્રુપ'ના સભ્ય બનાવવામાં આવ્યા છે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)એ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પહેલાં સંગઠનને મજબૂત બનાવવા, નીતિગત નિર્ણયો લેવા અને કલ્યાણકારી યોજનાઓ શરૂ કરવા વરિષ્ઠ નેતાઓનો સમાવેશ કરતું એક 'કોર ગ્રુપ' બનાવ્યું છે.

આ ઉપરાંત અજિત પવાર, એનસીપીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ પટેલ, વરિષ્ઠ નેતાઓ સુનિલ તટકરે, છગન ભુજબળ, દિલીપ વળસે પાટીલ, હસન મુશરીફ અને મુંડે મુખ્ય સંસ્થાના સભ્યો છે એમ ભાજપના નેતૃત્ત્વ હેઠળના શાસક ગઠબંધન મહા યુતિના ઘટક પક્ષે શુક્રવારે જણાવ્યું હતું.

મુંડેને કોર ગ્રુપનું સભ્યપદ આપવાનો અર્થ એ થયો કે એનસીપી પ્રમુખ અજિત પવારને તેમના પક્ષ અને મુંડેમાં પૂરતો ભરોસો છે. વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ) મુંડેનું રાજીનામું માગી રહ્યો છે.

બીડ જિલ્લાના પરલીના ધાવિધાનસભ્ય પર વિરોધ પક્ષો અને શાસક મહાયુતિના કેટલાક નેતાઓ દ્વારા કરી ટીકા કરવામાં આવી રહી છે કારણ કે તેમના નિકટના સાથી વાલ્મિક કરાડની ગયા વર્ષે ડિસેમ્બરમાં સરપંચ સંતોષ દેશમુખની હત્યા સાથે સંકળાયેલા ખંડણીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. (પીટીઆઇ)■















# પ્રસૂતિ દરમ્યાન માતાનું મૃત્યુ, તેનું ગર્ભાશય કાઢી લીધાનો આક્ષેપ

થાણે: થાણે જિલ્લાના કલ્યાણની એક પાલિકા હોસ્પિટલમાં બાળકના જન્મ દરમિયાન મૃત્યુ પામેલી ૨૬ વર્ષની મહિલાના સગાઓએ સંમતિ વિના તેનું ગર્ભાશય કાઢી નાખવાનો આરોપ ડોક્ટરો પર મૂક્યો હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

કલ્યાણ ડોમ્બિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત શાસ્ત્રી નગર હોસ્પિટલમાં મંગળવારથી મહિલાના સગા તેમના મિત્રો સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. વધુ જાણકારી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે 'ડોમ્બિવલી વેસ્ટની રહેવાસી સુવર્ણા સરોદેનું સિઝેરિયન ઓપરેશન કરવામાં આવ્યા બાદ તેની હાલત કથળી હતી. ડોક્ટરોએ તેને મુંબઈની સાયન હોસ્પિટલમાં દાખલ કરવાની સલાહ આપી હતી. જોકે, પછી લોહી વહી જવાને કારણે તેમનું નિધન થયું હતું. ઓપરેશન દરમિયાન સંમતિ વિના તેનું ગર્ભાશય કાઢી નાખવામાં આવ્યું હોવાનો ખ્યાલ તેના પરિવારના સભ્યોને આવી ગયો હતો. શાસ્ત્રી નગર હોસ્પિટલના મુખ્ય તબીબી અધિકારી ડો.કિશોર ચૌધરીએ જણાવ્યું હતું કે મેડિકલ ફોરેન્સિક સમિતિના અહેવાલ તેમજ પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યા પછી જ આ મુદ્દે ટિપ્પણી કરશે. મેડિકલ ઓફિસર ડો.દીપા શુક્લાએ આ કેસની ફોરેન્સિક તપાસ ચાલી રહી હોવાનું જણાવ્યું હતું. (પીટીઆઇ)■


જૈન મરણ

ભોગીલાલ એમ. શાહ

તા. ૧૬.૧.૧૯૨૭ - ૧૧.૨.૨૦૨૫



શોકાતુર

રૂપા બી. શાહના પતિ, પારૂલ શાહ બત્રા અને તેજલ વાગમીન વોરાના પિતા. સ્વ. નટવરલાલ એમ. શાહ, કુંદન અરૂણ વોરા, રેખા ગિરીશ શાહ, બિંદુ સુરેન્દ્રનાથ વાકાડાલા, મીના કીરીટ મર્ચંટ, આશા મુકેશ મહેતાના ભાઈ તથા શશી જગદીશ શાહના જેઠ.

લૌકિક પ્રથા બંધ છે.











# વસઈમાં સગીરા પર તેના ભાઈ-મામાએ ગુજાર્યો બળાત્કાર

પાલઘર: પાલઘર જિલ્લાના વસઈમાં સગીરા પર વારંવાર બળાત્કાર ગુજારવા અને તેને ગર્ભપાત માટે દબાણ કરવા બદલ તેના ભાઇ અને મામાની ધરપકડ કરવામાં આવી હતી.

૧૬ વર્ષની પીડિતાએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરી ૧૮ વર્ષના ભાઇ તથા મામાની ગુરુવારે ધરપકડ કરી હતી.

સગીરાએ પોતાની ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે ઑક્ટોબરથી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન તેના ભાઇ અને મામાએ તેની સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. તે જ્યારે ગર્ભવતી બની ત્યારે મામા તેને દક્ષિણ મુંબઈમાં ગર્ભપાત માટે લઇ ગયા હતા.

પોલીસે આ પ્રકરણે પીડિતાના ભાઇ અને મામા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હોવાનું અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■


બેસણું



સ્વ. સંદિપ નટવરલાલ પટેલ

ઉ.વર્ષ : ૪૪ : દેહ વિલય : તા.૧૦/૦૨/૨૦૨૫ સોમવાર : ગામ કંથરાવી

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. સંદિપ નટવરલાલ પટેલ સ્વર્ગવાસ પામેલ છે.

સદ્ગતનું બેસણું : રવિવાર તા.૧૬-૦૨-૨૦૨૫

સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

સ્થળ : સરદાર પટેલ બાગ, પાર્લેશ્વર રોડ, વિલેપાર્લા (ઈ)

રાખેલ છે. સમય ઓછો હશે કયા ખબર હતી, વિદાય તમારી અણધારી હશે કયા ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી ગયાં, સંભારણા સહુના દિલમાં રાખી ગયાં, પ્રભુ આપનાં દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

લિ.

વેદ સંદિપભાઇ પટેલ (પુત્ર), પરમ સંદિપભાઇ પટેલ (પુત્ર)

અનુભાઇ ઈશ્વરદાસ પટેલ (કાકા) જશવંતભાઇ ઈશ્વરદાસ પટેલ (કાકા)

અજીતભાઇ ઈશ્વરદાસ પટેલ (કાકા)

ફર્મ : આંગડીયા પટેલ સોમાભાઇ કંચનલાલની કંપની

સંપર્ક : હસમુખભાઇ 9879255888

(વેલેટ પાર્કીંગની વ્યવસ્થા રાખેલ છે)

## ૪. ધાર્મિક સંબંધી

**મહાશિવરાત્રી- મહાકુંભ**
નિમિત્તે 26/02/2025, બુધવારે (જાહેર રજા), શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન આયોજીત કરે છે ભવ્ય લઘુરૂદ્રી- રૂદ્રાભિષેક અને મહાકુંભનો સંયુક્ત ભક્તિમય કાર્યક્રમ કાંદીવલીમાં. સંપર્ક- 9082825482. (બી-૧૫૪૭૪)

## ૭. ખુશખબર

**સીનીયર સીટીઝન**
રોજના ૪૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડાશે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૪૨૮)

## ૯. લગ્ન સંબંધી

**"KAPIL SAGPAN"**
જૈન વૈષ્ણવ યુવક - યુવતીઓના બાયોડેટા Whatsapp ગ્રુપમાં મળશે. Sonali Sheth 8200877878. (દહેજ નહીં). (બી-૧૫૪૩૪)

■ પાર્લામાં 1979 એલ.એલ.બી. દેખાવડી એક્ટિવ ડાયવોર્સીને વેલસેટ યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

**વહેલો-પહેલો**
પરિચય સંમેલન 23/02/2025, રવિવારે, મુંબઈમાં સર્વજ્ઞાતિના લગ્નોત્સુક યુવક/ યુવતીઓના રજિસ્ટ્રેશન ચાલુ છે. શ્રીહરી ઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (બી-૧૫૪૨૨)

■ સુંદર મરાઠી કન્યા 27, ઊંચાઈ 5.'3", શિક્ષણ 12મી, કંપનીમાં કામ કરે છે પગાર 10,000 છોકરીના માબાપ નથી, કાકા કાકી સાથે રહે છે, અપેક્ષા છોકરો નિર્વ્યસની જોઈએ (તુરત લગ્ન) 9579032497. (દહેજ નહીં.) (બી-૧૫૫૭૧)

**"ક્રેકોંચી-50"**
અસંખ્ય વેરાયટી- વ્યાજબી પ્રિન્ટીંગ ભાવ- ડિલિવરી 6 દિવસમાં સંપર્ક જલારામ ઈન્દ્રપ્રસ્થ- બોરીવલી- 9820000538/ 9820441711. (દહેજ નહીં) (૧૫૬૨૪-એ)

**SAPTPADI**
Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela sheth" 9833676409/7045657510 (No Dowry). (15621-A)

## ૧૦. મહિલાઓ માટે

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૫૯૬/બી)

**સુરતીપોંક-ઉંધીયું**
મલાડમાં રોજેરોજ વહેલી સવારમાં આવતો વાનીનો લીલોછમ પોંક, લીંબુમરી સેવ, કતારની પાપડીનું ચટાકેદાર ઉંધીયું, મેથસન્સ, મલાડ 8657222700 (Wefastથી ડિલિવરી). (૧૫૫૫૬-ડી)

**શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ**
**જીવનસાથી પસંદગી સંમેલન ફક્ત બ્રાહ્મણો માટે**
રવિવાર તા. ૬ઠ્ઠી એપ્રિલ ૨૦૨૫, ઘાટકોપર માં યુવક-યુવતી પસંદગીની ઉમદા તક માટે
રજીસ્ટ્રેશન ફી : રૂા. ૫૦૦/-યુવક માટે યુવતી માટે નિઃશુલ્ક
યુવક - યુવતી ઉમેદવાર સહિત બે વાલી માટે-ચા-નાસ્તો, ભોજન તથા ઉમેદવારના કલર ફોટો સહિત સંપૂર્ણ માહિતી ધરાવતી બુકલેટની વ્યવસ્થા 'સમાજ' દ્વારા કરવામાં આવશે.
રજીસ્ટ્રેશનની આખરી તારીખ ૧૫મી માર્ચ ૨૦૨૫
રજીસ્ટ્રેશન અને ફોર્મ મેળવવા સંપર્ક : ૯૧૩૭૪ ૭૭૯૯૫
સમય : સવારે ૧૦.૦૦ થી ૧૨.૩૦ | સાંજે ૫.૦૦ થી ૭.૩૦
શ્રી ઘા.બ્રા. સમાજ કાર્યાલય જોષી લેન, મહાત્મા ગાંધી રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
ભાવના વ્યાસ-૯૧૬૭૯ ૨૭૯૩૦ | હર્ષાબેન દવે -૯૮૭૦૧ ૮૪૫૫૧
(દહેજ નહીં) (૧૫૬૧૦-એ)

**વૈષ્ણવ યુવક**
27/5'-5"/સ્વતંત્ર બિઝનેસ, કાંદિવલીમાં રહેવાનું માટે ડબલ ગ્રેજ્યુએટ Working કન્યા સંપર્ક 9664011380 - 9004992568. (દહેજ નહીં). (જેપી/૪૯૬૯-એફ)

■ અમેરિકામાં 1997, એમ.એસ. દેખાવડીને એક્ટિવ ફોરેન યુવક આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

■ પાર્લામાં 1978 ગ્રેજ્યુએટ બિઝનેસ ધરાવનારને દેખાવડી વૈષ્ણવ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

■ અમેરિકામાં 1994, માસ્ટર એન્જિનિયર હેન્ડસમ જૈનને એજ્યુકેટેડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

■ સી.એ. 1991, 5'4", હેન્ડસમ બ્રાહ્મણને વેલ ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય - 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૫૬૧)

■ અમેરિકન સિટીઝન ન્યુર્જર્સી NEVAR MARRIED VEGITARIAN જૈન યુવક 1970 બોર્ન IT Professional of IT Firm માટે અમેરિકન સીટીઝન /ગ્રીનકાર્ડ ઉચ્ચશાતી કન્યા જોઈએ રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૫૬૭)

■ મુંબઈનાં BE, MS. ડિવોર્સી યુવક - 1985 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૫૬૮)

■ મુંબઈની PG ડિવોર્સી 1991 કન્યાને NRI આવકાર્ય રાજેશ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં.) (બી-૧૫૫૬૯)

**યુવક**
Born oct'92, 5'8 DENTIST MDS Well Settled in Mumbai, Handsome, Pure Vegetarian, નિર્વ્યસની યુવક (વૈષ્ણવ ધર્મમાં માનતા) માટે સંસ્કારી, ગ્રેજ્યુએટ કન્યાના વડીલો સંપર્ક કરે. 9870155575 / 9892864570. (જ્ઞાતિબાધ નથી) (દહેજ નહીં.) (એસડીબી-૨૪૫૨)

**મેરેજ મેનેજર**
પરફેક્ટ ઉંમરમાં પરફેક્ટ જીવનસાથી મેળવવામાં બહુ મુશ્કેલીઓ થઈ રહી છે? તો સંપર્ક કરો - 9321693211. (દહેજ નહીં). (૧૫૩૨૧/સી)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693/ 7506569229. (બી-૧૫૩૬૬)

**શિયાળુ પાક**
વસાણાથી ભરપુર અડદીયા- સાલમ- ગુંદર- ખજૂરપાક, કચોરીયું, ઘારી, વિવિધ ચિક્કીઓ. મેથસન્સ, મલાડ 9930222700. (૧૫૫૫૬-સી)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૨. યાત્રા સહેલગાહ

**સ્પેશલ ડિસ્કાઉન્ટ**
કૈલાશ માનસરોવર યાત્રા, નેપાળ મુક્તિનાથ યાત્રા યશસ્વીની ટ્રાવેલ 9969531161. (૧૫૫૯૬/એ)

**કુંભ સ્નાન**
ચિત્રકૂટ, પ્રયાગરાજ અયોધ્યા ગોરખપુર પોખરા કાટમંડુ બનારસ 7 માર્ચ જયઅંબે જગદીશભાઈ 9930929799. (૧૫૫૫૫-એ)

કાશ્મીરના 10 ગ્રુપો હાઉસફૂલ્લ ! બધાજ ગ્રુપોમાં જબરદસ્ત બુકીંગ. આભાર!
2000 PP તથા 5000 PP ડિસ્કાઉન્ટ ટુંક સમય માટે લંબાવેલ છે.
કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફૂડ કારનીવલ.
સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ
**કાશ્મીર લેહ લડાખ**
ચેલેંજીંગ ભાવે પરફેક્ટ પેકેજ
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ. સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ બિસ્લેરી
બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 3 પ્રસ્થાન
સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કેરાલા, હિમાચલ, ઉત્તરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
26 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ સતીશભાઈ શાહ
**પૂજા ટુર્સ** 9869066942 9869056942 9869010141
ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com
(જેપી/૪૯૭૧-એ)

**બદ્રીકેદાર**
ગંગોત્રી યમનોત્રી હરીદ્વાર ઋષિકેશ મે, જૂન, સપ્ટેમ્બર. જયઅંબે જગદીશભાઈ 9930929799. (૧૫૫૫૫-બી)

**લકઝરી રાજસ્થાન**
જયપુર, અજમેર, પુષ્કર નાથદ્વારા, સાંવરિયા શેઠ, ચિતોડગઢ, રણથંભોર પ્રસ્થાન 10/3, 12/4 દિવસ-8 ગ્લોબલ ટુર્સ-9967894750. (બી-૧૫૫૪૭)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૪૨૯)

**ચારધામ યાત્રા**
યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ બદ્રીનાથ 21 મે / 10 જુન / 20 જુન યશસ્વીની ટ્રાવેલ 9969531161 / 9930620105. (૧૫૬૦૮-બી)

**પાસપોર્ટ વિઝા**
આધારકાર્ડ, પેનકાર્ડ, મેરેજ સર્ટિફિકેટ, ગેઝેટ, હોટલ, ઈન્સ્યોરન્સ. 9821376776. (બી-૧૫૫૫૫)

॥ શ્રી હરિ ॥
**દિવ્ય ટુર**
શશીકાંત કે. પાઠક શાસ્ત્રીજી દ્વારા સંચાલિત
39 વર્ષના અનુભવી
ચારધામ યાત્રા હેલીકોપ્ટર દ્વારા 4N 5D
ચારધામ યાત્રા ચોપતા સાથે
કેદારનાથ હેલીકોપ્ટર ટિકિટ ઉપલબ્ધ છે
કાશ્મીર | યુરોપ | ભુતાન
9819304112
(બી-૧૫૫૨૧)

**મહાકુંભનો મોકો**
AC પુશબેક મિનિબસ - હોટલ સાથે પ્રયાગરાજ ઉપરાંત ચિત્રકૂટ, અયોધ્યા, વારાણસી, પ્રસ્થાન આવતીકાલે 16/2 (બે સીટો) 22/2 (ગ્રુપ આવકાર્ય) ગ્લોબલ ટુર્સ - 9967894750. (બી-૧૫૫૬૨)

## ૧૪. નોકરી ખાલી છે

**મલાડ**
માર્કેટીંગ, સેલ્ફ એમ્પ્લોઈડ, એમ્બીશિયસ લોકો, 12મી પાસ, વધારે, 25થી 60 વર્ષના. 9930774809. (૧૫૬૧૭-એ)

**FRESHER FEMALE**
Well-Reputed PHARMA Company at Andheri (East) requires Fresher (1) Lady Office Assistant and (2) Lady Office Admin staff. Candidate must have thorough Computer Knowledge & must be well-versed in day-to-day Office routine work. Kindly send your CV to: poltd@panchsheelorganics.in (KP-2527-A)

**INNOVATIVE E-TECH PVT. LTD.**
Requires candidates looking for long term career with a strong IT (Information Technology) Distributor Company
**Prouduct Sales Manager /Territory Sales Manager:**
Candidates with 3+ yrs experience Generating leads - Closing-in leads- B2B Product sales - of Lasers, Engravers & Scanners- Good communication & Excel skills
**Walk in Interview: Sat & Mon : 15 & 17 Feb (10am to 1pm)**
A-50, 4th Floor, Royal Industrial Estate, Naigaon Cross Road, Dadar (East), Mumbai - 31.
admin@innovativeindia.com
(15615-A)

AADI ACADEMY GOREGAON Requires Pre Primary & Primary Class Teachers & English, Sanskrit Teachers with min. 2 Yrs. exp. Resume via WhatsApp 9004090800. Email:info@aadiacedemy.com (B-15558)

**INNOVATIVE REALEST PVT. LTD.**
requires the following candidates looking for long term career
**Purchase Exe/Mgr**
Candidates with 3+ yrs experience for Purchase Negotiation, Vendor Searching & Screening, Generating PO's in Tally Real-Estate sector experience
**Legal & Admin Exe/Mgr**
Candidates with 3+ yrs experience for Drafting & Reviewing all legal documents (Purchase deed, Sale/ Transfer deed etc.) Filing & Document Controller, Communications with stakeholders Experience in Real-estate sector
**Walk in Interview: Sat & Mon : 15 & 17 Feb (10am to 1pm)**
A-50, 4th Floor, Royal Industrial Estate, Naigaon Cross Road, Dadar (East), Mumbai - 31.
admin@innovativeindia.com
(15615-B)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
વેચાણથી-રો હાઉસ બંગલો, નો-ટ્રાફિક, નો-પોલ્યુશન - સંપર્ક:- 9323650893. (૧૫૫૭૪-બી)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૭૯૪૭૭૫૫. (બી-૧૫૫૩૪)

**ઘાટકોપર (ઈસ્ટ) 60' રોડ**
પ્રાઈમ લોકેશન - 4 બેડરૂમ, હોલ, કિચન - 1450' કારપેટ, 2 પાર્કિંગ સાથે, 4.99 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 1050' યુઝેબલ કારપેટ, ફૂલી ફર્નિશ્ડ, 2 પાર્કિંગ, 3.25 Cr, 3 બેડરૂમ, હોલ, કિચન - 920' કારપેટ, પાર્કિંગ, 2.99 Cr. 2 બેડરૂમ, હોલ, કિચન - 775' કારપેટ, પાર્કિંગ, 2.60 Cr. Homealone Property. જુન્નુ શાહ - 9833352224. (૧૫૫૭૦-એ)

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશનની સામે, રેડીમાં 3 બેડરૂમ 1195' ફૂટ બે પાર્કિંગ સાથે, હાયર ફ્લોરમાં વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૬૫)

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશનની સામે, રેડીમાં ૧ બેડરૂમ ૪૦૦' તથા ૪૭૫' ફૂટ (પાર્કિંગ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૧૪)

**જુહુ**
3 બેડરૂમ 2000' કાર્પેટ Community બિલ્ડિંગ સ્વિમિંગપૂલ, જીમ, ગાર્ડન, બેન્કવેટ સાથે વેચાણથી. મી. દેસાઈ - 8591072299, 7738934973. (એસડીબી-૨૪૪૧)

**જુહુ ગુલમોહર રોડ**
4 બેડરૂમ 2370' કાર્પેટ 10.5' સીલીંગ હાઈટ, બ્રાન્ડ ન્યુ બિલ્ડિંગ એમેનીટીઝ સાથે.- મી. દેસાઈ - 9821096320, 7738934973. (એસડીબી-૨૪૪૨)

**જુહુ જેવીપીડી**
પ્રીમિયમ ફુલ્લી ફર્નિશ્ડ ડુપ્લેક્સ ફ્લેટ 4000' કાર્પેટ 4 પાર્કિંગ સાથે વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 7738934973. (એસડીબી-૨૪૪૩)

**જુહુ**
મલ્ટીપલ પ્લોટ્સ 500 સ્કે. યાર્ડથી 1500 સ્કે. યાર્ડથી વેચાણથી મળશે. સંયુક્ત સાહસ પણ ચાલશે. - મી. દેસાઈ - 9821096320. (એસડીબી-૨૪૪૪)

**જુહુ ગુલમોહર રોડ**
મલ્ટીપલ ટોપ ક્લાસ બિલ્ડરના પ્રોજેક્ટમાં 3, 4, 5 બેડરૂમના ફ્લેટો - પેન્ટ હાઉસ વ્યાજબી ભાવે લેવા. - મી. દેસાઈ - 7738934973, 8591072299. (એસડીબી-૨૪૪૫)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફૂટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૫૦૪)

**ડિસ્ટ્રેસ સેલ ફ્લેટ્સ ઘાટકોપર ઈસ્ટ માં**
2 BHK (635'+180')
3 BHK (1000'+150')
OC, પાર્કિંગ
ગુજર તથા ઈન્વેસ્ટર્સ માટે
વિવેક : 98208 56671
સંજય : 98210 08455
(૧૫૫૮૭-બી)

**મલાડ (વેસ્ટ)**
માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી લેવા - ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૪૩૯)

**કોલાબા**
ટેલિફોન ભવન સામે લિવલાયસંસ ૧ BHK અનફર્નિશ્ડ 85000, પેડર રોડ જસલોક સામે ફુલ્લી ફર્નિશ્ડ 90000 તુરંત કબજો. 9820296693 કટારિયા એજન્ટ. (૧૫૫૮૨-એ)

**ખાર (વેસ્ટ)**
તદ્દન નવા બિલ્ડીંગમાં 3 બેડરૂમ એરિયા ૧૬૧૦' કારપેટ, ૫ બેડરૂમ ૨૩૦૦' કારપેટ, પોશ લોકેશન, ફક્ત ગુજરાતી માટે, જીમ્નેશીયમ સાથે, તુરંત વેચવાના. ફોન: ૯૮૬૭૧૫૩૩૭૭. (બી-૧૫૫૧૯)

**ઘાટકોપર (ઈસ્ટ)**
પ્રાઈમ લોકેશનમાં, ૨, ૨ ૧/૨ બેડરૂમ, હોલ, કિચન ભાડેથી આપવા છે. મુકેશભાઈ (બ્રોકર). 9323030141- 8169019857. (૧૫૫૭૦-બી)

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશનની નજીક, બે રેડી ટાવરમાં 1/2/3/4 બેડરૂમ તથા બે અંડરકન્સ્ટ્રકશન ટાવરમાં 2/3 બેડરૂમ તથા જોડીમાં ફ્લેટો, 31500/-થી. (બધા ખર્ચાઓ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૧૬)

**પેડર રોડ**
જશલોક સામે લિવલાયસંસ 1 BHK ફુલ્લી ફર્નીશ્ડ ભાડું 90000/- તુરંત કબજો. 9820296693 કટારિયા એજન્ટ. (૧૫૫૯૮/એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016- 9082933313. (૧૫૫૦૫-એ)

**પાર્લા વેસ્ટ**
સ્ટેશનની બાજુમાં 3 બેડ ભાડા પર (1.30 લાખ) વેચાણથી 3.90 કરોડ. 7045622403. (બી-૧૫૫૨૭)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી - બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3 - બેડરૂમ તેમજ 4 - બેડરૂમ એમિનિટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન વિથ OC. "નવકાર રીઅલ એસ્ટેટ" 8356990950. (જેપી/૪૯૬૯-સી)

**દાદર હિન્દુ કોલોની**
રેડી પઝેશન 1 RK, 1-2-3-4 BHK નવા ટાવરમાં. જીતુભાઈ. 9869322453. (૧૫૫૭૯-એ)

**મુલુંડ (વેસ્ટ)**
2 BHK, 715 Sq. Ft. ડો. આંબેડકર રોડ અને RHB રોડ પર, પાર્કીંગ, OC સાથે ફ્લેટ વેચવાનો છે. નવું બિલ્ડીંગ. સંપર્ક - 9930333456. (૧૫૫૬૬-એ)

**ઘાટકોપર ઈસ્ટ**
**રાજાવાડી**
**4 BHK**
• 1800 કારપેટ
• ફર્નિશ્ડ • રેડી પઝેશન
99201 29866
98210 81575
PRAKASH KAMDAR
Maha Rera No. A51800036615 maharera.mahaonline.gov.in
(એસડીબી-૨૪૬૧)

■ પાર્લા (વેસ્ટ)માં વેચાણથી. ત્રણ બેડરૂમ, બે બેડરૂમ, સિંગલ રૂમ (૨૨૦ કારપેટ) તથા દુકાનો ભાડેથી ૨૫૦, ૪૦૦, ઓફિસો ૧૧૦૦, ૭૨૦. સંપર્ક: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૫૯૩/બી)

**ઘાટકોપર ઈસ્ટ-વેસ્ટ**
૧ થી ૬ બેડરૂમના ફ્લેટ તથા ઓફિસ, દુકાન લેવા, વેચવા, ભાડેથી હિતેશભાઈ ૯૯૨૦૯૨૭૯૫૮, ૯૮૨૦૦૦૮૦૦૩. (૧૫૬૦૨-એ)

**KANDIVALI (WEST)**
2 BHK Furnished - સાઈનગર એમ. જી. રોડ. ૮૨૪ usable કાર્પેટ, 1.70 Cr negotiable. બ્રોકર આવકાર્ય. Contact 7666263383, 9323737062. (જેપી-૪૯૭૧-સી)

**દાદર (વેસ્ટ)**
54 માળના બંધાતા ટાવરમાં 2 BHK - 818' કાર્પેટ, જોડી શક્ય, 3.50 Cr થી શરૂ. દેરાસર, મંદિર નજીક. 9819122491/ 9920244534. (જેપી-૪૯૭૨-એ)

**માટુંગા સેન્ટ્રલ**
ફોર સેલ, જે વેદાંત, શેઠ બી એન રોડ, ૨ બીએચકે ફ્લેટ, ૭૪૧ કાર્પેટ, છઠ્ઠા માળે, લીફ્ટ, પાર્કિંગ છે, માટુંગા સ્ટેશન, દેરાસર અને કિંગ્સસર્કલથી ૫ મિનિટ, 3.35 કરોડ નેગોશીએબલ. સંપર્ક: ૯૮૨૧૪૨૪૬૫૯. (બી-૧૫૫૪૩)

**4-બેડરૂમ-હોલ-કિચન**
**4-કાર-પાર્ક**
**ઘાટકોપર-પૂર્વ**
જૈન મંદિર, ગાર્ડન, જીમ, મેટ્રો સ્ટેશન પાસે, MICL
વેચાણ માટે સંપર્ક: MySpace Realty
9920 204 214
(૧૫૬૧૩-બી)

**ખેતવાડી**
મોકાની જગ્યા - ૧ રૂમ અને કિચન ફર્નિશ્ડ ગાર્ડન - ભાડેથી આપવાનો છે. 9323151505. (૧૫૬૧૫-સી)

**"વિરાર"**
સચોટ માર્ગદર્શન, વ્યવહારમાં પારદર્શિતા, પ્રોપર્ટી લેવા, વેચવા - Rupesh Shah 9323480190. (૧૫૬૧૪-એ)

**પ્રભાદેવી**
2 BHK (800' કાર્પેટ) + ક્લોઝ્ડ ગેરેજ + ઓપન પાર્કીંગ - ઓછું મેન્ટેનન્સ, આઉટરાઈટથી (3.75 કરોડ). "જીતુભાઈ" 9869322453. (૧૫૬૧૫-એ)

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશન/ મેટ્રોથી 2 મિનિટે, રેડી ટાવરમાં હાયરફ્લોરના, 3 બેડરૂમના ફ્લેટો 3,45,00,000/- ઓલ ઇન્કલુજીવ (2 પાર્કિંગ સાથે) વેચાણથી. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૪૫૬)

**ગોવાળીયા ટેંક**
1 1/2 બેડરૂમ 540'- કાર્પેટ - પાર્કીંગ ફરનીશ્ડ - 3,25,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૦/એ)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - 785' - ફરનીશ્ડ - 2,60,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૨૦/એ)

**ગામદેવી**
2 1/2 બેડરૂમ- 825' - કાર્પેટ - પાર્કીંગ - 5,0000000/= સ્ટેમ્પડ્યુટીની સાથે શાહ - 9820068382. (૧૫૩૨૦/એ)

**નાનાચોક**
1 બેડરૂમ- 400' - કાર્પેટ - પાર્કીંગ - 1,50,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૫૩૨૦/બી)

**વર્લી**
3 બેડરૂમ- 1100' - કાર્પેટ - પાર્કીંગ - સી.ફેસીંગ 5,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/બી)

**તારદેવ**
3 બેડરૂમ- 800' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/બી)

**તારદેવ**
3 બેડરૂમ- 1600' - કાર્પેટ - પાર્કીંગ - 6,50,00000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/સી)

**ગામદેવી**
4 બેડરૂમ- 1500' - કાર્પેટ - પાર્કીંગ - 7,50,00000/= શાહ- 9820068382. (૧૫૩૨૦/સી)

**વાલ્કેશ્વર**
4 બેડરૂમ - 1850' - કાર્પેટ - ગેરેજ - સી.વ્યુ. 14,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/સી)

**મલબાર હીલ**
3+4 બેડરૂમની જોડી. 3500'- 2 ગેરેજ- પાર્કીંગ- સી ફેસીંગ શાહ- 9820068382. (૧૫૩૨૦/ડી)

**ગામદેવી**
4 બેડરૂમ- 1500'- 2 પાર્કીંગ- - ફરનીશ્ડ સી.વ્યુ, 13,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/ડી)

**બાબુલનાથ**
3 બેડરૂમ- 1800'- કાર્પેટ- પાર્કીંગ- 10,0000000/= નેગોશીએબલ શાહ- 9820068382. (૧૫૩૨૦/ડી)

**બોરીવલીમાં - વલસાડમાં -**
સામખીયારીમાં મકાન - બંગલા - ફ્લેટો લેવા / આપવા મળો 9022470425. દામજીભાઈ ગડા. (૧૫૬૧૮-એ)

■ વિલેપાર્લે (વેસ્ટ) ઈર્લામાં 30 વર્ષના અનુભવી રેપ્યુટેડ બિલ્ડરના નવા બંધાતા RERA રજિસ્ટર્ડ પ્રોજેક્ટમાં સ્પેશિયસ ૨ બેડરૂમના - 718' તથા 747' કાર્પેટ ફ્લેટ્સ (જોડીમાં પણ ઉપલબ્ધ). ટાર્ગેટ પઝેશન: ડિસેમ્બર, 2025 (વેચાણ ભાવ: 35000/- પ્રતિ કાર્પેટ). સેમ્પલ ફ્લેટ તૈયાર. સાઈટ વિઝીટ તથા વધુ જાણકારી માટે સંપર્ક: 9867953968/9870839081. (બી-૧૫૫૬૫)

**4-બેડરૂમ-હોલ-કિચન**
**3-કાર-પાર્ક**
**માટુંગા-પૂર્વ**
વેલિંગકર ઈન્સ્ટિટ્યૂટ નજીક
1-ફ્લેટ, 1-ફ્લોર.
1850' કાર્પેટ
વેચાણ માટે સંપર્ક: MySpace Realty
9920 207 214
(૧૫૬૧૩-બી)

**બોરીવલીમાં/કાંદિવલીમાં**
કલ્પતરુમાં/લોઢામાં/રીવાલી પાર્કમાં/ ઓબેરોયમાં/ચાંડકમાં/સેડિયામાં/ શાપુરજીમાં/વાધવામાં/ગોદરેજમાં/ મહિન્દ્રામાં. લેવા/વેચવા/ભાડેથી "શ્રીજી" 9820045571. (જેપી/૪૯૭૨-ઈ)

**બોરીવલી (વેસ્ટ)**
ચંદાવરકર રોડ સ્ટેશનથી 2 મિનિટે દેરાસર, ઉપાશ્રય, હવેલી, માર્કેટ નજીક ગાર્ડન વ્યુ બિલ્ડિંગમાં 2 બેડરૂમ હોલ કિચન 644' કારપેટના હવાઉજાસવાળા વિશાળ ફ્લેટ્સ (ઈસ્ટ-વેસ્ટ ઓપન) 24 કલાક પાણી, રેડી પઝેશન, OC સાથે (2 કરોડ FULL PACKAGE) S. M. LIFE SHREEJI DEVELOPERS LLP. 9820227985, 9323229358. (૧૫૬૧૭-બી)

**"કાંદિવલી-બોરીવલી"**
"(વેસ્ટમાં) 1/2/3 બેડરૂમના મોટા કાર્પેટવાળા ફ્લેટ્સ વેચવાના/ ભાડેથી'':- 7710979702/ 9930626313. (૧૫૬૨૨-એ)

**'૧૮,૦૦૦/-''**
"દહિસરમાં ભાડેથી 1 બેડરૂમ તથા વેચાણમાં 70,00,000/- 75,00,000.'' ''હાર્દિકભાઈ''- 7021281534. (૧૫૬૨૨-બી)

**કોલ ઓનર-ઘાટકોપર (ઈસ્ટ)**
૬૦' રોડ, પ્રીમિયમ ન્યુ ટાવર, ૨ બેડરૂમ અનટચ રીસેલ ફ્લેટ લેવા. 7208215105. (૧૫૬૧૯-એ)

**VILE PARLE EAST**
Available on Outright Sale
**Luxurious 3 BHK**
Usable Carpet 1700 sq.ft.
• 3 Toilets • 2 Walkin Wardrobes
• Fully Furnished & Air-Conditioned
• Balconies in all Rooms • Vastu Compliant
• 3 Prime Parkings • Higher Floor
• Italian Marble Flooring in Living Room
• Premium Wooden Flooring in Bedrooms
• Italian Marble Finished Vanity Tops in Toilets.
• Close to Reputed Educational Institutions & Prime Hospitals.
• Prime Locality • 2 Minutes from Station
• 5 Minutes from Airport
• Ideally Suited for NRIs,
Contact : 98200 72941
(B-15574)

**કાંદીવલી વેસ્ટ**
વીર ટાવર, દેવનગર દેરાસરના સાનિધ્યમાં 3 બેડરૂમ વેચાણથી યુઝેબલ કારપેટ 1300'/ 5.25 કરોડ નીગોશીએબલ, 1 પાર્કિંગ ફુલ્લી ફર્નિશ લેવા ભરતભાઈ 9821061741- 9619191741. (જેપી/૪૯૭૧-ડી)

**વિ. પી. રોડ**
સિક્કાનગર પાસે 3 બેડરૂમ+ પાર્કીંગ ઓનરશીપથી/ શુભમ ટાવરમાં 1 બેડરૂમ 390/425 ભાડે/ ઓનરશીપથી/ નવજીવન સોસાયટી સામે, શક્તિસદનમાં 1 બેડરૂમ ૫૮૦ રોડ સાઈડ લીવલાયસંસથી સંતોષ 9820034317. (બી-૧૫૫૭૨)

**સુરેન્દ્ર ગાલા**
સાંતાક્રુઝ (ઈસ્ટ/વેસ્ટ) 1/2/3 બેડરૂમ રેડી- બંધાતામાં, ભાડેથી/ વેચાણથી, લેવા-આપવા. 9870026887, Paras- 8879989196. (૧૫૬૧૪-ઈ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ફ્લેટ, ઓફિસ, દુકાન/ ભાડે/ વેચાણથી લેવા- વેચવા રાજેશભાઈ સાવલા- 9892329269. (૧૫૬૨૬-એ)

**મુલુંડ (વેસ્ટ)**
વન બેડરૂમ, સ્ટેશન નજીક, ૧,૦૫૦૦,૦૦૦/=, પેંકેજ ટુ બેડરૂમ કાલીદાસ પાસે ૧,૬૦,૦૦,૦૦૦/-, પ્રેસ્ટીજ, થ્રી બેડરૂમ, પાંચ રસ્તા, ફુલ્લી ફર્નિશ્ડ, ૨,૫૦,૦૦,૦૦૦/= એલ. બી. એસ. ટુ એન્ડ હાફ નિર્મલ જીરકોન ૧,૪૫,૦૦,૦૦૦/= ''કોઠારી''. 9820330993. (બી-૧૫૫૭૩)

**લીઝ ફ્લેટો**
૨/૩/૪ બેડરૂમ ફર્નિશ્ડ ફ્લેટો લીઝ ૩ બેડરૂમ ઓનરશીપ જુહુ ધારા કોમ્પ્લેક્ષ જેવી લીંકરોડ ૧ બેડરૂમ જુહુ ગ્રીનફિલ્ડ ૪ બેડરૂમ પાર્લા (વેસ્ટ) લીઝ, બી. નરેન્દ્ર જોશી ૯૮૨૦૨૯૪૯૨૨, ૯૧૬૭૩૦૯૮૬૯, ૯૮૯૨૨૭૭૭૭૫. વિશાલ. (૧૫૬૧૬-સી)

**જુહુસ્કીમ**
નવું બિલ્ડિંગ, મોર્ડન, એમેનીટીસ, 2 બેડરૂમ ભાડેથી, 1000' કારપેટ, 2 કાર પાર્કિંગ, મોડયુલર કિચન, 3 ટોયલેટ, 3 A.C., 2,10,000/= નેગોશીએબલ અને 3 બેડરૂમ વેચાણથી 1270' 2 કાર પાર્કિંગ, 7.61 CR. બંકીમ એસ્ટેટ-9322246219. (૧૫૬૨૫-એ)

**સાંતાક્રુઝ વેસ્ટ**
ફિરોજશા રોડ આઉટરાઈટથી કલ્પતરુ ઈમ્પેરિયા 3 બેડરૂમ 1069 કાર્પેટ + 2 પાર્કિંગ "રીમા એસ્ટેટ" 9820000627/7045660627. (એસડીબી-૨૪૬૦)

**અંધેરી વેસ્ટ**
ઉપાશ્રય લેન નવા બિલ્ડિંગમાં 1 બેડરૂમ 442 કાર્પેટ "રીમા એસ્ટેટ" 9820000627/7045660627. (એસડીબી-૨૪૫૯)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/કોમર્શિયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૪૫૮)

**DADAR WEST,**
3 Min from Station Tallest Tower Launch All Amenities, Nr Jain Mandir, 2 Bed 3.75 Cr + 3, 4 Bed 7.40 Cr + Xclusive Offers on Visit 9819016316, 8655739820. (B-15432)

**MATUNGA E,**
Main Road 2 BHK 920 Cpt Bldg with Pool, Gym, 4.95 Cr ++ Genuine Seller 4 BHK 1400 + Cpt 6.99 Cr + Tax +91 98192 27923, +91 86559 29524. (B-15433)

**TANNA HEIGHTS**
OC Received, Parekh Gally, Opposite Jain Derasar, Kandivali (West), Sale - 3 Bedroom - 1179', 2 Bedroom - 725'. [Owner] 98210 49249. (15578/A)

**VAKOLA, SANTACRUZ EAST**
PRIME LOCATION - Flat For Sale
• New Tower
• 3 BHK
• 1155' usable carpet
• Parking
Immediate Possession with O.C.
For Details Contact 11.00 am onwards:- 9821019093
(15623-A)

**KANDIVALI EAST**
2 BHK, Thakur Village, Reputed Builder, Higher Floor, One minute WEH, Metro Station, Thakur College, Bus Stop, Rickshaw Stand, Temple, Chemist, Doctor, Grocery Store Below Building (Broker excuse) Call Owner: 9820112323. (15550-A)

VILE PARLE EAST, NEW BUILDing, 3 BHK, 11th Floor, 1000 Carpet, Parking, O.C., 4 Side Open, 3.75 Cr. Negotiable. Contact- 9321061955, 7977154118. (SDB-2455)

**VILEPARLE EAST**
Hanuman Road, 1RK 240 Carpet, 3rd Top Floor, No Lift, 1.15 Nego. 9082123289. (B-15564)

**VILEPARLE (EAST)**
Available Outright 4 BHK At 2300 Usable At Prime Location Duplex Flat with Terrace Higher Floor, Price 10.50 Negotiable. Contact: Dilip Jain- 9820268645. (15614-C)

**READY POSSESSION**
3 BHK Borivali West. 32 floor building near Railway and Metro station 968' Carpet area for Rs. 3,08,95,000/-* with luxurious Amenities 11th floor with surface Car Parking. group booking welcome. - 8451880090, 9967430313. (JP/4972-G)

(જુઓ પાનું ૧૨) ▶▶

## કેવીક છે આ 'ક્વિક કોમર્સ'ની કમાલ?




**હવે ૩૦ને બદલે માત્ર ૧૦ મિનિટમાં જ ઓનલાઈન ઓર્ડર મુજબનું ફૂડ ઘેર પહોંચાડવાની સર્વિસથી લોકો ટેવાઈ રહ્યા છે ત્યારે મનગમતી વાનગીઓ ઉપરાંત 'માગો તે મળે અને માગો ત્યારે મળે' એ પણ ગણતરીની મિનિટમાં જેવી જે 'ક્વિક સર્વિસ' સેવા હમણાં શરૂ થઈ છે એની એક ઝટપટ ઝલક**

### ક્લોઝ અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

નિત નવી આવતી ટેક્નોલોજિના પ્રતાપે આપણે -ખાસ કરીને આપણી યુવા પેઢીના જીવનના દરેક તબક્કે એમની લાઈફ સુપર સોનિક ઝડપી બની ગઈ છે. એમણે બધું જ બધું જ ફટાફટ કરવું છે. શ્વાસ લેવા માટેય પોરો ખાવો નથી. આજના અતિ ઝડપી જીવનની આ જ તાસીર છે.

કામના દબાણ હેઠળ જે પણ કંઈક સમય મળે એમાં કોઈ રેસ્ટોરાં કે ફૂડ-કોર્નરમાં જે તૈયાર મળે એ ફૂડ- વાનગી ઝાપટી લેવાની બધાને આદત પડી ગઈ છે. એ જ એમની જીવનશૈલી બની ગઈ છે.

આવી આપણી ફાસ્ટ લાઈફ સાથે ફાસ્ટ ફૂડ જડબેસલાક એ હદે સંકળાઈ ગયું છે કે વ્યસ્ત લોકો સમયના અભાવે ઓનલાઈન ઈચ્છિત ફાસ્ટ ફૂડ ઑર્ડર કરી દે અને ગણત્રીની મિનિટોમાં એ તમારી ઑફિસ કે ઘરઆંગણે પહોંચી જાય. આવા ફાસ્ટ ફૂડની જરૂરિયાત વધી રહી છે પરિણામે ફૂડ સપ્લાયર્સની સર્વિસ સાથે ઓનલાઈન 'ક્લાઉડ કિચન' કે 'ઘોસ્ટ કિચન'ની સંખ્યા જેટ સ્પીડે વધી રહી છે,

'માગો તે મળે અને માગો ત્યારે મળે' એવી સુવિધાથી લોકો એટલા બધા ટેવાઈ ગયા છે કે એમની ભાવતી ખાણી-પીણીની ફરમાઈશ પૂરી કરવા ઓનલાઈન ફૂડ સપ્લાયર્સમાં રીતસરની ગળાકાપ સ્પર્ધામાં હવે નવો વળાંક આવ્યો છે.

'૩૦મિનિટમાં તમારી ફૂડ આઈટમ ઘેર ન પહોંચાડીએ તો બિલ ન આપતા ને ઉપરથી અમને 'ફટ' કહીજો !' એવી છાતી ઠોકીને અપાતી ખાતરીને બદલે હવે એક નવો ખેલ શરૂ થયો છે. ઓનલાઈન ઓર્ડર કરેલું ફૂડ ૩૦ મિનિટને બદલે ગણત્રીની માત્ર ૧૦ મિનિટમાં જ નિયત સ્થળે પહોંચાડવાની હોડ લાગી છે, જેને લઈને વિવિધ સોશિયલ નેટવર્કિંગ મીડિયાથી લઈને અખબારોમાં જબરી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

જો કે, 'ઝોમેટો'ના એક સ્થાપક દિપિન્દર ગોયલ કહે છે કે અમે જે ૩૦ મિનટમાં ફૂડ પહોંચતું કરીએ છીએ એ આજની અતિ ફાસ્ટ લાઈફમાં બહુ સ્લો ગણાય એટલે અમે અમુક શહેરોમાં આ 'ટેન મિનિટ એક્સપ્રેસ ડિલિવરી' સ્કીમ અમલમાં મૂકી છે. અલબત્ત, અત્યાર તો અમુક પ્રકારની વધુ ખપતવાળી પોપ્યુલર ડિશ અને એ પણ અમુક વિસ્તાર મુજબમાં જ મળે એવી વ્યવસ્થા ગોઠવી છે.

નજીકના ભવિષ્યમાં આ યોજના અમે અન્ય શહેરો તથા બની શકે એટલાં બધાં વિસ્તારોમાં વિસ્તરણ કરીશું '

જોકે, 'ઝોમેટો ક્વિક'ની પહેલાં 'બ્લિન્કીટ' ની 'બિસ્ટ્રો' તથા 'સ્વિગી'ની 'બોલ્ટ' નામની સર્વિસ આવી 'ટેન મિનિટ સપ્લાય' સર્વિસ શરૂ થઈ ગઈ છે.

અલબત્ત, આ બધા વચ્ચે માત્ર ઓનલાઈન ફૂડ્- ખાદ્ય પદાર્થ ઉપરાંત હવે તો અન્ય સામગ્રી પણ ઓછામાં ઓછા સમયે ઓફિસ કે ઘેર પહોંચાડવાની સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. આવી અતિ ઝડપી સર્વિસને લીધે ધંધામાં નાણાંનો વ્યવહાર ઘણો વધ્યો છે. એને સોશિયલ મીડિયામાં 'કવિક કોમર્સ' જેવું રૂપકડું નામ પણ મળ્યું છે.

આ 'ક્વિક કોમર્સ' હકીકતમાં કઈ રીત કામ કરે છે ?

Q-કોમર્સ એ ઈ-કોમર્સનો એક પ્રકાર છે. અહીં જે ચીજ -વસ્તુઓની બહુ ડિમાન્ડ હોય એનો 'ડાર્ક સ્ટોર્સ' તરીકે ઓળખાતાં વેરહાઉસમાં સંગ્રહ કરવામાં આવે છે. આ 'ડાર્ક સ્ટોર્સ' અમુક વ્યૂહાત્મક સ્થળે ગોઠવેલાં વેરહાઉસનો ઉપયોગ કરે છે. ઓછામાં ઓછા સમયમાં જોઈતો માલ -સામાન ગ્રાહકને પહોંચી જાય એ માટે સમય અને ડિલિવરી રૂટ્સ નક્કી કરવા GPS (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ) અને AI (આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ)નો ઉપયોગ કરવામાં આવે છે.

ક્યુ-કોમર્સની કંપની કયા માલની માંગ વધુ હશે એની આગાહી કરી એનું સંચાલન માટે AI અને ડેટા એનાલિટિક્સ ટેકનિકસનો ઉપયોગ કરે છે. ક્યુ-કોમર્સ પ્લેટફોર્મ ગ્રાહકો ચોવીસ કલાક ખરીદી કરી શકે અને એમને રાઉન્ડ ધ કલોક સેવા આપી શકે એવી ડિલિવરી ચેનલ્સને પણ કામે લગાડે છે.

વેચાણ વધારવા 'ક્વિક કોમર્સ'નાં પ્લેટફોર્મ્સ અનેકવિધ નવા નવા ગુડસ-ચીજવસ્તુ પોતાનાં સેલ-લિસ્ટમાં ઉમેરી રહ્યાં છે એની સાથે એમનાં 'ડાર્ક સ્ટોર્સ'ની સંખ્યા પણ વધી રહી છે. આજની તારીખે 'સ્વિગી' પાસે બીજાં નવાં ૯૫ ઉમેરીને કુલ ૭૦૫ જેટલાં 'ડાર્ક સ્ટોર' છે તો 'ઝેપ્ટો' ૯૦૦ અને 'બ્લિન્કીટ' ૧૦૦૦ જેટલાં 'ડાર્ક સ્ટોર' ધરાવે છે અને આ વર્ષના ઉત્તરાર્ધમાં એક અંદાજે બધામાં મળીને 'ડાર્ક સ્ટોર'ની સંખ્યા પાંચ હજાર ૫૦૦ સુધી પહોંચી જશે...!

આ બધા વચ્ચે, 'ક્વિક કોમર્સ' કંપનીઓમાં અત્યારે ૨ લાખ ૬૦ હજાર જેટલા ફાસ્ટ ડિલિવરી મેનનો સ્ટાફ કાર્યરત છે અને આ સ્ટાફની સંખ્યામાં ૨૦૨૫ના અંતે બીજા ૧ લાખ ૫૦ હજારનો વધારો થવાનો છે!.

આ બધી આંકડાબાજીથી ફલિત થાય છે કે 'ક્વિક કોમર્સ'ની કામગીરી અને એની લોકપ્રિયતા ન ધારેલી ક્વિક ગતિએ વધી રહી છે!

ક્વિક કોમર્સનાં પ્લેટફોર્મ્સ પરથી લોકો માત્ર ફાસ્ટ ફૂડ જ નથી મંગાવતતા. અહીં તો જાતભાતની વસ્તુઓની માગણી થાય છે. તાજેતરનો એક સર્વે કહે છે કે 'સ્વિગી' જેવા ફાસ્ટ ફૂડ સપ્લાયરને ૨૦૨૪ના એકલા બિરયાનીના ૮ કરોડ ૩૦ લાખના ઓર્ડર મળ્યા હતા. મતલબ કે દર બે સેકન્ડે બે બિરયાનીનો ઓર્ડર! બિરયાની પછી લોકોનો મનપસંદ બ્રેકફસ્ટ હતા ઢોસા, જેની ૨ કરોડ ૩૦ લાખની ખરીદી રહી!

'ક્વિક કોમર્સ' પર ગ્રાહકોની ખાણી-પીણીનો જ સ્કોર આગળ વધારીએ તો હમણાં વીતેલાં વર્ષ ૨૦૨૪માં ગ્રાહકોએ ૭૭ લાખથી પણ વધુ કપ ચાનો અને ૭૪ લાખથી વધુ કોફી ઓર્ડર કરી હતી તો એ જ રીતે , આવાં ગરમ પીણાંની સાથે ઠંડાં પીણાંની માર્કેટ પણ બહુ હોટ રહી.. ગત વર્ષે ૧ કરોડ ૮૫ લાખ 'કોકાકોલા'ના કેન્સ અને ૮૫૫ લાખ જેટલી 'થમ્સ અપ' ની બોટલ્સ પણ ઓનલાઈન વેંચાઈ હતી !.


'મોત અને ગ્રાહક ક્યારે ટપકી પડે એનો કોઈ ભરોસો નહીં' એવી ઉક્તિની જેમ કસ્ટમરની ઈચ્છા પણ જલ્દી ન વરતાય.

૧૬ લાખ ખજૂરના પેકેટ જ્યાંથી સેલ થયા એ જ 'ક્વિક કોમર્સ' પર ૪૯૪૦ જેટલાં ગ્રાહકોએ ગર્લ ફ્રેન્ડ અને ૪૫ જેટલા એ ભાવિ દુલ્હન માટે ય પૃચ્છા કરી હતી !

ઈમરજન્સીના ધોરણે એક ગ્રાહકે 'ફેવિલોન'ની ૫૬ બોટલ એક સાથે મંગાવી હતી એ જ રીતે, ૨૦૨૪ દરમિયાન મધરાતે બેડરૂમની કટોકટી નિવારવા 'ક્વિક કોમર્સ' પરથી ૧૮ લાખ કોન્ડોમની પણ ખરીદી થઈ હતી!

બોલો, આ છે આજના 'ક્વિક કોમર્સ'ની કમાલ! ■

### ફાસ્ટ ફૂડ વિરુદ્ધ સ્લો ફૂડનું ઢિશુમ .. ઢિશુમ !




હવે માત્ર ૧૦ મિનિટમાં જ ઓર્ડર મુજબનું ફૂડ ઘેર પહોંચાડવાની યોજના અમલમાં આવી ગઈ છે ત્યારે 'ફાસ્ટ વર્સિસ સ્લો ફૂડ'નું ભૂત ફરી ધૂણવા માંડ્યું છે.

ખટાખટ ડિશનું ફટાફટ ભોજન સામે તબીબો-ખાસ કરીને, આહારશાસ્ત્રીઓ માને છે કે આ પ્રકારની ફાસ્ટમફાસ્ટ જીવનશૈલી આપણા આરોગ્ય માટે ખતરનાક છે. હકીકતમાં આ પ્રકારની વિચારધારા આમ સાવ તો નવી નથી, પણ અત્યારે ફરી એક વાર ચર્ચાના ચકરાવે ચઢી છે.

થોડા ફ્લેશબેકમાં જઈએ તો ફાસ્ટ કે જંક ફૂડ વિરુદ્ધ ચળવળ ૧૯૮૬માં એક પત્રકારે શરૂ કરી હતી. અમેરિકન કંપની 'મેકડોનાલ્ડ' એ એની પ્રથમ ફાસ્ટ ફૂડ રેસ્ટોરાં રોમમાં શરૂ કરી ત્યારે પત્રકાર કાર્લો પેટર્નીએ એની વિરુદ્ધ કોર્ટમાં અરજી કરી કે આ લોકો ફાસ્ટ ફૂડથી રોમની પરંપરાગત નિરાંતવી ભોજનશૈલીને અસ્તવ્યસ્ત કરી નાખશે માટે કોર્ટે એમને અટકાવવા જોઈએ..

જો કે, કાર્લો એ કેસ હારી ગયો, છતાં એણે જંક ફૂડ વિરુદ્ધ ઝુંબેશ ચાલુ રાખી પછી તો સમય જતાં અનેક દેશોના આહારશાસ્ત્રીઓ પણ એના ટેકામાં આગળ આવ્યા.

સ્લો ફૂડની વિસ્તૃત વ્યાખ્યા કઈંક આ રીતે કરી શકાય. ખાદ્યને પારંપારિક રીતે તૈયાર કરીને એને નિરાંતે ચાવી ચાવીને આરોગવું જોઈએ અને આરોગ્ય માટે નુકસાનકારક એવાં વધારે પડતાં નમકવાળાં-ગળ્યાં અને ચરબીયુક્ત ખાદ્યવાનગી (જંક)ના ચસકાથી દૂર રહેવું જોઈએ. બીજા શબ્દોમાં સાત્ત્વિક પોષ્ટિક ખોરાક અપનાવવો જોઈએ એવો સતત પ્રસાર અને પ્રચાર કરતી આ 'સ્લો ફૂડ મુવમેન્ટ' પણ ખાસ્સી પ્રચલિત અને લોકપ્રિય બની રહી છે.

'ફાસ્ટ વર્સિસ સ્લો ફૂડ કલ્ચર ' વિશે વધુ જાણવું હોય તો આ રસપ્રદ પુસ્તક વાંચવા જેવું છે.


## પોએમા ડેલ માર - એક્વેરિયમની માછલીઓને દરિયાનાં સપનાં આવે?

### અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

કોઈ પણ ટાપુ પર દૂર દૂર સુધી ડ્રાઇવ કરીને જાઓ તો જળચર જીવ જોવાનો કોઇ ને કોઈ રસ્તો તો મળી જ જશે. માસપાલોમાસ બીચ પર વેવ સર્ફિંગ અને સ્નોર્કલિંગ માટે ભીડ જામેલી હતી. બીજી તરફ ડીપ-સી ડાઇવિંગ અને વ્હેલ અને ડોલ્ફિન વોચિંગની બોટ્સ પણ ઘણા બીચ પરથી જતી હોવાનાં પેમ્ફલેટ અમારા એપાર્ટમેન્ટ પર જ પડેલાં હતાં, પણ અમે ડોલ્ફિન અને વ્હેલ વોચિંગ પહેલાં ટેનેરિફે અને આર્જેન્ટિનામાં કરી ચૂક્યાં હતાં. ઉશુઆઇયામાં તો પેન્ગ્વિન પણ જોઈ લીધાં હતાં.

કરેબિયનમાં પુન્ટા કાનામાં સ્નોર્કલિંગ પણ કર્યું હતું. હવે આ બધું જોવામાં છેલ્લા લગભગ બે દશકથી કોઈ એક્વેરિયમ જવાનું નહોતું થયું. છેલ્લે ૨૦૦૬ કે ૭માં લિસ્બનની પહેલી ટ્રિપ દરમ્યાન ત્યાંનું ભવ્ય એક્વેરિયમ જોયું હતું. ત્યારથી માત્ર સારું એક્વેરિયમ જોવાનો કોઈ રીતે મેળ જ નહોતો પડ્યો. એવામાં અહીં વાંચવામાં આવ્યું કે કેનેરી આયલેન્ડમાં જળચર જીવોનું અને વાઇલ્ડ લાઇફનું વૈવિધ્ય એટલું છે કે ત્યાં એક્વેરિયમ છે અને તે મુલાકાતીઓને તો મજા કરાવે જ છે, એટલું જ નહિ, આ



એક્વેરિયમ આ ટાપુઓની ઓળખ જ બની શકે તેવું છે. આટલી બધી હાઇપ અનુભવ્યા પછી લાગ્યું કે આ વખતે એક્વેરિયમ જવું જ પડશે.

તેને લગભગ આખો દિવસ આપવાનો હતો, એટલે સવારમાં નાસ્તો કરીને ફરી એકવાર સજ્જ થઈને નીકળી પડ્યાં. લા પાલ્માસ શહેર તરફ જવાનું હતું. આ તરફ પહેલાંનો વિસ્તાર તો હવે એકદમ જાણીતો થઈ ગયો હતો. એક વાર લા પાલ્માસ નજીક આવ્યું અને ઘણા દિવસ પછી કોઈ મોટું શહેર જોવા મળવાનું હોય તેવી અનુભૂતિ પણ સાથે આવી.

થોડાં મોટાં બિલ્ડિંગ, ગીચ ઇમારતો, મોટા બ્રિજ, શોપિંગ સેન્ટર, મોલ્સ અને તેનાથી પણ મોટી સાઇન ટ્રાફિક જોવાનો પણ મોકો મળી ગયો હતો. હવે અહીં કઈ ગાડી ટૂરિસ્ટની લાગે છે અને કઈ સ્થાનિકોની એ વાતો ચાલુ થઈ. મોટાભાગના સમયે ક્યારેક થોડો નજીક તો ક્યારેક થોડો દૂર, દરિયો તો સાથે જ ચાલતો હતો.

પાર્કિંગ કર્યું અને થોડું ચાલીને પોએમા ડેલ માર એક્વેરિયમ તરફ જવાનું હતું. એક્વેરિયમથી દરિયો એટલો નજીક હતો કે એક પ્રશ્ન એ પણ થયો, આ માછલીઓ, કાચબા, કરચલા અને ઓક્ટોપસ સહિતના દરિયાઇ જીવોને ખબર હશે ખરી કે ખરો, વિશાળ દરિયો બરાબર એક ગલી છોડીને છે. તે પછી એક પ્રશ્ન એ પણ થયો કે એક્વેરિયમમાં ઊછરેલાં અને ત્યાં જ રહેવાં ટેવાયેલાં પ્રાણીઓને કદાચ વાઇલ્ડ સમુદ્રમાં રહેવાની આદત અને ટ્રેનિંગ ન પણ હોય. તેમની તો દુનિયા જ આ એક્વેરિયમમાં હશે. કોને ખબર આ માછલીઓમાં કોમ્યુનિટી મેમરી અને વારસા જેવું કંઇ હોય તો તેમને દરિયાનાં સપનાં આવતાં પણ હોઈ શકે.

આ વાત પર કોઈ ચર્ચા થાય તે પહેલાં જ ટિકિટબારી પાસે અમને નાનાં ટાબરિયાની લાંબી લાઈન દેખાઈ. તે બધાં એક ટીચર સાથે ઊભાં રહીને કલબલાટ કરતાં હતાં. તેમની બીજી ટીચર અંદરથી સ્કૂલની સ્પેશિયલ ટિકિટની વ્યવસ્થા કરીને આવી અને બધો કલબલાટ નાનકડા દરિયાના મોજાની જેમ અંદર ચાલ્યો ગયો.

આ બાલમંદિરને માછલીઓ જોવા લઈ આવવાનો પ્રોગ્રામ તો મજેદાર હતો. અમને ટિકિટ તો તરત મળી ગઈ, પણ હવે અમે મોટાભાગનો દિવસ આ ટેણિયાંઓની આસપાસ રહેવાનાં હતાં તે પણ સ્પષ્ટ હતું. વળી બધાં સ્પેનિશ બોલતાં હતાં. આ ગ્રુપ સ્થાનિક હતું તે વાતમાં કોઈને શંકા ન હતી.

એક પછી એક અનોખી માછલીઓ, દુર્લભ માછલીઓ, વિચિત્ર માછલીઓ, દરેક પ્રકારની, રંગની, આકારની, માન્યામાં ન આવે તેવી માછલીઓ જોઈને લાગ્યું કે કુદરતનું વૈવિધ્ય એવો ખજાનો છે જ્યાંથી દરેક પ્રકારની ડિઝાઇનની પ્રેરણા લઈ શકાતી હોય છે.

ફિશની વિગતો તો ક્યાંયથી પણ મેળવી શકાય, પણ ત્યાંની વાઇબ જરા અલગ જ સ્તરે મજા કરાવી ગઈ હતી. અહીં ત્રણ ભાગમાં એક્વેરિયમને વહેંચીને તેને અત્યંત વિઝિટર ફ્રેન્ડલી રીતે ડિઝાઇન કરવામાં આવેલું.

દરેક જગ્યાએ બેસવાની અને આરામથી પાણી અને ફિશ પાસે શાંતિથી માહોલનો આનંદ લેવાની પૂરતી વ્યવસ્થા હતી. પહેલો અને બીજો વિભાગ તો ફિશના પ્રકાર અને ભૌગોલિક થીમ પર આધારિત હતો, પણ છેલ્લા વિભાગમાં તેમણે બધા પ્રકારના જળચર જીવોને એક મોટી વિશાળ ટેન્કમાં એવી રીતે ગોઠવેલાં કે એક ભવ્ય સ્ક્રીનની સામે કલાકો બેસી રહેવાની ઇચ્છા થઈ આવે.

તે ઓડિટોરિયમમાં અમે કમ સે કમ એક કલાકથી વધુ સમય વિતાવ્યો હશે. ત્યાં હજી ઘણું વધારે બેસી શકાયું હોત. ખાસ હવે તે વ્યુને યાદ કરતાં એમ થાય છે કે વધુ અડધો કલાક તો ક્યાંય નીકળી જાત. ત્યાં સુધી પહોંચવામાં અમે વચ્ચે ત્રણ શોર્ટ ફિલ્મો પણ એક નાનકડા થિયેટરમાં જોઈ હતી.

એક તો ખાસ આ વિસ્તારમાં એક્વેરિયમ અને બર્ડ પાર્કની સ્થાપના વિષે હતી. બીજી એક ફિલ્મ દરિયામાં વેપારી જહાજો અને પોલ્યુશનને કારણે ડોલ્ફિન અને કાચબાઓને થતી ઇજા વિષે હતી. દરિયાઈ જીવને માટે પ્લાસ્ટિકના કચરાથી મોટો કોઈ દુશ્મન ન હોઈ શકે. આ પહેલાં ફ્લોરિડામાં પણ ફોર્ટ લોડરડેલ પાસે એક ટર્ટલ પાર્કમાં પણ નરી આંખે મહાકાય કાચબાઓને પ્લાસ્ટિકના કચરાથી ઇજા પામેલા જોયા હતા. દુનિયા ખરેખર ફેર તો નથી લાગતી, પણ પછી 'ફાઇન્ડિંગ નીમો' જેવી ફિલ્મ યાદ આવી જાય અને બધું રંગીન અને મજેદાર લાગવા માંડે.

બરાબર નીમોના જ પ્રકારની એમ્ફિપ્રિયોન પરક્યુલા ફિશ ત્યાં ઢગલા મોઢે હતી. તે કલાઉન ફિશ તરીકે પણ ઓળખાય છે. અમે શરૂઆતમાં જોયેલાં ટાબરિયાં તો મોટાભાગે તેની આસપાસ જ ફરતાં હતાં.


મારો મનપસંદ હતો એક સફેદ અને લાલ ઓકટોપસ, જેના હાથ, પગ, જે કહો તે બધા કાચ સાથે વેક્યુમ સીલ થઈ ગયા હોય તેવું લાગતું હતું.

સી હોર્સ એટલે કે જળ ઘોડા અને રંગીન જેલી ફિશ, ઘણા પ્રકારની માછલીઓ તો કુદરતે પોતાની ડિઝાઇન સ્કિલને શો-ઓફ કરવા માટે ખાસ રાખી હોય તેવું લાગતું હતું.

પોએમા ડેલ મારમાં વિતાવેલો તે દિવસ ડિઝાઇન કલાસ પણ હતો અને પાણી અને રંગો વચ્ચે રિલેક્સ થવાનો મોકો પણ. ■





## ભાત ભાત કે લોગ

# ફ્રેંચ ફ્રાયઝનું મૂળ વતન કયું... જાણો છો?

### આપણે એને 'અમેરિકન' ગણીએ છીએ, પણ બેલ્જિયમ અને ફ્રાંસ પાસે જુદો જ ઈતિહાસ છે.

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com



ફાસ્ટફૂડ ચેનના કોઈ પણ શહેરમાં આવેલા આઉટલેટ પર જઈને જોશો તો લગભગ દરેક ટેબલ પર એક ખાદ્ય પદાર્થ જરૂર દેખાશે. એ છે: બટાકાની તળેલી કાતરી જેના પર થોડો મરીમસાલો ભભરાવ્યો હોય. પેટ ભરવા આવેલી ગમે એ ઉંમરની વ્યક્તિ આ એક વાનગી તો ખાશે જ, એય કોલેસ્ટેરોલ કે ડીપ ફ્રાય્ડ ઇન ઑઈલ જેવા ડરામણા શબ્દોની લગીર પરવા કર્યા વિના! આપણે આ અત્યંત લોકપ્રિય વાનગીને 'ફ્રેંચ ફ્રાય' નામે ઓળખીએ છીએ. ઘણા એને માત્ર ફ્રાય્ઝ કે પોટેટો ચિપ્સ પણ કહે છે. જો તબિયતની ચિંતા બાજુએ મૂકીએ તો ફાસ્ટફૂડ ચેન્સ પાસે ફ્રેંચ ફ્રાય જેવો મસ્ત ટાઈમપાસ નાસ્તો બીજો એક્કેય નથી અને ફ્રેંચ ફ્રાયની 'તારીખ-તવારીખ' એટલે કે ઇતિહાસ તપાસીએ તો એ ખુદ ફ્રેંચ ફ્રાય કરતાં વધુ ચટાકેદાર વધુ ક્રિસ્પી છે!

ફ્રેંચ ફ્રાય્ઝ ભારતીય યુવા વર્ગનું માનીતું ફાસ્ટફૂડ છે. આમ જોવા જાવ તો અમેરિકન્સ પણ ફ્રેંચ ફ્રાય્ઝ પાછળ ગાંડા છે. ઈ.સ. ૨૦૨૩ના આંકડા મુજબ વિશ્વભરમાં વર્ષે ૧૬.૬૦ અબજ યુએસ ડૉલર્સની ફ્રેંચ ફ્રાય્ઝ ખવાઈ જાય છે! જે રીતે ફાસ્ટફૂડ માટેની ઘેલછા અને ફાસ્ટ ફૂડ ચેન્સમાં વૃદ્ધિ થઈ રહી છે એ જોતાં ૨૦૩૨ સુધીમાં આ આંકડો ૨૬.૫૬ અબજ યુએસ ડૉલર્સને આંબી જશે. અમેરિકન ફાસ્ટ ફૂડ ચેન્સને પ્રતાપે આપણે એને અમેરિકન વાનગી ધારી લઈએ છીએ, પણ એવું નથી. આ વાનગી મૂળે બીજા દેશોમાંથી 'વગર વિઝાએ' અમેરિકામાં ઘૂસી આવી છે. એટલું જ નહિ, વર્ષે દહાડે એવરેજ અમેરિકન્સના સેંકડો ડૉલર આ એક જ વાનગી ઓહિયા કરી જાય છે. એની લોકપ્રિયતા એવી ચરમસીમાએ છે કે સાક્ષાત ટ્રમ્પ સરકાર પણ એને હાથે-પગે બેડીઓ બાંધીને દેશનિકાલ આપી શકે એમ નથી!

આ વાનગીના નામ પરથી મોટા ભાગના લોકો ધારણા બાંધી લે છે કે આ ફ્રાંસની વાનગી છે. એવુંય નથી. બેલ્જિયમવાળા તો કહે છે કે બટાકાની તળેલી કાતરી સાથે ફ્રાંસવાળા બદમાશોને કશું લાગતુંવળગતું નથી!

એક મિનિટ, આમાં બેલ્જિયમવાળા ક્યાંથી આવ્યા? મામલો જરા પેચીદો છે.

વાતની શરૂઆત જ બેલ્જિયમથી કરીએ. સદીઓથી અહીંની મ્યુઝ નદીના કાંઠે વસતી ગ્રામ્ય પ્રજા માટે ખોરાકનો મુખ્ય હિસ્સો એટલે માછલી. મ્યુઝનાં પાણીમાં રહેતી માછલીઓ તળીને ખાવામાં આ પ્રજાને ભારે રસ, પણ દર વર્ષે કાતિલ શિયાળો બેસી જાય પછી મોટી તકલીફ, કેમ કે નદીનું બધું પાણી બરફમાં ફેરવાઈ જાય પછી માછલી પકડવાની પ્રવૃત્તિ સદંતર બંધ થઈ જાય. લોકોને ભૂખ તો શિયાળામાંય લાગે ને! એવામાં ટેસ્ટી માછલી ન મળે તો બીજું ખાવું શું?

સ્થાનિક પ્રજાએ આનો એક ઉપાય શોધી કાઢેલો. શિયાળામાં માછલીની અવેજીમાં એ લોકો બટાકાની કાતરી પાડીને તળીને ખાતા. એ બધાને બહુ ભાવી એટલે વગર શિયાળે પણ બટાકાની સ્વાદિષ્ટ કાતરીઓ ખવાતી રહી. લગભગ સત્તરમી સદીથી બટાકાની તળેલી કાતરીઓ પણ મ્યુઝ નદીના પ્રદેશોમાં વસતા બેલ્જિયમવાસીઓ માટે ખોરાકનો એક અનિવાર્ય હિસ્સો બની ગઈ.

જોકે, લોચો વીસમી સદીમાં પડ્યો. સદીની શરૂઆતમાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. જર્મન સેનાની ચુંગાલમાંથી બેલ્જિયમને બચાવવા માટે અમેરિકન સેનાએ અહીં ધામાં નાખ્યાં. અમેરિકન સૈનિકોની આ ટુકડીઓનું પેટ ભરવા માટે પણ ફૂડ સપ્લાય તો જોઈએ જ. આવા સંજોગોમાં સૈનિકો આસપાસના વિસ્તારોમાં મળતી સ્થાનિક આઈટેમ્સને જ ભોજનમાં સમાવી લેતા હોય છે. એ હિસાબે અમેરિકન સૈનિકોએ પણ બટાકાની કાતરી આરોગવાનું શરૂ કર્યું. સ્વાદિષ્ટ કાતરી એમની દાઢે બરાબરની વળગી, પણ આ વાનગીને નામ શું આપવું? બેલ્જિયમના જે હિસ્સામાં અમેરિકન સૈનિકોની છાવણી હતા, ત્યાં ફ્રેંચ ભાષા બોલનારા લોકોની વસતિ મોટા પ્રમાણમાં. આ લોકોય વળી બટાકાની કાતરી ખાતા એટલે પેલા સૈનિકોએ ઝાઝી માથાકૂટમાં પડ્યા વિના બટાકાની કાતરીને ફ્રેંચ લોકોનો ખોરાક ગણી લીધો અને નામ આપ્યું 'ફ્રેંચ ફ્રાય્ઝ'.

યુદ્ધ પૂરું થયા બાદ અમેરિકન સૈનિકો ઘરભેગા થઈ ગયા, પણ બેલ્જિયમમાં ખાધેલી પેલી વાનગીનો સ્વાદ એ અમેરિકા લઈ ગયા એમણે અમેરિકામાં પણ ફ્રેંચ ફ્રાય્ઝ બનાવીને ખાવા માંડી. બસ, પછી તો અમેરિકામાંય આ જ નામ ચાલ્યું.

ફ્રેંચ ફ્રાય્ઝ વિશેનો બીજો એક મત જરા જુદો અને વધુ ઑથેન્ટિક છે. ઠેઠ ઈ.સ. ૧૮૦૨માં તત્કાલીન અમેરિકન પ્રમુખ થોમસ જેફરસનના ભાણામાં બટાકાની તળેલી કાતરી પીરસવામાં આવી. પોટેટો ચીપ્સ કરતાં એની ઓળખને જુદી પાડી શકાય એટલા માટે એને 'ફ્રેંચ ફ્રાય્ઝ' કે 'સ્કીની ફ્રાય્ઝ' નામે બોલાવવાનું શરૂ થયું. એ પછી ૧૮૫૬માં આ શબ્દ પ્રથમ વાર છાપાને પાને ચડ્યો. એલિઝા વોરન નામનાં લેખિકા સ્ત્રીના રસના વિષયો ઉપર લખતાં, જેમાં કિચનની વાતો થતી. મિસિસ વોરને પોતાના એક લેખમાં 'ફ્રેંચ ફ્રાય્ઝ' શબ્દ વાપર્યો. આમ અમેરિકન સૈનિકો લાવ્યા, એ પહેલાંની ફ્રેંચ ફ્રાય્ઝ અમેરિકામાં આવી ગઈ હતી.

ત્રીજો મત વળી એથીય જૂનો છે. ઠેઠ ૧૬૨૯માં ચિલીના એક દસ્તાવેજી લેખમાંથી 'ફ્રાય્ડ પોટેટો ચીપ્સ' જેવી વાનગીનો ઉલ્લેખ મળી આવે છે. માપુચે તરીકે ઓળખાતી સ્થાનિક મૂળનિવાસી પ્રજાએ ચિલી દેશના ફ્રાન્સિસ્કો નામના સિપાહીને એક યુદ્ધમાં બંદીવાન તરીકે પકડ્યો. સંજોગવશાત્ ફ્રાન્સિસ્કો યુદ્ધના નિષ્ણાત હોવાની સાથે લેખક પણ હતો. સાતેક મહિના સુધી બંદીવાન રહેવું પડ્યું એ દરમિયાન ફ્રાન્સિસ્કોએ માપુચે પ્રજા વિશે અનેક માહિતી ભેગી કરી. આ માહિતીઓની વિગતવાર યાદીમાં તળેલા બટાકાની વાનગીનો પણ ઉલ્લેખ હતો.

'મેકડોનાલ્ડ' જેવી ફૂડચેનને પ્રતાપે ફ્રેંચ ફ્રાય્ઝ નામની વાનગીને આપણે ભલે અમેરિકન સમજતા હોઈએ, પણ સ્વાભાવિક છે કે બેલ્જિયમવાસીઓને આનાથી પારાવાર દુઃખ થતાં એમણે ફ્રેંચ ફ્રાય્ઝને 'બેલ્જિયમ ફ્રાય્ઝ' ઘોષિત કરવા માટે એડીચોટીનું જોર લગાવ્યું, પણ લોકજીભે ચડી ગયેલું નામ એમ થોડું ભૂંસાય? બીજી તરફ, બેલ્જિયમના ફૂડ હિસ્ટોરિયન પિઅરી લેકલર્ક તો સોઈ ઝાટકીને જાહેર કરે છે કે પોટેટો ફ્રાય્ઝ મૂળે ફ્રાન્સની જ વાનગી છે, બોલો! ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

# રચનાની જટિલ સમજ

હેમંત વાળા
feedback@bombaysamachar.com







ઇલોરાના કૈલાસ મંદિરની રચના પાછળ ભક્તિ-આધ્યાત્મિકતાને ભવ્યતા આપવાનો હેતુ મહત્ત્વનો હોય તો અમદાવાદના સાબરમતી આશ્રમમાં ગાંધીજી માટે બનાવાયેલ આવાસમાં તેમના વ્યક્તિત્વની સાદગી તથા પારદર્શિતાની અભિવ્યક્તિ કેન્દ્રસ્થાને રહી હોય. પેરિસ મધ્યેના સેન્ટર પોમ્પિડુની રચના થકી મકાનના તકનિકી પાસાનું પોતાનું સૌંદર્ય સ્થાપિત કરવાની ચેષ્ટા હોય તો સામે જાપાનનાં ઐતિહાસિક મંદિરોમાં લાકડાની રચના વડે સ્થાપત્યમાં લાલિત્ય ઉભારવાનો પ્રયત્ન દેખાય. રચનાની જુદી જુદી બાબતો જુદા જુદા સમયે અગત્યની ગણાય.

ઉંમર તથા સામાજિક પૂર્વભૂમિકાના પરિપ્રેક્ષ્યમાં, બાળકના રમકડાની ડિઝાઇનમાં ક્યારેક ચલિતતાને મહત્ત્વ અપાય છે તો ક્યારેક બુદ્ધિમતાને વિકસાવવાનો પ્રયત્ન થયેલો જોવા મળે છે. કેટલાંક રમકડાં માત્ર પ્રવૃત્ત રાખવા માટે હોય છે તો કેટલાંક રમકડાં સાંસ્કૃતિક પરંપરાની અભિવ્યક્તિ માટે નિર્ધારિત કરાય છે. પ્રિન્ટ મીડિયામાં જે જાહેરાત જોવા મળે છે તેની ડિઝાઇન પાછળ પણ માત્ર વ્યાપારી હેતુ નથી હોતો. અમુક રચનામાં તકનિકી ખૂબીઓને વધારે સ્પષ્ટતાથી જણાવવાનો પ્રયત્ન કરાય છે તો અમુકમાં જે તે વસ્તુની સુંદરતાને ઉજાગર કરાય છે. લગ્ન જેવા પ્રસંગમાં વસ્ત્ર- પરિધાન સમૃદ્ધ લાગે તે પ્રમાણે બનાવાય છે તો પર્વતારોહણ માટે જતી વ્યક્તિના પરિધાનમાં ઉપયોગિતા અને અનુકૂળતા કેન્દ્રસ્થાને રહે છે. રચના અર્થાત્ ડિઝાઇનના ક્ષેત્રમાં જુદા જુદા સંજોગોમાં, જુદી જુદી રચનાઓ દ્વારા જુદા જુદા પ્રશ્નોનો ઉકેલ શોધવા પ્રયત્ન થતો રહ્યો છે.

રચનામાં ક્યારેક મજબૂતાઈને વધારે મહત્ત્વ અપાય છે તો ક્યારેક લાલિત્યને. રચનામાં ક્યારેક કિંમતનું વધારે ધ્યાન રખાય છે તો ક્યારેક પરંપરાનું. રચના પાછળ ક્યારેક પ્રવર્તમાન શૈલી હાવી થાય છે તો ક્યારેક વ્યક્તિગત પસંદ-નાપસંદ અગત્યની બની રહે છે, પણ આ દરેક પરિસ્થિતિમાં કોઈ એક ચોક્કસ પ્રશ્નને અગત્યનો ગણી રચનાનાં મહત્ત્વનાં પાસાં તેને આધારિત નક્કી કરાય છે.

કોઈ પણ ડિઝાઇન-રચના એવી નથી કે જે બધા જ પ્રશ્નોનો જવાબ આપી શકે. દરેક રચના ચોક્કસ પ્રશ્નોના જવાબ તરીકે અસ્તિત્વમાં આવે છે, પણ સાથે સાથે તે કેટલાક નવા પ્રશ્નો પણ ઊભા કરે. રચનાની સમજ માટે એ જાણવું જરૂરી બને કે તે કયા પ્રશ્નોના જવાબ આપે છે અને જે નવા પ્રશ્નો ઊભા થાય છે તે કેટલી હદે માન્ય રહેશે. રચના પાછળ રચનાકારની સંવેદનશીલતા, સર્જનાત્મકતા અને નિરાકરણશક્તિ કાર્યરત હોય છે. આની સામે ઉપયોગકર્તા માટે ક્રિટિકલ વિચારશીલતા અને નિર્ધારિત માળખા મુજબનું મૂલ્યાંકન જરૂરી છે. આમાં પણ જો રચનાકારનો અભિગમ-ઝુકાવ એક તરફનો હોય તો તે રીતની રચના પરિણમે છે. આ તો એવી વાત થઈ કે જે વ્યક્તિને માવાની મીઠાઈ ભાવતી હોય તે વ્યક્તિ દ્વારા નક્કી કરાયેલ પ્રસંગના મેનુમાં આવી મીઠાઈનો સમાવેશ થવાની સંભાવના વધુ રહે.

સ્થાપત્યમાં ઉપયોગિતા માટેના મકાનનાં આંતરિક સ્થાન નિર્ધારણ થતાં હોય છે. જે તે કાર્ય હેતુ માટે નિર્ધારિત થયેલા આવા સ્થાનની કાર્યક્ષમતા તો હોવી જ જોઈએ, પણ સાથે સાથે ભાવાત્મક સંબંધ પણ બંધાવવો જોઈએ. પહેરવેશની ઉપયોગિતા તો પૂર્ણ થવી જ જોઈએ, પણ સાથે સાથે, જે તે પ્રસંગ માટે નિર્ધારિત થયેલ પરિધાન- પહેરવેશમાં વ્યક્તિત્વ નીખરવું જોઈએ. રાચરચીલાની બનાવટમાં પરંપરા તથા જીવનશૈલી પ્રમાણેની અનુકૂળતા સ્થાપિત થવી જોઈએ. પ્રોડક્ટ ડિઝાઇન અર્થાત્ વસ્તુ-રચનામાં વર્તમાનની જરૂરિયાતો સાથે ભવિષ્યની સંભાવનાઓ પણ વણાઈ જવી જોઈએ. ગ્રાફિક ડિઝાઇન અર્થાત્ ચિત્રણ-રચનામાં સંદેશો સ્પષ્ટ અને સરળ રીતે પકડાવો જોઈએ.

રચનાનાં આ બધાં ક્ષેત્રમાં લાલિત્ય તો જરૂરી છે જ. સાથે સાથે નિર્ધારિત સમયગાળા માટે તેની યથાર્થતા પણ ટકી રહેવી જોઈએ. આ બધામાં સાંસ્કૃતિક ઇતિહાસ, વર્તમાન પરિસ્થિતિ તથા ભવિષ્ય માટેની સંભાવનાઓ પણ જડાઈ જવી જોઈએ. પ્રત્યેક ડિઝાઇન ભૂત-વર્તમાન-ભવિષ્યના સમન્વય જેવી હોય છે. પ્રત્યેક ડિઝાઇન હકીકત-આકાંક્ષા-લાલિત્ય વચ્ચે સંતુલન સમાન હોય છે. ડિઝાઇન જે રીતના સમજવામાં આવે છે - ડિઝાઇન જે રીતના લેવામાં આવે છે તેના કરતાં ઘણા ઊંડાણ સાથે તેની રચના સાથે જોડાયેલા હોય છે.

વ્યક્તિ પાસેની સંપન્નતા એક બાબત છે, તેની સામે તેનાં સપનાં પણ એક હકીકત છે. જે તે સમયે લાગુ પડતાં સામાજિક તેમ જ રાજકીય બંધનો પણ એક સત્ય છે. સમયાંતરે બદલાતાં રહેતાં મૂલ્યનિષ્ઠા કે અગ્રતાક્રમ કે બંધન કે પસંદગીનાં ધોરણો પણ એટલાં જ અગત્યનાં છે. કઈ બાબત ક્યારે મહત્ત્વની બની રહે તે પરિસ્થિતિને આધારિત રહે છે. એક પરિસ્થિતિમાં એક પ્રકારની રચના યોગ્ય જણાય તો અન્ય પરિસ્થિતિમાં યોગ્યતાની પરિભાષા જ બદલાઈ જાય. જે આજે સ્વીકૃત છે તે કાલે સંપૂર્ણ અસ્વીકૃત પણ બની રહે. રચનાના મૂલ્યાંકનમાં પરિસ્થિતિની સમજ બહુ જરૂરી છે.

રોજિંદા જીવનમાં સામાન્ય પહેરવેશનું મહત્ત્વ છે. લગ્ન પ્રસંગે ખાસ ચમકદમકવાળા પહેરવેશની ઇચ્છા હોય. અન્ય શુભ પ્રસંગો માટે સામાન્ય કરતાં થોડાક કીમતી પહેરવેશની ઇચ્છા હોય. મૃત્યુ પ્રસંગે પહેરવેશમાં સાદગી અને શુદ્ધતા વ્યક્ત થાય તે યોગ્ય ગણાય. પ્રસંગ અનુસાર, ક્ષમતા અનુસાર અને વ્યક્તિગત પસંદગી અનુસાર જે તે રચના સ્વીકૃત બનતી હોય છે. આ વાત પહેરવેશ માટે જેટલી સત્ય છે તેટલી જ સ્થાપત્ય અને ડિઝાઇનના અન્ય ક્ષેત્ર માટે પણ છે. રચનાનું નિર્ધારણ વિવિધ બાબતો પર આધાર રાખે છે. જ્યાં સુધી આવી બાબતોની જાણકારી ન હોય ત્યાં સુધી રચના વિશે નિર્ણય ન કરી શકાય. આ સિવાય પહેરવેશ પર આબોહવાનાં વિવિધ પરિબળો પણ અસર કરતાં રહે છે. પહેરવેશની પસંદગીમાં વ્યક્તિ નિર્ધારિત કે પસંદગીના જે તે વ્યક્તિ-સમૂહ સાથે પોતાને સાંકળવા માગતી હોય છે. આવાં જ કારણોસર સેલ્સમેન કોર્ટ-પેન્ટ-ટાઈમાં જોવા મળશે તો હિપ્પી લોકો ઢંગધડા વગરની વેશભૂષા સાથે પોતાની વિચારસરણીને સરખાવશે. કેવા પ્રકારના પરિધાનની રચના કરવી તે ઘણી વાર વિચિત્ર બાબત પર આધાર રાખે છે.

ડિઝાઇન અથવા રચના-નિર્ધારણ એ લાંબી અને જટિલ પ્રક્રિયા છે. અહીં ક્યારેક તર્કબદ્ધ વિચાર કામ કરી જાય તો ક્યાંક સૌંદર્યની સમજ અગત્યનો ભાગ ભજવે. અહીં ક્યારેક ઉપયોગિતાને પ્રાધાન્ય અપાય તો ક્યારેક સામગ્રી અને તેના વપરાશની તકનીક મેદાન મારી જાય. રચનામાં ક્યારેક વ્યક્તિગત માન્યતાને વધુ મહત્ત્વ મળે તો ક્યારેક પ્રવર્તમાન શૈલીનું અનુકરણ ઇચ્છનીય ગણાય. પરિબળો ઘણાં છે અને તેમનું પરસ્પરનું સમીકરણ પણ જટિલ છે. કયા પરિબળને, કયા કારણસર, કેટલું મહત્ત્વ અપાયું છે તે જાણ્યા વગર કોઈ પણ રચના બાબતે નિર્ણય ન બાંધી શકાય.

એક માપદંડ નથી. એક સિદ્ધાંત નથી. એક ફૉર્મ્યુલા નથી. જરૂરિયાતો પણ વિવિધ પ્રકારની છે. રચના માન્ય રાખનાર કે રચનાનો ઉપયોગ કરનાર વ્યક્તિ-સમૂહની માનસિકતા પણ ભિન્ન ભિન્ન હોય છે. ઘણી વાર નિર્ણયો તત્કાળના ધોરણે લેવાય છે તો કેટલીક વાર નિર્ણય પાછળ ગહન ચિંતન કરાતું હોય છે. રચના પાછળ સ્થાપિત થયેલા હેતુ સાથે કેટલાક બીટ્વિન ધ લાઈન્સ જેવા ઉદ્દેશ પણ હોય છે. એકંદરે એમ કહી શકાય કે ડિઝાઇન અર્થાત્ રચનાની યથાર્થ સમજ માટે યોગ્ય માળખાયુક્ત મનન-ચિંતનની જરૂર રહે. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# મહિલા ક્રિકેટ ...ભઈલા, ક્રિકેટથી થોડું જુદું છે...



ગઈકાલે મેં ઘરનાને કહ્યું કે મને સાંજે સાત વાગ્યા પછી બોલાવશો નહીં...

પત્નીએ પૂછ્યું: 'કેમ એક કલાક વહેલા રોજ તો આઠ વાગે બેસો છો અને પૂછું તો ઈંગ્લિશમાં જવાબ પણ આપો છો...'

ઊંઘતા ઝડપાયાની લાગણી થઈ. મેં કહ્યું: '૭ વાગ્યાથી મહિલા ક્રિકેટ IPL ચાલુ થાય છે તે જોઈને મારે લેખ લખવાનો છે.'

મને કહે: 'અમારી સોસાયટીની ટીમની વાત કરું હાસ્ય નવલકથા લખાઈ જશે...'

હમણાં હમણાં મારી ઘરવાળીની ટીમ ક્રિકેટ જોતાં શીખી છે અને તેમાં પણ ઇન્ડિયન ટીમ તેમની પત્નીઓ સાથે રમવા જાય ત્યારે મહેણાં-ટોણાં પણ મારે: 'જુઓ - શીખો તમે પ્રોગ્રામ કરવા જાઓ છો ત્યારે સાથે લઈ જાઓ છો?'

હમણાં આપણી મહિલા ટીમ જીતીને આવી તેની પાછળનું મુખ્ય મનોવૈજ્ઞાનિક કારણ ચુનિયાને ખબર છે. છેલ્લે જાહેરમાં એણે આ કારણ જણાવેલું ત્યાર પછી ચાર મહિના અદૃશ્ય રહ્યો. જો કે હવે તબિયત સારી છે અને પત્ની પણ ઘરની બહાર એને નીકળવા દે છે એટલે ચિંતા નથી.

ચુનિયાના કહેવા પ્રમાણે મહિલાઓ કશું જ જતું કરવાની ભાવના ધરાવતી નથી. એટલે સ્વાભાવિક રીતે જ કોઈ પણ 'કપ' હોય તે જતો તો ન જ કરે. ઘરે પણ એક કપ ચા મૂકી હોય તો દેરાણી-જેઠાણી વચ્ચે એ કોણ પીવે એમાં ધિંગાણું થઈ જતું હોય તો આ તો પારકાં પાસેથી લઈને આવવાનું હોય તો કપનું નાકું પણ ન મૂકે...!

મહિલા ક્રિકેટની ઉત્પત્તિ આમ જુઓ તો બહુ રસપ્રદ રીતે થઈ છે. સીધેસીધા જો નિયમો સમજાવવામાં આવે તો કોઈ મહિલા એ નિયમોને અનુસરે નહીં એટલે એમને પાથીએ પાથીએ તેલ નાખવા એમની રીતે નિયમો સમજાવવા પડે.

૧૧ જણાની ટીમ છે કેમ પહેલેથી જ કહો અને એમ કહો કે ચાર જણા એક્સ્ટ્રા ૧૫ જણાને જવાનું હોય છે તો કચકચ વધી જાય. એના કરતાં એમ કહો કે સંયુક્ત કુટુંબની રીતે ૧૫ જણા છો તો તરત જ તેનો વિરોધ થાય કે ના ના આટલા બધા એકસાથે નહીં રહી શકાય, પણ પછી એમ ક્યો કે, 'અચ્છા તો તમારી લાગણીને માન આપી અને ચાર જણા બહાર બેસાડીશું' કે તરત જ રાજી થઈ અને ૧૧ની ટીમ સ્વીકારી લેશે.

પછી કહો: અગિયારે અગિયાર તમે બહેનો છો અને સામે સાસુની ટીમ છે, એટલે સંપીને રહી વિરોધ કરો એવું કહો તો તમારી ટીમનું સંઘબળ પણ સરસ રહે અને સામેવાળી ટીમના ટાંટિયા તોડી નાખવા સુધીની તૈયારી એ બધા કરી લે. પુરુષ ક્રિકેટ ટીમ હોય તો તમારે સ્લેજિંગ શીખવું પડે, પરંતુ મહિલા ક્રિકેટ ટીમમાં 'તમારે મેણાં-ટોણાં મારવાંનાં છે' એટલું જ કહેવાનું પછી તમે જુઓ, સામસામે આવી વિખોડિયા ભરી લે ત્યાં સુધી સ્લેજિંગ ચાલુ રહે.

કૅપ્ટન બનાવવાની વાત આવે ત્યારે શરૂઆતમાં તો બધાને કૅપ્ટન થવું હોય, પણ જેવી વાત તમે રજૂ કરો કે જે બહેનો ઝડપથી ઉંમરવાન થાય છે એને કૅપ્ટન બનાવવામાં આવશે તો કોઈ કૅપ્ટન બનવા આગળ નહીં આવે અને તમારે જેને કૅપ્ટન બનાવવા હોય એને તમે બનાવી શકો!

મહિલા ક્રિકેટને આપણો દેશ કેમ આટલો સપોર્ટ નથી કરતો તેનું પણ એક કારણ ચુનિયો શોધી લાવ્યો છે કે ભારતની બહાર જવામાં આપણે જેમ ભાઈઓની ટીમ જાય તો ફિઝિયોથેરાપિસ્ટ અને બીજા લોકો સાથે જાય છે તેમ બહેનોની ટીમમાં પણ એટલા તો હોય જ એ ઉપરાંત મેકઅપ વાળા પણ સાથે લઈ જવા પડે છે અને સ્ટાર લેડી બેટ્સમેન કે કૅપ્ટન માટે અલગ મેકઅપની વ્યવસ્થા કરવી પડે છે એટલે ઘણી વાર ૧૫ જણાની ટીમની સાથે પાંચ-છ તો બીજા મેકઅપ વાળા ઉમેરાય છે. ઉપરાઉપર વિકેટ પડી હોય અને જો મહિલા ખેલાડી આઉટ થઈ જાય, છતાં બીજી ખેલાડી મેદાન પર ન જાય તો સમજી લેવું કે હજી એનો આઇબ્રો બાકી છે!

મહિલા ક્રિકેટના કૅપ્ટન બનવા માટે પણ ઘણી કસોટીઓ હોય છે. જેનું ઘરમાં ખૂબ ચાલતું હોય, ધણી ઉપર સંપૂર્ણ ધાક હોય, સાસુ થર થર ધ્રૂજતી હોય, દેરાણી હોય કે જેઠાણી કે નણંદ પણ વહુને જોઈ અને ગલીમાં ફંટાઈ જતી હોય તો એવી જ મહિલાને કૅપ્ટનશિપ માટે વધારે પસંદ કરવામાં આવે છે. જે મહિલામાં શાંતિથી કૂથલી કરવાની આવડત હોય એને વિકેટકિપર બનાવવામાં આવે તો તે વધારે સફળ રહે છે, કારણ કે એ આગળ ખબર ન પડે તે રીતે ચકલા ઉડાડી દે. સાવ સાદી ભાષામાં કહીએ તો છાની સોય હોય એ વિકેટ કિપર.

અમારા રાજકોટની મહિલા ટીમે તો હાહાકાર મચાવેલો. મેં પર્ફોર્મન્સ માટે મારા અતિથિવિશેષ પદેથી એમની કાબેલિયતને ખૂબ દાદ આપી, પણ પછીથી મને ખબર પડી કે કોઈ રેકોર્ડ સાથે કોઈને કાંઈ લેવાદેવા નથી, પરંતુ જ્યારે મૅચ હોય ત્યારે આયોજકોમાં રાજકોટના જે ટીમ મૅનેજર હોય કે દરેક ચોગ્ગાએ એક લિપસ્ટિક અને દરેક સિક્સરે એક મેકઅપ કીટની જાહેરાત કરે એટલે સામેવાળી ટીમનું આવી બન્યું. રાજકોટની ટીમ છે એ સૌથી વધારે લિપસ્ટિક અને મેકઅપ બોક્સ ભેગા કરવામાં પડ્યું હોય. વિકેટ લેવામાં પણ સૌથી વધારે ક્લિન બોલ્ડ કરેલા હોય, કારણકે કોઈ પણ એક દાંડિયો ઉડાડો એટલે સામે બે દિવસનું ફેમિલી ટીફિન ફ્રી આવી સ્કીમ રાખવામાં આવે એટલે આખા વર્ષમાં જેટલા દિવસ રસોઈ બનાવવામાંથી રાહત મળે એ માટે મહિલા સામેવાળાના વધુ દાંડિયા ઉલાળે.

કુંવારી છોકરીઓને ખાલી એટલું જ સમજાવવાનું રહે કે ક્રિકેટમાં તમે સારું પર્ફોર્મન્સ કરશો તો એ પર્ફોર્મન્સ ઉપરથી કોઈ સારો ઉદ્યોગપતિ કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનો હીરો તમારી ઉપર મોહી પડે અને તમારાં લગ્ન થઈ જાય તો આખી જિંદગી કશું જ કરવાનું ન રહે બનીઠનીને હરી-ફરી શકો....

પુરુષોની ટીમ જો હારી જાય તો બહુ તો ડ્રેસિંગ રૂમમાં જઈને વીલા મોઢે અડધી કલાક બેસી જાય ત્યાર પછી એયને બિયર પાર્ટી થઈ જાય એટલે પાછા રિલેક્સ.

મહિલાઓમાં એવું નથી થતું. રોવાધોવાનું દોઢ દિવસ સુધી ચાલે..... વિદેશી ખેલાડીઓનાં નામ પણ એ વ્યવસ્થિત દેશી પદ્ધતિથી જ પાડે કે જો પેલી 'ચિબાવલી' રમવા આવી, પેલી 'નખરાળી'એ કેચ પાડ્યો, 'પંચાતડી' ફિલ્ડિંગમાં ધ્યાન નથી દેતી. હા, ઝઘડા થશે ત્યારે વિખોડિયા ભરી એકબીજાના વાળ ખેંચી મેકઅપ લિપસ્ટિક વીખવાની મજા આ ખેલાડીઓ અચૂક માણશે. ■

### વિચારવાયુ

*ચુનિયો: એવી કઈ બાબત છે જે તમને ક્રિકેટ રમવા પ્રેરે છે?*

*રિપ્લાય: લંચ બનાવવાની ચિંતા નહીં ને ટીફિન આવી જાય એ વાત જ ઉત્સાહ પ્રેરે છે...!*

આજની ટૂંકી વાર્તા

# વાલ્મીકિનો વાલિયો

રમણ મેકવાન
feedback@bombaysamachar.com



**ફળિયામાં** છેક છેવાડે રાહેલ અને નારણ રહેતાં હતાં. બંને પાડોશી હતાં.

રાહેલનો પતિ સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષક હતો. નોકરીના સ્થળે બીજા ગામ રહેતો હતો. શનિ-રવિ અને લાંબી રજાઓમાં ઘેર આવતો, એ સિવાય રાહેલ એકલી રહેતી એને બાળક ન હતું.

નારણ પંડે એકલો-વાંઢો હતો. રાહેલના ઘરની એક દીવાલ. છાપરા જેવા ઘરમાં નારણ પડી રહેતો. મજૂરીથી પેટ ભરતો. દિવસના ભાગ્યે જ ઘેર રહેતો. આખો દિવસ સેમશેઢે ચાલ્યો જતો. મજૂરી ન મળે તો ગામબહાર તળાવકાંઠે મહાદેવના મંદિરે દિવસ વિતાવતો. મંદિરના પૂજારી સાથે એને સારું બનતું હતું. પૂજારી સાથે નારણ સત્સંગ કરતો. પૂજારી એને ટંકે ખાવાનું આપતો. ફળિયામાં સૌને નારણ માટે માન હતું. એક તો એ એકલો હતો, હાથે રાંધી ખાતો હતો. કદી કોઈ પાસે હાથ લંબાવતો નહીં. કોઈને એનું કામ બતાવતો નહીં, પણ અટકી આંટીએ બીજાને મદદ કરવા તૈયાર થતો. કામ કરીને એની પાસે કપ ચાનીય આશા રાખતો નહીં. એ નિયમિત મહાદેવના મંદિરે જતો. મંદિરના પૂજારી પાસેથી એને જે જ્ઞાન મળતું એ ફળિયામાં જેને સાંભળવામાં રસ હોય એમને સંભળાવતો. આજ સુધીમાં કોઈએ ફળિયામાં એની બાબતમાં કશી રાડ-ફરિયાદ સાંભળી ન હતી. આથી નારણ ફળિયામાં સૌને ગમતો હતો.

રાહેલ સાધારણ ભીના રંગે હતી. પણ ઘાટીલી હતી. એકવડી ઊંચી સુરાહી જેવી એની ડોક અને નાની-નાની માછલીના તરવરાટ સમી એની કાળી આંખો. રાહેલના માથાના વાળ લાંબા કાળા મુલાયમ હતા. વાળથી રાહેલનું સૌંદર્ય દીપી ઊઠતું. પાછી એ સ્વભાવની હસમુખી, પરગજુ હતી. ફળિયામાં મોટા ભાગના એની પાસેથી પાઈપૈસો, લોટ, ચા, ખાંડ જેવી ચીજો ઉધાર લઈ જતા. રાહેલ કદી મોં બગાડતી નહીં. નવરાશમાં ફળિયાની બધી સ્ત્રીઓ રાહેલ પાસે બેસવા આવતી. આખા ફળિયા સાથે રાહેલને બોલવા-ચાલવાના સંબંધ હતા. માત્ર પાડોશી નારણ સાથે એણે કદી વાત કરી ન હતી.

પણ વાત કરવાનું રાહેલ પાસે દેખીતું કશું કારણ ન હતું. એને નારણ ગમતો ન હતો એવુંય ન હતું. વળી એ એકલી હતી. જુવાન નછોરવી રૂપાળી હતી અને નારણ કુંવારો હતો. પણ નારણ માટે એને એવીય બીક ન હતી. એના ઘર આગળથી પસાર થતા નારણને ઘણી વાર તીરછી નજરે જોઈ લેતી. નારણ રસ્તા સાથે આંખ જડી ચાલ્યો જતો. એણે કદી નજર ઉઠાવી રાહેલના ઘર સામે જોયું ન હતું. ઘણી વખત એ પસાર થતો હોય અને રાહેલ પરસાળમાં ઊભી હોય તો પણ નારણની નજર વંકાઈ નથી. એટલે રાહેલ આ બાબતેય નારણથી નિશ્ચિંત હતી. છતાં રાહેલ એની સાથે વાત કરવાનું ટાળતી હતી. બાકી ફળિયાના બીજા આધેડ-વૃદ્ધો, યુવાન પુરુષો, છોકરાઓ સાથે રાહેલ હસતી, વાત કરતી, રસ્તામાં જતા ઘણા છોકરાઓને એ ચાહીને બોલાવતી. એમની સાથે વાત કરતી. કંઈ કામ પડ્યું હોય તો બતાવતી. પણ પાડોશી નારણ સાથે... કદી નહીં.

અને નારણ પણ એની પાડોશમાં રાહેલ નામની રૂપાળી એકલી સ્ત્રી રહે છે, એની જાણે ખબર જ ન હોય એમ જતો-આવતો. એના છાપરા જેવા ઘરને ખોલી એનું રાંધતો, કૂવેથી પાણી ખેંચી લાવતો, ન્હાતો, ધોતો, લૂગડાં ધોઈ નાખતો. ફળિયાની સ્ત્રી-છોકરીઓ રસ્તામાં ભેટો થતાં નારણ સાથે હસી-મજાક કરી લેતી. એનો રોટલો ટીપી આપવાની કે લુગડાં ધોઈ આપવાની વાત કરતી. ઘણી સ્ત્રીઓ નવરાશમાં નારણ ઘેર હોય તો એની પાસે બેસવા આવતી. બધી સ્ત્રીઓ સાથે નારણ મનભરીને વાતો કરતો પણ રાહેલ સામે એણે નજર માંડી જોયું પણ ન હતું.

ચોમાસું હતું. વરસતા વરસાદમાં પલળતો નારણ મજૂરીએથી ઘેર આવ્યો. નારણ માથાથી પગ સુધી પલળી ગયો હતો અને ટાઢે ચઢી ગયો હતો. ગરમ પાણીએ નાહવાની એને ઈચ્છા હતી, પણ એનું છાપરું દેશી નળિયાનું હતું અને આ વખતે નારણ સમારી શક્યો ન હતો. આથી આખું ઘર ચૂલા સમેત પલળી ગયું હતું. ચૂલા આગળ નાખેલાં લાકડાંય પાણી પાણી હતાં. ચૂલો સળગાવી શકાય એમ ન હતું. ફળિયામાં એની નજીક એકમાત્ર રાહેલ હતી. એણે રાહેલ પાસે ગરમ પાણી માગવાનો વિચાર કર્યો. હજુય ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. નારણે રાહેલનું બારણું ખખડાવ્યું.

રાહેલ બપોરે ખાઈને આડે પડખે થઈ હતી. માંડ આંખ મળી હતી અને નારણે એનું બારણું ખખડાવ્યું. થોડી બેચેની, થોડી નારાજગી સાથે એણે બારણું ખોલ્યું. બારણામાં નારણ હતો. આખા શરીરે પલળી ગયેલો.

'બોન મ'ન ટાઢ વાઈ છે. એક ઘડો ગરમ પાણી આલશો?' કાક્લૂદીભર્યા અવાજે નારણ બોલ્યો.

અધખુલ્લા બારણામાં રાહેલ ઘેનભરી આંખે ઊભી હતી. થોડી વાર નારણ સામે જોઈ રહી અને કંઈ પણ બોલ્યા વગર બારણું વાસી દીધું. નારણ નિરાશ થઈ ગયો. રાહેલની પરસાળ ઊતરી ગયો. રાહેલ પણ એના મન પરથી ઊતરી ગઈ.

એ પછીના એક વર્ષે ચોમાસાએ લાંબું ખેંઈડ્યું કાઢ્યું. શરૂઆતમાં જેઠના પાછલા પંદરમાં ચોમાસાની શરૂઆતમાં જ વરસાદ મનમૂકીને વરસ્યો, એ પછી આખો અષાઢ અને શ્રાવણના પંદર દિવસ પસાર થઈ ગયા. આકાશમાંથી ટીપુંય પાણી ન પડ્યું. ખેતરોમાં ઊભા મોલ પાણી વગર કરમાવા લાગ્યા. કૂવા, વાવ, તળાવનાં તળિયાં ઊંડાં ઊતરવાં લાગ્યાં. એકાદી વિધવાના કપાળ જેવા કોરા ધાકોર, વાદળ વગરના આકાશ સામે જોઈ માણસો નિસાસા નાખવા લાગ્યા. કોઈ વખત આકાશ વાદળથી ભરાતું. આથી લોકોને આશા બંધાતી. વરસાદ આવશે, પણ રાત્રે વરસાદ વગર ટટળતા માણસો પર હસતા હોય એમ તારા ટમટમતા અને વરસાદ પડશેની એમની આશા પર વગર વરસાદે પાણી ફરી વળતું.

શ્રાવણ પૂરો થવા આવ્યો હતો. છતાં વરસાદ પડવાની કશી એંધાણી વર્તાતી ન હતી. ઉપરથી અગન વરસતી હતી. માણસો પશુપંખી ત્રાહિમામ્ પોકારી રહ્યાં હતાં. એમાં કો'કે ગતકડું વહેતું કર્યું 'મઘા ચાલે છે. અને મોરનું વાહન છે, આથી દુકાળ પડશે.' લોકોનાં મોંનું નૂર ઊડી ગયું. સેમસેઢાની મજૂરી બંધ થઈ ગઈ હતી. અનાજ મોંઘું થતું જતું હતું. મજૂરિયાની બૂરી વલે થઈ હતી.

વરસાદ પડે કે ન પડે, રાહેલને કશું અડતું ન હતું. એનો પતિ શિક્ષક હતો. દર મહિને પગાર મળતો હતો. આની અનાજ કે બીજી ચીજવસ્તુ મોંઘી થાય તો પણ એને કશી અસર થવાની ન હતી.

નારણ એકલો હતો. મજૂરી બંધ હતી. છતાં એનેય ચિંતા જેવું ન હતું. મજૂરી ન મળે તો એ મંદિરે પહોંચી જતો અને પેટ ભરી લેતો.

મંદિરમાંથી આવતા નારણને ફળિયાનો એના જેવો એક જવાનિયો ભેટી ગયો. બીડી આપી નારણને એણે ઊભો રાખ્યો. 'ચ્યાંથી આયો નાયણા?'

'મંદિરેથી સ્તો! આપણું તો એ જ ઘર ગામ જે ગણો એ.'

'દા'ડો ઉ'ગન મંદિરે નાહ'છ. પણ વરહાત હાતર મા'દેવન કશું કે'છ ખરો?'

'ઓ' વ! નારણ બોલ્યો. 'વરહાત વરહાઈ એવું કે'છ.'

'એમ કીધે વરહતા અશે વરહાત?' પેલો ચીડમાં બોલ્યો. 'હાહના તારું ડોઝું તો મંદિરે ભરાય છ પણ અમારા જેવાની શી હાલત થાય છે એની ચંત્યા થાય છ ત'ન?'

'ચંત્યા તો ઘણીયે થાય છ પણ ઉં શું કરું? કાલથી હેંડજે તુય મારી હારે, મંદિરે તારુંય થૈ રે'શે'. નારણે કહ્યું અને પગ ઉપાડ્યો. એટલે જવાનિયાએ એને હાથ પકડી રોક્યો. 'હાંભર વરહાત ભોગ માગ'છ?'

'ભો...ગ! શાનો ભોગ? ચ્યમનો ભોગ? ચેવો ભોગ?' આશ્ચર્ય વ્યક્ત કરતાં નારણે પૂછ્યું.

'હાંભર!' જવાનિયાએ નારણના ખભે હાથ મૂક્યો અને ખૂબ જ ભાવથી બોલ્યો, 'ખાધાપીધા વગર બેહી જવાનું, સમાધિ લઈને એક વખત આવું જ થયું'તું. આખો શાવણ કોરો કાઢી નાખ્યો. માણસ-પહુ બધાં રાન રાન પાન પાન થૈ જયા'તાં. એટ'લ રત્નાપરામાં તારા જેવો એક ભગત હતો એ બેહી જયો અપવાહ પર. વરહાત ના વરહ તાં હુધી અન્નજળ હરામ. અને માનેશ તીજા દા'ડે એટલો બધો વરહાત વરહ્યો ક બાર મઈનાનું હાટુ વારી દીધું.' નારણ જવાનિયાની વાત ધ્યાનથી સાંભળતો હતો. 'એક કામ કર. તું એકલો છો, આગરપાછર તા'ર કોઈ નથી. કોઈ ત'ન રડવાવાળુંય નથી, તું બેહીજા અપવાહ પર. ભગવાનનું કરવું અશે ન તારા બેહવાથી વરહાત પડશે તો તું આખા ગામનો દેવ બની જાશ. નારણ, વચાર કરવા ના રેશ.' બોલી જવાનિયો ચાલ્યો ગયો. નારણ વિચારમાં પડી ગયો.

બીજા દિવસે નારણે મંદિરના પૂજારીને વાત કરી, 'બાપુ વરહાત નઈ આતા અ'ન મારા ફળિયાના લોક મને અપવાસ પર બેહવાને કે'તા હે. અપવાસ પર બેહવાથી વરહાત પડેગા?'

'જરૂર નારન!' તેરે મેં બારિશ કે લીએ સચ્ચી સાધના હોગી, અવશ્ય બારિશ પડેગી. ઔર તૂ આલમ મેં દેવ બન જાએગા.' પૂજારીએ નારણને પ્રોત્સાહન આપ્યું.

અને બીજા દિવસથી નારણ ફળિયા બહાર ચોકમાં માતાની દેરી સામે પલાંઠી વાળી બેસી ગયો. આખા ફળિયામાં આશ્ચર્ય અને કુતૂહલ થઈ ગયું. વરસાદ માટે બધા નાના, મોટા, પછાત, સવર્ણ, ગરીબ, તવંગર તડપતા હતા. બધાને વરસાદની જરૂર હતી. ગામમાં ખબર પડી. 'વરસાદ માટે નારણ નામે ફળિયાનો એક યુવાન ઉપવાસ પર બેસી ગયો.' ખબર પડતાં ગામના પાટીદારો અને અન્ય કોમના નારણને જોવા આવ્યા. એના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી.

કોથળાના પાથરણામાં પલાંઠી વાળી બંધ આંખે નારણ ટટ્ટાર ભગવાન બુદ્ધ કે ગાંધીબાપુની મુદ્રામાં બેઠો હતો. આખો દિવસ પસાર થઈ ગયો. શરૂઆતમાં કુતૂહલ અને આશ્ચર્યભર્યા ફળિયાના નાના, મોટા સૌ સાગમટે નારણને જોવા આવ્યા હતા. પણ જેમ જેમ દિવસ પસાર થતો ગયો એમ ભીડ ઓછી થઈ ગઈ. ગામમાંથીય આવતા બંધ થઈ ગયા. દાડો આથમે તો બેચાર જેમનો અડ્ડો મોટા ભાગે ચોકમાં જ રહેતો હતો એવા નવરા જ નારણ પાસે બેસી રહ્યા. આ નારણને સાથ કે હિંમત-સહવાસ આપવા બેઠા ન હતા. પણ નારણની જાસૂસી માટે બેઠા હતા. રાત્રે અંધારામાં નારણ શું કરે છે? કશું ખાય-પીવે છે? એના ઘેર જઈ સૂઈ જાય છે? ઘણા તો સવારમાં નારણ બેઠો ત્યારે જ બોલ્યા હતા 'એમ ભુછે રએ વરહાત પડતા હશે? ભગવાનથીય નાયણો મોટો થઈ જ્યો? એક દા'ડો, બે દા'ડા ચ્યાં હુધી એઓએ ભૂખ્યો રે'શે? બે દા'ડા પછી ભુછે ચેમરાશે એટ'લ એની મેતે ઉભો થૈ જશે.'

અને એ નવરા બેઠેલાએ નારણની તપાસ રાખવા આખી રાતનો ઉજાગરો કર્યો. આખી રાત એ જ હાલતમાં હાલ્યાચાલ્યા વગર નારણને એમણે બેઠેલો જોયો આથી એમનો ઉજાગરો માથે પડવા જેવું લાગ્યું.

આખા ફળિયામાં નાના, મોટા અને ગામમાંથીય મોટા ભાગના નારણને જોવા આવી ગયા. માત્ર રાહેલ એકલી જ ન આવી. ફળિયામાંથી એક સ્ત્રી રાહેલને બોલાવવા ગઈ 'હેંડ રાહલી આવ'છ નાણભઈને જોવા?' એ સ્ત્રીએ કહ્યું.

'ના રે ભઈ! એનામાં શું જોવાનું છ. આંય નીતદાડો આંછયો આગર નથી ભચકાતો?' રાહેલે વડચકું ભરતાં કહ્યું. પેલી સ્ત્રી આશ્ચર્યમાં પહોળી આંખે રાહેલ સામે જોઈ રહી. રાહેલ આગળ બોલી, 'એમ ભુછે રએ વરહાત પડતો હશે? આ તો ભગવાનને આંટમાં લેવા જેવું. નારણ ભગવાનથીય એને મોટો મા'ન છ?'

બે દિવસ પૂરા થયા. વરસાદ પડવાની કશી એંધાણી જણાતી ન હતી. સમખાવા પૂરતી નાનીઅમથી વાદળીય દેખાતી ન હતી. હવે લોકોમાં નારણ માટે ચટપટી જાગી. 'વરસાદ નઈ પડે તો ભલાદમી આ નારણો વગર ફાહુંનો ભુછે-તરસે મરી જશે. અને આખા ફળિયાને એનું પાપ લાગશે.' ફળિયાવાળાને સમયની ગંભીરતા સમજાવા લાગી. મનોમન કે જાહેરમાં બધા ઈશ્વરને વિનવણી કરવા લાગ્યા. વધા'ર નઈ, ચાર છાંટાય નાછી જા, જેથી બાપળો આ નાયણો ઊગરી જાય.'

નારણના કારણે આખા ફળિયામાં ગમગીની પ્રસરી ગઈ. ફળિયામાં છાશવારે થતા ઝઘડા ઓછા થઈ ગયા. કેટલાકે બીડી, દારૂ પીવાનો બંધ કર્યો. કેટલીક ભાવુક સ્ત્રીઓએ નારણ માટે ચા પીવાની બંધ કરી. નારણ ઉપવાસ પર બેઠો અને આખા ફળિયાનું વાતાવરણ બદલાઈ ગયું.

ઉપવાસનો પાંચમો દિવસ પૂરો થવામાં હતો અને દા'ડો ઢળતાં જ વાતાવરણ બદલાઈ ગયું. જોશભેર પવન ફૂંકાવો શરૂ થયો. એ સાથે આકાશ વાદળથી છવાઈ ગયું અને ઝરમર ઝરમર વરસાદ પડવો શરૂ થઈ ગયો. ફળિયામાં આનંદ આનંદ થઈ રહ્યો. ધીમેથી શરૂ થયેલા વરસાદે જોર પકડ્યું. નેવાં છલકાયાં, ધોધમાર વરસાદ પડ્યો. એની પરવા કર્યા વગર ફળિયાના નાના, મોટા બહાર ચોકમાં નારણ પાસે આવી ગયા.જવાનિયાઓએ નારણને ઊંચકી લીધો. સ્ત્રીઓએ એના ગળામાં ફૂલમાળા પહેરાવી.

જવાનિયાઓએ નારણને ખભે બેસાડી ફળિયામાં અને આખા ગામમાં ફેરવ્યો. ગામના આગેવાન ગણાતા એક પાટીદારે નારણને પારણાં કરાવ્યાં. ફળિયામાંથી અને ગામમાંથી સૌએ યથાશક્તિ નારણને આર્થિક દાન આપ્યું. નારણ આખા ગામમાં 'દેવ' બની ગયો. મોટી ઉંમરના ફળિયાના એક પુરુષે કહ્યું, 'વાલિયામાંથી વાલ્મી (વાલ્મીકિ) બન્યાનું હાંભર્યું છ પણ આજ હગી આંછ્યોએ જોયું વાલિયામાંથી વાલ્મી બન્યાનું.'

નારણના ઉપવાસથી વરસાદ પડ્યો આથી રાહેલ આશ્ચર્યમાં પડી ગઈ. એણે ફળિયાની સ્ત્રી આગળ કહ્યું હતું 'એમ ભુછે રહે વરહાત પડતો અશે?' એ સ્ત્રીએ રાહેલને યાદ દેવડાવ્યું. રાહેલ ભોંઠી પડી ગઈ. આ સ્ત્રીએ નારણનેય કહ્યું રાહેલ આમ આમ કહેતી હતી. અને નારણ વીફર્યો.

એક વખત વરસાદમાં એ પલળીને આવ્યો હતો. એને ટાઢ ચઢી ગઈ હતી. એણે રાહેલ પાસે ગરમ પાણી માગેલું અને ત્યારે રાહેલે બારણું બંધ કરી એના માટે અણગમો બતાવ્યો હતો. અને હવે એણે એના ઉપવાસ માટે આવું કહ્યું. નારણ રાહેલ પર રોષે ભરાયો.

ઉપવાસ છોડે નારણને પંદર દા'ડા જેવું થયું હતું. બપોરનો સમય હતો. ઝરમર ઝરમર વરસાદ પડતો હતો. અને નારણ રાહેલની પરસાળ ચઢ્યો.

રાહેલ ખાધા પછી અંદરના ઓરડામાં આડે પડખે થઈ હતી. બારણું ઠાલું વાસ્યું હતું. હળવો ધક્કો મારી નારણે બારણું ખોલી નાખ્યું અને અંદર દાખલ થયો. બારણું ખૂલવાના અવાજથી રાહેલ જાગી ગઈ. ઓરડામાં નારણને જોઈ ચમકી ગઈ અને બેઠી થઈ ગઈ. ઘરમાંથી બહાર નીકળી જવા ઝડપથી આગળ આવી પણ નારણે એને બાવડેથી પકડી. ઓરડામાં પાછી ધકેલી દીધી. ઓરડા વચ્ચે રાહેલને ધક્કો મારી નીચે ગબડાવી દીધી અને એને ચૂંથી નાખી. ■

> એના ઘર આગળથી પસાર થતા નારણને ઘણી વાર તીરછી નજરે જોઈ લેતી. નારણ રસ્તા સાથે આંખ જડી ચાલ્યો જતો. એણે કદી નજર ઉઠાવી રાહેલના ઘર સામે જોયું ન હતું




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| શીર્ષ | સત્વર |
| શિલા | કેમ |
| શીદ | પથ્થર |
| શીઘ્ર | બાળક |
| શિશુ | માથું |

## ઓળખાણ પડી?



૧૯૨૪માં એક જ ઓલિમ્પિક રમતોત્સવમાં પાંચ ગોલ્ડ મેડલ મેળવવાની સિદ્ધિ મેળવનારા સર્વપ્રથમ એથ્લિટની ઓળખાણ પડી?

અ) સર્જી બુબકા બ) જેસી ઓવેન્સ ક) પાવો નૂરમી ડ) અબેબે બિકીલા

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ૨ હે | લ | ૩ ગા | ૪ હ | ■ | ૫ આ | સ | ૬ મા | ૭ ન |
| ૮ મા | તા | ■ | ૯ બ | ર | ■ | વ | ■ | ૧૦ લા | જ |
| ૧૧ વે | ળ | ■ | ડું | ■ | ૧૨ ક | શ્ય | ૧૩ પ | ■ | ર |
| શ | ■ | ૧૪ ખ | ■ | ■ | ૧૫ વે | ક | ર | ■ | કે |
| ■ | ૧૬ ઉ | ત | ૧૭ રા | ય | ણ | ■ | ૧૮ દા | ૧૯ મા | દ |
| ૨૦ અ | ગ | રા | જ | ■ | ■ | ૨૧ મૂં | ■ | ત | ■ |
| ૨૨ ફ | ટ | ■ | ૨૩ ની | ત | ■ | ૨૪ ઝ | ટ | ■ | ૨૫ આ |
| ૨૬ લા | વું | ■ | તિ | ■ | ૨૭ સા | વ | ■ | ૨૮ બા | ધા |
| તૂ | ■ | ૨૯ રા | ■ | ૩૦ પ | ર | ણ | ૩૧ વા | ■ | રિ |
| ૩૨ ન | ડ | ત | ર | રૂ | પ | ■ | ૩૩ ર | મ | ત |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ■ | ૮ | | ■ | ૯ | |
| ૧૦ | | | ■ | ૧૧ | | ■ | ૧૨ | | |
| | ■ | ૧૩ | | | | | ■ | ■ | |
| ૧૪ | ૧૫ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | |
| ■ | | ■ | ૧૯ | | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | ૨૪ | | ■ | ૨૫ | ૨૬ |
| | ■ | ૨૭ | | ■ | | ■ | ૨૮ | ■ | |
| | ■ | | ■ | ૨૯ | ■ | ૩૦ | | | |
| ૩૧ | | | ■ | ૩૨ | | | | ■ | |

### આડી ચાવી

૧. નોંધપાત્ર (૫)
૪. ખોટું આચરણ (૪)
૭. ગધેડો (૨)
૮. હવે કાપડની --- બંધ પડવા માંડી (૨)
૯. રહેઠાણ, ગંધ (૨)
૧૦. શ્રવણે--- માં બેસાડી મા-બાપને યાત્રા કરાવી (૩)
૧૧. દુષ્ટ, વિલન (૨)
૧૨. --- ના પાનનાં ભજિયાં થાય (૩)
૧૩. કાયદેસરની અટક (૫)
૧૪. દેવું, ઋણ (૩)
૧૬. પુત્ર (૨)
૧૭. તજજ્ઞ, ઉસ્તાદ, કાબેલ (૩)
૧૯. રહેવા માટે જોઇએ (૨)
૨૦. ભાડું આપીને રહેનાર (૩)
૨૧. ભજિયાં (૩)
૨૩. તું કહીને બોલાવવું તે (૩)
૨૫. નસીબ (અં.) (૨)
૨૭. મારા નાનાના જમાઇ (૨)
૩૦. પોસ્ટઓફિસ (૪)
૩૧. રસથી ભરેલું (૩)
૩૨. આપણે સ્કૂલમાં ખાતા (૪)

### ઊભી ચાવી

૧. કામમાં આવે એવું (૫)
૨. જીર્ણક્ષીર્ણ, પડી જાય એવું (૫)
૩. પાણી (૨)
૪. -- અને ગમ્મત બાળકો સાથે કરો (૨)
૫. રૂઢિ, પરંપરા (જો. છૂ.) (૩)
૬. બડાઇખોર, ગરમ મિજાજનું (૫)
૮. પૂંજી, ધનમાલ વગેરે (૪)
૧૧. જરૂર પૂરતું (૫)
૧૫. ઢોરનો ચારો (૩)
૧૭. ખેતીમાં સહાય કરનાર (૨)
૧૮. વજનનું માપ (૩)
૨૦. લાકડાંની ગઠરી (૨)
૨૧. કુટુંબ (૪)
૨૨. અસ્થિર, ડોલતું, ડગમગ (૪)
૨૪. ઉનાળામાં પાણી --- હોય જ (૨)
૨૬. ખાટું મીઠું ફળ (૪)
૨૮. ઘરમાં સીટી વગાડે (૩)
૨૯. હકીકત, સચ્ચાઇ (૨)
૩૦. વામ (૨)

## ગુજરાત મોરી મોરી રે

ગુજરાતમાં દર વર્ષે ભરાતા અને ઉજવણીનું પ્રતીક બનેલા મેળા પૈકી કયો મેળો અમદાવાદ જિલ્લામાં ભરાય છે એ જણાવો.

અ) ભવનાથનો મેળો બ) નકળંગનો મેળો
ક) વૌઠાનો મેળો ડ) તરણેતરનો મેળો

## જાણવા જેવું

ભારતમાં લગભગ બધી જગાએ શિયાળ જોવા મળે છે. ગામના પાદરે, શહેર-વિસ્તારમાં, નિર્જન ઝાડી કે ગીચ જંગલમાં શિયાળ વસે છે. હિમાલયમાં અને ભરતી-ઓટવાળા પ્રદેશમાં પણ શિયાળ જોવા મળે છે. લોંકડી એ શિયાળને મળતું પ્રાણી છે. લોંકડી કે શિયાળ કૂતરાની માફક પાળી શકાતાં નથી.

## સુડોકુ-૮૦૧૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | | | | | |
| ૪ | ૫ | | | | | ૧ | ૭ | |
| ૬ | | | | ૭ | | | ૮ | ૨ |
| ૯ | ૬ | | ૫ | | | ૩ | | |
| ૫ | | | ૬ | | ૪ | | | ૯ |
| | | ૩ | | | ૨ | | ૫ | ૪ |
| ૮ | ૯ | | | ૪ | | | | ૫ |
| | ૨ | ૫ | | | | | ૪ | ૧ |
| | | | | | ૮ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૮૦૧૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૯ | ૮ | ૪ | ૩ | ૬ | ૭ |
| ૪ | ૭ | ૮ | ૨ | ૬ | ૩ | ૧ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૩ | ૫ | ૧ | ૭ | ૪ | ૨ | ૮ |
| ૫ | ૩ | ૯ | ૭ | ૨ | ૧ | ૮ | ૪ | ૬ |
| ૭ | ૪ | ૬ | ૮ | ૩ | ૫ | ૯ | ૧ | ૨ |
| ૨ | ૮ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૩ |
| ૬ | ૫ | ૭ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૪ | ૭ | ૬ | ૫ | ૮ | ૯ |
| ૮ | ૯ | ૪ | ૩ | ૫ | ૨ | ૬ | ૭ | ૧ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

ગેસના લાઇટરમાં કયા વાયુનો ઉપયોગ પ્રવાહી સ્વરૂપમાં કરવામાં આવે છે એ વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) ઓઝોન
બ) બ્યુટેન
ક) ઓક્ટેન
ડ) હિલિયમ

## નોંધી રાખો

જીવનમાં એટલી સમજણ જરૂર કેળવી લેજો કે સ્વપ્ન હંમેશા કાચના હોય છે અને પથ્થર દુનિયાના હાથમાં હોય છે.

## માઈન્ડ ગેમ

ક્રિકેટના વન ડે ઈન્ટરનેશનલ વર્લ્ડ કપ સ્પર્ધામાં સૌથી ધીમી ઈનિંગ્સ કયો ભારતીય ખેલાડી રમ્યો હતો એ જાણો છો?

અ) બ્રિજેશ પટેલ બ) સુનીલ ગાવસકર
ક) આબિદ અલી ડ) જયંતિલાલ

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મમતી | હઠીલા |
| મરકી | રોગ |
| મરવો | કેરી |
| મરોડ | વળાંક |
| મવાળ | નરમ |

ગુજરાત મોરી મોરી રે
અમદાવાદ

ઓળખાણ પડી
ફાંસ

માઈન્ડ ગેમ
મન્સુર અલી ખાન પટૌડી

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
લિથિયમ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ધીરેન્દ્ર ઉદ્દેશી (૩) ગીતા ઉદ્દેશી (૪) પ્રતીમા પમાણી (૫) સુરેખા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) મુલરાજ કપૂર (૧૦) શ્રદ્ધા આશર (૧૧) નંદકિશોર સંજાણવાળા (૧૨) લજિતા ખોના (૧૩) મીનળ કાપડિયા (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) અશોક સંઘવી (૧૮) પુષ્પા પટેલ (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) ડૉ. પ્રકાશ કટકિયા (૨૩) ભારતી પ્રકાશ કટકિયા (૨૪) મહેશ દોશી (૨૫) કલ્પના આશર (૨૬) સુભાષ મોમાયા (૨૭) નયના ગિરીશ મિસ્ત્રી (૨૮) જ્યોત્સના ગાંધી (૨૯) રમેશ દલાલ (૩૦) હિના દલાલ (૩૧) ઈનાક્ષી દલાલ (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) વિણા સંપટ (૩૪) ધીરેન્દ્ર સંપટ (૩૫) નિતીન બજરિયા (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૩૯) અંજુ ટોલિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૨) મહેશ સંઘવી (૪૩) ભાવના કર્વે (૪૪) નૂતન વિપીન (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૬) જગદીશ ઠક્કર

સ્પોર્ટ્સ મૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ₹ ૧૯.૪૫ કરોડનું ટાઇટલ ભલે ન જીતો, પાકિસ્તાનને પછાડીને ૧૪૦ કરોડ ભારતીયોનાં દિલ જરૂર જીતી લેજો



## ચૅમ્પિયન્સ ટ્રોફીમાં રવિવાર, ૨૩ ફેબ્રુઆરીએ રોહિતસેના અને રિઝવાનની ફોજ વચ્ચે હાઈ-વૉલ્ટેજ મુકાબલો થશે

ભારત-પાકિસ્તાન વચ્ચેનો મુકાબલો જેમાં થવાનો હોય એ ટૂર્નામેન્ટ ક્રિકેટોત્સવમાં ફેરવાઈ જતી હોય છે. સ્પર્ધા ક્યારે શરૂ થશે એના કરતાં એમાં ભારત અને પાકિસ્તાનની ટક્કર કઈ તારીખે થશે એના પર નજર કરવાનું લોકો નથી ચૂકતા. એ તારીખને લઈને ક્રિકેટપ્રેમીઓ જાત-જાતની યોજનાઓ બનાવતા હોય છે, એ દિવસે ભલભલું કામ બાજુ પર રાખીને એ હાઈ-વૉલ્ટેજ મુકાબલો માણવાનું નક્કી કરી લેતા હોય છે અને જો એ મૅચ રવિવારને બદલે બીજા કોઈ દિવસે હોય તો ઑફિસમાં એ દિવસે કેવી રીતે ગેરહાજર રહેવું એ પણ ઘણા લોકો મનોમન વિચારી રાખતા હોય છે.

ક્રિકેટજગતની આવી સૌથી તીવ્ર હરીફાઈવાળી મૅચ રમાવાની હોય એટલે કરોડો ભારતીયો દુશ્મન-દેશ પાકિસ્તાનની ટીમને ભારતીય ટીમ પછાડે એવી પ્રાર્થના અચૂક કરી લે એ સ્વાભાવિક છે. આવી જ એક પ્રાર્થનાનો દિવસ નજીક આવી ગયો છે. રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ દુબઈના મેદાન પર બપોરે બરાબર ૨.૦૦ વાગ્યે ટૉસ ઉછાળવામાં આવશે અને ૨.૩૦ના ટકોરે પહેલો બૉલ ફેંકવામાં આવશે.

મર્યાદિત ઓવરોની ક્રિકેટ મૅચોમાં ભારતે પાકિસ્તાન પર મોટા ભાગે પ્રભુત્વ જમાવી રાખ્યું છે, પરંતુ ખાસ કરીને બે મૅચ એવી રમાઈ ગઈ જે બદલ પ્રત્યેક ભારતીયને થોડો અફસોસ થતો જ હશે.

વાત એવી છે કે વન-ડેના વર્લ્ડ કપમાં તો ભારત ક્યારેય પાકિસ્તાન સામે નથી હાર્યું, પરંતુ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતે એક પરાજય જોવો પડ્યો છે. એ એક મૅચ અને છેલ્લે ૨૦૧૭માં રમાયેલી ચૅમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલમાં થયેલી હારવાળી બીજી મૅચ ભારત માટે બે મોટી કમનસીબી છે. આ બે મૅચ જેવી કમનસીબીનું આગામી ૨૩મી ફેબ્રુઆરીએ દુબઈમાં પુનરાવર્તન ન થાય એની રોહિત શર્મા ઍન્ડ કંપનીએ તકેદારી રાખવાની છે.



૨૦૨૩ના ઑક્ટોબરમાં અમદાવાદમાં ભારતે વન-ડે વર્લ્ડ કપના મુકાબલામાં પાકિસ્તાનને ૧૧૭ બૉલ બાકી રાખીને સાત વિકેટે હરાવ્યું હતું. શ્રેયસ ઐયર ૫૩ રને અને કેએલ રાહુલ ૧૯ રને અણનમ રહ્યા હતા.

વન-ડેના વિશ્વ કપમાં ભારત-પાકિસ્તાન વચ્ચે કુલ આઠ મુકાબલા થયા છે અને એ તમામ આઠ મુકાબલા ભારતે જીત્યા છે.

ટી-૨૦ના વિશ્વ કપમાં પણ ભારત-પાકિસ્તાન વચ્ચે કુલ આઠ ટક્કર થઈ છે જેમાંથી સાત ભારતે જીતી છે અને માત્ર એક મૅચમાં પાકિસ્તાનનો વિજય થયો છે. યાદ અપાવવાની કે સપ્ટેમ્બર, ૨૦૦૭માં ટી-૨૦ વર્લ્ડ કપમાં જે મૅચ ટાઇ થઈ હતી એમાં ભારતનો વિજય થયો હતો. ફક્ત ૨૦૨૧ની ટી-૨૦ એવી હતી જેમાં ભારતીય બૅટર્સના ફ્લૉપ-શો બાદ મોહમ્મદ રિઝવાન (૭૯ અણનમ) અને બાબર આઝમ (૬૮ અણનમ)ની જોડીએ પાકિસ્તાનને વિજય અપાવ્યો હતો. એ મૅચ દુબઈમાં રમાઈ હતી અને રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ ફરી દુબઈમાં બન્ને દેશની ટીમ સામસામે આવવાની છે.

હવે ચૅમ્પિયન્સ ટ્રોફીની વાત કરીએ તો ૨૦૧૩ની ફાઇનલમાં ભારતે ઇંગ્લૅન્ડને પાંચ રનથી હરાવીને પહેલી વાર આ ટૂર્નામેન્ટની ટ્રોફી જીતી લીધી હતી, પરંતુ ત્યાર બાદ ૨૦૧૭માં ચૅમ્પિયન્સ ટ્રોફીની લંડનના ઓવલમાં જે ફાઇનલ રમાઈ એમાં પાકિસ્તાન સામે ભારતનો ૧૮૦ રનથી પરાજય થયો હતો. એનો બદલો ભારતે હવે ૨૩મી ફેબ્રુઆરીએ લેવાનો છે.

આઇસીસી ટૂર્નામેન્ટ જીતવામાં પણ પાકિસ્તાનથી ભારત ક્યાંય આગળ છે. ભારતની ૧૧ આઇસીસી ટ્રોફી સામે પાકિસ્તાન પાસે માત્ર પાંચ ટાઇટલ છે.

ભારત-પાકિસ્તાન મુકાબલાઓથી બન્ને દેશના કરોડો લોકોને બહુ સારું મનોરંજન મળી રહે છે. આ મૅચોથી બેઉ દેશ વચ્ચેના રાજકીય સંબંધો સુધરે એવી સુફિયાણી વાતો કેટલાક લોકો કરતા હોય છે, પણ એ સંભવ નથી. કારણ એ છે સરહદ પારથી પાકિસ્તાનના સૈનિકોએ આતંકવાદીઓને ભારતમાં ઘુસાડવાનું ચાલુ જ રાખ્યું છે એટલે ભારત સરકાર હજી દાયકાઓ સુધી પોતાની ક્રિકેટ ટીમને પાકિસ્તાન મોકલવા તૈયાર નહીં થાય એમાં બેમત નથી. હા, આ હાઈ-વૉલ્ટેજ ક્રિકેટ ટક્કરથી બન્ને દેશની કંપનીઓને, આ મૅચના આયોજક સ્થળના માલિકોને તેમ જ ટીવી બ્રૉડકાસ્ટર્સને ધીકતી કમાણી જરૂર થતી હોય છે.


પાકિસ્તાનના પ્રમુખ શેહબાઝ શરીફે તાજેતરમાં જાહેરમાં કહ્યું હતું કે 'પાકિસ્તાની ટીમનું ખરું કામ માત્ર ચૅમ્પિયન્સ ટ્રોફી જીતવાનું જ નહીં, પણ કટ્ટર હરીફ ભારતને હરાવવાનું પણ છે.'

ભારત માટે આ કોઈ નવી વાત નથી. આવું તો ભારતમાં દાયકાઓથી સામાન્યમાં સામાન્ય ક્રિકેટપ્રેમી માનતો આવ્યો છે અને ૨૩મી ફેબ્રુઆરીએ ફરી એકવાર પ્રાર્થના કરશે કે મોહમ્મદ રિઝવાનની પાકિસ્તાનની ટીમને રોહિતસેના કચડી નાખે. ચૅમ્પિયન્સ ટ્રોફી જીતનારી ટીમને ૧૯.૪૫ કરોડ રૂપિયાનું પ્રથમ ઇનામ મળવાનું છે. આપણે ઇચ્છીએ કે ભારત બીજી વાર આ સ્પર્ધા જીતે, પરંતુ એનાથી વિશેષ વાત એ છે કે વિજેતાપદ નહીં મળે તો એક વાર ચાલશે, પણ પાકિસ્તાનને તો હરાવવું જ જોઈશે. ટીમ ઇન્ડિયાનું એ જ ખરું વિજેતાપદ કહેવાશે અને એવું થશે તો ૧૪૦ કરોડ ભારતીયોનું સપનું સાકાર થયું કહેવાશે. ■

વિશેષ
ડૉ. અનિતા રાઠૌર
feedback@bombaysamachar.com

# મહાન પ્રેમીઓના મહાન પ્રેમપત્ર

### વેલેન્ટાઇન્સ-ડે ના અવસરે



'જ્યારથી મેં તમારી વિશે સાંભળ્યું છે, મારા પ્રભુ, હું તમારી તરફ આકર્ષિત થઈ ગઈ છું. કૃપયા, શિશુપાલ સાથેના મારા વિવાહ પહેલાં અવશ્ય આવો અને મને લઈ જાઓ. પારિવારિક રીતરિવાજ પ્રમાણે મારા વિવાહના એક દિવસ પહેલાં હું અંબિકા દેવી મંદિરમાં જઈશ. અહીં તમે આવીને મારું હરણ કરો એ માટે સોનેરી અવસર હશે. જો તમે મારા પર આ કૃપા નહીં કરો તો હું ઉપવાસ અને કઠોર વ્રતોનું પાલન કરીને મારા જીવનનો ત્યાગ કરીશ. કદાચ આવતા જન્મમાં હું તમને પ્રાપ્ત કરીશ.' આ કદાચ સંસારનો પ્રથમ પ્રેમપત્ર હતો જે રૂક્મિણીએ શ્રીકૃષ્ણને લખ્યો હતો અને પોતાના વિશ્વસનીય બ્રાહ્મણ સુનંદા મારફતે ભગવાનને પહોંચાડ્યો હતો. આ પત્ર આપણને શ્રીમદ્ ભાગવતના સર્ગ ૧૦ના અધ્યાય બાવનમાં જોવા મળે છે.

ત્યાર બાદ મીસરની રાજકુમારીના પ્રેમપત્રો વાંચવા મળે છે. આ લેખનો હેતુ પ્રેમપત્રોના ઈતિહાસ બતાડવાનો નથી, પરંતુ એ છે કે કોલ અને ઈન્સ્ટન્ટ મેસેજની સુવિધા નહોતી ત્યારે પ્રેમી પોતાના પ્રેમની કબૂલાત કાગળની મદદથી કરતો હતો. કાગળનો એ યુગ એવો હતો કે પ્રેમના આ ઉદગારો સાહિત્યની અમર કૃતિ બની ગઈ છે. જગ્યાના અભાવે બધા પ્રેમપત્રોનો અહીં સંભવ નથી, પરંતુ અમુક પત્રોની નોંધ લેવી ઘટે જેથી વૅલેન્ટાઈન ડેમાં તમને તમારા પ્રેમ પ્રગટ કરવામાં મદદ કરશે.

વીસ દિવસ પસાર થઈ ગયા હતા અને શાયર કૈફી આજમીને પોતાની પ્રેમીકા શૌકત (પછી પત્ની)ના કોઈ સગડ મળ્યા નથી. તેમણે લાગ્યું કે શૌકત નારાજ છે. તેમણે મનાવવા કૈફીએ લોહીથી પ્રેમપત્ર લખ્યો હતો. તેમણે લખ્યું હતું કે પ્રેમપત્ર લખ્યા બાદ મેં તેને કવરમાં મૂક્યો અને સૂવા લાગ્યો, પરંતુ મને ઊંઘ આવી નહીં. મેં તારો છેલ્લો પત્ર ફરી વાંચ્યો અને આસુને રોકી શક્યો નહીં. શૌકત, મારી કમનસીબી એ છે કે તને મારા પ્રેમ પર વિશ્વાસ નથી. મેં બ્લેડ વડે કાંડા પર ઊંડો ઘા કર્યો અને મેં મારા લોહીથી આ પત્ર લખ્યો. હું મહિનાઓ સુધી મારા પ્યાર માટે આંસુ સારતો હતો, પરંતુ હવે લોહી રેડી રહ્યો છું. મને ખબર નથી કે આપણું ભવિષ્ય શું છે. મોતી, (શૌકતનું હુલામણું નામ) મને ઊંડો આઘાત લાગ્યો છે. તું એ કેવી રીતે લખી શકે કે હવે હું જાણી ગઈ છું કે તેમની આંખો મારા પર નથી, પરંતુ કોઈ બીજા પર છે જે તેમને સમજતી નથી અને તેઓ એને સમજતા નથી. આ શબ્દોને પાછા લો. શૌકત, મારા પ્રેમની મજાક ન ઉડાવ. જો તું મારા માટે કંઈ ન કરી શકે તો વાંધો નથી. તને પ્રેમ કરતી વખતે હું જાણી ગયો છું કે મારા માટે કોઈ આશા નથી. ખુદા મારું ધ્યાન રાખશે. તને મારા પ્રેમ પર અને ઈરાદા વિશે શંકા છે. તને શંકા છે કે હું તારી સાથે લગ્ન કરીશ નથી. હું ફક્ત એટલું કહીશ કે એક દિવસ હું તને અને દુનિયાને સાબિત કરી આપીશ કે હું તને કેટલો પ્યાર કરું છું. મારી શૌકત, મારું અને મારા પ્રેમનું શું થશે. તું અને હું એટલા દૂર છીએ કે તારે માટે મારા દર્દને જોવું સંભવ નથી. શું તું મારી લાચારી સમજ્યા વિના બીજાની વાત માની લઈશ. જો તને મારી કોઈ વાત ખરાબ લાગી હોય તો મને માફ કરી દે. પ્યાર અને પુષ્કળ પ્રેમ. તારો કૈફી

રોમેન્ટિક કવિ જોન કિટ્સની પ્રેમિકા ફૈની બ્રોનએ તેમને પત્રમાં લખ્યું હતું કે મને એ શબ્દો ન લખો જેમાં તમારા જ્ઞાન અને કાબેલિયત પ્રગટ થાય છે. તમે એ લખો જે તમારા દિલની ઊંડાણથી નીકળે. ત્યાર બાદ કિટ્સે તેમની પત્ર લખવાની શૈલી બદલાવી પડી. જોકે બન્નેનાં પ્રેમનો કરૂણ અંજામ આવ્યો. કિટ્સનું ૨૬ વર્ષની વયે ટીબીથી અવસાન થયું હતું. જોકે કિટ્સના પત્રો હજી પણ પ્રેમીઓ માટે પ્રેરણારૂપ છે. એક નમૂનો પ્રસ્તુત છે. ''તું હંમેશાં નવી લાગે છે. તારું ગયું ચુંબન સૌથી વધારે મીઠું હતું. તારી નાગીન જેવી ચાલનો અંદાજ સૌથી રોચક હતો. કાલે તું મારી બારીની પાસેથી પસાર થઈ ત્યારે મારામાં એ જ સ્પંદનો ઉત્પન્ન થયા જે તને પહેલી વાર મળ્યો ત્યારે સ્ફૂર્યા હતા. તું મને પ્રેમ ન કરતી તો પણ મારો પ્રેમ જીવનભર તને સમર્પિત રહેશે.''

પ્રેમની ઊંડાઈ જેન ઑસ્ટેન જેવી કોઈએ માપી નથી. તેમની ક્લાસિક નવલકથા 'પરસુએશન'ના અંતમાં કેપ્ટન વેંટવર્થ એનીને જે પત્ર લખે છે એનો સૌથી વધારે રોમેન્ટિક ગણવામાં આવે છે. ''તેં મારા આત્માને ઘાયલ કરી નાખ્યો છે. હું અડધું દર્દ છું અને અડધી આશા છું. તું મને એમ ન કહે કે હવે મોડું થયું છે અને એ કીંમતી અહેસાસ કાયમ માટે જતો રહ્યો છે. હું તને ફરી એ જ દિલ ઓફર કરું છું જે સાડાઆઠ વર્ષ પહેલાં તોડી નાખ્યું હતું. તું એમ ન કહે કે પુરુષ મહિલા સાથેના પહેલા પ્રેમ ભૂલી જાય છે અને એ પ્રેમ મરી જાય છે. હુ તારા સિવાય બીજા કોઈને પ્રેમ કરતો નથી.

વ્લાદીમીર નબોકોવની વેરા સાથેની પહેલી મુલાકાત ૧૯૨૧માં થઈ હતી. વ્લાદીમીરના પત્રો ૪૬ વર્ષની પ્રેમની ગાથાને વર્ણવે છે. '' મારી કોમળ કળી, મારી ખુશી, હું તારા માટે શું શબ્દ લખું. એ કેટલી વિચિત્ર વાત છે કે મારું જીવનકાર્ય કાગળ પર કલમ ચલાવાનું છે. મને ખબર નથી કે હું તને કઈ રીતે કહું કે હું તને પ્યાર કરું છું અને હું તને ચાહું છું. આવી ઉત્તેજના અને દૈવિક શાંતિ! ઓગળી રહેલા વાદળ ગરમીમાં ગુમ થતા બન્યા ખુશીના પહાડ અને હું તારી સાથે તરી રહ્યો છું. હું તારામાં બળી રહ્યો છું અને પીગળી રહ્યો છું. મારું આખું જીવન વાદળોની ગતિ જેવું છે. એમાં છે હવાઈ, શાંત પડવું, તેમની હળવાશ અને કોમળતા અને રંગીન આસમાની વિવિધતા- મારો અતૂટ પ્રેમ. હું મારી અનુભૂતિ શબ્દોમાં વ્યક્ત કરી શકતો નથી.'' ■

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com



# દો સિતારોં કા મિલનઃ અમેરિકા ને ઈન્ડિયાની જુગલબંધી

ખરેખર તો 'ફટાકડો ફોડતા કોઇની ચડ્ડી સળગી ગઇ' જેવા નાના- મોટા સમાચાર આપણી આસપાસ રોજ વહેતા જ હોય છે, છતાંયે આપણને જ એની ખબર નથી હોતી. હમણાં અમેરિકામાં પત્રકારોનો સખત સમુદાય ચિંતામાં બેઠો છે. બે મોટા માથાના નેતા અંદર ઘૂસીને શું ને શું યે વાતો કરતા હશે? પત્રકારો, કોઇ સોલિડ સમાચારને સૂંઘી રહ્યા છે, પણ નવાઈની વાત છે કે અંદરથી કોઈ ચટપટા સમાચારની ગંધ જ નથી આવી રહીને!

વાત એમ છે કે દુનિયાના બે મોટા નેતા સાચેસાચે ધંધાધાપા માટે કે ખોટેખોટે યુદ્ધ-મંત્રણા માટે ભેગા થયા છે પણ પત્રકારોને લાગે છે કે મંત્રણા કરવાને બદલે બેઉ નેતા બહાર આવે અને એમને છાપાનાં પહેલાં પાનાં પરની હેડલાઈન માટેનો કોઇ રેડીમેડ ચટપટો મસાલો આપે કે પછી એ નેતાઓ એમના અલગ અલગ મૂડના નાટ્યાત્મક ફોટાઓ તો આપે...શું છે કે આ દુનિયામાં યુદ્ધને બદલે શાંતિ થોડીવાર પછી સ્થપાય કે ના સ્થપાય એ ચાલશે પણ છાપું તો કાલે સવારે જ આવવાનું છેને? એ તો એકદમ સનસનાટી અને ધમાકેદાર સમાચારો સાથે જ નીકળવું જોઈએ એટલે કોઈ જોરદાર સમાચાર, ગમે તે રીતે પણ આપવા જ પડશેને?

અંદર મંત્રણા બરાબર જામીને ચાલી રહી છે, એનાથી વધારે જોરદાર સમાચાર એ છે કે અચાનક મંત્રણા અટકી ગઈ છે! બિચારા પત્રકારોના નસીબમાં કોઈ ધમાકેદાર સમાચાર નથી તો કંઈ નહીં પણ કમસેકમ કાંઇક હળવા મજેદાર સમાચાર તો મળે! પણ જ્યારથી અમેરિકાના અને ઇન્ડિયાના નેતાઓ મળ્યા છે ત્યારથી અંદરથી રૂમનો દરવાજા બંધ કરીને જ બેઠા છે. ખબર નહીં બંને શું ને શું વાત કરી રહ્યા છે? વળી ખબર નહીં કે એ લોકો વાતો કરી પણ રહ્યા છે કે નહીં? બેઉ અંદર બંધ બારણે ચાદર ઓઢીને સૂઈ તો નથી ગયા ને? પત્તાનો જુગાર તો નથી રમતાને? બની શકે કે એ બન્ને અંદર ચેસ રમતા હોય અને એકદમ રસાકસીવાળી ગેમ ચાલતી હોય ને બહાર ઊભેલા બિચારા પત્રકારોને લાગતું હોય કે અંદર શાંતિ મંત્રણા લાંબી બહુ ચાલી હોં! પત્રકારો દુઃખી દુઃખી થઈ રહ્યા છે. આના કરતાં તો આ નેતાઓ રૂમની બહાર જ સારા હતા. કમસેકમ એકબીજાની વિરુદ્ધ કંઇક બોલતા તો હતા. કમબખ્ત કોઇક હેડલાઈન તો એમાંથી બનતી હતી.

જોકે એવું યે કદાચ હોય કે અંદર અમેરિકાનાં નેતા, ઇન્ડિયાના નેતાને કોઇ નવો દારૂ ચખાડતા હોયકાં તો એવું પણ હોય કે ઇન્ડિયાના નેતા અમેરિકાનાં પ્રેસિડન્ટને કોઇ ખાસ ફિલ્મ બતાવી રહ્યા હોય અથવા કદાચ બંને એકબીજાને પોતે સત્તામાં કેવી રીતે આવ્યા એના કિસ્સાઓ સંભળાવી રહ્યા હોય અથવા કંઇ નહીં તો એકમેકને કોબીનું શાક બનાવવાની રીત શીખવી રહ્યા હોય.... રૂમ બંધ છે કે ચાવી ખોવાઈ ગઈ છે? ખબર નહીં, એ લોકો અંદર શું કરી રહ્યા છે? એનું જબરું સસ્પેન્સ જામ્યું છે એ હકીકત છે.

જો આમાંનું કંઈ થઈ પણ રહ્યું હશે તો મને લાગે છે કે દુનિયામાં શાંતિ ફેલાવાની છે, પછી ભલેને છાપાનું વેચાણ ન વધે! તમે સમાચાર સૂંઘવા માંગો છો તો જરૂરી નથી કે ગંધ આવે જ. તમે દુશ્મનીની દુર્ગંધ ઇચ્છો અને કદાચ ત્યાંથી દોસ્તીની સુગંધ પણ આવી જાય! જો આમ થાય તો અમેરિકામાં ભેગા થયેલા ઘણા પત્રકારોને ઊંડો આઘાત લાગશે. આમ તો એ લોકો અનુભવી છે તોયે આશા માંડીને બેઠા છે કે કાશ, બંને નેતામાં અંદરોઅંદર ઝગડો થાય ને બેઉ આખરે લડીને છૂટા પડે.

રાજકારણમાં જો 'કંઈ નથી થતું' એનો મતલબ 'કંઈ થઈ રહ્યું છે'. યુદ્ધની વાતો ના કરવાથી શાંતિ ફેલાય છે પણ જોકે શાંતિની વાતો યે ન કરવી પડે તો જ દુનિયામાં વધારે શાંતિ ફેલાઈ શકે એમ છે. મને તો ત્યારે મજા આવશે કે આ મીટિંગ માટે જ કરોડોના ખર્ચા કર્યા પછી બંને મહાનુભાવ મળીને ખાલી બેઠાંબેઠાંએ એચને કેરમ રમે! ખરેખર, એ બે મળીને ખાલી આ જ કામ કરવું જોઈએ. કમનસીબે એ લોકો મહાસત્તાઓનાં સર્વેસર્વા છેને? એ લોકો શસ્ત્રો અને બોમ્બની વાત કરવા માટે જ શાપિત આત્માઓ તરીકે જન્મ્યા છે. જો કે આમ તો પત્રકારોની પેલી ભીડ પણ એ જ શાપિત સંસ્કૃતિની પેદાશ છે, જે લડાઈ બંધ થવાની ક્ષણે પણ લડાઈ થવાની રાહ જોઇને ગીધની જેમ બેઠા છે. એ લોકોને ઈતિહાસથી વધારે ઈતિહાસના પલટામાં વધારે રસ છે કે કાશ, કંઈક તો યુદ્ધ જેવું ફાટી નીકળે ને કંઈ તો સમાચાર એમને મળે! છાપું તો રોજ કાઢવું પડે ને એકાદ હેડલાઇન તો જોઇએને?! ■

# ચૅમ્પિયન્સ ટ્રોફીની ચૅમ્પિયન ટીમને મળશે ૧૯.૪૫ કરોડ રૂપિયાનું પ્રથમ ઇનામ

## જય શાહના અધ્યક્ષસ્થાન હેઠળની આઇસીસીએ જાહેર કર્યા છે બીજા અનેક પ્રાઇઝ-મની

દુબઈ: વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રૉફીની મહિનાઓથી રાહ જોવાઈ રહી હતી અને એ દિવસ નજીક આવી ગયો છે ત્યારે આ લોકપ્રિય ઇવેન્ટની કર્તાહર્તા ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ આ ટૂર્નામેન્ટને લગતા કરોડો રૂપિયાનાં ઇનામોની જાહેરાત કરી છે જે મુજબ રવિવાર, નવમી માર્ચે જે દેશની ટીમ ચૅમ્પિયન બનશે એ ટીમને ૨.૨૪ મિલિયન અમેરિકન ડૉલર (અંદાજે ૧૯.૪૫ કરોડ રૂપિયા)નું પ્રથમ ઇનામ મળશે. રનર-અપ ટીમને ૧.૧૨ મિલિયન ડૉલર (૯.૭૨ કરોડ રૂપિયા)નું બીજું ઇનામ મળશે.

શ્રેષ્ઠ આઠ વન-ડે ટીમ આ સ્પર્ધામાં ભાગ લેશે. ભારતના ગ્રૂપ ‘એ’માં પાકિસ્તાન, ન્યૂ ઝીલૅન્ડ અને બાંગ્લાદેશ છે. ગ્રૂપ ‘બી’માં ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન સામેલ છે.

ચૅમ્પિયન્સ ટ્રોફી બુધવાર, ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થશે. એમાં ભારતની પ્રથમ મૅચ ૨૦મી ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે અને બીજી મૅચ ૨૩મી ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે રમાશે. આ પહેલાં ચૅમ્પિયન્સ ટ્રોફી ટૂર્નામેન્ટ ૨૦૧૭માં રમાઈ હતી અને પાકિસ્તાનમાં એનું આયોજન પહેલી જ વાર થઈ રહ્યું છે. ભારતની તમામ મૅચો દુબઈમાં રમાશે.



આઇસીસીએ જે પ્રાઇઝ-મનીની જાહેરાત કરી છે એમાં ૨૦૧૭ની ઇવેન્ટની તુલનામાં ૫૩ ટકાનો વધારો થયો છે. સેમિ ફાઇનલમાં હારી જનારી બન્ને ટીમને પણ સારી એવું રોકડ ઇનામ મળવાનું છે.

આઇસીસીના સૌથી યુવાન અધ્યક્ષ જય શાહે પાકિસ્તાન તથા દુબઈમાં રમાનારી ચૅમ્પિયન્સ ટ્રોફીને લગતી યાદીમાં જણાવ્યું હતું કે ‘આ મોટા ઇનામો ક્રિકેટની રમતમાં મોટા પાયે રોકાણ કરવાની તેમ જ આપણી ઇવેન્ટ્સની વૈશ્વિક ખ્યાતિ જાળવી રાખવાની આઇસીસીની પ્રતિબદ્ધતા દર્શાવે છે.’


પાકિસ્તાનમાં ૧૯૯૬ પછી પહેલી જ વખત મોટી આઇસીસી ઇવેન્ટ યોજાઈ રહી છે. ચૅમ્પિયન્સ ટ્રોફીની મૅચો કરાચી, લાહોર અને રાવલપિંડીમાં રમાશે.

### કોને મળશે કેટલું ઇનામ?

(૧) ચૅમ્પિયન ટીમ: ૧૯.૪૫ કરોડ રૂપિયા
(૨) રનર-અપ ટીમ: ૯.૭૨ કરોડ રૂપિયા
(૩) સેમિ ફાઇનલ હારી જનારી ટીમ: ૪.૮૬ કરોડ રૂપિયા
(૪) પાંચમા-છઠ્ઠા સ્થાને રહેનારી ટીમ: ૩.૦૪ કરોડ રૂપિયા
(૫) સાતમા-આઠમા સ્થાને રહેનારી ટીમ: ૧.૨૧ કરોડ રૂપિયા
(૬) ગ્રૂપ સ્ટેજમાં પ્રત્યેક જીત બદલ: ૨૯.૫ લાખ રૂપિયા
(૭) ટૂર્નામેન્ટમાં ભાગ લેવા બદલ (દરેક ટીમને): ૧.૦૮ કરોડ રૂપિયા

# ચૅમ્પિયન્સ ટ્રોફીના ઓપનિંગમાં જ પાકિસ્તાનની ફજેતી, ક્રિકેટ ક્રેઝીઓ સ્ટેડિયમની દીવાલ પર ચડી ગયા!

લાહોર: પાકિસ્તાનમાં ૨૯ વર્ષ પછી પહેલી વાર આઇસીસી ક્રિકેટ ઇવેન્ટ યોજાવાની છે એટલે આ ક્રિકેટ ક્રેઝી દેશના લોકો એની મૅચો જોવા માટે તત્પર હોય જ અને એમાં જો ઓપનિંગ સેરેમની જોવા જરાસરખી પણ તક મળવાની હોય તો એ શું કામ ચૂકે? ગુરુવારે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં સાંજે વન-ડે ફૉર્મેટની ચૅમ્પિયન્સ ટ્રૉફી માટેનો પ્રારંભિક સમારોહ યોજાયો હતો જે જોવા માટે જેમને તક નહોતી મળી એમાંના કેટલાક લોકો એ સમારંભ જોવા માટે સ્ટેડિયમની દીવાલ પર તેમ જ વાડ પર ચડી ગયા હતા.



ચૅમ્પિયન્સ ટ્રોફીની ઓપનિંગ સેરેમનીને લગતો વીડિયો વાઇરલ થયો હોવાનું મનાય છે. કહેવાય છે કે ક્રિકેટલવર્સની આ ‘ઘૂસણખોરી’ સ્ટેડિયમના વેરી ઇમ્પૉર્ટન્ટ પર્સન્સ (વીઆઇપી)ના વિભાગની દીવાલ પરથી થઈ હોવાનું મનાય છે.

વાઇરલ થયેલો વીડિયો તેમ જ ફોટો લાહોરમાં ગુરુવારે સાંજે ૭.૦૦ વાગ્યે શરૂ થયેલી ઓપનિંગ સેરેમનીનો જ હતો એ બાબતને પુષ્ટિ તો નહોતી મળી, પરંતુ પાકિસ્તાન કે જ્યાં વર્ષોથી વિશ્વના સૌથી લોકપ્રિય ભારતીય ક્રિકેટરો રમવા ન આવતા હોય અને જ્યાં ત્રણ દાયકા પછી પહેલી વાર મોટી ક્રિકેટ સ્પર્ધા યોજાવાની હોય ત્યાં આવું ગાંડપણ થાય એ શક્ય છે.

ઉલ્લેખનીય છે કે ૧૯૯૬માં પાકિસ્તાને ભારત તથા શ્રીલંકા સાથેના સહયોગમાં વન-ડેના વર્લ્ડ કપનું જે આયોજન કર્યું હતું ત્યાર પછી ૨૯ વર્ષમાં ક્યારેય કોઈ મોટી ક્રિકેટ સ્પર્ધા નથી યોજાઈ. ૨૯ વર્ષથી ઓછી ઉંમરના ક્રિકેટપ્રેમીઓને તો પહેલી જ વાર પોતાના દેશમાં મોટી ક્રિકેટ સ્પર્ધા રમાતી જોવા મળશે, કારણકે છેલ્લે ૧૯૯૬માં ત્યાં જે વર્લ્ડ કપ યોજાયો હતો ત્યારે તેમનો જન્મ પણ નહોતો થયો.

ગુરુવાર રાતથી જ ‘મેઘઅપડેટસ’ના હૅન્ડલ પરથી શૅર થયેલા અને વાઇરલ થયેલા લાહોરના સ્ટેડિયમની ઘટનાવાળા વીડિયોને સાડાચાર લાખથી પણ વધુ લાઇક્સ મળી છે. આ ઘટના વિશે વિશ્વભરમાંથી પ્રતિક્રિયા આવી રહી છે. કેટલાકે આ ઘટના પર જોક્સ અને મીમ્સ બનાવ્યા છે તો કેટલાકે ‘એક્સ’ પર જણાવ્યું છે કે ઓપનિંગમાં જ જો આવું થયું તો ક્રિકેટ મૅચ રમાશે ત્યારે સ્ટેડિયમમાં પ્રેક્ષકોની અને મેદાન પર ખેલાડીઓની સલામતી હશે ખરી?

એક ‘એક્સ’ યુઝર લખે છે, ‘પાકિસ્તાનમાં પરમાણુ શસ્ત્રો કેટલાં સલામત છે એ આ ઘટના પરથી જાણી શકાય એમ છે.’

બીજો એક યુઝર લખે છે, ‘પાકિસ્તાનમાં શરમ-બરમ જેવું કંઈ છે કે નહીં?’

ત્રીજો યુઝર રમૂજી ટિપ્પણીમાં લખે છે, ‘વાહ! પાકિસ્તાનમાં ક્રિકેટની મોટી ઇવેન્ટનું ગ્રૅન્ડ ઓપનિંગ થયું!’

ચોથા યુઝરે તો એનાથી પણ ચડિયાતી કમેન્ટમાં લખ્યું, ‘આ વળી નવું! દીવાલ પર ચડતા આવડતું હોય તો પછી લાઇનમાં ઊભા રહીને રાહ શું કામ જોવાની!’

# ગૌતમ ગંભીરના પર્સનલ સેક્રેટરીની ‘ઘૂસણખોરી’ને પગલે બીસીસીઆઇએ આકરો નિયમ લાવવો પડ્યો?

નવી દિલ્હી: બીસીસીઆઇએ ક્રિકેટરોને ટૂંકા વિદેશી પ્રવાસે પત્ની, પાર્ટનર કે કોઈ પણ ફૅમિલી મેમ્બરને પોતાની સાથે લઈ જવાની મનાઈ કરવાની સાથે જે કેટલાક બીજા કડક નિયમો લાગુ કર્યા છે એમાંનો એક નિયમ છે, મૅનેજર કે એજન્ટ કે શેફ સહિતના પર્સનલ સ્ટાફને પોતાની સાથે ટૂર પર લઈ જવાની મનાઈ. કેટલાક અહેવાલો પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે આ નિયમ હેડ-કોચ ગૌતમ ગંભીરના પર્સનલ સેક્રેટરીના ટીમ ઇન્ડિયા સાથેના બિનસત્તાવાર પ્રવાસોને પગલે બીસીસીઆઇએ અંગત સ્ટાફ સંબંધિત આ આકરો નિયમ લાવવો પડ્યો છે.

ગુરુવારે પીટીઆઇના અહેવાલમાં જણાવાયું હતું કે કોચિંગ સ્ટાફના એક મેમ્બર હંમેશાં ટીમ ઇન્ડિયાના પ્રવાસમાં પર્સનલ સેક્રેટરીને પોતાની સાથે લઈ જતા હતા અને એ સેક્રેટરી ટીમની જ હોટેલમાં રહેતા હતા. તાજેતરમાં ઘરઆંગણે ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ વખતે પણ આ સેક્રેટરી દરેક મૅચના સ્થળે જોવા મળતા હતા.

એક જાણીતા અંગ્રેજી દૈનિકના અહેવાલ મુજબ કોચિંગ સ્ટાફના મેમ્બર્સમાં ફક્ત હેડ-કોચ ગૌતમ ગંભીરનો જ પર્સનલ સેક્રેટરી છે.

બીસીસીઆઇના એક વરિષ્ઠ અધિકારીએ ગૌતમ ગંભીરના પર્સનલ સેક્રેટરીને મળી રહેલા વિશેષ લાભોને તાજેતરમાં વખોડી કાઢ્યા હતા. આ અધિકારીએ ગુપ્ત બાબતો બહાર લાવતાં જણાવ્યું હતું કે તેઓ (ગૌતમ ગંભીરના પર્સનલ સેક્રેટરી) નૅશનલ સિલેક્ટરો માટે ખાસ નક્કી કરવામાં આવતી કારમાં જ બેસતા હતા, ઑસ્ટ્રેલિયા ખાતેના ડિસેમ્બરના પ્રવાસમાં ઍડિલેઇડ ખાતે બીસીસીઆઇ માટેની એક ખાસ વ્યવસ્થામાં પણ આ સેક્રેટરીને પણ બેસવા માટે ખાસ જગ્યા મળતી હતી. એટલું જ નહીં, ફાઇવસ્ટાર હૉટેલમાં ભારતીય ક્રિકેટરો માટે બ્રેકફાસ્ટને લગતી જે ખાસ જગ્યા રિઝર્વમાં રાખવામાં આવી હોય એ જગ્યાએ પણ ગૌતમ ગંભીરના પર્સનલ સેક્રેટરી જોવા મળતા હતા.’

અધિકારી આ વિશિષ્ટ લાભો સામે વાંધો ઉઠાવતા જણાવે છે કે ‘શા માટે તેમના (ગૌતમ ગંભીરના) પર્સનલ સેક્રેટરી નૅશનલ સિલેક્ટરો માટેની કારમાં બેસતા હતા? કારમાં એ અજાણી વ્યક્તિ બેઠી હોય એટલે સિલેક્ટરો સામાન્ય રીતે ખાનગીમાં કરાતી ચર્ચા પણ નહોતી કરી શક્તા. ઍડિલેઇડમાં શા માટે એ સેક્રેટરીને બીસીસીઆઇ માટેની જગ્યામાં બેસવાની વ્યવસ્થા કરી અપાઈ હતી? ખેલાડીઓએ જ્યાં બ્રેકફાસ્ટ માટે



એકત્રિત થવાનું હોય અને બેસવાનું હોય એમાં એ સેક્રેટરીની હાજરી શા માટે?’

આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને રોજર બિન્નીના પ્રમુખપદ હેઠળના બીસીસીઆઇએ ખેલાડીઓને કે કોચિંગ સ્ટાફને અંગત સ્ટાફ મેમ્બરને પોતાની સાથે લઈ જવાની મનાઈ કરી છે.

# પ્રવાસમાં ક્રિકેટરોની ખાવા-પીવાની સમસ્યા દૂર થશે

## બીસીસીઆઈ હવે પછી કેટલાક રસોઈયાને ખેલાડીઓ સાથે ટૂર પર મોકલશે જેઓ તેમની મનપસંદ વાનગીઓ બનાવી આપશે

નવી દિલ્હી: ભારતીય ક્રિકેટરો જેમાં ખાસ કરીને શાકાહારી હોય એવા ખેલાડીઓ વિદેશ પ્રવાસમાં પોતાની પસંદગીની વાનગીઓથી વંચિત રહેતા હોય છે એટલે ભવિષ્યમાં તેમને ફૉરેન ટૂર દરમ્યાન એવી કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે એ માટે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે એવું વિચાર્યું છે કે હવે પછી ભારતથી જ કેટલાક રસોઈયાઓને ટીમ ઇન્ડિયા સાથે ટૂર પર મોકલવા કે જેથી ખેલાડીઓને પસંદગીનો નાસ્તો અને જમવાનું મળી રહે. બીસીસીઆઈનું એવું માનવું છે કે ટૂર દરમ્યાન કેટલાક ખેલાડીઓની અમુક ખાસ પ્રકારની વાનગીઓની ડિમાન્ડ રહેતી હોય છે.



ક્રિકેટ બોર્ડ એવું વિચારી રહી છે કે હવે પછીની ટૂરમાં કેટલાક સ્પેશિયલ શેફને ટીમ સાથે મોકલવા કે જેથી કરીને ખેલાડીઓએ ભારતીય સંસ્કૃતિ મુજબની મનપસંદ વાનગીઓ તથા સૂપ વગેરે માટે ક્યાંય ભટકવું ન પડે અથવા વંચિત ન રહેવું પડે.

ઘણીવાર એવું બનતું હોય છે કે વિદેશી ટૂરમાં ખેલાડીઓને એ વિદેશી શહેરમાં રહેતા ભારતીય મૂળના પરિવારો જમવા માટે પોતાના ઘરે આમંત્રિત કરતા હોય છે. આ શિરસ્તો દાયકાઓથી ચાલે છે. એમાં કંઈ ખોટું નથી, પરંતુ બીસીસીઆઈ ખેલાડીઓની ખાવા-પીવાની સમસ્યા દૂર કરવા કટિબદ્ધ તો છે જ.

ભારતીય ટીમ તાજેતરમાં જ ઑસ્ટ્રેલિયાના લાંબા પ્રવાસે જઈ આવી. ત્યાં કેટલાક ખેલાડીઓને જમવાની બાબતમાં થોડી તકલીફ થઈ હતી. ટીમ ઈન્ડિયાની હવે પછીની ટૂર જૂન મહિનામાં ઇંગ્લૅન્ડ ખાતે છે જ્યાં કેટલાક સ્પેશિયલ શેફને ભારતીય ટીમ સાથે કદાચ મોકલવામાં આવશે.

# ટીમ ઇન્ડિયા આજે દુબઈ પહોંચશે, ચૅમ્પિયન્સ ટ્રોફી પહેલા પ્રૅક્ટિસ મૅચ નહીં રમે

મુંબઈ: ૧૯મી ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં આઠ દેશ વચ્ચે વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી શરૂ થશે અને એ સ્પર્ધામાં ભારત પોતાની તમામ મૅચો દુબઈમાં રમવાનું હોવાથી ટીમ ઇન્ડિયા ૨૦મી ફેબ્રુઆરીની પોતાની પ્રથમ મૅચના પાંચ દિવસ પહેલાં જ દુબઈ પહોંચી જશે. જોકે ટીમ ઇન્ડિયા એ અગાઉ કોઈ પ્રૅક્ટિસ મૅચ રમશે કે કેમ એ વિશે પણ અહેવાલ મળી ગયો છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે ટીમ ઇન્ડિયા ૧૫મી ફેબ્રુઆરીએ દુબઈ પહોંચી જશે.





સૌથી પહેલાં તો પ્રૅક્ટિસ મૅચ વિશે જાણીએ. ભારતીય ટીમ ગુરુવાર, ૨૦મી ફેબ્રુઆરીએ દુબઈમાં બાંગ્લાદેશ સામે રમાનારી મૅચ પહેલાં કોઈ પ્રૅક્ટિસ મૅચ નથી રમવાની. બીજી તરફ, ૧૯મી ફેબ્રુઆરીએ ન્યૂ ઝીલૅન્ડ સામે ટૂર્નામેન્ટની પ્રથમ મૅચ રમવા ઊતરનાર પાકિસ્તાનની ટીમ કેટલીક પ્રૅક્ટિસ મૅચો રમવાની છે.

પાકિસ્તાન ‘એ’ ટીમની જાહેરાત થઈ છે જે ૧૪-૧૭ ફેબ્રુઆરી દરમ્યાન બાંગ્લાદેશ, સાઉથ આફ્રિકા અને અફઘાનિસ્તાન વિરુદ્ધ વૉર્મ-અપ મૅચ રમશે. અહેવાલ મુજબ બીસીસીઆઇએ પ્રૅક્ટિસ મૅચ નહીં રાખવાનો નિર્ણય કર્યો છે, કારણકે ભારતીય ટીમ તાજેતરમાં જ ઇંગ્લૅન્ડ વિરુદ્ધ ત્રણ વન-ડેની સિરીઝ રમી ચૂકી છે.

પ્રૅક્ટિસ મૅચમાં પાકિસ્તાનની ટીમ શાહીન્સ ટીમ તરીકે ઓળખાશે અને અફઘાનિસ્તાન સામેની મૅચમાં એનું સુકાન ફાસ્ટ બોલર શાદાબ ખાન સંભાળશે. ૧૭મી ફેબ્રુઆરીએ શાહીન્સ ટીમનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે જેમાં શાહીન્સ ટીમનું નેતૃત્વ મોહમ્મદ હુરૈરા સંભાળશે.

દુબઈમાં જ ૧૭મી ફેબ્રુઆરીએ શાહીન્સ ટીમનો મુકાબલો બાંગ્લાદેશ સામે થશે જેમાં શાહીન્સની કૅપ્ટન્સી મોહમ્મદ હારિસ સંભાળશે. ન્યૂ ઝીલૅન્ડ અને અફઘાનિસ્તાન વચ્ચેની પ્રૅક્ટિસ મૅચ ૧૬મી ફેબ્રુઆરીએ કરાચીમાં રમાશે. તમામ પ્રૅક્ટિસ મૅચો ડે/નાઇટ હશે.

### ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ભારતીય ટીમ

રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, રવીન્દ્ર જાડેજા, વરુણ ચક્રવર્તી, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને મોહમ્મદ શમી.

# ઑસ્ટ્રેલિયાએ ૨૮ રનમાં સાત વિકેટ ગુમાવી એટલે શ્રીલંકાએ કરી લીધી ક્લીન સ્વીપ

કોલંબો: ઑસ્ટ્રેલિયાએ આ મહિનાની શરૂઆતમાં શ્રીલંકા સામેની બન્ને ટેસ્ટ જીતીને ૨-૦થી એનો વાઇટ-વૉશ કર્યો હતો, પણ ગઈ કાલે શ્રીલંકાએ એને બીજી અને અંતિમ વન-ડેમાં એને શરમજનક રીતે હરાવીને ૨-૦ની ક્લીન સ્વીપ સાથે ટેસ્ટની હારનો તાબડતોબ બદલો લઈ લીધો હતો. વન-ડેમાં ઑસ્ટ્રેલિયા વર્લ્ડ ચૅમ્પિયન છે, પણ અહીંની વન-ડેમાં એનું કંઈ નહોતું ચાલ્યું. સ્ટીવ સ્મિથના સુકાનમાં ઑસ્ટ્રેલિયન ટીમે માત્ર ૨૮ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી જેને પગલે ચરિથ અસલન્કાના નેતૃત્વમાં શ્રીલંકાએ ૧૭૪ રનથી વિજય મેળવ્યો હતો.

ચૅમ્પિયન્સ ટ્રોફીને પાંચ દિવસ બાકી છે ત્યારે વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયાએ આવી ખરાબ હાર જોવી પડી એટલે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં તેના ગ્રૂપની બાકીની ટીમો (ઇંગ્લૅન્ડ, સાઉથ આફ્રિકા, અફઘાનિસ્તાન) જોશમાં આવી જશે. ૨૦૧૩ તથા ૨૦૧૭ની ગઈ બે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઑસ્ટ્રેલિયા એકેય મૅચ નહોતું જીતી શક્યું અને આ વખતે આવી હાર જોઈને સ્પર્ધામાં ઊતરશે એટલે એણે ગ્રૂપ સ્ટેજની મૅચો જીતવા ભારે સંઘર્ષ કરવો પડશે.

ઑસ્ટ્રેલિયાને જીતવા ૨૮૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે મુશ્કેલ નહોતો. ૩૩ રનમાં એની ત્રણ વિકેટ પડી ગઈ હોવાથી ખરાબ શરૂઆતને લીધે પરાજય તોળાતો તો હતો જ, પરંતુ વિકેટકીપર જૉશ ઇંગ્લિસ (બાવીસ રન) અને સ્ટીવ સ્મિથ (૨૯ રન) વચ્ચે ચોથી વિકેટ માટે ૪૬ રનની ભાગીદારી થતાં ઑસ્ટ્રેલિયાની વિજયની આશા જીવંત રહી હતી. જોકે ૭૯ રનના કુલ સ્કોર પર ઇંગ્લિસ બાવીસ વર્ષીય લેફ્ટ-આર્મ સ્પિનર દુનિથ વેલાલાગેના બૉલમાં ક્લીન બોલ્ડ થયો એ સાથે કાંગારૂઓની ટીમના વળતા પાણી શરૂ થઈ ગયા હતા. ૭૯ રનના સ્કોરથી માંડીને કુલ ૨૮ રનમાં કુલ સાત વિકેટ પડી હતી. ૨૮૨ રનના લક્ષ્યાંક સામે ૨૪.૨ ઓવરમાં ઑસ્ટ્રેલિયાનો ૧૦૭ રનના સ્કોર પર ઘડોલાડવો થઈ ગયો હતો. ૧૦૭ રનના ટીમ-સ્કોરમાં સ્ટીવ સ્મિથના ૨૯ રન હાઇએસ્ટ હતા. સ્પિનર વેલાલાગેએ ચાર વિકેટ તેમ જ પેસ બોલર અસિથા ફર્નાન્ડો સ્પિનર વનિન્દુ હસરંગાએ ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી.

એ પહેલાં, શ્રીલંકાએ બૅટિંગ લીધા બાદ ચાર વિકેટે જે ૨૮૧ રન બનાવ્યા હતા એમાં વિકેટકીપર કુસાલ મેન્ડિસ (૧૦૧ રન, ૧૧૫ બૉલ, અગિયાર ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. કૅપ્ટન અસલન્કા (૭૮ અણનમ, ૬૬ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર) તથા નિશાન મદુશ્કા (૫૧ રન, ૭૦ બૉલ, એક સિક્સર, ચાર ફોર)નો પણ જીતમાં ફાળો હતો.

કુસાલ મેન્ડિસને મૅન ઑફ ધ મૅચનો અને ચરિથ અસલન્કાને સિરીઝમાં સૌથી વધુ ૨૦૫ રન બનાવવા બદલ મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો.

# ન્યૂ ઝીલૅન્ડે ટ્રાયેન્ગ્યુલર જીતીને પાકિસ્તાનની સાથે ભારતને પણ ચેતવી દીધું

કરાચી: પાકિસ્તાને પોતાને ત્યાં ૨૯ વર્ષે પહેલી વાર આઇસીસીની મોટી ઇવેન્ટ (ચૅમ્પિયન્સ ટ્રોફી)નું આયોજન કર્યું છે અને એ ટૂર્નામેન્ટ ૧૯મી ફેબ્રુઆરીએ શરૂ થાય એ પહેલાં એણે આ સ્પર્ધાના જ મેદાનો પર રાખેલી ટ્રાયેન્ગ્યૂલર વન-ડે શ્રેણીમાં એનો (પાકિસ્તાનનો) આજે ફાઇનલમાં ઘડોલાડવો થઈ ગયો હતો. આ ત્રિકોણીય સ્પર્ધાના નિર્ણાયક મુકાબલામાં મિચલ સૅન્ટનરના સુકાનમાં ન્યૂ ઝીલૅન્ડે યજમાન પાકિસ્તાનને પાંચ વિકેટે હરાવી દીધું હતું. કિવીઓ માટે આ વિજય ખૂબ અગત્યનો છે, કારણકે હવે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ન્યૂ ઝીલૅન્ડે ગ્રૂપ ‘એ’માં પાકિસ્તાન ઉપરાંત ચૅમ્પિયન બનવા માટે ફેવરિટ ભારતનો પણ મુકાબલો કરવાનો છે એટલે એણે એક ફાઇનલ જીતીને બે મોટા હરીફને પોતાની તાકાત વિશે સાવચેત કરી દીધા છે.

બાંગ્લાદેશ ચૅમ્પિયન્સ ટ્રોફીના ગ્રૂપ ‘એ’ની ચોથી ટીમ છે. યોગાનુયોગ, ૧૯મીએ સ્પર્ધાની પ્રથમ મૅચ પાકિસ્તાન-ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે કરાચીના આ જ મેદાન પર રમાવાની છે.

આજે પાકિસ્તાને બૅટિંગ લીધા બાદ કૅપ્ટન મોહમ્મદ રિઝવાનના ૪૬ રન તથા સલમાન આગાના ૪૫ રન અને તૈયબ તાહિરના ૩૮ રનની મદદથી ૨૪૨ રન બનાવ્યા હતા. વિલ ઑરુરકેએ ચાર વિકેટ તેમ જ બ્રેસવેલ અને સૅન્ટનરે બે-બે વિકેટ લીધી હતી.

ન્યૂ ઝીલૅન્ડે ડેરિલ મિચલના ૫૭ રન અને વિકેટકીપર ટૉમ લૅથમના ૫૬ રન તેમ જ ઓપનર ડેવૉન કૉન્વેના ૪૮ રનની મદદથી ૪૫.૨ ઓવરમાં પાંચ વિકેટે ૨૪૩ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ૨૦મી ફેબ્રુઆરીએ ભારતનો બાંગ્લાદેશ સામે, ૨૩મીએ પાકિસ્તાન સામે અને બીજી માર્ચે ન્યૂ ઝીલૅન્ડ સામે મુકાબલો થવાનો છે.



# ઑસ્ટ્રેલિયાની ટીમ છેલ્લી બે ચૅમ્પિયન્સ ટ્રોફીમાં એકેય મૅચ જીત્યા વગર પાછી ગઈ હતી!

લાહોર: શનિવાર, બાવીસમી ફેબ્રુઆરીએ અહીંના ગદ્દાફી સ્ટેડિયમમાં વન-ડેના વર્લ્ડ ચૅમ્પિયન ઑસ્ટ્રેલિયાની ટીમ કટ્ટર હરીફ ઇંગ્લૅન્ડ સામે રમવા ઊતરશે ત્યારે સ્વાભાવિક છે કે એનો (ઑસ્ટ્રેલિયનોનો) મુખ્ય હેતુ જીતવાનો હશે, પણ જો એમાં તેઓ સફળ થશે તો તેમણે ચૅમ્પિયન્સ ટ્રોફીના ઇતિહાસમાં ૧૨ વર્ષે પહેલી સફળતા મેળવી કહેવાશે.

વાત એવી છે કે ચૅમ્પિયન્સ ટ્રોફી (૨૦૧૭ બાદ) છેક સાત વર્ષે રમાઈ રહી છે. આ પહેલાં આ ટૂર્નામેન્ટ ૨૦૧૭માં રમાઈ હતી જેમાં ઑસ્ટ્રેલિયાને એકેય મૅચ નહોતી જીતવા મળી અને જીતનું ખાતું ખોલ્યા વગર ગ્રૂપ સ્ટેજમાંથી જ આ ટીમ સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી. એ પહેલાં, ૨૦૧૩માં ચૅમ્પિયન્સ ટ્રોફી રમાઈ હતી અને એમાં પણ ઑસ્ટ્રેલિયા સાથે એવું બન્યું હતું. ૨૦૧૩ની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ઑસ્ટ્રેલિયાના ગ્રૂપમાં ઇંગ્લૅન્ડ, શ્રીલંકા અને ન્યૂ ઝીલૅન્ડ હતું. ઇંગ્લૅન્ડ અને શ્રીલંકાએ ત્યારે ઑસ્ટ્રેલિયાને હરાવ્યું હતું અને ન્યૂ ઝીલૅન્ડ સામે જીતવાની ઑસ્ટ્રેલિયાને આશા હતી, પણ બર્મિંગહૅમમાં વરસાદને લીધે એ મૅચ અનિર્ણિત રહી હતી અને જ્યૉર્જ બેઇલીની ટીમ ગ્રૂપ સ્ટેજમાં સાવ તળિયે રહીને સ્વદેશ પાછી ફરી હતી.

૨૦૧૭ની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં પણ ઑસ્ટ્રેલિયાની ટીમ બેહાલ થઈ હતી. ગ્રૂપ સ્ટેજની ત્રણમાંથી તેમની બે મૅચ વરસાદને લીધે રદ થઈ હતી. ઇંગ્લૅન્ડ સામેની મૅચમાં ઑસ્ટ્રેલિયાએ પરાજય જોવો પડ્યો હતો અને ગ્રૂપ સ્ટેજમાં જ કાંગારૂઓની ટીમ સ્પર્ધાની બહાર થઈ જતાં સ્ટીવ સ્મિથના સુકાનમાં ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓ ગમગીન ચહેરે સ્વદેશ પાછા ગયા હતા.



**સફેદ ચાદરઃ** કેલિફોર્નિયા નજીક આવેલા વિસ્તારમાં ગુરુવારે અચાનક જ ભારે બરફ વર્ષા થતાં વાહનો પર બરફનું આવરણ છવાઈ ગયું હતું (એજન્સી)

# ભારે વરસાદના કારણે દક્ષિણ કેલિફોર્નિયામાં ભૂસ્ખલનની આશંકાઃ અમેરિકાના ઉત્તર-પશ્ચિમમાં રસ્તાઓ કરાયા બંધ

લોસ એન્જલસઃ દક્ષિણ કેલિફોર્નિયામાં ગુરુવારે ભારે વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે લોસ એન્જલસમાં ફાયર વિભાગનું વાહન પેસિફિક કોસ્ટ હાઇવે પરથી તણાઇને માલિબુમાં દરિયામાં વહી ગયું હતું. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાઇ ગયું હતું. ફાયર વિભાગના પ્રવક્તા એરિક સ્કોટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર કહ્યું હતું કે વાહનમાં ફાયર વિભાગનો એક કર્મચારી હતો અને તેને સામાન્ય ઇજાઓ પહોંચી હતી.

પેસિફિક પેલિસેડ્સમાં હાઇવે પર ઓછામાં ઓછા ત્રણ ફૂટ સુધી કાદવનું સામ્રાજ્ય જોવા મળ્યું હતું. કેટલાક ડ્રાઇવરો કાદવમાંથી પસાર થવાનો પ્રયાસ કરતા જોવા મળ્યા હતા. પોલીસ અધિકારીઓએ એક વાહનને કાદવમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. બુલડોઝરોએ રસ્તાઓ સાફ કરવાનું કામ શરૂ કરાયું હતું.

ઉત્તર અલ્ટાડેનામાં,ઇટન ફાયર બર્ન સ્કાર પાસે એક રસ્તો ત્રણ ફૂટ કાદવ, વનસ્પતિ અને વૃક્ષોથી ઢંકાઇ ગયો હતો. પ્રશાંત મહાસાગરમાં ઉત્તર પશ્ચિમમાં આવેલા એક બરફના તોફાનના કારણે ઓરેગન અને વોશિંગ્ટનમાં હાઇવે પર બરફના ઢગલા થઇ ગયા હતા. જેમાં ઓછામાં ઓછા ૧૦ લોકો ઇજાગ્રસ્ત થયા હતા. પશ્ચિમ કિનારા પર આવેલા તોફાનના કારણે હજારો લોકોના ઘરોમાં વીજળી ડૂલ થઇ ગઇ હતી.

મુલ્ટનોમાહ કાઉન્ટી શેરિફ કાર્યાલયે સોશિયલ મીડિયા પર કહ્યું કે પૂર્વમાં મુલ્ટનોમાહ ફોલ્સ પાસે થયેલી દુર્ઘટનામાં સામેલ તમામ વાહનોની તપાસ કરી હતી. ઓફિસે શરૂઆતમાં કહ્યું હતું કે તેમાં ૧૦૦થી વધુ કાર સામેલ હતી પરંતુ બાદમાં પરિવહન વિભાગે કહ્યું કે આ સંખ્યા ૨૦થી ૩૦ વાહન હતાં. મુલ્ટનોમાહ કાઉન્ટીના અધિકારીઓએ ઇમરજન્સીને સુધી લંબાવી અને કહ્યું કે આઠ આશ્રયસ્થળો શરૂ કરવામાં આવ્યાં છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે રાત્રે ૪૮૯ લોકોએ આશ્રયસ્થાનોની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રીય હવામાન વિભાગે પૂર્વીય લોસ એન્જલસ કાઉન્ટીના એક ભાગ માટે અચાનક પૂર અને ભારે વાવાઝોડાની ચેતવણી જાહેર કરી હતી. વરસાદને કારણે માલિબુ કેન્યનમાં ખડકો ધસી પડયા અને રસ્તાઓ પર કાદવ ફેલાયો હતો. હોલિવૂડ હિલ્સના રસ્તા પર લગભગ આઠ ઇંચ જેટલો કાદવ ફેલાઈ ગયો હતો. હવામાન વિભાગના મતે દક્ષિણ કેલિફોર્નિયામાં પર્વતોમાં છ ઇંચ અને દરિયાકાંઠાના વિસ્તારો અને ખીણોમાં ત્રણ ઇંચ સુધી વરસાદ પડી શકે છે. શક્તિશાળી વાવાઝોડાને કારણે વૃક્ષો ધરાશાયી થવાનું જોખમ રહેલું છે. સૌથી વિનાશક આગથી ટેકરીઓને નુકસાન થયું હોય તેવા વિસ્તારોમાં સ્થળાંતરના આદેશો અને ચેતવણીઓ જાહેર કરવામાં આવી હતી. જમીનને સ્થિર કરવામાં મદદ કરતી વનસ્પતિ બળી ગઈ હોવાથી બળી ગયેલા વિસ્તારોને ભૂસ્ખલનનો ખતરો વધુ છે. ■

# પીએમ મોદી અને રાહુલ ગાંધી નક્કી કરશે ચૂંટણી પંચના નવા ચીફ કમિશનરનું નામઃ ટૂંક સમયમાં થઈ શકે છે બેઠક

નવી દિલ્હી : કાયદા મંત્રાલયે નવા ચીફ ઈલેક્શન કમિશનરની નિમણૂક માટે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ત્રણ સભ્યોની કમિટી બેઠક બોલાવી છે. આ ત્રણ સભ્યોની કમિટીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન મેઘવાલ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધી સામેલ થશે. ઉલ્લેખનીય છે, વર્તમાન ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમારનો કાર્યકાળ ૧૮ ફેબ્રુઆરીએ પૂર્ણ થવાનો છે. જેથી નવા ચીફ ઈલેક્શન કમિશનરની પસંદગી માટે આ કમિટીની રચના કરવામાં આવી છે.

કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલના નેતૃત્વ હેઠળ ખોજ કમિટીની રચના કરી હતી. જેમાં બે સભ્યોમાં નાણાં વિભાગના સચિવ તથા કર્મચારી અને તાલીમ વિભાગના સચિવ સામેલ હતાં. અત્યાર સુધી સૌથી વરિષ્ઠ ચૂંટણી કમિશનરની ચીફ ઈલેક્શન કમિશનર માટે પસંદગી કરવામાં આવતી હતી. પરંતુ ગતવર્ષે સીઈસી (ચીફ ઈલેક્શન કમિશનર) અને ઈસી (ઈલેક્શન કમિશનર) નિમણૂક માટે એક નવો કાયદો લાગુ થયા બાદ નિમણૂક પ્રક્રિયામાં ફેરફાર થયો છે.

પ્રથમ વખત સીઇસીની નિમણૂક માટે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર (નિયુક્તિ, સેવાની શરતો અને કાર્યાલયની મુદત) અધિનિયમ, ૨૦૨૩ની જોગવાઈઓ લાગુ કરવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજીવ કુમારની મે, ૨૦૨૨માં ચીફ ઈલેક્શન કમિશનર તરીકે નિમણૂક થઈ હતી. તેમના નેતૃત્વ હેઠળ, ચૂંટણી પંચે ૨૦૨૪માં લોકસભા ચૂંટણીનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું.

આ સિવાય જમ્મુ અને કાશ્મીરમાં એક દાયકાથી વધુ સમય બાદ પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી, મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ અને દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજી હતી.

વર્ષ ૨૦૨૩માં ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમારની દેખરેખ હેઠળ કર્ણાટક, તેલંગાણા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં ચૂંટણી થઈ હતી. જાન્યુઆરી, ૨૦૨૫માં દિલ્હી ચૂંટણીની તારીખોની જાહેરાત કરતાં રાજીવ કુમારે પોતાનો રિટાયરમેન્ટ પ્લાન વિશે જણાવ્યું હતું. તેમણે હસતાં હસતાં કહ્યું હતું કે, ૧૩-૧૪ વર્ષોથી સતત ફરજ પર કામ કરતો હોવાથી મને સમય જ મળ્યો નથી. હવે રિટાયર થયા બાદ હું ચાર-પાંચ મહિના માટે હિમાલય જઈશ અને ત્યાં મને ડિ-ટોક્સિફાઈ કરવા એકાંતવાસનું જીવન જીવીશ, ધ્યાન કરીશ. ■

# મણિપુરમાં સીઆરપીએફના જવાને બે સાથીઓની હત્યા કરી ખુદ આત્મહત્યા કરી, આઠ ઈજાગ્રસ્ત

મણિપુરના ઇમ્ફાલમાં એક સીઆરપીએફ જવાને તેના બે સાથીદારોની હત્યા કરી અને પછી પોતાને ગોળી મારી આત્મહત્યા કરતા ખળભળાટ મચાવી દીધો હતો. આ સનસનાટીભરી ઘટના ગુરુવારે રાત્રે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ સીઆરપીએફના એક કેમ્પમાં બની હતી.

માહિતી મુજબ એક જવાને અંધાધૂંધ ગોળીબાર કરીને તેના બે સાથીદારોની હત્યા કરી અને પછી પોતાની જાતને ગોળી મારી લીધી. આ ઘટનામાં આઠ અન્ય સૈનિકો ઘાયલ થયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના ઇમ્ફાલ પશ્ચિમ જિલ્લાના લેમ્ફેલ સ્થિત સીઆરપીએફ કેમ્પમાં રાત્રે લગભગ ૮:૨૦ વાગ્યે બની હતી.

આરોપી જવાન સંજય કુમાર ૧૨૦મી બટાલિયનમાં હવાલદાર હતો. તેણે અચાનક પોતાની સર્વિસ રાઇફલથી ગોળીબાર શરૂ કરી દીધો. તેણે પહેલા એક કોન્સ્ટેબલ અને એક સબ-ઇન્સ્પેક્ટરને નિશાન બનાવ્યા, જેમાં બંનેનું ઘટનાસ્થળે જ મોત થયું. આ પછી આરોપીએ પોતાને પણ ગોળી મારી દીધી.

આ હુમલામાં કુલ આઠ અન્ય જવાનો પણ ઘાયલ થયા હતા. બધા ઘાયલોને તાત્કાલિક ઇમ્ફાલ સ્થિત રિજનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (આરઆઇએમએસ) માં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. આ સમયે, ગોળીબારનું કારણ જાણી શકાયું નથી. સીઆરપીએફ અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટનાની તપાસ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં કારણ બહાર આવશે.અધિકારીઓના મતે, તપાસ પૂર્ણ થયા પછી જ આ કેસ પાછળનું કારણ સ્પષ્ટ થશે. સીઆરપીએફના વરિષ્ઠ અધિકારીઓ કેમ્પમાં પહોંચી ગયા છે અને પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા છે. ■



**હવાઈ કરતબઃ** બેંગલુરુમાં હાલમાં જ યોજાયેલ 'એરો ઈન્ડિયા ૨૦૨૫'ના છેલ્લા દિવસે ભારતીય વાયુદળની એરોબેટીક ટીમ સૂર્યકિરણે અદ્ભુત કરતબ દાખવ્યા હતા (એજન્સી)

# પોપ ફ્રાન્સિસને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા

રોમઃ પોપ ફ્રાન્સિસને તેમના બ્રોન્કાઇટિસની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી રહ્યા છે અને કેટલાક જરૂરી ડાયગ્નોસ્ટિક પરીક્ષણો કરાવવામાં આવી રહ્યાં છે, એમ વેટિકને શુક્રવારે જણાવીને ૮૮ વર્ષીય પોપના સ્વાસ્થ્ય માટેના તાજેતરના જોખમની પુષ્ટિ કરી હતી.

ફ્રાન્સિસને ગયા ગુરુવારે બ્રોન્કાઇટિસનું નિદાન થયું હતું, પરંતુ તેમણે તેમના વેટિકન હોટેલ સ્યુટમાં દૈનિક પ્રેક્ષકોને મળવાનું, સામાન્ય પ્રેક્ષકોની અધ્યક્ષતા કરવાનું ચાલુ રાખ્યું છે અને ગયા રવિવારે આઉટડોર માસમાં પણ અધ્યક્ષતા કરી હતી.

જો કે તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે એમ કહીને તેમણે તેમનાં ભાષણો એક સહાયકને મોટેથી વાંચવાં માટે આપી દીધા હતા .

ફ્રાન્સિસનો એક ફેફસાંનો ભાગ કાઢી નાખવામાં આવ્યો હતો, તે લાંબા સમયથી સ્વાસ્થ્ય સમસ્યાઓ, ખાસ કરીને શિયાળામાં તીવ્ર બ્રોન્કાઇટિસની લાંબી સમસ્યાથી પિડાય છે. તેઓ તેમના એપાર્ટમેન્ટની આસપાસ વ્હીલચેર, વોકરનો ઉપયોગ કરે છે અને તાજેતરમાં બે વાર પડી ગયા હતાં ત્યારે તેમના હાથ અને દાઢીને ઈજા થઈ હતી.

ફ્રાન્સિસને રોમની જેમેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે, જ્યાં તેમને છેલ્લીવાર જૂન ૨૦૨૩માં આંતરડા અને હર્નીયા માટે શસ્ત્રક્રિયા કરવા માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તેના થોડા મહિના પહેલા, તેમણે શ્વસન ચેપ માટે નસમાં એન્ટિબાયોટિક્સ મેળવવા માટે હોસ્પિટલમાં ત્રણ દિવસ પસાર કર્યા હતા. ■

# કેન્દ્રીય પ્રધાન પ્રહ્લાદ જોશી ખેડૂત નેતાઓ સાથે મુલાકાત માટે ચંદીગઢ પહોંચ્યા

ચંડીગઢઃ કેન્દ્રીય પ્રધાન પ્રહ્લાદ જોશી શુક્રવારે અહીં ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે બેઠક માટે પહોંચ્યા હતા, જેમાં પાક પર એમએસપી માટે કાયદાકીય ગેરંટી સહિત તેમની વિવિધ માગણીઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

અન્ય માગણીઓ વચ્ચે પાક માટે લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) માટેની કાયદેસર ગેરંટી અંગે ખેડૂતો દ્વારા એક વર્ષ સુધી ચાલેલા વિરોધ બાદ આ બેઠક આવી છે.

કેન્દ્રીય ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ પ્રધાન આ બેઠકમાં કેન્દ્રીય ટીમનું નેતૃત્વ કરશે જેમાં સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મઝદૂર મોરચાના ૨૮-સભ્ય પ્રતિનિધિમંડળ ખેડૂતોના વિરોધનું નેતૃત્વ કરશે.

અચોક્કસ મુદતના ઉપવાસ પર બેઠેલા ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલે કહ્યું કે તેઓ પણ આ બેઠકમાં હાજરી આપશે. તેમને ખનૌરી વિરોધ સ્થળથી સભા સ્થળે એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવશે.

અહીંના મહાત્મા ગાંધી સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ખાતે યોજાનારી બેઠકમાં પંજાબના કૃષિ પ્રધાન ગુરમીત સિંહ ખુદ્દિયન સાથે વરિષ્ઠ સરકારી અધિકારીઓ પણ હાજર રહેશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

કેટલાક ખેડૂત આગેવાનો સભા માટે સ્થળ પર પહોંચવા લાગ્યા છે.

ખેડૂત નેતા મનજીત સિંહ રાયે કહ્યું કે તેઓ અપેક્ષા રાખે છે કે સરકાર તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવે. ■


## ક્લાસિફાઈડ

### ૧૮. જગ્યા જોઈએ છે

**ભાડુઆતવાળા**
**જુના બિલ્ડીંગ મુંબઈ તથા પશ્ચિમ ઉપનગરમાં વેચાણમાં જોઈએ છે- 9320279802. (એસડીબી-૨૪૨૭)**

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રૂષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૨૪૬૨)

### ૨૦. ધંધાદારી જગ્યા

**જુહુસ્કીમ**
કોમર્શીઅલ ઓફિસ, પહેલે માળે, ૧૪૫૦ યુઝેબલ કારપેટ, વેચાણથી. જયંત ભાલરિયાઃ ૯૩૨૩૨૭૩૦૪૮. (૧૫૫૯૩/એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝામાં ફુલ્લી ફર્નીશ્ડ, 277'/ વલ્લભબાગ લેનમાં 261' ઓફિસ ભાડેથી/ વેચાણથી લેવા. 9321690977. (૧૫૫૮૩-એ)**

**જૂહુ ઓફિસ**
**પ્રીમિયમ કોમર્શિયલ ગ્લાસ ફેકેડ બિલ્ડિંગ હાયર ફ્લોર 2000' થી 4000' કાર્પેટ પ્રીમિયમ પ્રોજેક્ટમાં વેચાણથી. - મી. દેસાઈ - 9821096320, 8591072299. (એસડીબી-૨૪૪૦)**

**Juhu Schems ભાડેથી**
Shop 240' carpet વૈશાલી શોપીંગ, આપવાની છે. યશ મહેતાઃ 9833766747. (૧૫૬૧૨-એ)

**કાલબાદેવી ચિરાબજાર**
નજીક 185' કાર્પેટ, ગ્રાઉન્ડ ફ્લોર, ઓફિસ-દુકાનને લાયક વેચાણથી - 8928637194. (એસડીબી-૨૪૫૭)

**MIDC TALOJA L BLOCK ON L & L Basis built up Shed area: 690 sq. mtrs & open space area: 400 sq. mtrs. Call: 9322591285. (B-15518)**

**SNACKS MANUFACTURING**
Require 6000 sq.ft. on Rent at Vasai, Panvel, MIDC, Turbhe for Snacks Manufacturing. Rakesh 9821156360. (SDB-2451)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2430)

**JUHU**
Commercial Premises. Available Ready for L/L 310 Sq.ft in Juhu. 1st Road, Suitable for Doctor, Designers Jewellers, Boutique and Educational Institute. Opp. Mithibai College, 3rd Floor, Lift, Good Bldg. Contact: Owner 7021794442. (15612-C)

**SEWRI**
**Rental 1) Warehouse Gala / Offices 770 to 15000 2) Offices 5000 to 15,000 Square Feet Vaishnavi- 9867447391. (15620-A)**

### ૨૩. મનોરંજન

**''હર્ષ શાહ''..**
"live".. લગ્નગીતો, સંગીત સંધ્યા, ઓરકેસ્ટ્રા, કોર્પોરેટ, મ્યુઝીકલ પ્રોગ્રામો - 9920553345. (બી-૧૫૫૪૯)

**''બજેટ મુજબ''**
''દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બથડે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા'' - 9820889938. (૧૫૫૯૦-બી)

### ૩૧. નાણાંકીય

■ ''ઈન્કમ ટેક્સ'' રિટર્ન ફાઈલ (કોઈપણ-મેટર) (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મારફત). 9137725086. (બી-૧૫૪૪૭)

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15478-A)

### ૩૨. જમીન-મિલકત

**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબ્જો. યોગેનભાઈ- 9869170308. (બી-૧૫૫૫૨)

**ટિટવાલા (ઈસ્ટ)**
**વેચાણથી, 400 - 800 સ્કવેર યાર્ડ પ્લોટ. સંપર્કઃ 9323650893. (૧૫૫૭૪-સી)**

■ જૈન પવિત્ર ધન્યધરા પર શંખેશ્વરમાં પોતાના પ્લોટના માલિક બનો. NA NOC, ટાઈટલ ક્લીયર, સરળ હપ્તે, તુરંત દસ્તાવેજ 9574859654. (બી-૧૪૯૨૭)

■ 5 એકર NA પ્લોટ વેચવાનો છે. રોડટચ મહાબળેશ્વર- કાસ રોડ, રેગડેવાડી-મહાબળેશ્વર. ભાવ- રૂ. 16 કરોડ. સંપર્ક- 9765407930. (૧૫૬૦૭-એ)

**નવકાર વિલા**
શાહપુર- આજા પર્વત પર ફુલ્લી ડેવલપ બંગલો તેમ જ ફાર્મહાઉસ પ્લોટ લેવા. 98691 08628. (જેપી/૪૯૭૨-ડી)

**ઈગતપૂરીમાં**
**રોકાણ માટે સુર્વણ તક**
**ટૂંક સમયમાં થાણે સેકશન થી ઈગતપૂરી સમૃધ્ધિ મહામાર્ગ શરૂ થશે. બંગલો પ્લોટ, એગ્રીકલચર લેન્ડ, 3*, ૫* હૉટેલ અને રેસ્ટોરન્ટ માટે NA પ્લોટ, ખરીદી અને વેચાણ માટે સંપર્ક**
**પરેશ શાહ : 9371007005**
**સમયઃ ૯.૦૦ થી ૬.૦૦**
**pshah.itc@gmail.com**
(બી-૧૫૫૭૦)

**ઘાટકોપર (વેસ્ટ)**
જગડુશા નગર, શ્રી ગુરુદર્શન સોસાયટી, 627' સ્કેવર મીટરનો પ્લોટ, ગ્રાઉન્ડ + 3 માળનું બિલ્ડિંગ, તુરંત વેચવાનો છે. 9819243296, 9820364867, 9820869131. (૧૫૬૨૫-બી)

**"VILEPARLE - EAST" "OPEN PLOT"**
**For Sale, 396 Sq Yards, Clear Title, Near Station-Highway, "Rajdeep Estate" 9820198928/9820324983. (B-15566)**

### ૩૩. ધંધાદારી

**ફીઝીકલ શેર છે?**
મૃત વ્યક્તિના શેર વારસદાર, દાવેદારના નામે કરવા, ફીઝીકલ શેર ડિમેટ કરવા, ડુપ્લિકેટ શેર સર્ટીફીકેટ મેળવવા બાબત સંપર્ક કરો પૂજા છેડા 9664248854. (૧૫૬૧૩-એ)

**''પાણીની ટાંકીઓ''**
''મશીનથી કુવા- સોસાયટીની- ઘરની ટાંકીઓની સફાઈ''. ''યોગી એન્ટરપ્રાઈઝ''- 9820776583/ 9892298963. (૧૫૬૦૬-એ)

**મલ્ટીસ્પેશાલીટી હૉસ્પિટલ બનાવવી છે.**
**કોઈ મોટી ખમતીધર સેવાભાવી જૈન કાર્યરત સંસ્થાની સાથે મળીને અમારી પાસે જે સંપત્તિ છે તેમાંથી એક હૉસ્પિટલ બનાવવી છે. તે માટે પહેલા એક ટ્રસ્ટ બનાવાનું છે, એ ટ્રસ્ટમાં જોડાવા ઈચ્છતી સંસ્થાઓના ટ્રસ્ટીઓને સહ હૃદય આમંત્રણ છે,**
**મારા મિત્ર વ્રજ પટેલ નો સંપર્ક કરો-૯૮૬૭૨૨૨૨૧૦.**
Email : jainam.jayatee.saasanam123@gmail.com
(બી-૧૫૫૬૨)

### ૩૩. ધંધાદારી

■ ઘરે ડ્રોન પીપરડીશ બનાવો. દર મહિને 30-35 હજાર કમાઓ બે વર્ષનો કરાર- 9028160157. (બી-૧૫૫૪૮)

**વોટ્સએપમાં જાહેરાતો**
300 રૂપિયામાં 1.20 લાખ કસ્ટમર/ ફ્રી ટ્રાયલ માટે. 9821112796. (૧૫૬૨૪-બી)

**HOME LOAN - MORTGAGE LOAN**
From 5 Cr. to 50 Cr. - to Professional - Lawyers - Doctors - Architect (From 15% to 18%) Redevelopment of Society - Self Redevelopment NPA Cases can be Solved. Jalaram Finance 9820441711. (15608-A)

**ACCOUNTANT AVAILABLE with 2-3 years experience having knowledge of GST. Contact: 9869067584 / suanienterprises@gmail.com (B-15516)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**INTERIOR WORK**
**Civil, Plumbing, Water Proofing, Interior by Civil Engineer. 9833521709. (15321-A)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699. (કાંદિવલી). (૧૫૫૭૮-બી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**વોટરપ્રુફીંગ સ્પેશ્યાલિસ્ટ**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, સિવિલ કામ, પેઈન્ટિંગ, 7 વર્ષની વૉરન્ટી. - 7021222104, 8450941119. (બી-૧૫૫૫૪)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૫૩૬૬)

**એસએસ એક્સપ્રેસ**
કુરિયર, યુકે, યુએસએ, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, 9699601689/ 8291516972. (બી-૧૫૪૫૬)

# ટ્રમ્પે ભારતને રેસિપ્રોકલ ટેરિફમાં કોઇ રાહત ના આપવાનું ભારપૂર્વક દોહરાવ્યું હોવાથી શૅરબજાર સતત આઠમા સત્રમાં ગબડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: વડાપ્રધાન મોદી અને અમેરિકાના પ્રેસિડેન્ટની બેઠકમાં ભારત માટે કોઇ રાહતની જાહેરાત થવાની આશા પર પાણી ફરી વળતા ખરડાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે શેરબજારમાં સતત આઠમા સત્રમાં નેગેટિવ ઝોનમાં ગબડ્યું હતું. ટ્રમ્પે ભારપૂર્વક દોહરાવ્યું છે કે વૉશિંગ્ટન રેસિપ્રોકલ ટેરિફ બાબતે ભારતને કોઇ રાહત નહીં આપશે.

એફઆઇઆઇની એકધારી વેચવાલી વચ્ચે શુક્રવારે સેન્સેક્સ ૧૯૯.૭૬ પોઇન્ટ અથવા તો ૦.૨૬ ટકા ઘટીને ૭૫,૯૩૯.૨૧ પોઇન્ટની સપાટીએ પહોંચ્યું હતું. સત્ર દરમિયાન બેન્ચમાર્ક લગભગ ૭૦૦ પોઇન્ટ નીચે ગબડ્યો હતો. નિફ્ટી ૧૦૨.૧૫ પોઇન્ટ અથવા તો ૦.૪૪ ટકા ગબડીને ૨૨,૯૨૯.૨૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો.

એકધારા આઠ સત્રની પીછેહઠમાં સેન્સેક્સ ૨૬૪૪.૬૦ પોઇન્ટ અથવા તો ૩.૩૬ ટકા ગુમાવ્યા છે અને નિફ્ટીએ ૮૧૦ પોઇન્ટ અથવા તો ૩.૪૧ ટકા ગુમાવ્યા છે. અદાણી પોર્ટ, અન્ટ્રા સિમેન્ટ, સન ફાર્મા, ઇન્ડસઇન્ડ બેન્ક, એનટીપીસી અને ટાટા સ્ટીલ ટોપ લુઝર બન્યા હતા. જ્યારે નેસ્લે, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ફોસિસ, ટાટા કન્સ્લ્ટન્સી સિર્વસિસ અને એચસીએલ ટેકનોલોજી ટોપ ગેઇનર રહ્યા હતા. કોર્પોરેટ પરિણામ ચાલુ રહ્યાં છે. મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર એવીજી લોજિસ્ટિક્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના નવમા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં રૂ. ૧૭.૭૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૦૩.૮૧ કરોડની કુલ આવક, ૫૬.૧૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૧.૬૧ કરોડનો ચોખ્ખો નફો અને ૧૭.૩૦ ટકાના વધારા સાથે રૂ. ૭૪.૫૦ કરોડનો એબિટા નોંધાવ્યો છે. ઝુઆરી ઇન્ડસ્ટ્રીઝે ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૨૫ કરોડની ખોટ નોંધાવી છે.

ઓજસ ગ્રુપ ઓફ આઈ હોસ્પિટલ સાથે વ્યૂહાત્મક ભાગીદારી હેઠળ આઈ કેર નેટવર્કની પ્રીમિયર ચેઈન મેક્સિવિઝન ગ્રુપ ઓફ આઈ હોસ્પિટલે મહારાષ્ટ્રમાં વિસ્તરણ કર્યું છે. નવા જોઇન્ટ વેન્ચરનું નામ ઓજસ મેક્સિવિઝન આઈ હોસ્પિટલ રાખવામાં આવ્યું છે, જે રાજ્યમાં કામકાજ વિસ્તારવા રૂ.૫૦૦ કરોડનું રોકાણ કરશે. ઇનોવેટીવ ઇન્ડિયાએ સેબી પાસે રૂ. ૨૦૦૦ના આઇપીઓ માટે ડીઆરએચપી દાખલ કર્યું છે. વીનસ પાઇપના નફમાં બાવીસ ટકાનો વધારો થયો છે.

નેટકો ફાર્માએ ડિસેમ્બર ક્વાર્ટરમાં ૩૭.૭૫ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૩૨.૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ઇરકોન ઇન્ટરનેશનલના ચોખ્ખા નફમાં ત્રીજા ક્વાર્ટરમાં ૬૫ ટકાનો કડાકો નોંધાયો છે. ભારત ફોર્જનો ત્રીજા ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૧૬.૩૮ ટકા ઘટીને રૂ. ૨૧૨.૭૮ કરોડ થયો છે. કલ્પતરુ પ્રોજેક્ટ્સ ઇન્ટરનેશનલનો ચોખ્ખો નફો ત્રણ ટકા ઘટ્યો છે.

અશોક લેલેન્ડનો ત્રીજા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૩૬ ટકા, જ્યારે આવક આઠ ટકા વધી છે. સીમેનનો ચોખ્ખો નફો ડિસેમ્બર ક્વાર્ટરમાં ૧૦ ટકા ઘટીને રૂ. ૩૭૨ કરોડ નોંધાયો છે. પાવર ફાઇનાન્સ કોર્પોરેશને ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૨૩ ટકાના વધારા સાથે રૂ. ૫,૮૨૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે અને શેર દીઠ રૂ. ૩.૫૦ના ડિવિડન્ડની જાહેરાત કરી છે. વોડાફોન આઇડિયાએ સહેજ ઘટાડા સાથે રૂ. ૬,૬૦૯ કરોડની ખોટ જાહેર કરી છે.

એકંદરે નિરાશાજનક કોર્પોરેટ પરિણામો, ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘસારો અને ટેરિફ જેવા બાહ્ય પરિબળોને કારણે એફઆઇઆઇની વેચવાલી વધતી રહે એવી સંભાવના સાથે બજાર પણ નિકટ ગાળામાં ઠંડુ જ રહેવાની સંભાવના છે. ટેરિફ અંગે પૂર્ણ સ્પષ્તા ના આવે અને કોર્પોરેટ કામગીરીમાં સુધારો ના થાય ત્યાં સુધી બજારમાં અફડાતફડીનો માહોલ યથાવત રહેશે. એશિયાઇ બજારમાં સિઓલ, શાંઘાઇ અને હોંગકોંગના બેન્ચમાર્ક ઊંચી સપાટી તરફ વધ્યા હતા જ્યારે જાપાનના ટોકિયો એક્સચેન્જનો ઇન્ડેક્સ નેગેટિવ ઝોનમાં ગબડ્યો હતો. યુરોપિયન બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું જ્યારે અમેરિકન બજારો ગુરુવારે ઊંચા મથાળે બંધ રહ્યાં હતાં.

બજારના વિશ્લેષકો અનુસાર ભારતીય બજાર ખૂબ જ ઓવરસોલ્ડ છે. જોકે તેજી માટે કોઇ ટ્રીગર મળવાને સ્થાને મોદી - ટ્રમ્પની મુલાકાતમાં આશાઓ પર પાણી ફરી વળ્યા છે. ટ્રમ્પને ભારત માટે કોઇ કૂણી લાગણી નથી અને તે આ બાબતમાં સ્પષ્ટ પણ છે. બજારના સતત ગબડવાના કારણો જોઇએ તો યુએસ પ્રમુખે સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત ટેરિફમાં વધારો ઝીંકીને સત્તાવાર ટ્રેડ વોર શરૂ કરી છે. દેશ-વિશિષ્ટ મુક્તિલાભ અને પ્રોડક્ટ એક્ઝમ્પશન દૂર કરવા સાથે આગામી દિવસોમાં તમામ દેશ સામે પારસ્પરિક ટેરિફની જાહેરાત કરવાનું ઉચ્ચારણ કર્યુ છે. ભારત આમાંથી બાકાત નથી એવું સ્પષ્ટ કથન પણ ટ્રમ્પે કર્યું છે. આ તમામ બાબતો ચિંતાપ્રેરક છે. અલબત્ત ભારત સાથે દ્વીપક્ષીય વેપાર ૨૦૩૦ સુધીમાં ૫૦૦ અબજ ડોલર સુધી લઇ જવાની પરસ્પરના દેશની બજારોનો પ્રવેશ સુગમ બનાવવા તથા અન્ય વેપાર સંબંધિત મુદ્દાની વાત પણ છે, જોકે રોકાણકારોને ટ્રમ્પની કોઇ વાત પર ભરોસો નથી.

ઉપરાંત અમેરિકામાં રેટ કટની આશા ધૂંધળી બની છે. યુ.એસ. ફેડના ચેરમેને જણાવ્યું હતું કે જ્યારે અર્થવ્યવસ્થા સારી સ્થિતિમાં છે, ત્યારે ફુગાવો ફેડના બે ટકાના ટાર્ગેટ કરતાં વધુ સારી રીતે રહે છે, જે કેન્દ્રીય બેંકને વધુ દર ઘટાડા અંગે સાવચેત રહેવા માટે પ્રેરિત કરે છે. યુ.એસ. કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ દોઢ વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા ફેડરલને વ્યાજદરનો ઘટાડો ટાળવાનું વધુ એક કારણ મળ્યું છે. પાછલા સત્રમાં એફઆઇઆઇએ રૂ. ૨૭૮૯.૯૧ કરોડની વેચવાલી કરી છે. ઉપલબ્ધ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ આ વર્ષે અત્યાર સુધીમાં રૂ. એક લાખ કરોડના મૂલ્યની ભારતીય ઇક્વિટીઓ ઑફલોડ કરી છે, જે બજારની નબળાઇમાં ફાળો આપે છે. મજબૂત ડોલરને કારણે ભારત જેવા ઊભરતાં બજારોમાંથી મૂડીના બાહ્યપ્રવાહમાં વધારો થયો છે.

# વર્ષ ૨૦૨૪-૨૫ની રૂ મોસમમાં ઓછી ઊપજની ઉત્પાદન પર માઠી અસર

મુંબઈ: ગત ઑક્ટોબર મહિનાથી શરૂ થયેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની રૂ મોસમમાં ખાસ કરીને ગુજરાત અને ઉત્તર ભારતનાં રૂ ઉત્પાદક વિસ્તારોમાં ઓછી ઊપજને કારણે દેશમાં રૂનું ઉત્પાદન આગલા વર્ષ ૨૦૨૩-૨૪ની મોસમના ૩૨૭.૪૫ લાખ ગાંસડીના ઉત્પાદન સામે ઘટીને ૩૦૧.૭૫ લાખ ગાંસડી રહેવાનો અંદાજ કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ મૂક્યો છે. એકંદરે ગુજરાત, પંજાબ અને હરિયાણામાં ઊપજ ઓછી રહેતાં એકંદરે ઉત્પાદન ઓછું રહેવાની શક્યતા વ્યક્ત કરતાં એસોસિયેશનના પ્રમુખ અતુલ ગણાત્રાએ ઉમેર્યું હતું કે આ વર્ષે ઉત્પાદનમાં ઘટાડો થવા છતાં ગુણવત્તા ઘણી સારી રહેશે. એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત જાન્યુઆરીના અંત સુધીમાં દેશમાં રૂનો કુલ પુરવઠો ૨૩૪.૨૬ લાખ ગાંસડીનો રહ્યો છે, જેમાં ૩૦.૧૯ લાખ ગાંસડી ખૂલતી મોસમનો સ્ટોક, ૧૮૮.૦૭ લાખ ગાંસડી પ્રેસિંગનો અને ૧૬ લાખ ગાંસડી આયાતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એસોસિયેશને ગત જાન્યુઆરીના અંત સુધીમાં આઠ લાખ ગાંસડી નિકાસ અને ૧૧૪ લાખ ગાંસડી વપરાશી માગ રહી હોવાનો અંદાજ મૂક્યો છે. આમ ગત જાન્યુઆરી સુધીનાં ૨૩૪.૨૬ લાખ ગાંસડીના પુરવઠા સામે ૧૨૨ લાખ ગાંસડીની માગને ધ્યાનમાં લેતા જાન્યુઆરીના અંતે ૧૧૨.૨૬ લાખ ગાંસડી સ્ટોકનો રહેવાનો અંદાજ મૂક્યો છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. A.E.S.M./૪૧૯/ (લેબ) તા. ૧૪/૨/૨૦૨૫

આસી. એન્જિનિયર (સોઈલ મીકે.)ની ઓફિસ, સુદામ કાલુ અહિરે માર્ગ, વરલી, મુંબઈ-૪૦૦૦૩૦.

ટેલી. નં. ૦૨૨-૨૪૯૪૧૯૪૯, ઈમેલ:- ae01soilmech.vig@mcgm.gov.in

**સુધારો**

| | |
|---|---|
| વિષય | મ્યુનિસિપલ મટીરીયલ ટેસ્ટીંગ લેબોરેટરી, વરલીમાં અસ્ફાલ્ટ મટીરીયલ માટે મટીરીયલ ટ્રાયકલોરોઈથીલીનનું પ્રોક્યોરમેન્ટ |
| રેફ. | ૧. ૨૦૨૫_MCGM_૧૧૪૭૪૫૭<br>૨. PRO/ADV/૨૪૮૮/G તા. ૧૦.૨.૨૦૨૫ |

ઉપરોક્ત વિષયના કામનું ટેન્ડર બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૪૭૪૫૭ ધરાવે છે જે વર્તમાનપત્રમાં ૧૧ ફેબ્રુ. ૨૦૨૫ના પ્રકાશિત થયેલ અને ટેન્ડરની પાકતી તારીખ ૨૦ ફેબ્રુ. ૨૦૨૫ છે. ટેન્ડર નં.માં મોડીફિકેશનમાં બીડ નં. ૨૦૨૫_MCGM_૧૧૪૮૮૦૬ છે. મોજૂદ અને મોડીફાય કરેલ વર્ણન નીચે મુજબ છે.

| અ.ક્ર. | મોજૂદ બીડ નં. | મોડીફાઈડ બીડ નં. |
|---|---|---|
| ૧. | ૨૦૨૫_MCGM_૧૧૪૭૪૫૭ | ૨૦૨૫_MCGM_૧૧૪૮૮૦૬ |

સહી/-
PRO/2488/ADV./2024-25/ સુધારો — આસી. એન્જિનિયર (સોઈલ મીકે.)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

ડૉનલ્ડ ટ્રમ્પની રેસિપ્રોકલ ટૅક્સની યોજનાની જાહેરાત

# સોનામાં ₹ ૨૫૦ની આગેકૂચ, શુદ્ધ સોનું ₹ ૮૬,૦૦૦ની સપાટી વટાવી પાછું ફર્યું, ચાંદી ₹ ૯૮,૦૦૦ની લગોલગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પ્રત્યેક દેશોથી થતી આયાત સામે રેસિપ્રોકલ ટેરિફ લાદવાની યોજના જાહેર કરતાં વૈશ્વિક ટ્રેડ વૉર વકરવાની શક્યતા પ્રબળ બનતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં તેજીની આગેકૂચ જળવાઈ રહી હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે આજે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજી આગળ ધપી હતી, જેમાં મધ્યસત્ર દરમિયાન શુદ્ધ સોનાના ભાવે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૧ના સુધારા સાથે રૂ. ૮૬,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા, પરંતુ આજે ડૉલર સામે રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરો ઘટવાને કારણે સત્રના અંતે સોનાના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હતી અને સત્રના અંતે ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪૯થી ૨૫૦નો સુધારો નોંધાયો હતો. તેમ જ આજે ચાંદીમાં પણ સટ્ટાકીય આકર્ષણ વધુ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૪૦૪ના ઉછાળા સાથે રૂ. ૯૮,૦૦૦ની લગોલગ પહોંચ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૦૪ના ઉછાળા સાથે રૂ. ૯૭,૯૫૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે મધ્યસત્ર દરમિયાન સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૯થી ૩૪૧ની તેજી જોવા મળી હતી અને શુદ્ધ સોનાના ભાવ રૂ. ૮૬,૦૦૦ની સપાટી પાર કરી ગયા હતા, પરંતુ રૂપિયાની મજબૂતાઈને કારણે સોનાની આયાત પડતરો ઘટી સત્રના અંતે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૪૯ વધીને રૂ. ૮૫,૬૫૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૫૦ વધીને રૂ. ૮૫,૯૯૮ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ લેવાલીને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે તેનાં અર્થશાસ્ત્રીઓની ટીમને ચીન, જાપાન, દક્ષિણ કોરિયા અને યુરોપિયન યુનિયન સહિતનાં દેશોને લક્ષ્યાંકિત કરતાં અમેરિકાથી આયાત કરી રહેલા દેશો સામે રેસિપ્રોકલ ટેક્સ લાદવાની યોજના ઘડવા નિર્દેશ આપ્યાના અહેવાલો સાથે વૈશ્વિક સ્તરે ટ્રેડ વૉર ઉગ્ર બને તેવી ભીતિ સપાટી પર આવતા આજે લંડન ખાતે સત્રના આરંભે સલામતી માટેની માગને ટેકે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૨૯૩૬.૯૯ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૨૯૬૧.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા,.

જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૩ ટકા ઉછળીને ઔંસદીઠ ૩૩.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ટ્રમ્પની રેસિપ્રોકલ ટેક્સની યોજનાથી ટ્રેડ વૉરની સ્થિતિ સર્જાવાના જોખમ ઉપરાંત વિશ્વભરનાં અર્થતંત્રો પર માઠી અસર પડે તેમ હોવાથી સોનામાં એકતરફી તેજીનું વલણ જોવા મળી રહ્યું હોવાનું કેડિયા કૉમૉડિટીઝના વિશ્લેષક અજય કેડિયાએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલ સોનામાં અમુક અંશે ઓવરબોટ પોઝિશન જણાય છે અને શક્યતઃ ૩૦૦૦ ડૉલર આસપાસની સપાટીએ નફારૂપી વેચવાલી જોવા મળે તેવી શક્યતા જણાય છે.

વધુમાં અગાઉ અમેરિકાના ફુગાવામાં દોઢ વર્ષનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યા બાદ ગઈકાલે જાહેર થયેલ જાન્યુઆરી મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં પણ વધારો જોવા મળ્યો હોવાથી ફેડરલ રિઝર્વ બીજા છમાસિકગાળા પહેલા વ્યાજદરમાં કાપ મૂકે નહીં તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા છે.

જોકે, અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉર, રશિયા-યુક્રેન અને ઈઝરાયલ-હમાસ વચ્ચેનો વિવાદ શાંત થાય, અમેરિકાના રોજગારીના ડેટામાં સુધારો અને ફુગાવામાં ઘટાડો થાય અને ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તો સોનાના ભાવ દબાણ હેઠળ આવે જોકે, આ તમામની નજીકના ભવિષ્યમાં કોઈ શક્યતા ન હોવાનું ટેસ્ટિલાઈવના ગ્લોબલ મેક્રો હેડ ઈલ્યા સ્પાઈવેકે જણાવ્યું હતું.

# રોકાણકારોની સંપત્તિમાં ₹ ૨૫.૩૧ લાખ કરોડનું ધોવાણ

મુંબઇ: વૈશ્વિક અને સ્તાનિક પરિબળોને કારણે શેરબજારમાં હાલ સતત મંદીનો માહોલ જામ્યો છે. દલાલ સ્ટ્રીટ પર મંદીવાળાની પકડ સતત મજબૂત બનતી જાય છે. એકધારી પીછેહઠને કારણે રોકાણકારોને પાછલા આઠ સત્રમાં રૂ. ૨૫.૩૧ લાખ કરોડનું સંપત્તિ ધોવાણ થયુ છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે સર્જાયેલી ચિંતા, કોર્પોરેટ ક્ષેત્રના અપેક્ષા કરતા નબળા ત્રિમાસિક પરિણામ અને વૈશ્વિક ટ્રેડ વોર વકરવાના સંકેતને કારણે શેરબજાર માટે સર્જાયેલી અનિશ્ચિતતાને કારણે બેન્ચમાર્ક સેન્સેક્સમાં ત્રણ ટકાથી મોટો કડાકો જોવા મળ્યો છે. પાછલા આઠ ટ્રેડિંગ દિવસોમાં બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨,૬૪૪.૬ પોઈન્ટ અથવા ૩.૩૬ ટકા તૂટયો હતો અને એનએસઇના બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સમાં ૮૧૦ પોઈન્ટ અથવા ૩.૪૧ ટકાનો જોરદાર કડાકો જોવા મળ્યો હતો.

# ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં રૂપિયામાં ૧૧ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે પહેલી એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત કરતાં વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલરમાં લેવાલી અટકતાં આજે ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસાના સુધારા સાથે ૮૬.૮૨ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવવધારો, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૯૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૮૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૯૦ અને ઉપરમાં ૮૬.૭૯ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૧ પૈસાના સુધારા સાથે ૮૬.૮૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો સાધારણ બે પૈસા વધીને ૮૬.૯૩ની સપાટીએ બંધ રહ્યો હતો. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી પહેલી એપ્રિલથી રેસિપ્રોકલ ટેક્સની જાહેરાત કરતાં ડૉલર ઈન્ડેક્સ નબળો પડતાં આજે રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ખાસ કરીને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણને કારણે રૂપિયો દબાણ હેઠળ રહી શકે છે, જોકે રિઝર્વ બૅન્ક દ્વારા બજારમાં હસ્તક્ષેપ થાય તો અમુક અંશે ગબડતા રૂપિયાને ટેકો મળવાની શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૯ ટકા ઘટીને ૧૦૬.૭૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો, પરંતુ આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩૫ ટકા વધીને બેરલદીઠ ૭૫.૨૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૧૯૯.૭૬ પૉઈન્ટનો અને ૧૦૨.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવવાની સાથે ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૭૮૯.૯૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મથકો પાછળ સિંગતેલમાં પીછેહઠ, આયાતી તેલમાં સુધારાતરફી વલણ

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૧ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં આયાતી તેલના ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હતી. ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં સ્ટોકિસ્ટોની તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૨૦નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિકમાં પણ સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા. આજે સિંગતેલ સિવાય અન્ય દેશી આયાતી તેલમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૧૫, આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ તથા કપાસિયા રિફાઈન્ડ તથા સરસવમાં રૂ. પાંચ વધી આવ્યા હતા. આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૩૫૦ના મથાળે રહ્યા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**વૃક્ષ પ્રાધિકરણ**

**પબ્લિક નોટિસ**

મહારાષ્ટ્ર (અર્બન એરીયાસ) પ્રોટેક્સન એન્ડ પ્રીઝર્વેશન ઓફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધારિત)ની કલમ ૮ (૩) (C) હેઠળની જોગવાઈઓના અનુરૂપમાં ૧) 'S' વોર્ડ ઝોન-VI માંથી પ્રોપોઝલ એટલે કે કુલ ૦૧ પ્રોપોઝલ અસરગ્રસ્ત વૃક્ષોને હટાવવા માટે ટ્રી ઓથોરિટી/મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત પ્રોપોઝલમાં કટીંગ/ટ્રાન્સપ્લાન્ટીંગ માટે વૃક્ષોની માહિતી BMC વેબસાઈટ- https://portal.mcgm.gov.in → About us → wards/Departments → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → ૮૦૭-પબ્લિક નોટિસ ૭ દિવસ પર ઉપલબ્ધ છે.

ઉપરોક્ત દરખાસ્ત માટે નાગરિકો પાસેથી વિરોધો/સૂચનો જો કોઈ હોય તો આ નોટિસના છપાયાની તારીખથી ૭ દિવસમાં નિયત ફોર્મેટમાં સુપરિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં આવકાર્ય છે.

નિયત ફોર્મેટમાં આપના સૂચનો/વિરોધો આ ઈમેલ આઈડી dysg.ta@mcgm.gov.in પર પણ આપ મોકલી શકો છો. આપના સૂચનો/વિરોધો નિયત ફોર્મેટમાં જણાવેલ સમયમાં પ્રાપ્ત થવા પર નોંધ લેવામાં આવશે. સદર તારીખ બાદ મળેલ ઈમેલ કે લેખિત સૂચનો/વિરોધોને ધ્યાનમાં લેવાશે નહીં. મળેલ વિરોધો/સૂચનોની સુનાવણી ૨૫/૨/૨૦૨૫ના સાંજે ૪.૩૦થી ૫ વચ્ચે સુપરિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસમાં થશે. જેમને ઠીક લાગે તેઓ આ સુનાવણીમાં તેમના ઈ-મેલ, સૂચનો/વિરોધોની નકલ સાથે હાજર રહી શકશે.

**સુપરિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર**

સુપરિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસરની ઓફિસ
૨જે માળે, હમબોલ્ડટ પેંગવીન બિલ્ડિંગ, વી.જે.બી. ઉદ્યાન એન્ડ ઝૂ,
સંત સાવતા માલી માર્ગ, ભાયખલા (ઈસ્ટ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલી: ૨૩૭૪૨૧૬૨
ઈમેલ- dysg.ta@mcgm.gov.in

સહી/-
PRO/2550/ADV./2024-25 — સુપરિ. ઓફ ગાર્ડન્સ એન્ડ ટ્રી ઓફિસર

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એક્ઝીક્યુટીવ એન્જીનીયર (ટ્રાન્સપોર્ટ) W.S.

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ટેન્ડર ID નં. ૨૦૨૫_MCGM_૧૧૫૦૩૪૨_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | એક્ઝી. એન્જી. (Tr.) W.S. હેઠળ મલાડ ખાતે ડોમેસ્ટીક હેઝાર્ડસ વેસ્ટ પ્રોસેસીંગ પ્લાન્ટ માટે વેધર શેડની જોગવાઈ અને ફીક્ષીંગનું કામ |
| ટેન્ડર સ્કુટીની ફી | રૂા. ૩૩૦૦/- + (૧૮% G.S.T.) |
| બીડ સીક્યુરીટી ડીપોજીટ/બારડી | રૂા. ૧૨,૩૦૦/- |
| ટેન્ડર જારી તથા વેચાણ તારીખ | ૧૪.૨.૨૦૨૫ના ૧૨ કલાકથી |
| ટેન્ડરના વેચાણ અને બીડ સીક્યુરીટી ડીપોજીટની પ્રાપ્તિની અંતિમ તારીખ અને સમય | ૨૧.૨.૨૦૨૫ના ૧૬ ક. સુધી |
| ટેક્નીકલ અને ફાઈનાન્સીયલ પેકેટની સુપ્રતિ (ઓનલાઈન) | ૨૧.૨.૨૦૨૫ના ૧૬ ક. સુધી |
| ટેક્નીકલ પેકેટ ખૂલશે | ૨૨.૨.૨૦૨૫ના ૧૬.૦૫ ક. બાદ |
| ફાઈનાન્સીયલ પેકેટ ખૂલશે | પાછળથી જણાવીશું |
| સંદેશ વ્યવહારનું સરનામું | એક્ઝી. એન્જીનીયર (Tr.) WSની ઓફીસ, મિલન મોલ સામે, મિલન સબવે રોડ, ઓફ S.V. રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ ૪૦૦૦૫૪. ફોન: ૦૨૨-૨૬૧૮૨૨૫૨/૫૩/૫૪ ઈ-મેલ: trsg2008@yahoo.com |
| બીડ ખૂલવાનું સ્થળ | એક્ઝી. એન્જી. Tr. (WS) ની ઓફીસ |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

આ વિષયના ઈ-ટેન્ડર માટે જો કોઈ વધારો અને/કે સુધારો જારી થશે તો તેની વિગતો મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સીસ્ટમ (મહાટેન્ડર્સ) (https://mahatenders.gov.in) પર પ્રકાશિત/અપલોડ થશે. Tenders > e-Tenders > Tenders હેઠળ ભાવિ બીડરો આની કૃપયા નોંધ લે એવી વિનંતિ.

BMC કોઈપણ કારણ જણાવ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ કે તમામ અરજી નકારવા કે કોઈપણ અરજી સ્વીકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-
PRO/2554/ADV./2024-25 — એક્ઝી. એન્જી. (Tr.) W.S. / i.c

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામો**

ચીફ વર્કશોપ મેનેજર, EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ-૪૦૦૦૧૩ દ્વારા ઈ-ટેન્ડર નોટીસ નં.: EL ૯૦/MX/ ૨૦૨૪-૨૫/૧૫ તા. ૧૧.૨.૨૦૨૫ મંગાવવામાંઆવેછે. કામનુંનામ: એર સ્પ્રીંગ પાઈપ, ઈલેક્ટ્રીકલ કનેક્શન્સ અને સેન્સર્સ અંડર ફ્રેમમાં BT ના, મેધા, AC ભેલ EMU રેક્સની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ અને કમિશનીંગ (જથ્થો-૧૯ રેક્સ) અંદા. કામનો ખર્ચ: ₹ ૨,૨૭,૧૫,૭૬૨.૮૫. બારડી: ₹ ૨,૬૩,૬૦૦/- ટેન્ડરની સુપ્રતિ અને ટેન્ડર ખૂલવાની તારીખ અને સમય: ટેન્ડર સુપ્રતિ ૭.૩.૨૦૨૫ના ૧૨ ક. સુધી (ઈલેક્ટ્રોનીકલી). વધુ વિગતો માટે કૃપયા મુલાકાત લો અમારી વેબસાઈટ www.ireps.gov.in 1079

અમને લાઈક કરો: facebook.com/WesternRly

The Malabar Hill Club

MALABAR HILL CLUB LIMITED

**TENDER NOTICE**

Sealed tenders invited from resourceful and reliable parties for regular supplies of the following items for one year, commencing from **1st April, 2025 to 31st March, 2026.**

1. Vegetables and Fruits
2. Grocery
3. Canned products & Packed items
4. Bags and Paper products
5. Poultry Products, Meat & Fish
6. Housekeeping Material
7. Printing & Stationery Items
8. Bread Items

Tender forms are available with the Purchase Department (Mrs. Sanika / Mr. Suraj) between **10.30 a.m. to 12. 30 p.m.** and from **2.00 p.m. to 5.00 p.m.** at the cost of **Rs.500/- + 18% GST.** There will be separate Tender Forms for each commodity. The last date for receipt of tenders is **28th FEBRUARY 2025.**

Sealed tenders, marked with **Tender 2025-2026** on the sealed envelope must be addressed to:

THE HON. SECRETARY
**MALABAR HILL CLUB LTD.**
IL-PALAZZO B.G. KHER MARG
MALABAR HILL, MUMBAI-400 006

**Note** : Tender will be open on **1st March, 2025** at Board Room of the Malabar Hill Club Ltd. 1st Floor, at 3.00 p.m. All vendors can remain present at the time of Tender Opening.

**પબ્લીક નોટીસ**

આથી ખબર આપવાની કે અમારા અસીલ એટલે કે પ્રસ્તાવિત ખરીદનાર **ભાવેશ અર્જુન @ અર્જુનભાઈ ગાલા** પાસેથી નિલકંઠ નિકેતન કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ (**''સોસાયટી''**) દ્વારા જારી કરાયેલ તારીખ ૧ જુલાઈ ૧૯૯૧ના શેર સર્ટીફીકેટ નં. ૧૮ હેઠળ રૂા. ૨૫૦/- (રૂપિયા બસો પચાસ માત્ર)ના ડીસ્ટીંકટીવ નં. ૮૬ થી ૯૦ (બંને સહિત) ધરાવતા ૫ (પાંચ) શેર્સ (**''શેર્સ'') સાથે ફ્લેટ નં. ૩૦૨ ''ફ્લેટ''**/ માપમાં ૭૮૫ ચોરસફીટ કારપેટ એરીયા 'નિલકંઠ નિકેતન' તરીકે જાણીતા સોસાયટીના બિલ્ડીંગ (**''બિલ્ડીંગ''**)માં ખરીદવા/ સંપાદિત કરવાનું સૂચન કરી રહ્યા છે જે બિલ્ડીંગ કારાણી લેન, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૬ ખાતે મુંબઈના નોંધણી જીલા અને પેટા જીલામાં સ્થિત છે અને ગામ ઘાટકોપર કિરોલ, તાલુકા કુર્લાના સીટીએસ નં. ૨૮૨૫, ૨૮૧૯, ૨૮૨૧, ૨૮૨૩, ૨૮૨૨, અને ૨૮૨૪ ધરાવતી જમીનોના તે તમામ ટુકડાઓ અને કકડાઓ પર બંધાયેલ છે જે સોસાયટી દ્વારા ફાળવાયેલ બિલ્ડીંગના કંપાઉન્ડમાં એક કાર પાર્કીંગની જગ્યા (**''કાર પાર્કીંગની જગ્યા''**) સાથે છે. શેર્સ, ફ્લેટ અને કાર પાર્કીંગની જગ્યા અહીં પાછળથી સયુંક્તપણે **''પ્રીમાયસીસ''** તરીકે ઉલ્લેખાયેલ છે અને વધુ વિગતવાર અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં વર્ણવેલ છે.

સદર પ્રીમાયસીસ કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, બદલી, સોંપણી, ગીરો (ઈકવીટેબલ કે બીજી રીતે) ચાર્જ, ભેટ, ટ્રસ્ટ, કોવેનન્ટ, વારસો, દાવો, કબજો, લીઝ, સબ-લીઝ, લીવ એન્ડ લાયસંસ, કેર-ટેકર બેસીસ, ભોગવટો, પતાવટ, સકસેસન, લીઅન, શેર, ટેનંસી, સબ-ટેનંસી, જાળવણી, ઈઝમેન્ટ, ડીવાઈસ, બીકવેસ્ટ, પાર્ટીશન, ધીરાણ, ગેરંટી, કાયદાની કોઈપણ અદાલત, કે કોઈપણ સ્થાનીક સત્તાની ડીક્રી કે આદેશ, કોન્ટ્રાક્ટ/ એગ્રીમેન્ટસ, વિકાસ હક્કો, ભાગીદારી, કોઈપણ લખાણ, અને/કે એગ્રીમેન્ટ કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો, હક્ક, ટાઈટલ, લાભ, માંગણી, એસ્ટેટ કે હિત ધરાવનાર કોઈપણ શખ્સ કે શખ્સોને એની જાણ ઉપલબ્ધ દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને નીચે આપેલ સરનામે સંબોધી પત્ર દ્વારા અને નીચે આપેલ બે ઈમેલ આઈડીથી આના છપાયાની તારીખથી ૧૪ (ચૌદ) દિવસમાં કરવા વિનંતી છે નહીં તો આવા દાવા, હક્ક, ટાઈટલ, લાભ, માંગણી, એસ્ટેટ કે હિત અને/કે વિરોધ જો કોઈ હોય તો તેને ધ્યાનમાં લીધા વિના સદર પ્રીમાયસીસનું વેચાણ અને ટ્રાન્સફર પૂર્ણ કરવામાં આવશે અને તમામ ઈરાદા અને ઉદ્દેશ્યો અંગેના તેવાને ત્યજી દીધેલ અને/ કે છોડી દીધેલ હોવાનું માની લેવાશે અને આવા કોઈ દાવા અસ્તિત્વમાં નથી એવું માની લેવાશે.

**ઉપર ઉલ્લેખાયેલનું પરિશિષ્ઠ**

**(પ્રીમાયસીસનું વર્ણન)**

નિલકંઠ નિકેતન કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમિટેડ દ્વારા જારી કરાયેલ તારીખ ૧ જુલાઈ ૧૯૯૧ના શેર સર્ટીફીકેટ નં. ૧૮ હેઠળ રૂા. ૨૫૦/- (રૂપિયા બસો પચાસ માત્ર)ના ડીસ્ટીંકટીવ નંબર ૮૬ થી ૯૦ (બંને સહિત) ધરાવતા ૫ (પાંચ) શેર્સ સાથે સદર સોસાયટીના 'નિલકંઠ નિકેતન' તરીકે જાણીતા રહેણાંક બિલ્ડીંગના ૩જા માળ પર ફ્લેટ નં. ૩૦૨ માપમાં ૭૮૫ ચોરસફીટ કારપેટ એરીયા ધરાવે છે જે બિલ્ડીંગ કારાણી લેન, એલ.બી.એસ. માર્ગ, ઘાટકોપર વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૮૬ ખાતે મુંબઈના નોંધણી જીલા અને પેટા જીલામાં આવેલ છે અને ગામ ઘાટકોપર કિરોલ, તાલુકા કુર્લાના સી.ટી.એસ. નંબર ૨૮૨૫, ૨૮૧૯, ૨૮૨૧, ૨૮૨૩, ૨૮૨૨ અને ૨૮૨૪ ધરાવતી જમીનોના તે તમામ ટુકડાઓ અને કકડાઓ પર બંધાયેલ છે જે સદર સોસાયટી દ્વારા ફાળવાયેલ સદર બિલ્ડીંગના કંપાઉન્ડમાં એક કાર પાર્કીંગની જગ્યા સાથે છે.

આજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

સહી/-
**કે. મર્ચંટ**
જેરોમ મર્ચંટ એન્ડ પાર્ટનર્સ
એડવોકેટ્સ અને સોલીસીટર્સ,
૮૩, ફ્રી પ્રેસ હાઉસ,
૮મા માળે, નરીમન પોઈન્ટ,
મુંબઈ-૪૦૦૦૨૧.
ઈમેલ:
(૧) kalpana.merchant@jmp.law
(૨) simran.kaur@jmp.law

# ન્યુ ઈંડિયા કો-ઓપરેટિવ બેંકના ખાતાધારકો માટે...

## બ્લેક ફ્રાઈડે



(જયપ્રકાશ કેળકર)

## આરબીઆઈએ બેંક પર નિયંત્રણો લાદતા કોઈના ઈએમઆઈના પૈસા અટકી પડયા છે તો કોઈ પાસે દવા લેવાના પૈસા નથી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા દેખરેખની ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેંક પર નિયંત્રણો લાદવામાં આવ્યા બાદ ખાતાધારકો દ્વારા ભંડોળ ઉપાડવા માટે બેંકની બહાર લાંબી લાઈન જોવા મળી હતી. મુંબઈસ્થિત અંધેરીમાં વિજયનગર બ્રાંચની બહાર એકઠા થયા હતા અને ખાતાધારકો તેમને પૈસા ક્યારે મળશે તેની મૂંઝવણમાં હતા. જોકે અંધેરી જ નહીં શહેરની તમામ બ્રાંચોમાં આ જ પરિસ્થિતિ હતી. મોટા ભાગના ખાતાધારકો વરિષ્ઠ નાગરિકો હતા અને તેઓને ભારે પ્રમાણમાં હેરાનગતિ સહન કરવાનો વારો આવ્યો હતો. આમ કોઈને ઈએમઆઈ આપવાનું છે તો કોઈને ઘરખર્ચ માટે પૈસા જોઈએ છે તો કોઈની પાસે દવા લેવાના પૈસા નથી. આવા હાલ છે.

બેંકની બહાર ભેગા થયેલા ખાતાધારકોની ફરિયાદ હતી કે બેંક તેમના પ્રશ્નોના સરખા જવાબ નથી આપી રહી. આટલુ જ નહીં બેંકની ગ્રાહક સપોર્ટ સેવાઓ અને એપ્લિકેશન્સ પણ કાર્યરત નથી.

બેંકની બહાર લાઈન લગાવીને ઊભેલા ખાતાધારકોને બેંકે કૂપન આપી હતી. તેમના

(જુઓ પાનું ૪) ▶▶

## વિચારપૂર્વક કાર્યવાહીઃ ફડણવીસ

મુંબઈ: રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા ન્યૂ ઇન્ડિયા કો-ઓપરેટિવ બેંક પર પ્રતિબંધ મૂક્યો હોવાની જાણકારી મળતા જ શુક્રવારે સવારથી જ બેંકની વિવિધ શાખાઓની બહાર ખાતેદારો પોતાના પૈસા મેળવવા લાંબી લાઈન લગાડી ઊભા જોવા મળ્યા હતા. બેંકની મોટાભાગની શાખાઓ મુંબઈ અને ઉપનગરમાં છે. મુંબઈ, પુણે, થાણે તેમજ ગુજરાતના સુરત શહેરમાં પણ શાખાઓ છે. બેંકના ખાતેદારો મૂંઝવણ અનુભવી રહ્યા છે ત્યારે મહારાષ્ટ્રના (જુઓ પાનું ૪) ▶▶

# ખાતાધારકોની વ્યથા-કથા...

### અમારા પૈસા માટે છ મહિનાની રાહ જોવી પડશે, એ કેવું?

બેંક ફડચામાં ગઇ હોવાનું સાંભળ્યું ત્યારથી જ અમારો તણાવ વધી ગયો હતો. હું છેલ્લા બે કલાકથી લાઈનમાં ઊભો છું, પણ અહીં કોઇ જવાબ દેવાવાળું નથી. હા, અમે અમારા લોકરમાંથી પૈસા ઉપાડી શકીશું, પણ ખાતામાં અને ડિપોઝિટના પૈસા ઉપાડવા માટે અમારે છ મહિનાની રાહ જોવી પડે, એ કેવું. એમ ભૂપેન્દ્રભાઈ નામના ખાતાધારકે જણાવ્યું હતું

### મેં તો હજી કાલે જ પૈસા જમા કરાવ્યા હતા

બેંકમાં કટોકટી ઊભી થઇ શકે એવો કોઇ ખ્યાલ જ નહોતો. અમે તો ગઇ કાલે જ બેંકમાં પૈસા ડિપોઝિટ કર્યા હતા. હવે બેંક કહે છે કે ત્રણ મહિનામાં પૈસા મળી જશે, પણ અમારે ઈએમઆઈના પૈસા ભરવાના છે. હવે કેવી રીતે બધે પહોંચી વળીશું, એમ સીમા વાઘમારેએ કહ્યું હતું.

### સવારથી લાઈનમાં ઊભા છીએઃ ખાતાધારક

એક ખાતાધારકે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે બેંકની સ્થિતિ વિશે જાણ થઇ ત્યારથી અમે સવારના લાઈન લગાવીને ઊભા છીએ. બેંકના ખાતામાં ૪૦ હજાર રૂપિયાછે અને અમને એવું કહેવામાં આવી રહ્યું છે કે અમને અમારા પૈસા ૨-૩ મહિનામાં મળી જશે. કઇ બેંક પર આપણે વિશ્વાસ મૂકવો.

### થાણેના સિનિયર સિટિઝન્સની રાવ

અમારો મહિનાનો ખર્ચ ૩૦થી ૪૦ હજાર રૂપિયા છે. એનો નિભાવ હવે કેવી રીતે થશે. અન્ય એક દંપતીએ કહ્યું હતું કે અમે જે ઘરમાં એકલાં રહીએ છીએ એનો જાળવણી ખર્ચ દર મહિને ૧૫-૨૦ હજાર રૂપિયા આવે છે. આ બધું કેવી રીતે પૂરું પાડીશું. શું અમારે અમારું ઘર ખાલી કરી દેવાનું કે પછી અમારે રહેવું કેવી રીતે.

### અમારે કોના પર ભરોસો કરવો ?

એક ખાતાધારક પરેશ સાગરે જણાવ્યું હતું કે આ બૅંકમાં હું એકાઉન્ટ ધરાવું છું અને આજે સવારના મને એવું સાંભળવા મળ્યું કે બૅંક ફડચામાં ગઇ. બૅંક ફડચામાં ગઇ હોવાની ઘણી અફવા છે, પણ ખબર નથી કે ચોક્કસ શું છે. બૅંક વિશે સાંભળ્યા બાદ હું બ્રાન્ચમાં પૈસા લેવા માટે આવ્યો હતો. જોકે મને એવું કહેવામાં આવ્યું હતું કે તમે કાલે આવો. અમે સિનિયર સિટિઝન છીએ. જો અમારી સાથે આવો વ્યવહાર કરવામાં આવે તો અમારે કોના પર ભરોસો કરવો.

### મને મારા પૈસા પાછા જોઈએ

કાંદિવલીમાં રહેતાં વર્ષાબહેને જણાવ્યું હતું કે મેં બેન્કવાળાઓને મારી ફિક્સ્ડ

(જુઓ પાનું ૪) ▶▶

April: 14 (Guaranteed) 21, 28
Azerbaijan 7D
BAKU | GABALA | SHAHDAG | SHEKI | SHAMAKHI
1,19,000/- p.p (5% GST + 5% TCS extra)
5* Category with Breakfast
All meals (Jain / veg)
Airfare + Visa
ALL INCLUSIVE TOUR
SAARTHI HOLIDAYS
BHAVIK DOSHI +91 8425940611 +91 8850298079
bookings@saarthiholidays.com www.saarthiholidays.com New Wadala-Mumbai 400037

## મહારાષ્ટ્ર એક માત્ર રાજ્ય જ્યાં અતિક્રમણ કરનારાઓને મફત ઘર અપાય છેઃ હાઈ કોર્ટ

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે ગઈ કાલે આકરી ટિપ્પણી કરતા કહ્યું હતું કે, દેશમાં મહારાષ્ટ્ર એક માત્ર એવું રાજ્ય છે જ્યાં અતિક્રમણ કરનારાઓને મફતમાં ઘર આપવામાં આવે છે.

ગેરકાયદે બાંધકામોએ મોટા પાયે આવાસોની સમસ્યાને વધુ જટિલ બનાવી દીધી છે, એમ કોર્ટે જણાવ્યું હતું. જસ્ટિસ ગિરીશ કુલકર્ણી અને અદ્વૈત સેઠનાની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે, શું આવી નીતિ બંધારણ હેઠળ માન્ય છે?

''આપણે એકમાત્ર રાજ્ય છીએ, સરકારની અદભુત નીતિને કારણે, જ્યાં તમે અતિક્રમણ કરો છો અને મફત આવાસ મેળવો છો....અમારા એક ચુકાદામાં, અમે પૂછ્યું હતું કે શું આ માન્ય રહેશે? શું આ બંધારણીય નીતિ છે, જેને બંધારણ દ્વારા માન્યતા આપવામાં આવી છે?'' તેણે પૂછ્યું.

૩૦ જુલાઈ, ૨૦૨૪ ના રોજ સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ, મહારાષ્ટ્ર સ્લમ એરિયાઝ (સુધારણા, ક્લિયરન્સ અને રિડેવલપમેન્ટ) એક્ટ, ૧૯૭૧ ની સમીક્ષા અંગે આપમેળે હાથ ધરેલી આવેલી અરજીની સુનાવણી બેન્ચ કરી રહી હતી. સુપ્રીમ કોર્ટે કાયદાના અમલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને હાઇકોર્ટને ''પર્ફોર્મન્સ ઓડિટ'' કરવાનો નિર્દેશ આપ્યો હતો.

આ પહેલી વાર છે જ્યારે કોર્ટ કોઈ કાયદાનું ઓડિટ કરશે.

''અતિક્રમણને કારણે મોટા પાયે રહેઠાણની સમસ્યા એક જટિલ સમસ્યા છે. તે વ્યાપક છે. તમારી પાસે રાજ્ય, ખાનગી, મ્યુનિસિપલ, કેન્દ્ર સરકારની જમીન છે,'' હાઈ કોર્ટે શુક્રવારે અવલોકન કર્યું, ઉમેર્યું કે મેન્ગ્રોવ્સ જમીનો પર પણ ગેરકાયદે બાંધકામો થાય છે જેને સમય જતાં સ્લમ વિસ્તારો તરીકે જાહેર કરવામાં આવે છે.

''ધીમે ધીમે, મેન્ગ્રોવ્સ અદૃશ્ય થઈ જાય છે, અને ઝૂંપડપટ્ટીઓ બનાવવામાં આવે છે. પછી આ ઝૂંપડપટ્ટીઓને પાત્ર ઝૂંપડપટ્ટીઓ (પુનઃવિકાસ અને સમાન લાભો માટે) તરીકે જાહેર કરવામાં આવે છે,'' કોર્ટે કહ્યું. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

અઝરબૈજાન (બાકુ-ગબાલા-સદાગ) ગ્રુપ ટુર
દુબઈ સાથે અબુધાબી-49999 થી
કાશ્મીર-શ્રીનગર પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ Night Hold તેમજ દૂધપત્રી/યુઝમર્ગ સાથે
Special Discount - 12 Feb - Rs.7000 અરૂણાચલ મેઘાલય-આસામ By Air બૉર્ડિંગ થી લઈ બધીજ દિ. 12 Entry Fee Included March-April-May Rs. 75000/-
લાહોલ-સ્પીતી દિ. 11 May-18, 29
લેહ-લદાખ દિ.9 April to July
નૈનીતાલ-મસુરી ધનોલ્ટી-ઔલી FEB TO MAY
દાર્જીલીંગ-ગેંગટોક લાચુમ-પેલીંગ દિ.9
મનાલી-શિમલા ડલહાઉજી-અમૃતસર ધર્મશાળા દિ. 12
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા By Air Rs.75000
સુ-મન ટુર 9224139889 / 9930096560 www.su-mantours.com રવિવારે ઓફીસ ચાલુ છે.
વિયેતનામ-સિંગાપુર સાથે/વગરક્રુઝ-બાલી
ઈન્ડોચાઈના-ઉ

## પોલીસ અલાહાબાદિયાના વર્સોવાના ફ્લૅટ પર પહોંચીઃ દરવાજે તાળું જોઈ પાછી ફરી

### આસામ પોલીસ પણ પૂછપરછ માટે અલાહાબાદિયાની રાહ જોતી બેઠી છે

મુંબઈ: 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'શોમાં માતા-પિતાને ઉદ્દેશીને બીભત્સ સવાલ કરીને વિવાદનો મધપૂડો છેડનારા જાણીતા પોડકાસ્ટર અને યુટ્યૂબર રણવીર અલાહાબાદિયાને બબ્બે વાર સમન્સ મોકલાવ્યા છતાં તે પોલીસ સમક્ષ હાજર થયો નહોતો. આખરે ખાર અને આસામ પોલીસની ટીમ અલાહાબાદિયાના વર્સોવાના ફ્લૅટ પર પહોંચી હતી, પરંતુ ફ્લૅટ લૉક હોવાનું જાણવા મળતાં પોલીસની ટીમે પાછા ફરવું પડ્યું હતું.

લોકપ્રિય યુટ્યૂબર સમય રઈનાના કોમેડી શો 'ઈન્ડિયા'ઝ ગૉટ લેટન્ટ'માં વડીલો અને સેક્સ સંબંધી અશ્લીલ ટિપ્પણી કરવાને કારણે અલાહાબાદિયા વિવાદમાં સપડાયો હતો. શોમાં કરાતી કમેન્ટ્સને મામલે ચારેકોરથી ટીકા થતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે (જુઓ પાનું ૪) ▶▶

## મૃતકની મિલકત પર અધિકારનો દાવો નોમિની કરી ન શકેઃ હાઇ કોર્ટ

નાગપુરઃ જો નોમિની વ્યક્તિ કાયદેસરની વારસ ના હોય તો તે મૃતકની મિલકત પર કોઈ અધિકારનો દાવો કરી શકતી નથી. મૃતકની મિલકત પર તેના કાનૂની વારસદારોનો અધિકાર છે એમ જણાવતા મુંબઈ હાઇ કોર્ટે ચુકાદો આપ્યો છે કે સંબંધિત સંપત્તિ વારસદારોમાં સમાન રીતે વહેંચણી કરવામાં આવે. નાગપુર બેન્ચના જસ્ટિસ ઉર્મિલા જોશી ફાળકે આ ચુકાદો આપ્યો હતો. આપણે આ કેસ વિશે જાણીએ.

નાગપુર સ્વર્ગસ્થ ગોપાલ કૃષ્ણ શિવહરેને બે પુત્ર લક્ષ્મીકાંત અને શ્રીરામ અને બે પુત્રી શૈલ અને સંતોષ હતા. શૈલને કોઈ સંતાન ન હોવાથી તેણે ભાઈ લક્ષ્મીકાંતના પુત્ર અભિષેકને દત્તક લીધો હતો. ૬ મે ૨૦૧૩ ના રોજ શૈલનું અવસાન થયું. શૈલે અભિષેકને બેંક ખાતામાં નોમિનેટ કર્યો હતો. શૈલના મૃત્યુ બાદ અભિષેકે શૈલના ખાતામાંથી ૯૦,૧૫૦ રૂપિયા ઉપાડી લીધા અને બાકીની રકમ પણ ઉપાડવા માંડ્યો. શ્રીરામ અને સંતોષે આનો વાંધો ઉઠાવ્યો. આ મામલો હાઇકોર્ટમાં પહોંચ્યો. હાઇકોર્ટે અભિષેકના પગલાને ગેરકાયદેસર જાહેર કર્યું હતું.

(જુઓ પાનું ૪) ▶▶

VISIT KOREA YEAR RIDE THE KOREAN WAVE KOREA TOURISM ORGANIZATION
South KOREA
10 DAYS SEOUL - BUSAN - JEJU
DATE OF DEP | 22nd MAR | 01st APR | 10th MAY | 20th MAY | 21st JUN
PACKAGE INCLUSIONS
• Hyundai Motorstudio, Han River Cruise, Songdo Cable Car, SeaLife Aquarium, Love Land અને Nanta Show નો અદભુત અનુભવ.
• રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
• આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઈંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
• વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

જૈન બોર્ડિંગ મહાવીર ભવન Rajkot : 1908
શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભુવન
ત્રિભુવન ભવન, માલવીયા ચોક, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨. મો. 98252 70175
અનુગ્રહ પ્રદાતા : પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.
શશીકાંત જી. બદાણી - જૈન બોર્ડિંગ
આદેશ આપવાના છે : દાનનો અમૂલ અવસર
૫૧ લાખ જિમનેશિયમ દાતા
૧૫ લાખ શ્રીપાક ગૃહ દાતા
૧૫ લાખ સોલાર દાતા
૧૫ લાખ વેઈટીંગ લોન્જ
૧૧ લાખ ગૃહપતિ રૂમ દાતા
૦૯ લાખ આદિનાથ સીડી દાતા
૨.૫ લાખ પ્લેટીનમ દાતા
૧.૫૧ લાખ ડાયમંડ દાતા
૧.૧૧ લાખ ગોલ્ડન દાતા
૫૧ હજાર સિલ્વર દાતા
૨૫ હજાર સુવર્ણ ઈંટ દાતા
જૈન બોર્ડિંગ - ભોજનાલય યોજના
૧૧ લાખ મિષ્ટ ભોજન ફંડ દાતા
૦૫ લાખ મિષ્ટ ભોજન સહાયક ફંડ દાતા
૨.૫૧ લાખ સાદું ભોજન ફંડ દાતા
૧.૧૧ લાખ સાદું ભોજન તિથિ દાતા
૫૧ હજાર ભોજન શુભેચ્છક ફંડ
૨૫ હજાર દૈનિક ભોજન ફંડ
ડો. સી.જે. દેસાઈ - મહાવીર ભવન
ચપટી દાન અપાવે નવનિધાન
₹ ૧.૧૧ કરોડ અતિથિ હાઉસ મુખ્ય દાતા
₹ ૫૧ લાખ મહાવીર ચિત્રપટ ₹ ૧૫ લાખ ગ્રુમ રૂમ (Groom Room)
₹ ૩૬ લાખ નવકાર મહામંત્ર તક્તી ₹ ૧૫ લાખ સોલાર દાતા
₹ ૩૬ લાખ ચત્તારિ મંગલં તક્તી ₹ ૧૧ લાખ ડીલક્ષ રૂમ દાતા
₹ ૧૫ લાખ લીફ્ટ દાતા ₹ ૦૭ લાખ સીડી દાતા
₹ ૦૯ લાખ વેઈટીંગ લોન્જ ₹ ૦૧ લાખ નિર્માણ ડાયમંડ દાતા
Bank Details For Donation : Bank Name : CANARA BANK
A/c. Name : SHRI DASHASHRIMALI & VANIK JAIN VIDHYARTHI BHUVAN
A/c. Type : SAVING ACCOUNT | A/c. Number : 0392101020878
IFSC Code : CNRB0000392 | Mobile No. : 98242 60760

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.